(અનુષ્ટુપ) રક્ષો છો આપ જ્યાં આર્ય, ભીતિ ના મુનિને નથી;
રાજ્યી રવિ શા રાજે, અંધારું પળી ક્યાં થકી?
દુષ્યંત : (વસંત૦) રે હાશ રાજપદ સાર્થક આજ આંહી.
લાવો કહો કુશળ કાશ્યપદેવ ત્યાંહી?
શાર્ઙ્ગરવ : (અનુષ્ટુપ) સદાયે સિદ્ધિમંતોને સ્વાધીન નિત્ય કુશલ,
પુછાવે આપનું પ્રેમ.
દુષ્યંત : ધન્ય હું. તપનું બલ
વધે છે ને? કહો દેવ!
શાર્ઙ્ગરવ : સંઘર્ષે પુકરંશક!
દુષ્યંત : અન્ય શી ગુરુની આજ્ઞા, સુણવા અતિકૌતુક.
શાર્ઙ્ગરવ : ઓલે છે પાકરી કન્યા, એકાંતે આશ્રમે વર્યા;
ધન્ય એ વિધિનો યોગ, નિર્દયા નિધિ ઊજર્યા.
શારદ્વત : પુણ્ય ઊંચા રાજ્યી આપ, પુણ્યવંતી શકુન્તલા,
બંનેનો મેળનો મેળ, બ્રહ્મા ઓ દાખવી કલા.
શાર્ઙ્ગરવ : આપ ઓ ધર્મના જ્ઞાતા, સની તે સુખી સાસરે,
લોકનીતિ-નિયંતા છો, શોભે સ્ત્રી પતિઆશરે.
દુષ્યંત : સાંભળી થાય સન્દેહ કહો મુ સ્વપ્નની કથા?
શકુન્તલા : વેણુ છે અગ્નિનો ડાઘ, વેઠારો કયમ આ વ્યથા?
દુષ્યંત : (વસંત૦) જે દેવીને પ્રભુવંદન દઇ રંગીકારી?
ગૌતમી : (શકુન્તલાને) લાવ્યણ, રહેજ અવગુંઠન હે કુતારી.
શાર્ઙ્ગરવ : (અનુષ્ટુપ) હજી શે રાજ્ની, ગૌત?
દુષ્યંત : સ્મર'તું ના, ઋજિજન!
સ્ત્રીકાજે શીદ હું એને, લાગે છે ગર્વલક્ષ્મ!
શકુન્તલા : (વસંત૦) શંકા હતી હૃદયમાં યહ સત્ય આજે!
શાર્ઙ્ગરવ : હાથે ક્યાં વિમુખ ધર્મ વર્તાં ન લાજે.
દુષ્યંત : સંસ્કાર કૈં સ્મૃતિપટે નદિ અર્ધ આજ્ઞા,
જેનું ન મૂળ પળી દોય કહો શુ સાજ્ઞા?
શાર્ઙ્ગરવ : (અનુષ્ટુપ) વાર્યે છે આ વિના પોતે, સંભરે મદ ગાત્રસ્ર,

દુષ્યંત : મને યે હીક નિંદો લો, શુદ્ધ છે મમ અંતર.
સારંગરવ : અંદરને આપણું પારખું, કહેતા'તા શ્રી ગુરુજન,
અવજ્ઞા આ કરેલ જોની, રોજે ના પુરુનદન.

દુષ્યંત : (પૃથ્વી) તપોધન ગહ્યારાયો !
મને ન જરી સાંભરે સહજ, હે તપસ્વી જનો !
કર્યો પ્રણય કે કહી જઢણ હાય દેવી તણો.

સારંગરવ : સહી ન શકશે કદી ગુરુ અસહ્ય આપમાન આ,
કહે કંઈ શકુન્તલા ! પ્રતીતિ પ્રેમની આપવા.

શકુન્તલા : (ઇંદ્રવજ્રા) સન્દેહ છે જ્યાં વળી લજ્જા કેરો,
બોલું હવે શું ? નકી વ્યર્થ કેરો.

ગૌતમી : તારી કને હોય કંઈ પ્રતીતિ,
તે દાખવીને સહુ ટાળ ભીતિ.

શકુન્તલા : (મંદા૦) મુગ્ધા હું તો સરલ હરની, ભોળની આર્યપુત્રે,
ને આંધી'તી વિવિધ વચને આશ્રમે લગ્નસૂત્રે;
આજે પામ્યા પ્રણયપરકો આવડો, શું હમારાંહું?
માન્યું નહોય, વિધ કહી યશે ગાહવું કૂર આવું.

દુષ્યંત : શાંતિ પાપ; કુળ હલ્લવ્યા શીદ આવું અકારું
બોલી નિન્દે ? પતિત કરની સાખ સો કુળ સાખે.
જેવી રીતે, સભર સરિતા નિર્ઝણે તો ય મેલી,
સાયે લેતી તટ રજ તરુ, જળ ના એ અકેલી.

શકુન્તલા : (અનુષ્ટુપ) કરું રોકા-સમાધાન . . .
દુષ્યંત : એથી શું વળી ઉત્તમ ?
શકુન્તલા : ચરેરે હાય મા નીંદી ' મુદ્રિકા ક્યાં ગઇ ભમ?
ગૌતમી : નદીઘાટે સરી લાગે, જ્યારે તું હતી વંદતી.
શકુન્તલા : શચીતીર્થે !
દુષ્યંત : અરે અન્ય, સ્ત્રીની તાત્કાલિની ગતિ!
શકુન્તલા : (ઇંદ્રવજ્રા) આત્મા દીસે છે વિધિ ક્રૂર હાથ,
છે દોષ મારો; કહું અન્ય વાત:
રોકા બધી આપ તણી નિવારે.
દુષ્યંત : હું સમજ્યા હાવાં, સુણવા વધારે.
શકુન્તલા : (વસંત૦) બોલું તપોવન રગરે !
દુષ્યંત : નહીં આર્ય ખાલા.
શકુન્તલા : ને શું જૂઠ્યા ચિંતન જો ? વચનો રસાળાં ?
જૂલ્યા કહો કદલીમંડપ ?
દુષ્યંત : સ્વપ્નલીલા !
શકુન્તલા : શીળા હતી મધુલતા, તરુ છાંયશીળા.
વૈરાગ્યની મધુર સાંજ દીધી વિસારી ?
દુષ્યંત : અરે ન વાત સમજ્યા મને તમારી.
શકુન્તલા : સન્ધ્યા નમી તિમિરથી ઘણ ઝેખવાતી.
દુષ્યંત : સંકેરવાં સ્મૃતિ ન જ્યાત અર્ક ઘાતી.

શકુન્તલા : એહા હતા કુસુમગંધ્રપમાં હસંતા,
બોલાવતા કમળપત્ર જળે ધરંતા;
પાસે છતાં, નિકટ એ મૃગબાલ મારો,
આવ્યો ન સંમુખ જરી તમથી અલ્પયો.
'બંને અરણ્ય વસનાર' કહી હસ્યા'તા,
ભૂલ્યા પ્રસંગ નવેદો રસ જ્યાં હસ્યા'તા ?

દુષ્યંત : આવું સુણી વિષયબંધ જ ઉતરાય,
વાણી જૂઠી, મધુર તો ય, નહીં મનાય.

ગૌતમી : હસ્યા તપોવનતણી છળથી અજાણી.
દુષ્યંત : સ્ત્રીચાતુરી શીખવની કહી મેં ન જાણી.

શકુન્તલા : (અનુષ્ટુપ) હવે ટાંક્યા હૃદય જેવા, ધર્મોના ખરી જેવડો,
પેખો છો અન્યને એવા, અનાર્ય ! ઠેમ આટલો?

દુષ્યંત : (રવગત) વિના આડંબરી કોપ કરે જે ધૃષ્ટિસંભ્રમ,
મનાતી પ્રીતિના છાની, બૂડો છે આત્મનો ક્રમ!
[કંચુક ૨

(ઇન્દ્રવજ્રા) દુષ્યંતની છે નકી શુભ્ર કીર્તિ.

શકુન્તલા : આવી ચડી રે અહીં આ ધરિત્રી !
સારંગરવ : પત્ની તને આ, આપવા રેવીકારો,
યાતો હવે ધર્મ પૂરા આવારો.
દુષ્યંત : પત્ની થકી પ્રીત ન મેં કરાવી,
ના યા સતી મે પરણેય નારી.
સારંગરવ : બૂચે કહી તેવી કદી હું હોય,
તો આત્મને ના હું કદી ય રહેાય.
માને કહી નિર્ણય શીલ ચારુ,
સેવા અહીં યોગ્ય જ કાર્ય તારું.

શકુન્તલા : (મંદા૦) હેરે જાહું વિધ કટુ બધું, છે દયા ના લગારે
ઝાંખી એણે મુખ મધુ ઝરે ઉતરી એ દુબારે;
ઠંડાગોટી પ્રિયજન થયો, અબ છોડી ઓલી.

ગૌતમી : બ્હાલી મારી, કલ્પ કરને, આવતી દુઃખપોટી.

સારંગરવ : (અનુષ્ટુપ) જાની સ્વાર્તવ્ય પોતાનું, વર્તે દુર્બાણણી સમી
છાની સો પ્રીત વેરિણી, આંસુએ બહુ જે ગમી.

દુષ્યંત : હું છું પત્નીત્યાગી કે અન્યનેા પ્રણયી ખરેા!
પૂછું છું કે ગુરુવર્ય ! કહેા શું ધર્મ ગાહરેા ?

ધર્મગુરુ : ચક્રવર્તી થશે પુત્ર, આખું'ય મુનિએ, રેખરે !
સાંપડે રત્ન એવું તો, પત્ની આ આપની કરે.
અને ત્યાં સુધી આ દેવી, અમારી અતિથિ રહે !

દુષ્યંત : મને જે સર્વથા માન્ય, આજ્ઞા એ ગુરુજ્ઞ કરે.

શકુન્તલા : (હરિ૦) આંખી કહેકે થશે શુભ્ર કીર્તિ !
આપો મને મારગ મા ધરિત્રી ! [પડદો]

ધર્મગુરુ અને પ્રતિહારી પોતપોતાની ઉક્તિઓ બોલી ધર્મરંગમા પ્રસ્થાપિત કરે છે. રાજા રવગત 'મને જે થાય આશંકા' બોલી રહે કે તરત જ પ્રવાસીવેશ પ્રવેસે. એની સૂચના એમને તેટલા માત્રથી પ્રતિહારી આવી, નમીને કરે છે. પછી રાજા-મુનિકુમાર વચ્ચેનો સંવાદ. પછી અવગુંઠન ઉતારની વખતે શકુન્તલા રંગભૂમિ ઉપર મધ્યસ્થ થાય છે. અને પછીના રાજા સાથેના સંવાદમાં પોતાનું વ્યક્તિત્વ વ્યક્ત કરતાં, આખરે વિધિને શરણે જાય છે. ધર્મગુરુ એને નોતરવા આગળ આવે તે પહેલાં તો એક 'આંખી કહેકે થશે શુભ્ર કીર્તિ' વાળો શ્લોક આર્યાવૃત્ત રોકાતે થકને બોલે છે. પ્રકાશ બધો જ એના ઉપર કેન્દ્રિત થાય છે અને 'આપો મને મારગ મા ધરિત્રિ' એ વાર બોલી રહે કે તરત અંધારું અંધારું, થાય; અને પળ રહી પાછું અજવાળું થાય ત્યારે શકુન્તલા રંગભૂમિ ઉપર ન મળે ! બધા ગતિ થઈ રવતબ્ધ જેવા ઊભા રહે, અને રાજા આસન ઉપરથી નીચે ઊતરી શકુન્તલા કની તે જગ્યા ઉપર આવી રહે અને પડદો પડી જાય.

ન રાખ આશા કદી કોઇ પાસ,
કદી થકે કોણ પછી નિરાશ?

—રમણલાલ જોશી—

પૂનાની ફરગ્યુસન કૉલેજનો એક તેજસ્વી વિદ્યાર્થી ગણિતમાં પ્રથમ કક્ષાએ ઊંચું ગુણાંક મેળવતાં ભારત સરકારે એને ઇંડિયન સર્વિસ માટે પસંદ કર્યો. ગાંધીજીએ પોતાના એ પટ્ટશિષ્યને, વિદ્યાપ્રાપ્તિ કરી પાછા આવ્યા બાદ ફરગ્યુસન કૉલેજના આજીવન સ્વયંસેવક બની રહીને તેને જ સેવા આપવા વચનથી બાંધી દીધા હતા.

ઇંગ્લંડથી ગણિતશાસ્ત્રી (રીનિયર રૅંગ્લર) બનીને એ મેધાવી યુવક સ્વદેશ આવ્યો ત્યારે એની સામે હજારોના પગારવાળી નોકરીઓ ઝળકી રહી હતી; અને ખુદ ફરગ્યુસન કૉલેજે પણ એની બહુવર્ષાકાંક્ષાઓની આડે ન આવતાં એને સેવાધીન રાખવા કરાર કર્યો. પણ એ યુવકે તો મક્કમ જ જવાબ આપ્યો કે 'બાપુ ગુરુ અને મારી માનુસંતરણાને હું જે વચન આપી ચૂક્યો છું તેને હું વફાદારીથી વળગી રહેવા માગું છું.' અને એણે વીસ વર્ષ સુધી એ સંસ્થાના આજીવન સભ્ય તરીકેના માત્ર છ રૂપિયાનો પગાર લઈ પ્રિન્સિપલ તરીકે સુંદર સેવાઓ આપી. એ નિષ્ઠાવાન ભાવનાભક્ત યુવક તે આજના આપણા સર રઘુનાથ પુરુષોત્તમ પરાંજપે.



દહેવતોના અર્થ: 'જીવ ગાંગરતા જ પલાખીએ.' સાગ્રા માણુસની અનિચ્છા તથા બળદાયને કાર્યાર્થીના તેની ગરજ વિરુદ્ધ પોતાનું કરમ નીભરતાપૂર્વક કે નિશ્ચયપૂર્વક ઘાર પાડવે જવાની શક્તિ આપણી આ કહેવતની પાછળ રહેલો એક સ્વભાવિક રંજનો ઉપયોગ કરવો જે, કે કાને પલાખવા માટે તેને નીચે મુકવાનું પડે છે, અને ઘણી ખરી વાર એ નીચે બેસવાની વખતે, તથા તેના પર માણુસો બેસી જવ તે દરમ્યાન, એ ગાંગરનો—બરાડનો જ હોય છે. પણ માણસો તો આને તેનું કેવળ સ્વભાવિકપણું ગણી લઈને તેને અણકાર્યા વિના પોતાનું કામ કરતા જ રહે છે. આ બાબ દર્શાવની બીજી કહેવત: 'કરતા દેાએ તે કરીએ, ને છાશની દોણી કરીએ;' 'તુમ કહને દય; હમ સુનતે દય.' વગેરે.



કથા મહાપુરુષમાં સંતનમાં ફક્ત ૧૦ દા પરો જ સુરક્ષિત રખાં આજોનાં પરોને માટે પ્રયત્ન પ્રસ્તાવ થયું હતું. ૧૦ દા પરો તો સમૂળગાં નાશ પામ્યાં હતાં.

૧૮૪ (જૂન ૧૯૪૩)

દિલ્હીની ગાદીએ મુસ્લિમ રાજ્યસત્તા કાયમને માટે આરૂઢ થયા પછી જુદાજુદા સુલતાનો દ્વારા સોનાના, રૂપાના, તાંબાના અને ક્વચિત્ પિત્તળના, એમ સિક્કાઓના પ્રકારો તો અનેક પડતા ગયા, પરંતુ ઇસ્લામમાં મૂર્તિ-આલેખનની મના હોવાથી સિક્કાઓ પરનું ચિત્રવૈવિધ્ય દમેશ માટે અદશ્ય થયું. મેાટે ભાગે બને બાજુ અરબીમા કખાલો જ આવતાં. ક્વચિત્ ફેરફારો થતા તે લેખનની આકૃતિમા ને ક્વચિત્ સિક્કાના ઘાટમા.

અલાઉદીન ખિલ્જી પછી દિલ્હીની ગાદીએ આવનાર કુત્બુદીન મુબારકે સિક્કામાં ઘણી વિશિષ્ટતાઓ દાખલ કરી.તેમાં તેણે પ્રાચીન હિંદી સિક્કા જેવા ચોરસ ઘાટના પણ સિક્કા પડાવેલા, જેનો નમૂનો ઉપર આપ્યો છે. તેમાં એ વેળાની દળ પ્રમાણે પ્રશસ્તાના બિકરેા સાથે પોતાનું નામ કેાતરેલું છે. પહેલી બાજુ, 'વર્તુલમા 'ખલીફતુલ્લા મુબારકશાહ' અને તેની ચોમેર 'અસ્સુલતાન અલ વાસિકુ-બિલ્લાહ્ અમીરુલ મેામેનીન' લખેલું છે; અને બીજી બાજુ 'અલ ઇમામુલ આઝમ ખલીફતુલ્લાહિ વારીન અબુલ મુઝફ્ફર' લખેલું છે.

અનેકાર્થી શબ્દ: પદ્મ=કમળ, હાથીની સૂંઢ તથા તેના ગંડસ્થળ ઇમદાર ભાર; એક હજાર અબજની વિષ્ણુના ચાર હાથમાંનું એક આયુધ: નાં છ ચક્રોમાંનું એક; જ્યોતિષીનાં ૨ યેગનાં તળિયાં કેાપરનું એક સામુદ્રિ કુબેરના નવ નિધિઓમાંનો 'એક'!

ગણિત-ગમ્મત: ૨૦૦નની કિંમત એક નંગની કિંમત શેાધવાની સાદી એ છે કે ૨૦૦લા રૂપિયે ૨૦૦ન હોય નાગાં તેના ઊંધા આગતા આના ક્રે એ આવે તે એક નંગની કિંમત. દાખલા ૨૧ રૂપિયે ૨૦૦ન ખરિયા ૨૧ આના+૨ એટલે કે ૩આના=૨૮૦ એટલે કે પાણા એ રૂપિયે નંગ થયું. ૧૦ ૨૦૦ન પેન્સિલ ગણી દોયતે: ૧૦આન એટલે કે ૩રૂ=૧૩રૂ આને નંગ. (રીનેન્ટ

ઉપરના ચિત્રમાંના ત્રણે હંસઆકાર રેખાઓ એક જ હારમાં આવેલાં ૨૫ ગાંથી હોરવામાં આવેલી હોવા છતાં તે પદ્ધતિમાં ફેર હોવાને કારણે ત્રણેની આ તિઓ કરડાએલી લાગે છે.

સુએઝ કૅનાલની લંબાઈ ૧૦૧ માઈલ છે અને વધારેમાં વધારે પહેાળાઈ ૨૦૦ ફૂટ છે.

કલ્કાકાઠિયાવાડનાં કાઠિયાવાડનાં દેશી રાજ્યેા તથા શ્રીમંતેાનાં વપરાતેા ખાટા-રથ. જેની છત્રીનીટોચના મેાભરાથી માડી પૈડાનાં આરા, તથા બગલને ઓઠારવાની ઝૂલ સુધી સમૃદ્ધ કારીગરી કાંસેલી છે.

વિદ્યાર્થીઓ, વેપારીઓ, વકીલો, વિદ્વાનો વગેરે મગજનું કામ કરનારાઓ માટે ખાસ

અંડુનું પૌષ્ટિક ચાટણ કેસરીજીવન

નાનાં-મોટાં, માંદાં-સાજાં, નબળાં-સબળાં, સ્ત્રી-પુરુષ, સૌકોઇ એનું સેવન કરી શકે છે

મહારસાયન

રસસિંદૂર, અભ્રક, કેસર, કસ્તૂરી અને બીજાં દીપન, પાચન ને પૌષ્ટિક ઔષધ મેળવી લીધાં રસદાર આંબળાંમાંથી બનાવેલું સુશોભિત સુવાસિત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચાટણ

કિંમત
૦૧ તોલાના ડોબાનો રૂા. ૨૫
૦૨ „ „ „ રૂા. ૪૫
૧ „ „ „ રૂા. ૪

તેનું નિયમિત સેવન

લાંબું આયુષ્ય તથા સારી સ્મરણશક્તિ આપી શરીરમાં બલ, તેજ ને ચેતન પૂરે છે

કારખાનું:
સયાનીરોડ
મુંબાઈ–૧૪

અંડુ ફાર્માસ્યુટિકલ વર્કર્સ લિ.
અમદાવાદના એજન્ટ • બોગીલાલ બ્રધર્સ • ગાંધીરોડ

દુકાન:
જૂની મહાજનવાડી
મુંબાઈ–૨

સાક્ષરયુગના એકમાત્ર અવશેષ

આચાર્ય બલવંતરાય કલ્યાણરાય ઠાકોર—કવિ, વિવેચક, ચિંતક, બહુશ્રુત વિદ્વાન અને સમર્થ લેખક
એમના નીચેનાં પુસ્તકો મળી શકે છે.

બાણકાર	રૂા. ૪-૦-૦	૪-૦-૦	રૂા. આપણી કવિતાસમૃદ્ધિ
ગેરાર્દ દ્ય	૨-૦-૦	૨-૪-૦	કવિતાશિક્ષણ
ઊગતી જુવાની	૧-૧૨-૦	૩-૮-૦	૩૫મે અને મિતાક્ષર નોંધ
માલવિકાગ્નિમિત્ર	૧-૮-૦	૨-૦-૦	નવીન કવિતા વિશે વ્યાખ્યાનો
ઝહારાં સૉનેટ	૧-૮-૦	૧-૮-૦	ક્લિક
સૉનેટ નવજુવાની	૧-૪-૦	૧-૨-૦	વિવિધ વ્યાખ્યાનો, ગુચ્છ ૧લો
દર્શનિકું	૧-૪-૦	૧-૦-૦	અંબાલાલભાઈ
લગ્નમાં બ્રહ્મચર્ય	૦-૧૦-૦	૦-૮-૦	ઇતિહાસ વિગ્રહન

આમાં કેટલાંકની બહુ જૂજ નકલો જ છે. બીજાં કેટલાંકની એકે નકલ સિલકમાં નથી એટલે તે અહીં નોંધાઈ નથી. આનું ફરી પ્રકાશન તેમ નવાં સુધાતાં નવ છે તે પુસ્તકોનું પ્રકાશન સગવડે આવ્યા કરે છે. માલિકોગાં દસાઈ એમેદ ઘણાં મુખ્યાનુના સંમ્રહોનું પ્રકાશને આવી છે.



થોડો ખોરાક લાંબો સમય કેમ ચલાવવો?

આ દેશમાં અન્નની તીવ્ર અછતના કારણે જરૂરિયાત પૂરતું જ રેશનનું પ્રમાણ રખાયું છે. દરેક જવાબદાર ગૃહિણીની એ ફરજ છે કે તેણે થોડો ખોરાક લાંબો સમય ચલાવવો. આમ કરવા તમારી વાનગીઓ સુસ્વાદિષ્ટ બનાવો.

પૂરી, ચપાટી, ભજીયા, સ્વસ્તિક ગોવાલન બ્રાન્ડ વનસ્પતિમાં તળાય છે ત્યારે ઘણાં સ્વાદિષ્ટ બને છે. સર્વોત્તમ વનસ્પતિ બનાવટો અને સ્ફૂર્તિદાયક તત્ત્વો આપનાર વસ્તુઓમાંથી બનાવેલ ગોવાલન બ્રાન્ડ વનસ્પતિ તમારી સમક્ષ બંધ ટીનોમાં રજુ કરવામાં આવે છે જે તેની તાજગી સંઘરી રાખે છે.

બધા સ્ટોરોમાંથી ૨ રતલી, ૫ રતલી અને ૧૦ રતલી ટીનમાં મળે છે.

સ્વસ્તિકની બીજી બનાવટોમાં

પરફ્યુમ્ડ ફ્રેસ્ટર ઑઈલ, ક્રાન્તિ સાબુ, બીજા ટૉયલેટ સાબુઓ, સ્વસ્તિક શેવીંગ સ્ટીક અને ધોવાના સાબુઓ છે.

સ્વસ્તિક ગોવાલન બ્રાન્ડ **વનસ્પતિ**

ઉત્તમ અને અસલ

સ્વસ્તિક ઓઈલ મીલ્સ લીમીટેડ, વડાલા, મુંબાઈ.

SHILPI

BOM 8

એમર્સ એન્જીનીયર્સ

ઇલેક્ટ્રીકલ ઇન્સ્ટોલેશન ડીઝાઈનર્સ એન્ડ કોન્ટ્રાક્ટર્સ

આડિયા - ચાર રસ્તા

ટે. નં. ૩૨૬૪

★ અમેરીકન પ્લાસ્ટીક વોલ અને સીલીંગ ફ્રીટીંગ્સ

'રેડીઓ' ઇલેક્ટ્રીક લેમ્પના ડીસ્ટ્રીબ્યુટર્સ

'મરેલી'ના ઓસીલેટીંગ રબલ ફેન્સના ડીલર

તમારી ઇલેક્ટ્રીકલ જરૂરિયાત માટે અમને મળો યા લખો

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશીયલ નં. ૧

મગજનાં જ્ઞાનતંતુઓ બળવાન બને છે, ધોળા વાળ કાળા થાય છે, ખરતા અટકે છે, વધે છે અને ટાલમાં વાળ ઉગે છે, ગોટો મટે છે, યાદશક્તિ અને આંખોની દૃષ્ટિ વધે છે. ગાઢ નિદ્રા આવે છે, માથાનો દુઃખાવો મટે છે. દરેક ઋતુમાં બ્હેનો, પુરુષો અને બાળકો માટે મહાન ફાયદો કરનાર છે.

મોટી બાટલીના રૂા. ૩-૮-૦ - નાની બાટલીના રૂા. ૨-૦-૦

બધે મળે છે.

શ્રી રામતીર્થ યોગાશ્રમ

૪૪૮ - સેન્ડહર્સ્ટ રોડ
મુંબઈ-૪

★ લક્સ – નટીઓનો સૌંદર્ય સાબુ ★

LTS. 155-111-40 GJ

LEVER BROTHERS (INDIA) LIMITED

અમૂલ્ય દાંત !

તેમને તમારી અમૂલ્ય વસ્તુઓમાંની એક ગણો!

નિરોગી દાંત—એક આકર્ષક દૃશ્ય—એ વ્યાપારી અને સામાજિક બાબતો કે જે બધા અંગત સબંધમાં તમને મદદ કરે છે, દાંતના પારાના ઉપયોગથી તમારા દાંતને ક્ષયમા મૂકતા નહિ, નિયમિત એસ. આર. ટુથપેસ્ટથી* સાફ કરતાં તેમને નિરોગી પારામા સફેદ અને મજબુત રાખી રાકાય છે.

* દાંતની ફરિયાદો માટે દાંતનાં ડૉક્ટરોમાં વપરાતુ દવા તરીકે ગણાતી સૌથી જુની ઔદ્યોગિક 'ગ્રાફાઈટ' તેમાં છે.

D. & W. GIBBS LIMITED, LONDON, ENGLAND

આયુર્વેદમ્બની શોધ કરી મિત્ર રાજ્યોએ દુશ્મનોને દફનાવ્યા

'મુકુલ સ્નફ'ની શોધ કરી 'મહાસુગંધી સ્નફ વર્કસે'

દાંતના દર્દોને દફનાવ્યા

દાંતની સુંદરતા અને રક્ષણને માટે જે જે તત્ત્વો ખુબ અસરકારક અને સચોટ માલમ પડ્યા છે તે બધાં 'મુકુલ સ્નફ દુથ પાવડર'માં વાપરવામાં આવ્યા છે. એક તો તપકીરના પોતાના અને બીજા તેમાં ભળતી ઔષધિઓના, એમ બેવડા ગુણોથી આ તપકીર એક ચમત્કારક જ બની છે. દાંત પરની ભુંડીબુખ ખેરી, દુઃખતા હલતા દાંત, દાંતમાંથી નીકળતું લોહી અને રશી, ચોંઢાના અવાળુ, પેઢાનું ચઢી આવવું વગેરે દાંતના તથા મોઢાના દરેક રોગો આ તપકીર દાંત ઉપર દાબવાથી કે ઘસવાથી મોઢા જ વખતમાં મટી જાય છે. તપકીર છે છતાંયે દુથ પાવડર જેવી જ સ્વાદિષ્ટ હોવાથી તેનું નામ 'મુકુલ સ્નફ દુથ પાવડર' પડ્યું છે. તપકીર ઘસવાની ટેવ નહોય તે પણ સહેલાઇથી વાપરી શકે છે. વિશેષ તો તપકીર પોતે જ કહેશે. ન પહોંચી શકાય એવડા ઑંઠરો ખાલી રહ્યા છે. તમે પણ તમારા ઑંઠર મોંઘાવી નાખવા માટે લખો. કારણકે ઑંઠરો પુષ્કળ હોવાથી ક્રમસર મોકલવાનું ધોરણ રાખ્યું છે. દસ તોલાથી ઓછીનું વી. પી. થઇ શકતું નથી. ૫ અને ૧૦ તોલાના સુંદર ટીન પેકીંગમાં રતલ ૧ના રૂા. ૫-૮-૦. વેપારીઓ માટે સરળતા કરી આપીશું. લખોઃ

મહાસુગંધી સ્નફ વર્કસ (ધોળકિયા રણછોડદાસ ઝીણાભાઇ) સિહોર
(કાઠિયાવાડ) B. S. Ry.

નેનાં (શિલ્પકાર : શ્રીધર મહાપત્ર)

શુદ્ધ ભારતીય શિલ્પકલાની પરંપરાનો મૂળ તાર સાચવનારાઓ જે વિરલ કુટુંબો આપણે ત્યાં રહ્યાં છે તે પૈકીના એકના વંશજ, અને માટી, કાષ્ઠ, ધાતુ કે પથ્થર કોઈપણ સાધનમાં કમનીય કલાકૃતિઓ નિપજાવનાર આ કાળેજ શિલ્પકારનો વિસ્તૃત પરિચય અગાઉ 'કુમાર'ના ૨૨૨મા અંકમાં આપી ગયા છીએ. આજે તેઓ લખનૌની સરકારી કલાશાળામાં શિલ્પગુરુને સ્થાને છે શ્રી જગન્નાથ ગહેલાએ પાડી આપેલી તેમની છેલ્લી મોટી કૃતિઓ પૈકી એક 'શકુન્તલા' આ અંકના પડા કવર અને બીજા આ પૃષ્ઠ પર કંડારી છે. (ફોટો : જગન્નાથ ગહેલા)

નીચે : ગયા વર્ષની અધવચ્ચમાં ન્યૂ ઝીલૅન્ડે, ગઠ્ઠા-મુક્ત થઈને સુવેહ થયાની યાદગીરીમાં કાઢેલી સુવેહ-ટિકિટો (Peace Issues)ના, ૧૧ વિવિધ આલેખનોવાળી ટિકિટોનો સમૂહ (શ્રી હરિલાલ બૅંકર-વઢવાણ કૅમ્પ-ના સંગ્રહમાંથી)



હિંદમાં કાંતણ

પાંચહજાર વર્ષ પહેલાં

કાંતવાના ઉદ્યોગનો ઇતિહાસ એ હિંદના પ્રાચીન ઇતિહાસનો મહત્વનો ભાગ છે, આ ઇતિહાસ એટલે કે જરૂરીઆત અને સુંદરતા પાછળની મનુષ્યની કાયમ ચાલુ રહેલી શોધ !



અત્યાર સુધી જાણમાં આવેલો સૌથી પ્રાચીન રૂના કાંતણનો નમુનો ઇ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાંનો છે. આ નમુનો સિંધુ નદીની ખીણમાં આવેલા મોહે-જો-દેરો (મૃત્યુ પામેલાઓનું શહેર) કે જે ઇ. સ. ૩૦૦૦ વર્ષ પૂર્વે છોડી દેવામાં આવ્યું હતું તેના અવશેષોમાંથી મળી આવ્યો હતો.

આ ચિત્રમાં તે વખતનો મહારાજા દેખાય છે. તેણે પહેરેલો જરીભરતવાળો રૂમાંથી બનાવેલો કિમતી પ્રબ્બો ઓછામાં ઓછા પાંચ હજાર વર્ષ પહેલાંનો બનાવેલો છે.

૧૮૮૯ માં સ્થાપાએલી કેલીકો મીલ્સ હિંદની એકમ તરીકે સૌથી મોટી મીલ છે અને અમ્બિલિ મીલ સાથે તે દરરોજ ૧,૭૫,૦૦૦ વાર ઉપરાંત કાપડ ઉત્પન્ન કરે છે. આજે પહેલાં કરતાં પણ વિશેષ તેણે કરી આપેલી સગવડો રાષ્ટ્રના કાપડની તંગીને પહોંચી વળવાના પ્રયત્નોમાં મદદ કરે છે.

સાડી, ધોતી, મલમલ, જોટ, મગજ-તોની, શીવજના રોકડ, સુશોભનનું કાપડ

કેલીકો મીલ્સ

આવતીકાલના ઉપક્રમોની યાદી

૧	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૩	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૪	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૫	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૬	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૭	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૮	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૯	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૦	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૧	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૨	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૩	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૪	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૫	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૬	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૭	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૮	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૧૯	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૦	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૧	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૨	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૩	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૪	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૫	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૬	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૭	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૮	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૨૯	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૩૦	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮
૩૧	૨૦૭૮	૨૦૭૮	૨૦૭૮

ચિત્રકૂટ ઉદ્યોગ પ્રતિ.



કૃતિ • કલાકાર : સ્વાવલંબ સાવડા

('કુમાર' : એપ્રિલ ૧૯૬૬)

'જેઓ ચિત્રોમાં કેવળ રૂપ-રાવેડા જ જોવાના હશે તેઓ શ્રી સાવડાના કલામાંથી કશાય નિરાશ થશે. એમાનું મારા ખ્યાલિનષ્ઠ પ્રકારનું એ રીતે છે કે ચિત્રાની કલ્પનાઓમાં જરૂર પોતે જોઈહોયુષ્ટિની ઝાંખ તેઓ ત્વરિતપણે કરી શકશે. રેખા, રંગ ને ભાવવહન વચ્ચે કે. આમની વિશિષ્ટતા છે એમની પકડવનારા. અને કે તેવિશેષની રજૂઆતમાં.'

૨૮
વર્ષથી
જનતાની એકધારી
સેવા કરી રહી છે.

આરોગ્ય
ઈન્શ્યોરન્સ
કંપની લિ.

ઉચ્ચ કક્ષાની આ
હિંદી વીમાસંસ્થા
આપનો સહકાર વાંછે છે.

કાર્યક્ષેત્ર માં
રસ ધરાવ-
નારને અમારૂં
હાર્દિક આમંં-
ત્રણ છે.

સૂર્યકાન્ત બી. શાહ બી.એ.
સી. એમ. જશ
મૅનેજિંગ ડિરેક્ટર્સ
વડી ઑફિસ
૨૬૯/૧ ગાંધીરોડ · અમદાવાદ



ચિત્રો

શારદલક્ષ્મી (શ્રી નંદલાલ વસુ ઉપરથી) સ્વ. હરિવદન ભટ્ટ — પૂંઠે
દંદ — શ્યામવક્ષ આપ્ટા — ત્રિરંગી મુખચિત્ર
દેલવાડા મંદિરની છત ફોટા: ટૉ. ધી. વિ. મહેતા — પાછલા પૂંઠામાં

કાવ્યો

આપણા ઘડવૈયા આપણે — રાજેન્દ્ર શાહ — ૧૮૬
આષાઢ આયો! — નિરંજન ભગત — ૧૮૬
ગિરા રચના — દેવજી રા. મોઢા — ૧૮૬
હરિની પ્રાર્થના — સનાતન — ૧૮૬

ચરિત્ર

સી. પાઈ. ચિંતામણિ — ૧૮૮

વાર્તા

અદૃશ્ય શત્રુ — મણિલાલ નભદેવ — ૧૮૯
માની મમતા — વિજયગુપ્ત મૌર્ય — ૧૯૧

લેખો

ઘોળો ચંપક (આપણી વનસ્પતિ-૫) જયંતીલાલ હે. ઓઝા — ૧૯૭
રસાયન્ય (શિલ્પવિજ્ઞાન-૧૦) સી. અપર્ણા ત્રિવેદી — ૧૯૮
દૃષ્ટિ-બોધ (પ્રાચીન નાટ્યશાસ્ત્ર-૧૦) યોગેન્દ્ર પ્રિયદર્શી — ૨૦૨
ભાગવતનો રસાસ્વાદ રતિલાલ મોહનલાલ ત્રિવેદી — ૨૦૩
રોડા (રિન્દિા) (જીવનમાં વિજ્ઞાન-૫) નરસિંહ મ. શાહ — ૨૦૪
આપણી જંગલસમૃદ્ધિ — ૨૦૬
મોટા માણસોનું નાનાપણું (અનંત કાણેકર) મોહની જોષી — ૨૦૮

વિભાગો તથા પ્રકીર્ણ

જંગલખેતી પદ્ધતિ (ચિત્રબોધ) — ૧૮૫
ચિત્તસ્ત (માસિક મનન) — ૧૯૭
સંસારનાં રહેરો-(૧૦) લખનૌ — ૨૦૧
ઓગ કેમ ? — ૨૦૫
Our Friends Abroad–પરદેશી મિત્રોના પત્રો — ૨૦૯
કસોટી — ૨૧૧
માધુકરી — ૨૧૨
આ માસનું પંખી-૧૯ હુદહુદ — ૨૧૩
વિદ્યાર્થિન 'ઈ' નટવરલાલ શાહ — ૨૧૮
આ માસ કતિહાસમાં (વ્યક્તિવિશેષ-જોડાવાન્ય દિવસ) — ૨૧૯
નવાં પુસ્તકો — ૨૨૦
છેલ્લું પાનું — ૨૨૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તેના મુદ્રક અને પ્રકાશક : અચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર ગ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક લવાજમ રા. ૭,પરદેશમાં રૂા ૬-૦-૦ અથવા ૧૫શિલિંગ.છુટક નકલના આર આના.

ઑડિટર્સ બ્રધરના સોલ એજન્ટ: એસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની, મૉડેલ ટૉઝીજ સામે, ગાંધીરોડ, અમદાવાદ.

કુમારમાંનાં સર્વ લખાણો,ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે

ઝેનીથ સ્પોર્ટો

ઘડિયાળો સિંદમાં આવી ગયાં છે.



ઝેનીથ સ્પોર્ટો ઘડિયાળ આ ચિત્રના જ કદનાં, ડાઇ કસ્ટિત સ્ટીલ બેક ટ્રીગાઇનિ તથા કવચ અને આંચકા સામે સંપૂર્ણ સંરક્ષિત. કિંમત રૂા. ૧૪૭. ઉપરનું જ કદ ૧૦½" ઓલ સ્ટીલ, ચાળી સામે સંરક્ષિત કિંમત રૂા. ૧૮૫ અને રૂા. ૨૦૦.

વર્ષો સુધી રાહ જોયા બાદ પ્રથમ ઝેનિથ ઘડિયાળો સિંદમાં આવી પહોંચ્યાં છે. દરેક ઝેનીથ ઘડિયાળ કારીગરીમાં અને વ્યક્તિગત સૌંદર્યમાં સંપૂર્ણ છે. હાલમાં ઉપર મુજબના નમૂનાનાં ઘડિયાળો જ મળી શકે છે. પરંતુ હવે પછી બીજી પ્રખ્યાત ઝેનીથ મોડાની વિવિધ ઘડિયાળો આપને પસંદગી માટે મળશે.

FAVRE-LEUBA

ફાવરે-લ્યુબા ઍન્ડ કં. લિ. મુંબાઈ અને કલકત્તા

- રેક્સોના

ચામડીનું

આરોગ્ય વધારે છે

...તંદુરસ્ત ચામડી

સૌંદર્ય વધારે છે

સૌંદર્યપ્રેમી ચામડીનું-ઘરેલું સ્વાસ્થ્ય તથા આરોગ્ય છે. અને જ્યાં સુધી તમારી ચામડી તંદુરસ્ત નહિ હોય ત્યાં સુધી તમે એ ખુબસુરતતા પાછી મેળવશો નહિ. ઉમદા ત્વરિત બનતા દીલધાળો અને કેટીલ નામના ઔષધધાળો રેક્સોના તમારી ચામડીના આરોગ્ય માટે અમૂલ્ય થઇ પડે છે. એન્ટિસેપ્ટિક તાઝગી આપતા અને ચામડીને પુષ્ટિ આપનાર તેલોની આ ખાસ બનાવટને રેક્સોનાનું જરૂરથી બનતું દીલુ મેલને દુર કરી, ચામડીને નિર્મળ બનાવી, ઠંડક આપી અને સૌંદર્ય ભણી ચામડીના નાના છિદ્રોમાં ઉંડા લઇ જાય છે. ચામડીની મનોહરતાનું મૂળ ચામડીના આરોગ્યમાં છે. એ વિષે જરાપણ શંકા નથી, અને રેક્સોનાનું ઔષધધાળું દીલુ ચામડીના સૌંદર્યની વૃદ્ધિ કરે છે.

પુરૂષો માટે રેક્સોના : એવું માનવું નહિ કે રેક્સોના ફક્ત સ્ત્રીઓ માટેજ છે; તે પુરૂષો માટે પણ આવશ્યક સાબુ છે. પુરૂષે તંદુરસ્ત ચામડીની બક્ષિસરૂપ તેજસ્વી આરોગ્યના રેખાચમાં ગર્વ લે છે. અને ચામડીનું આરોગ્ય તો એક સાધારણ છે જે આરામ આપતા, એન્ટિસેપ્ટિક ગુણોવાળું રેક્સોનામાંનું કેટીલ બનાવે છે.

બાળકો માટે રેક્સોના : રેક્સોનાનું સંભાળ તેનું દીલુ બાળકની નાજુક ચામડીને ઠંડક આપે છે રેક્સોનાનું કેટીલ ગરમી અને અળઇઓમાંથી બાળકના કોમળ શરીરોને રક્ષણ આપે છે. બાળકો માટે એ સૌથી ઉત્તમ છે.

રેક્સોનાનું કેટીલ એન્ટિસેપ્ટિક, આરામપ્રદ અને પૌષ્ટિક તેલોનું ખાસ મિશ્રણ છે જે તમારી ચામડી સંભાળવામાં ખાસ મૂલ્યવાન છે.



10 23 GJ

REXONA PROPRIETARY LIMITED



આ પાણી એણે જાતી જરૂરસમૃદ્ધિ વિષેના આ અક્ષમાંના લેખમાં જણાવ્યા પ્રમાણેના બંધ બાંધવાની સામાન્યરીતે એ પદ્ધતિઓ છે. એક એની છે કે નદીની વચ્ચે બેટ યા ઊંચું તળ હોય તો તેને જોડતો એક કામચલાઉ બંધ મોટામોટા પત્થરો તથા માટીની ઝાળી પાળ કરીને ઊભો કરવામાં આવે છે. એવો જ બીજો બંધ પાછો ઉપરવાસ બાજુ ઊભો કરીને, પછી તે બે બંધની વચ્ચેનું પાણી પંપદ્વારા ઉલેચી નાખીને ત્યાં બંધ બાંધવાનું કામ નિરાંતે થઇ રહે છે. નીચે મજબૂત ખડકાળ જમીન આવતાં સુધી માટી ઊંડી ઉલેચને પછી તે કાદવ તળ પર પત્થર તથા સીમેન્ટ કૉંક્રીટનો મજબૂત બંધ બાંધવામાં આવે છે. એ તૈયાર થઈ ગયા પછી જેવા કામચલાઉ બંધ તોડી નાખવામાં આવે છે. નાઈલ નદી પરનો અસ્વાન બંધ આ પદ્ધતિથી બંધાયો હતો. તે સમજવવું ચિત્ર ઉપર ઢાળી બાજુ આપેલું છે.

બીજી પદ્ધતિમાં કટકેકટકે બંધ બાંધવાનું કામ થાય છે. નદીના પટમાં બંધ માટે સુયોગ્ય જગ્યા પસંદ કરી, ત્યાં થોડાક આગમ નદીના પટમાં ઊંડે સુધી લોખંડનાં મજબૂત પતરા રોપીને અલેષ વાડ ઊભી કરવામાં આવે છે. પછી અંદરનું પાણી ઢાળી નાખીને તેટલા જ ભાગમાં બંધ બાંધવાનું કામ થાય છે, એટલો ભાગો સંપૂર્ણ થયે બીજા ભાગનું કામ કપાડવામાં આવે છે, અને આમ કટકેકટકે બધ આખો બંધ પૂરો થાય છે. સિંધુ નદી ઉપરનો સક્કરનો બંધ આ રીતે બાંધેલો છે.

બંધની રચનામાં મુખ્યત્વે કમાનો મોટો ભાગ ભજવે છે. બે મજબૂત થાંભલા પર રચાએલી કમાનોની વચ્ચેના ખાળા લોખંડના મોટા મજબૂત દરવાન વડે બંધ કરી દીધેલા હોય છે, પણ તે જરૂર પ્રમાણે પોલાણદ્વારા ઉઘાડીબંધ થઈ શકે છે. એ બંધક દરવાનનું વજન ૨૮૦૦ મણ હોય છે! નદીમાં પૂર આવે ત્યારે દરવાન ઊંચે ઊંચી સેવામાં આવે છે જેથી વધારાનું પાણી કમાનો દ્વારા વહી જાય છે પણ જ્યારે નદીમાં પાણી ઊતરી જાય છે ત્યારે દરવાન બધે બંધ કરી દેવામાં આવે છે જેથી નદીનું પાણી એકઠું થઇ નદીના પટ ભરાઇ જઇને પાણીની સપાટી આજુબાજુની જમીન કરતાં ઊંચી થાય છે એટલે એ પાણી નહેરોમાં સહેલાઇથી વહી જઇ ખેતરોમાં પહોંચે છે.

આ જગાનામાં આ બાબતમાં અમેરિકાએ પહેલ તથા પ્રગતિ કરી છે. ત્યાંની ટેનેસી નદી તથા તેની શાખાઓ ઉપર આવા જે અનેક બંધો બાંધ્યા છે તેનો ખ્યાલ આપતો આલેખ ઉપર જણાવી બાજુ આપેલો છે તે પરથી એ પાણી રોધાવાનો સમગ્ર ખ્યાલ આવશે નીચેના ચિત્રોમાં એ જ ટેનેસી નદીના પ્રવાહ પર થોડે થોડે અંતરે બાંધેલા બંધ નીચે પાણીની ઊંચાઈ કેટલા ફૂટની છે તે દીવીઓ દ્વારા આંકી બતાવીછે.કોઇવાસ વર્ષની નદીનાસ્તળના પાણીના ઊંડાણ તથા પ્રવાહનો ચિતાર આ પતો એ આલેખ બંધદ્વારા રોધાએલા પાણીની સેવા શક્તિનો ખ્યાલ આપે છે. હિંદની નાની મોટી નદીઓ પર ને આવા સેંકડો બંધો બાંધવામાં આવે તો હિંદમાં કદી પણ દુકાળ પડે જરા



આપણા ઘડવૈયા આપણે

(ઢાળ: જનની જઠરે ગોપીચંદની-સારંગ)

આપણે આવળ બાવળ ઓરડી,
કેસરઘોલ્યા ગલના ગોટા જી;
હલકાં તો પારેવાંની પાંખથી,
મા'દેવથી યે પણ મોટા જી:
આપણા ઘડવૈયા બાંધવ! આપણે.

કોઈ તો રાચે છે વેળુ છીપથી,
કોઈ તો જળને હિલ્લોળ જી;
મરજીવો ઊતરે મહેરા મહેલુ,
માથા સાટે મોતી-મોલ જી! આપણા૦

નજરું ખૂંપી છે જેની લોંયમાં,
સામે પૂર એ શું ઘાય જી!
અધીરો ઘટડાનો ઘોડો થનગને,
અણદીઠ ઓરું–એને પાય જી: આપણા૦

બેઠેલાંનું બેહું રે વિમાસણે,
વેળા જુએ નહિ વાટ જી;
ઝાઝેરો ઝૂકયો છે આંબો ઝાખથી,
વેરે તેને આવે હાથ જી: આપણા૦

પંડની પેટીમાં પારસ છે પડયો,
ફૂટલાં ફૂટે છે કરમ જી;
વાવરી જાણે તે બડભાગિયો,
જળહળ ઝીનાં રે ભવન જી: આપણા૦

રાજેન્દ્ર શાહ

આષાઢ આયો!

રે આજ અષાઢ આયો.
મેં નેણુનાં નીરમાં મનનો તે માઢ ગાયો: રે આજ૦

દૂરને દખ્ખણ મીટ માંડીને
મોરલે નાખી દૃહેલ,
વાદળી સાગરસેજ છાંડીને
વરસી હૈતની હેલ;
એમાં મન ભરીને મતવાલો મોર ન્હાયો: રે આજ૦

મેઘપીણાને કોમલસ્વારે
મેલ્યાં બીજલ નૂર,
મેહુલાને ત્રીણી જ્વલની ધારે
રેલ્યા મલ્હારસૂર;
એથી ધરતીને અંગ રંગ ઉમંગ ન માયો: રે આજ૦

જલમાં વનમાં આષાઢ ન્હાલ્યો
સંસાર મ્હાલ્યો સંગ,
અલકાથી હું દૂર તે ચાલ્યો
મને ન લાગ્યો રંગ;
સહુને ભાયો ને શીતલમીઠી છાંયસું જાયો: રે આજ૦

આપણે રે પ્રિય, સાગસામે તીર,
કયારે ય નહિ મિલાપ!
ગાજે જનમ-જનમનાનાં નીર
વિરહનો જ વિલાપ!
આયો આષાઢ ને વામરે તોયે વૈશાખ વાયો: રે આજ૦

બિરદમાં બાઢ લાયો!
રે આજ અષાઢ આયો!

નિરંજન ભગત

મિથ્ય રચના! (સિંખરિણી)

સવારી રાજની નીકળી પથ પે, લોક ઉમટ્યાં
ભરી આંખે મૂર્તિ નૃપતિ તણી કૃતકૃત્ય બનવા;
તહીં કોએ પૂછયું, 'ગિર ચળકતી ચીજડી, ભલા!'
'તમારાં અશ્રુ ને મુજ દુધિરની મિશ્ર રચના.'
વદી ગઇ ધ્રીજે કોક રસના.

દેવજી રા. મોઢા

કવિની પ્રાર્થના (અનુકૃપ)

મારા જીવન કેરી આ કવિતાના પ્રવેશ તમે,
સદા યે જનીને રૂહેલે રમો વૈ સ: કેવલ.
પછી છો છંદ બંધાતા, શબ્દો છો ઘડકી જતા;
વૃત્તિઓ પલટાતી છો, પ્રાસોના મળતા ઘના.
કવિતા તો ય મારી હે પ્રભો પર્ણ થઈ જશે,
કો કે મારી કવિતાના રમો વૈ સ: પ્રભો તમે.

સનાતન

જ્યારે મારા મિત્રે મને પૂછ્યું, 'બીજા દેશના લોકોમાં જે સહજ રીતે દેખાય છે, પણ હિંદમાં સાધારણ મનુષ્યથી માંડી મોટા નેતાઓ સુધી પણ કોઈમાં નજરેનથી પડતી એવી કઈ વસ્તુ છે?' ત્યારે મેં એમને જવાબ આપ્યો કે, 'શિસ્ત'. ૧૭૫૭ની પ્લાસીની લડાઈથી માંડી ૧૯૪૨ની ચળવળ સુધીના આપણા ઇતિહાસ પર ઊડતી નજર કરનાર પણ કહેશે કે આપણી પરાજયના મૂળમાં કોઈ કારણ હોય તેા તે શિસ્તની ખામી.

નક્કી કરવામાં આવેલા કોઈ પણ નિયમ પ્રમાણે વર્તવું તેનું નામ શિસ્ત. પછી તે નિયમ નિશાળના કે ઑફિસના હોય, ધંધાના કે સરકારના હોય. વ્યક્તિથી માંડી રાષ્ટ્ર સુધીના એકેએક ક્ષેત્રમાં શિસ્ત—Discipline-ની જરૂર છે. શિસ્ત એ તેા જીવનનો પાયેા છે.

જીવનના દરેકેદરેક ક્ષેત્રમાં શિસ્ત આવશ્યક છે. વ્યક્તિગત જીવનમાં પણ શિસ્ત—નિયમિતતાનું જે બરાબર પાલન કરવામાં આવે તેા રોજનાં ઘણાંખરાં કામ વ્યવસ્થિતરીતે શાંતિથી પાર પડે અને ધમાધમી ન થાય. ખાવા પીવામાં, આહારવિહારમાં તથા જીવનની પ્રત્યેક ક્રિયામાં કડક શિસ્ત પાળવાની દરેકે આગ્રહ રાખવેા જોઈએ. પુનાના રાવસાહેબ પેંડસેનું જીવન આ બાબતમાં એટલું નિયમિત અને શિસ્તબદ્ધ હતું કે તેમના બહાર જવા આવવાના વખત ઉપરથી લોકેા કેટલા વાગ્યા એ કહી શકતા.

ઘણા લોકેા બીજા પાસેથી કડકરીતે શિસ્ત પળાવવાનેા આગ્રહ રાખે છે, પણ પેાતે જ તે શિસ્ત પ્રમાણે વર્તતા નથી હેાતા. આવા લોકેાની બીજા પર છાપ કેવી રીતે પડી શકે? દરેક સંસ્થાના મુખ્ય અધિકારી પેાતે શિસ્તનેા આદર્શ હેાવેા જોઈએ, તેા જ તે બીજા પાસે શિસ્ત પળાવી શકે. મેાટા આવતા પેાતાના ચેકદરીને 'કાં તેા તમે નવું ઘડિયાળ વેચાતું લેા અથવા તેા ઘરે નવેા સેકેન્ડ કરી રાખવેા પડશે' એમ નૉટિફાય ત્યારે જ કહી શકેા જ્યારે તે પેાતે ઑફિસમાં નિયમિતરીતે જતેા હેાય. બાળકમાં મેાટા જતા મુખ્ય શિક્ષક પેાતાના વિદ્યાર્થીઓને વખતસર આવવાનેા ઉપદેશ કેવી રીતે આપી શકે?

પેાતાની સગવડ ખાતર અથવા બીજાની મહેરબાની મેળવવા ખાતર પેાતાની સંના નિયમેા તેાડનારા ખુશામતખેાર અધિકારીઓ પણ ઘણી સંસ્થામાં હેાય છે. આવા લોકેાએ સ્વામી આનંદનેા દાખલેા યાદ રાખવા જેવેા છે. એક વખત સ્વામીજીનું ગુરુકુલ જોવા માટે સંયુક્ત પ્રાંતના ગવર્નર આવ્યા હતા. ગુરુકુલમાં જે વૈદિક પ્રાર્થનાથી શિક્ષણ આપનારી સ્વતંત્ર સંસ્થા હતી. સંસ્થા જોઈ રહ્યા પછી ગવર્નરને તાજગીની જરૂર લાગી. તેમણે કહ્યું, 'અહીં નંદજી, અમારે ચા લેવી જોઈએ.' પણ ગુરુકુલમાં તેા ચા પીવાની સખ્ત મનાઈ હતી. આનંદસ્વામીએ એક જ ક્ષણ વિચાર કર્યો અને પછી મક્કમતાથી કહ્યું, 'સાહેબ, અહીં ચા પીવાની બંધી છે. તેથી આપને ચા નહિ મળી શકે. પણ જોઈએ તેા તુલસીનાં પાંદડાંનેા ઉકાળેા કરી આપીએ' અને તે દિવસે આનંદજી ગવર્નરને તુલસીનાં પાંદડાંનેા ઉકાળેા જ પીવડાવ્યેા. ગવર્નરની શરમને ખાતર પણ ચા બનાવીને પેાતાની સંસ્થાની શિસ્તનેા તેમણે ભંગ ન કર્યો.

આપણા દેશમાં જ્યાં વ્યક્તિગત શિસ્ત પાળનારા ગણ્યાગાંઠ્યા (જેમાં ચહાતમાજીનેા નંબર પહેલેા છે) હેાય ત્યાં સામુદાયિક શિસ્તની તેા વાત જ શી કરવી? આપણાં સભા-સમેલનેા આપણી સામુદાયિક શિસ્તનેા દેવાળાનેા નમૂનેા છે. આપણી સભાઓ તથા બીજા કાર્યક્રમેા કદી પણ વખતસર શરૂ થતા નથી. સભામાં વ્યવસ્થા, શાંતિ તેા બાજુએ જ હેાય છે આપણા કપર જે 'ઇન્ડિયન ટાઈમ'નું કલંક લાગેલું છે તે જ આપણે કેટલા પાણીમાં છીએ તે બતાવવા પૂરતું છે. આ બાબતમાં તેા અંગ્રેજ પ્રજાનેા ગુણ આપણે ખાસ લેવા જેવેા છે. વ્યક્તિગત તેમજ સામાજિક જીવનમાં શિસ્ત એ જ એમના જીવનનેા પાયેા છે. તેમની સભાઓ જુઓઃ તે બરાબર વખતસર શરૂ થશે. મેાટા આવનાર શ્રેાતા કેાઈનું પણ લેક્ચર ન ખેંચાય તથા સભામાં જરા પણ ખલેલ ન થાય એ રીતે શાંતિથી આવીને બેસશે. સભામાં પેાતાને વ્યાખ્યાન ન સમજાય અથવા કંટાળાભરેલું લાગે તેાપણ તે શાંતિથી બેસી રહેશે, પણ અવાજ-કરીને કે વચ્ચેથી ઊઠી જઈ સભામાં ખલેલ નહિ પહેાંચાડે. તેમની સાથે આ બાબતમાં આપણી સરખામણી જ થઈ શકે તેમ નથી. આપણી શિસ્ત બતાવવા માટે એક જ દાખલેા ટાંકીને બસ થશે.

અમદાવાદમાં સાબરમતી આશ્રમની સ્થાપનાની શરૂઆતના દિવસેામાં મહાત્માજીનું ભાષણ સાંભળવા સાંજના સાત વાગે રાખવામાં આવ્યું હતું. ૭॥-૮ વાગ્યા આવ્યા તેા યે કેાઈ ખેાલાવવા નહિ આવવાથી ગાંધીજી પેાતે જ આશ્રમથી સાઈકલ ઉપર બેસીને ભાષણને સ્થળે ગયા. ત્યાં જઈને જોયું તેા માંડમાંડ મંચ બેસી કરવામાં આવ્યેા હતેા. અનેત્યાંના વ્યવસ્થાપક બીજાને કહેતા હતા કે ગાંધીજીને બેાલાવવા મેાકલેા. ઘડિયાળમાં હજામ સવા સાત થયા હતા ત્યારે વક્તાને બેાલાવવાની વ્યવસ્થા થતી હતી! મહાત્માજીએ કહ્યું, 'આજેસ મેાડવાની જરૂરનથી. હું નતે જ આવી ગયેા છું.' આ જોઈને મંત્રી શરમથી અવાક્ બની ગયેા.

વખતસર સભા શરૂ ન થવા માટે સંચાલકેા જેટલા જવાબદાર છે તેટલા જ શ્રેાતાઓ પણ છે. સભાનેા વખત આઠ વાગ્યાનેા હશે તેા લેાકેા વિચારશે, 'આઠનેા ટાઇમ છે ને? તેા સભા રૂા વર્તાય સાડા આઠ પહેાંચીએ.' એમ વિચારી તેઓ મેાડા નથી જ. ભલે બેાલાવ જ શ્રેાતાઓ આવ્યા હેાય તેા પણ સભા વખતસર શરૂ કરવાનેા સભાના સંચાલકેાએ તીવ્ર આગ્રહ રાખેા તેા આ પરિસ્થિતિ બદલાતાં વાર ન લાગે.

ફ્રંસ્ત સભાઓમાં જ કેમ? મેાટર કે ટ્રેનમાંથી ચઢતી કે ઊતરતી વખતે, ચારરસ્તાથી બહાર નીકળતી વખતે, પ્રાર્થનામાં કે લાઈનમાં ઊભા હેાઈએ ત્યારે, રસ્તામાં અકસ્માત કે અકારણની ધક્ક પડતાં જે દેાડાદેાડ કરીએ છીએ ત્યારે આપણે જે અશિસ્ત વર્તન કરીએ છીએ તે ખરેખર શરમાવનારું છે. આવી નાનીનાની વાતેામાં પ્રબુદ્ધતી રીતે વર્તે છે તે ઉપરથી જ રાષ્ટ્રની ઉન્નિત અંકાય છે.

ભવિષ્યમાં જે શિસ્તવાળા નાગરિક ઉત્પન્ન કરવા હેાય તેા બાળપણથી જ બાળેાને શિસ્તની ગળથૂથી આપવાની જરૂર છે. બાળપ જ સર્વ કામ વખતસર તથા નિયમિતરીતે કરીને પ્રત્યક્ષ દાખલેા બેસારે તેા બાળક પણ તે જ શિસ્તથી વર્તશે. બાળકનું ખરું જીવન શાળામાં જ પડાવું હેાય છે. તે વખતે જે શિક્ષકેા શિસ્તનેા અતિઆગ્રહ રાખે તેા તેના દંડ સરેડાર બાળકના કુમળા મનપર પડયા વિના ન રહે. બાતાવિયા જને શિક્ષકેા ધારે તેા આ બાબતમાં ઘણું કરી શકે.

હિંદુસ્તાનનું નાવ આજે સ્વાતંત્ર્યના કિનારા પાસે જઈ રહ્યું છે તે વખતે જે શિસ્તનું મજબૂત લંગર આપણી પાસે નહિ હેાય તેા નાવ ફરી ખુલાખીનેા મઘદરિયે ધેંચાઈ ગયા વગર નહિ રહે.

(જુલાઈ ૧૯૪૬) ૧૮૭

હિંદના પ્રથમ પંક્તિના તેજસ્વી અને તત્ત્વનિષ્ઠ પત્રકારપ્રવર

'મા' સી. વાઈ. ચિંતામણિ

(ચિંતામણિ રાવ)

રાવ જ છાપામાં તમે મારી વિરુદ્ધ લખ્યું?' એક છાપાના માલિકે મૂંઝાંકૂંઝાં થતાં થતાં પોતાના તંત્રીને પૂછ્યું. તંત્રીએ શાંતિથી જવાબ આપ્યો: 'મને સત્ય તે ન્યાયી લાગે તે જ હું હમેશાં લખું છું. બન્દૂરા અને ગિલમાલિકોના આ ઝગડામાં મને ન્યાય ગલ્ફરીને પક્ષે લાગ્યો, તેથી મેં તેમનો પક્ષ લીધો.'

'તે તો ન ચાલે. તમારે મારા છાપાના તંત્રી તરીકે રહેવું હોય તો હમેશ મને જ ટેકો આપવું લખવું તમારે કરવું જોઇએ.'

'સાહેબ, તે હરગીઝ નહિ બને. જ્યાં સુધી આ ખોળિયામાં પ્રાણ છે ત્યાં સુધી મને જે સત્ય લાગશે તે જ હું લખીશ.' તંત્રીએ મક્કમતાથી કહ્યું અને તે જ ઘડીએ પોતાનું રાજીનામું લખી આપ્યું.

આ સત્યશીલ તેજસ્વી પત્રકાર તે સર સી. વાઈ. ચિંતામણિ. મુંબાઈના પ્રખ્યાત ગિલમાલિક બ્રધર્સ પિટિશે પોતાના 'ઇન્ડિયન ડેઈલી મેઈલ' પત્રના તંત્રી તરીકે તેમને ત્રણ ગણતા રૂપિયા દસ હજારના બાદશાહી પગારે નીમ્યા હતા. પત્રનું તંત્રીપદ સ્વીકાર્યાને બાગ્યે જ ૨૭ દિવસ થયા હશે ત્યાં હપ્તરનો બનાવ બન્યો. પોતાના કાર્યમાં દરમ્યાનગીરી થતાં જ તેમણે એવા સારે પગારની નોકરીને પણ ઠોકર મારી રાજીનામું આપી દીધું. બળતે દિવસે કરાર મુજબ તે ગિલમાલિકે દસ હજાર રૂપિયાનો એક ચિતામણિ ઉપર મોકલી આપ્યો, પણ ચિંતામણિએ તો એ ચેક પણ આપ્યો તેવો પાછો મોકલી દીધો. આવી બારે રકમનો એક પાછો આવેલો જોઈ તે ગિલમાલિક તો છક્ક થઈ ગયા!

આવા સ્વાભિમાની પત્રકાર શ્રી ચિંતામણિનું સ્થાન હિંદભરના પત્રકારત્વના ઇતિહાસમાં અદ્વિતીય છે, અનોખું છે. અહલ્લાહાબાદથી નીકળતા 'લીડર' પત્રના સંપાદક તરીકે રહીને તેમણે હિંદી પત્રકારત્વને ઉજ્વલ-આમેરિકાના પત્રકારત્વની હરોળમાં લાવી મૂક્યું છે. માત્ર પ્રથમ પંક્તિના સમર્થ પત્રકાર તરીકે જ નહિ, પણ નિષ્પક્ષ અને નીડર આલોચક, હિંદનાં સામાજિક પ્રશ્નોના અગ્રણી ચિંતક અને સુધારક તથા વિનીત મતના પ્રખર નેતા તરીકે પણ તે પોતાનો અગ્રપ્ર આંક હિંદના ઇતિહાસમાં મૂકી ગયા છે. કેવળ મેટ્રિક સુધી ભણેલા હોવા છતાં સ્વપુરુષાર્થથી જ્ઞાતમાં ઉજ્જ્વલ કીર્તિ કમાઈ જનાર ચિંતામણિનું જીવન ઊગતી પ્રજાને ઘણું જ પ્રેરણાદાયી છે. એમનું પૂર્વ નામ ગોપાલરાવ બાપેશ્વર ચિંતામણિ રાવ. એમનો જન્મ ઈ સ. ૧૮૮૦ના એપ્રિલની ૧૨મી તારીખે તેહુચુ ગ્રામ વર્ષના દિવસે ગદ્રાસ ઇલાકામાં વિજ્ઞાગાપટ્ટમ જિલ્લામાં વિજયનગરમ્ ગામે થયો હતો. તે તેમના પિતાના ત્રીજા પુત્ર હતા. તેમના પિતા પંડિત બેસાવૂરી રાગસોમેયાજુલુ ગુરુ, વિદ્વાન બ્રાહ્મણ અને હિંદુ ધર્મશાસ્ત્રોમાં પારંગત શાસ્ત્રી હતા અને વિજયનગરમના તે વખતના મહારાજા સર આનંદગજપતિ રાજુના કુલગુરુ હતા. એ મહારાજની સલાહથી જ ચિંતામણિને વેદશાસ્ત્રોનું શિક્ષણ ન આપતાં અંગ્રેજ શિક્ષણ આપવાનું હતાવવામાં આવ્યું હતું.

નાનપણથી જ આ પ્રતિભાશાળી બાળકે પોતાની મેધાના ચમકાર બતાવવા માંડેલા. તે અંગ્રેજ ચોપડી ઘોરણમાં હશે ત્યારે બ્રીજ છોકરા ગિલ્લીદંડા કે લખોટા રમતા ત્યારે ચિંતામણિ ગંભીરતાથી કોઇ છાપું કે પુસ્તક વાંચતા હોય. મદ્રાસનું 'હિંદુ' અને સુરેન્દ્રનાથ બેનરજીનું 'બેંગાળી' એ તેમનાં પ્રિય છાપાં હતાં. બધાં છાપાંઓનો તે ખારીકાઈથી અભ્યાસ કરતા. ખાણી જે વખત મળતો તેમાં કૉમેસ્ટ્રી પ્રમુખોનાં બાપણેનું કાળજીપૂર્વક વાચન કરતા. ભવિષ્યમાં તેમણે પત્રકારત્વનો જે ઉજ્જ્વળ સીમાસ્તંભ રોપ્યો તેનો પાયો ચણવાનું કામ આમ નાનપણથી જ ચાલતું હતું. બ્રિટિશ ઇંડિનેટ, તેની કારગીરી વગેરે વિષે પ્રશ્નો પૂછીને તે પોતાના શિક્ષકોને પણ મૂંઝવી દેતા. માત્ર ૧૪ વર્ષની ઉમરે તો તેઓ અંગ્રેજ લેખો સ્વાતિક પત્ર 'તેહુચુ હાર્ય'માં પ્રસિદ્ધ થવા માંડેલા. ત્યારથી જ તેમને પત્રકારત્વની લગની એવી તો લાગી, કે જ તેમની જીવનપ્રવૃત્તિનું કેન્દ્ર થઇ પડ્યું ને પંદરમે વર્ષે તો પ્રથમ વર્ગમાં મેટ્રિક પાસ કરીને એગલ્લે સીને ચકિત કરી દીધા. (અનુ૦ પૃ. ૧૯૪મે)

- માત્ર ૧૪ વર્ષની વયે એણે અંગ્રેજમાં તેજસ્વી લેખો લખવા માંડ્યા...
- ૧૮મે વર્ષે તો એ 'વિજ્ઞાગા સ્પેક્ટેટર' પત્રના તંત્રી બન્યા...
- ૧૯મી ડીસેમ્બરે લખનૌ કૉંગ્રેસમાં પહેલું ભાષણ કરી સૌને મુગ્ધ કરી દીધા.
- એ ઊગતા જુવાનનું ઔદ્યોગિક પ્રશ્નો વિષેનું અગાધ જ્ઞાન જોઇ ગદ્રાસના ગવર્નરે તેને હર્ષોનાદિક કૉન્ફરન્સમાં મદદ કરવા આમંત્ર્યા...
- ૩૦મે વર્ષે અલ્લાહાબાદના નવા અંગ્રેજદૈનિક 'લીડર'ના તંત્રી બની, તેને અલ્લાહાબાદમાં તો હિંદનું અગ્રિમ વર્તમાનપત્ર બનાવી હિંદી પત્રકારત્વને ઉજ્જ્વલ સીમાસ્તંભ રોપ્યો...

રાજકારણની ગીચાંગાસ કરવાની તેમની અસાધારણ શક્તિ જોઈ ભારતમંત્રી મૉર્લેજીએ તેમને 'સેક્રેટરી ઑફ સ્ટેટ'માં સલ્યપદ આપવાની કરમાકત કરી(જે અમલે ન્હાવી)...

ઓછી જ અસાધારણ બુદ્ધિમત્તા અને અગાધ વિદ્વત્તાને લીધે મુક્ત મંતના પ્રધાનમંડળમાં એ શિક્ષણ કે કૃષીત્ર ખાતાના પ્રધાન નીમાયા...

- અને માત્ર મેટ્રિક જ પાસ થયેલા એ પ્રતિભાવંતા પત્રકારને હિંદનીએમ્પ્રોટી યુનિવર્સિટીઓએ 'ડોક્ટરેટ'ની પદવીથી નવાજ્યા ને પત્રકારે 'સર'નું બિરુદ આપી એમનું બહુ માન કર્યું.

નીડર ને નિષ્પક્ષ આલોચક, પ્રખર સમાજસુધારક અને દીર્ઘ દૃષ્ટિવાળા ઉદારમતવાદી અગ્રણી

અદૃશ્ય શત્રુ

ભવિષ્યની વૈજ્ઞાનિક શકયતાઓ પર રચાએલી એક વધુ ચમત્કૃતિભરી કલ્પનાકથા

લેખક
કાલિદાસ જાદવ

અનિલ ત્રાગાથી ત્રણેક વર્ષ નાનો હતો, છતાં છેક બાળપણથી અમારે મૈત્રી જામી ગએલી. તબ્ધ વર્ષ પહેલાં જ, તે ઈ. ૧૯૩૭માં એમ. એસસી. પાસ થયો હતો. એના પિતા પેરાપાત્ર દોષાથી એનો જીના ચાટીબાગના બંગલામાં જ એક પ્રયોગશાળામાં વસાવેલી એ વૈશ્વકિરણ (cosmic rays)ની શોધ પાછળ મંડ્યો હતો. હું ત્રિચાલિક ટેકરીઓમાંથી પ્રાગ-ઐતિહાસિક અવશેષોની શોધ કરનાર સંશોધમાં નોકરી કરતો હતો અને વેકેશન દોષાથી થોડા દિવસ માટે અમદાવાદ આવ્યો હતો.

એક સાંજે ફરવા નીકળતાં અમે અનિલની મોટરમાં નરોડા ગામથી બહાર ગાઇલ દૂર નીકળી ગએલા અમારી જમણી બાજુએ ઊંડાં ફર્કાંગ દૂર. પૃથ્વીથી ચંદ્ર સુધીની મુસાફરી કરનારા રૉકેટ્સ જોઈનું એરોડ્રોમ હતું. અમે અમારી મોટરને એક બાજુ નીચે ઊભી રાખી વિચારવિનિમય કરવામાં મશ્ગૂલ હતા ત્યારે અમારી અમારાથી થોડે દૂર એક 'ચંદ્ર-યાન' રૉકેટ ઊતર્યું. પણ એ એના નિયત સ્થાને ન ઊતરતાં કેક બાજુ ઊતર્યું તેની અમને નવાઇ લાગી. કંઈક ભૂલ થયા પામી હશે એમ ધારી અમે અમારી વાતો ચાલુ રાખી.

થોડી વારે રૉકેટનું બારણું ઊઘડ્યું. એટલે દૂરથી પણ અમને એમાંથી એક માણસ બહાર નીકળવાની તૈયારી કરતો દેખાયો. એકાએક એના પગમાં કાઈક વાગ્યું હોય એમ એ રૉકેટની બહાર ઊછળી પડ્યો. અમે દોડીને પાસે જઈ પહોંચીએ એ પહેલા તો એ અજ્ઞિ કોઈ અજ્ઞાત આકર્ષણી ઇવાનાં અંદર થયો ને એ જ બારણા આકર્ષતે અંદર ઘસડાઇ ગયો!

આ દૃશ્ય જોઈ અમે બંને અવાક્ થઈ ગઈ જમીન સાથે જડાઇ ગયા! થોડી વારે અનિલ બોલ્યો, 'આ છે તો ચંદ્રયીન જ. ચૌદ માસ પહેલાં એ ઊડીયો ઊપડ્યું ત્યારે કેટલાક મિત્રોને વિદાય દેવા હું અહીં જ આવ્યો હતો. પણ આ તો વિચિત્ર!'

'આપણી પાસે કાંઈ હથિયાર પણ નથી. હજી બારણું બુલ્લું જ છે. હથિયાર હોત તો આપણે અંદર દાખલ થાત.' હથિયારની જરૂરિયાત પર ભાર મૂકતાં મેં જવાબ આપ્યો.

'પણ આપણે અંદર તો જવું જ જોઇએ. ગમે-તેમ તોયે અંદર આપણા માનવ બંધુઓ જ છે ને? હથિયારની જરૂર નથી.' અનિલે નીડર માનવધ્વજ ફરકાવ્યો.

સહેજ પણ અવાજ કર્યા વિના અમે યાન પાસે ગયા અને બારણાની બાજુમાં ઊભા રહી કાન સરવા કર્યા. અંદર રજાશાનશાંતિ હતી. અનિલે ઇશારો કર્યો. અમે અંદર દાખલ થયા. એકું તો કોઇ પણ ન હતું! હવે તો ગમે અમારા ચારોન્દ્રીયની પણ બીક લાગી. છતાં યાનની અંદર બેઠલ્ રૂમમાં અમે બેઠબીજની ઇંકે ફરી વળ્યા. યાનનાં બેઠેલી બાજાન હોય તેને પણ ખબર પડે કે યંત્રો તો બધાં સારી સ્થિતિમાં હતાં.

ફરીને પાછા અમે વચ્ચેના ખંડમાં આવ્યા. ત્યાંનું દૃનિંગ અસ્ત-વ્યસ્ત હતું. મુંઝાઇને અમે ચોમેર નિરીક્ષણ કરતા હતા, એવામાં અનિલના મુંઝણમાં કાંઈ વારણું હોય એમ એ ઊંચે ચોંચે પટકાઇ પડ્યો! હું મદદ કરું તે પહેલાં તો એ ઊભો પગ ને નીચે ભાંયું એમ ઉભામા ઊચકાયો ને ઊતરતાંમાં અદૃશ્ય થઈ ગયો! આત્મરક્ષણ-ની સહજ વૃત્તિએ નાસતાનાસતાં મેં એની મરણચીસ સાંભળી!

એક અઠવા વિજ્ઞાની તરીકે મારી આબરૂ લખેલી ન હોત તો કદાચ અનિલના ગુમ થવા માટે આજે હું જેલમાં હોત. યાનમાંથી નાસીને સીધો જ મેં પોલીસ કમિસ્નર હરસિદ્ધરાયને આ વાતની ખબર આપી રાકારાકીદ કહિએ ગંભીર મારી વાત હસી કાઢી. એવામૃદ્ધિ-વસભા ગને ખબર પડી કે મારી પાછળ છુપી પોલીસ પડેલી છે!

એ મિત્રણ દિવસમાં જ પેરા યાનની આસપાસ જબરજ બનાવો બન્યે ગયા. હું વાસી મૂઢચો સેના બીજે દિવસે એક ઘોડાગાડીના એકાએક ચૂરેચૂરા થઈ ગએલા અને ઘોડો, ગાડીવાળો તથા બેસનાર અદૃશ્ય થએલા! પછી તો દિવસેદિવસે નુકસાનીની ઝાંકરો વધવા લાગ્યો. આજે કોઈની ગાય અદૃશ્ય થઈ, તો કાલે કોઈ સાઈકલસવાર અદૃશ્ય થયો, એમ ચાલવા લાગ્યું.

મારા મગજ કોઈ બીજી જ દિશામાં દોડ કરવું હતું. મારા મિત્ર-ની છેલ્લી ચીસના પડઘા મારા કાનમાં પડ્યા જ કરતા હતા. એનું મરણ મને કેર ખેદા બેઠેન બનાવી મૂકતું હતું અને પાછલા બનાવો-ઓ મને એ વિચાર કરતો કર્યો હતો કે જે કોઈ ભય અત્યાર સુધી યાનમાં હતો તે હવે બહાર નીકળીને ઉત્પાત મચાવી રહ્યો છે.

અંતે એક રાત્રે હું એક ટ્રાંચે ને ઓટોમેટિક પિસ્તોલથી સજ્જ થઈ યાનમાં દાખલ થયો. કોણ જાણે કેમ, મારું હૃદય કહેતું હતું કે ભય તો યાનની બહાર જ છે. સાથેસાથે વૈરેવળ પણ પ્રબળ હતી. એકલે મેં બેદિકર નીરાંતથી યાનના ખૂણેખૂણું ઝારીક નિરીક્ષણ કર્યું. ત્રણેક કલાકના નિરીક્ષણથી નિરાશ થઈ હું વિચાર કરતો હતો કે એવામા કુદરતસૃષ્ટિથી એક નાના ટેબલ પર પડેલા કાગળ પર મારી નજર ખેંચાઈ. એમાંનું થોડું વાંચતાં તો મારા આનંદનો પાર ન રહ્યો. મેં એ ટેબલનાં ખાનાં ચોકસાઇથી ખેંઈ, બધા કાગળો એકા કરી લઈ, બંડલને બગલમાં મારી, ત્રિચિનાની ગાડીની વાત છોડ્યું.

(જુલાઈ ૧૯૩૭) ૧૮૬

સાતમે દિવસે ઘરસિદ્ધરાયે અને ભોગાવો ગારી ગારી માગી અને પ્રસંગની ગંભીરતા સ્વીકારી. પછી તો એમણે પોતાના કુળદેવ પોત્રીસ બેનમૉથી આ અદ્દશ્ય શત્રુને મદાત કરવાની એક પછી એક તરકીબો મારા આગળ ધરવા માંડી. ધીરજથી એ બધું સાંભળી લઈને અંતે મેં નમ્રતાથી કહ્યું: 'પણ ગારી શોધના હિસાબે તમારી આ બધી તરકીબો બાલિશ છે, સાહેબ!'

'તમારી શોધનું પરિણામ શું છે?' અગ્રણે જિજ્ઞાસુ સવાલ કર્યો.

મેં કહ્યું, 'આ ચંદ્રયાન જ્યારે ચંદ્રની પાર્શ્વ પર્યંત પર પહોંચે ત્યારે પચ્ચાસ માણસો હતાં. વધમાં યાનને વિદ્યુત-ઝંઝાવાત નડ્યો. એના પરિણામે એ કોઈ અજ્ઞાત ગ્રહ પર પટકાઈ પડ્યું. ઝંઝાવાતમાં સપડાતાં જ એ યાનનું વૈજ્ઞ-દિગ્ગ-સંદેશ-ક્ષેપક (આખા વિશ્વના ગ્રહો પર સંદેશા મોકલનારું) યંત્ર બળી ગયેલું, તેથી પૃથ્વીના યાનવાને તે પોતાની ખબર ન પહોંચાડી શક્યું. જે ગ્રહ પર એ પટકાઈ પડેલું ત્યાંના જીવોકરો વિજ્ઞાનમાં ઘણા આગળ વધેલા હોવા જોઈએ. એમણે આપણા માણસો સાથે સંપર્ક સાધી જ્ઞાનની આપ-લે પણ કરેલી. એ ગ્રહ આપણી પૃથ્વી કરતાં ૧૦ગણો મોટો હોવો જોઈએ. આ ગ્રહજીવો મોટાભાગે વાયુમય હોવા જોઈએ અને બહુનની ગાદક ઊડતા હોવા જોઈએ, અગર તો જમીન પર સરતા હોવા જોઈએ.

વળી આપણાથી અજ્ઞાત એવું કોઈ ગૌરાણુમાંથી મળ તત્ત્વ એમને આપણાથી અદ્દશ્ય બનાવે છે. (આપણે પૃથ્વી પર અત્યાર સુધી જાણ્યું મળ તત્ત્વો ચોત્રીસ) છે. એ નવા મળ તત્ત્વને લે મોટા પાયા પર ઉત્પાદ કરી શકાય તો આ ગ્રહમાનવોને આપણે જોઈ શકીએ એવું આપણા માણસોને લાગ્યું, એટલે મોટા પાયા પર ઉત્પાદન કરવાનાં યંત્રો લેવા આપણા માણસોગાંથી પાંચ પુરુષો તરફ આવવા રવાના થયા. એમના ઊપડવાના સમયે જ તે ગ્રહનું કોઇ હિંસક પ્રાણી આપણા યાનમાં દાખલ થયું. આ પ્રાણીએ વખત જતા આપણાં ચાર માણસોને ભક્ષ કર્યા અને બાંકીના તો છ પૃથ્વી પર આવ્યા પછી મરાયા.'

દરસિદ્ધરાય બોલ્યા, 'આ તો કોઈ પરીક્ષા લાગે છે'

'પરીક્ષા? તો હવે આ વાંચો. આમાં આપણા યાનને નડેલા અકસ્માતથી માંડીને છેક છેલ્લા માણસો ઉતર્યું લગ્યું ત્યાં સુધીના બનાવોની તારીખવાર નોંધ છે.' મેંગ કહીને મેં પેલું બંડલ તેના હાથમાં મૂક્યું.

'ભરેખર, આ તો પરીક્ષાથી યે ગહનતર છે.' અમલું એ વાંચીને બબડ્યું. 'પણ આનો કોઈ ઉકલ?'

બીજ દિવસે ચંદ્રયાનની પાસે એચાર જણ્યો અમે બકરાં બંધાની દીધાં. પાંચ માઈલના ચેરાવાની વસતિનું રમણાંતર કર્યું. પાંચેક વિમાનોને ગોઠવી સામગ્રીઓ સાથે તૈયાર રાખ્યાં. છ કલાકનીચ્યા બાદ એક બકરાની મરણજીસ સંભળાઈ તરત જ હું એ વિમાનમાં બેઠો હતો. તેને બે રમાન પર લઈ જવામાં આવ્યું. બબતા ઘરને ઓલવવા જે પંપો વપરાય છે એવા પંપો વિમાનમાં ગોઠવાયા હતા. બાજ તેમાંથી પાણીને બદલે તૈયાર કરેલો અમુક પાકો લાલ રંગ છંટાતો હતો. એ રંગ રેપસાંતાં જ એ અદ્દશ્ય પ્રાણી દશ્ય થવા લાગ્યું!

રંગ છંટવાનો બંધ કરી અમે સાતેક ભિન્ન દિશામાં ઊડતા રહ્યા હોઈશું, ત્યાં તો પેલા પ્રાણીના કેટલાંક અંગો રબ્બરના બલૂનની જેમ ફૂલવા લાગ્યાં. એ પછી બીજાદ મિનિટમાં એ જમીન પરથી ઊડવા સમર્થ હોય એમ બને લાગ્યું. એ તરત જ મારા વિમાનમાંથી ઑડ્રીકન પર બોલવું શરૂ કર્યું, 'વિમાનનો પ્રત્યેક જબ્બુ બાગડાના પટ્ટાથી પોતાની પુરુશી સાથે બંધાઈ જાય.' આ પછી બીજા વિમાનોને ગ્રહે આવવા જે લાલ બત્તીઓના સિગ્નલ ગબ્બારવા માંડ્યા.

પણ ગ્રહ હરનારા વિમાનો કુમકે આવી પહોંચે તે પહેલાં તો એ પ્રાણી અમારી પાસે આવી ગયું. એ ઑડ્રીકન પરથી હુકમ કર્યો 'બલૂન જેવા દેખાતા આ પ્રાણીના અંગો પર બંદૂક મારો રાઉ કરો.'

ગોળી વાગતા જ એના બલૂન-અંગોમાંથી સિસોટ સારો હવા નીકળવા લાગી. પણ અમને મદદ આવી ગઈ તે પહેલાં તો એ પ્રાણી અમારા વિમાનને ચીંથરાં ગયું, અને અમને ફ્રાયને ઊંચે ઊડવા લાગ્યું!

પણ એટલામાં તો મદદ આવી પહોંચી. કુમકે આવેલાં વિમાનોને મેં ઑડ્રીકન પર જણાવ્યું, 'આ પાણી પર લાલ રંગ છાંટ્યે જાઓ અને બલૂન જેવાં એનાં અંગો પર ગોળીબાર કર્યા જ કરો!'

બોકાદ કલાકની ભયાનક ધણ એ પ્રાણી'સાથે ગગાયું વિમાન નીચે આવ્યું મરેલા પ્રાણીના નિરીક્ષણ પછી અમને જણાયું કે આ તો આજગર-કાનખજૂરા જેવું પ્રાણી છે. એના બબ્બે પગોની કોર વચ્ચે બોને બલૂન-અંગો હતા. એ અંગોમાં હવા ભરીને એ ઊડી શકતું. આગ તો એ જમીન પર સરતા પ્રાણી કહ્યું લેઇએ.

આ બનાવ બની ગયા પછી પેલા અજ્ઞાત ગ્રહ પર રહેલા આપણા પૃથ્વીબંધુઓને પાછા લાવવા એક યાન મોકલવામાં આવ્યું. એ મુસાફરીમાં મને પણ સ્થાન મળેલું. પેલા ગ્રહના બુદ્ધિમાન જીવો પાસેથી આપને વિશેષ એવું જાણવા મળ્યું કે એ પ્રાણી તો એકલવીય છે:-એટલે કે એના શરીરમાં નર ને માદાનાં બંને ઇન્દ્રિયો છે, એટલે એનો વશવિસ્તાર આપમેળે જ થયા કરે!

એ પ્રાણી આપણી પૃથ્વી પર જીવતું રહી ગયું હોત તો?!!

આપણે બોધ લેવા જેવું

'...અહીંની પ્રજા એક રીતે આત્યારે ખૂબ બોટમાં છે. પણ એટલી બોટમાં છે તેથી જ વધારે પ્રયત્ન કર તેનાથી છૂટવા માટે કરે છે. એક જગ્યે એને કહું કે 'Harder we are pressed, higher we shall rise.' આવો બગીચ્ય તેમનો પુકાર્યો, ટેટાગ્રેસ અને સિસ્ત છે. આઠવા દિવસમાં મેં કોઈ એ જણને ચરતામાં કે ઑફિસમાં કે બસમાં કે એવે કોઈ ઠેકાણે નકામાં ગપ્પાં મારતા જોયા નથી. પ્રજા સામે અનેક કપરા પ્રશ્નો ને સમસ્યાઓ પડેલાં છે, પણ હુલ્લડ ગુંડાધિરાજ બની ઊભાં છે. નથી લોકો, નથી કોલસો, નથી કપડાં છતાં સમસ્ત પ્રજા દાંત ભીંસીને પુનરુત્થાનના કામમાં લાગી છે. કામ, કામ ને કામ સિવાય બીજી કોઈ વાત કરવું નથી. મોટાં મોટાં ચોરટકે લગાડ્યાં છે: 'We work or we want'; 'A challange to British grit' વગેરે. કારખાનાં કે માલ તૈયાર કરે છે તેમાંના મોટા ભાગ પરદેશ નિકાસ માટે જ બન્ય છે ને દેશમાં નજીવી રકમનો માલ રખાય છે. ભાવ પણ નિકાસના ઓછા અને દેશ માટે વધારે; અને અમુક માલમાં તો ક્યોંકદી પણ નિકાસની દેશ માટેના માલો કરતાં સસ્તી. એટલે બ્રિટનમાં બનેલી બીજે એટલી સંદેશાઈથી હિંદમાં ગણી શકે છે તેટલી સંદેશાઈથી લંડનમાં ગણી શકાતી નથી. (ઇગ્લાંડ ને યુરોપના પ્રવાસે ગએલા મદ્રાસના એક રાષ્ટ્રવાદી વેપારી બંધુના 'ગુજરાત સમાચાર'ના પત્રમાંથી)

માની મમતા

લેખક
વિજય ગુપ્ત મૌર્ય

ગુજરાતની ગઢા નદી નર્મદા ગુજરાતમાં આવીને તો પ્રૌઢત્વની ગૌરવતા ધારણ કરે છે પણ તે પહેલાં તે અનેક સ્વરૂપ ધરે છે. અધ્ય હિમાંગ ઓઢવાની કુતરે વિંધ્યાચલને વીંધીને નીકળતી એ રેવા, ઠેઠકોતાવે ઠાયા કાંઠા વચ્ચે થી વહે છે ગગનચુંબી છાયાઓવાળા વર્ષાના પહાડો, અને તેમની વચ્ચે ગળીર નાદ ગજવતી વહેતી નર્મદા પ્રકૃતિના ગાંભીર્યનો દુર્લભ ખ્યાલ, કરાવે છે, ને એ દૃશ્ય જોનારનું હૃદય ફૂલરત પ્રત્યે ભક્તિભાવે નમે છે.

ચોમાસું પૂરું થયે ગાંટ ફોકેક માદીને થયો હશે. એ પહાડી પ્રદેશની દરિયાળી રચનાને ઢાકીને આખે વળગી હતી. સાજનો સગમ હતો. સૂર્યકિરને એકાદ કલાકની વાર હતી એ મેઘઘોની વચ્ચે વહેતી ગેર નિનાદા રેવાના કાંઠે હું અને મારો શિકારી ચાલ્યા જતા હતા ત્યાં અચાનક મેઘડ ઉપર કાળર અને કાગડાની કાગારોળ થઈ ગઇ. તેનું કારણ શોધવાની જિજ્ઞાસાથી મેડા હતારીને હું ચુપકીદીથી મેઘડ ઉપર ચઢીને જ્યા ડોકું કાઢું ધુંવાં મારી સામે આઠ પચીસ પગલાં દૂર એક અતિશય સુંદર દીપડી સ્વસ્થતાથી બેઠેલી દેખાઈ એક મોટી શિલા ઉપર કુતરાની જેમ પાછલા પગ ઉપર તે બેઠી હતી અને પોતાના આધારના ઉપર વેધક દષ્ટિપાત કરી હતી એવું મેં ડોકું કાઢ્યું કે તરત જ અમારી ચાર આંખો મેગી થઇ. પણ એને જેતાં જ મારી હિંસક અને શિકારી વૃત્તિ ઓગળી ગઈ. શું એનું રૂપ હતું! આમમતા સૂર્યના પ્રકાશમાં, ખુશકી જન્યામા, મારી નજરે સામે, આરથે પારો, આવા સુંદર પ્રાણીને નિહાળીને હું તો મુગ્ધ થઈ ગયો.

અને દીપડી પણ તદ્દન લાપરવા હતી. તેણે પણ મને જોયા છતાં નિરપૂવકતાથી શિલા ઉપર લંબાવી દીધું. તેના આગલા પગ શિલા ઉપરથી આગળ લટકતા હતા અને તેની પંજી કૃપાળા સાધની જેમ સળવળતી હતી. જરા બૂઠા કાન કરીને મારી સામે થોડી વાર બેદરકારીથી તે જોઈ રહી; અને પછી. બગ જોયા કરવાથી જાણે કંટાળો આવ્યો હોય તેમ તેણે બગાસું ખાધું!

એ જ વખતે મારી પાછળથી મારા શિકારીનું ડોકું કાંકું થયું અને તે દીપડીને જોઇને બડકયો-તેણે કડપથી મારા હાથમાં રાઇફલ સોપી દીધી. પરંતુ બહાદુરી, સાહસ અને શિકારવૃત્તિની સીમા શું જંગલનાં પ્રાણીને લાગુ પડતાં જ સભાઈ જાય છે? શું શિકારની આ જન્મજાત પ્રકૃતિ જ ગર્યાદિત છે? જંગલના આ જન્મ પ્રાણીઓને તમારી નજર સામે તેમના નૈસર્ગિક સ્વરૂપ અને સંજોગોમાં જોવા તેમાં જે રોમાંચ અને આનંદ છે તે તેમને હણવામાં નથી હું નથી કહી શકતો કે આમને જે જાણે આમ ઊભાતા જોયા તેણે દીપડીના મનમાં અચાનક શો વિચાર આવ્યો. પણ એકાએક તે લંબી અને વીજળીની જેમ દોટ મૂકી આંખના પલકારામાં તે ખટક પાછળ અદશ્ય થઈ ગઈ. છેવટ સુધી મને રાઇફલ ઊંચી કરવાનું મન જ ન થયું.

બીજી જ ક્ષણે મેં મારા માથા પરની ખારી-માંથી એક કાળી આકૃતિને બહાર ડેમી જતી જોઈ.

એ હસીને પૂછ્યું, 'ત્યારે તો તમારી વચ્ચે હરીફાઈ થઈ, શું?' તેણે પણ જરા હસીને જવાબ દીધો. 'હું હરીફાઇમાં ઊતરવા તૈયાર ન હતો. મેં પાણીકાંઠા ઉપર તેનો હક્ક હોવાનું જાહેરાત કીધું. તેણે મારી સામે દાંતિયાં કરીને મારી હાજરી સામે વિરોધ બતાવ્યો, એટલે મેં ત્યાંથી, બિટિરોશ જેમ નમૂકો છેવટે પારકો પ્રદેશ ખાલી કરી આપે છે તેમ, ચાલતી પકડી.'

દીપડાં સાધારણરીતે માણસનો પડકાર્યા પણ નથી હોતા. માણસને જોતાંવેંત તે પોતાને રસ્તે પડી જાય છે ત્યારે આ દીપડીને પીછેહઠ ન કરવાનો કેમ આગ્રહ હતો એ આગ્રહ બને સુખ તો લાગ્યો જરૂર પરંતુ મેં તેના લાંબો વિચાર ન કર્યો.

એ સાંજે હું મારા બોગીયા અને શિકારી સાથે જંગલમાં કરવા નીકળ્યો. વસ્તીમાં ને તેતરનો શિકાર કરવાની આજ્ઞા અમારી સાથે અમે હોંશિયાર શિકારી કુતરાનું ટોળું પણ લીધેલું પવત આગારી પૂરતા હતો, એટલે અમે દિશા બદલવાને કેડી શોધતા હતા, ત્યા અમારા કુતરા જમીન સૂંઘવા લાગ્યા અને પાછા ફરવા લાગ્યા! એ જોઈ મને થયું કે જરૂર તેમને કોઇ શિકારની ગંધ ગઈ હતી! એક કુતરો આમ સૂંઘતો-સૂંઘતો એક વિશાળ વૃક્ષના મઠ પાસે આવ્યો. તેમાં એક મોટું પોલાણ હતું. એની પાસે જતાં જ અંદરથી ઘરિયાલનો અવાજ આવ્યો. તરત મારા કુતરાને પાછળ રાખી સહ અંદરના અધારામાં આંખ ઠેરવીને જોઉં છું તો તેમાં દીપડાનું એક બાળ બચ્ચું પડયું છે! અને નેતાં જ મને બારે આનંદ થયો. તેના સહિયર વિરોધ છતાં અમે તેને બહાર ખેંચી કાઢ્યું. તે બિલાડીના મોટા બચ્ચા જેવું હતું. તેણે નહાર બંધ્યા, ઝીણા ગાર્યા, પણ તેનું કંઈ વજ્ર નહિ અને અમે અટપટને ઉંઘને ભાવણી જેવા થઈ ગયા.કાવણીમાં આવીને અમે તેને છુપા પાયું. પહેલાં તો તેણે અમારી આ અપદ્રષ્ટબુદ્ધિ સામે નહાર બરાબરીને ઝઘડવા કરી

શુકલપક્ષના ચંદ્રે બે કલાક પ્રકાશીને આકાશમાંથી વહેલીજ નિવૃત્તિ લઇ લીધી. નવેરખર માસ ચાલતો હતો અરધે ટાઢ નીકળી ન હતી. મેં તંબૂની સામસામી બારીઓ ઉઘાડી રાખી હતી. એક બારી પાસે મારો ખાટલો હતો બહાર મારાં પાળેલાં શિકારી કૂતરાં વિશ્રામિત લેતાં હતાં. હવા શાન્ત હતી. તમરાં અને જંગલી કેસારીનાં ગુંજનથી વગડો ગાજતો હતો. બહાર અંધારું હતું ને તારાથી છવાએલા આકાશ આડે આવતાં ઊંચાં વૃક્ષોના ઓળા ભીંડામણ લાગતા હતા. ક્વચિત્ જંગલમાંથી શિયાળના રોવાનો અવાજ આવતો હતો. સ્વચ્છ આકાશમાં અગણિત તારા હીરાની જેમ ચમકતા હતા. પશ્ચિમે માતાપિતાનો પરમ લક્ષ્ય અવળુ ખપે કાવડ ભરાવીને તેમાં આંખમાં માણાપને બેસાડી તેમને અનંત વિશ્વની યાત્રા કરાવવા આકાશગાર્ગે દોડવા જતો હતો. પૂર્વમાં નજર નાખી તો મૃગશીર્ષનો હૃદય ચમ્યો હતો. પારાધિના ધનુષમાંથી છૂટેલું બાણ ક્ષિતિજે ચડી ચૂક્યું હતું, પણ પારાધિ હજી કુપાઓલો હતો. તેની ઉપર રોહિણી અને મધ્યમાં આર્યોની આદર્શ નારી રાત્રિએ પ્રકાશતાં હતાં.

તારકવૃંદોની આ અનંત સવારી જોતાં મને ક્યારે નિદ્રા આવી તેનો ખ્યાલ ન રહ્યો. પરંતુ અરધી રાત્રે મારી ઊંઘ ઉડી ગઈ રાત્રિના શ્યામ સાળુમાં લપેટાઇને જગત નિદ્રાદેવીના ખોળે સુતું હતું. ગગ્યાકાશ વટાવી જવા આવેલા હરણાની પાછળ પારાધિને ખૂબ ઝઝે ચરોહો લેહને મને ખ્યાલ આવ્યો. કેલગભમ મધરાત થઈ હતી. પણ કોઈ અગમ્ય અને અકથ્ય પ્રેરણા મને કહેવા લાગી કે મારા અંધારા તંબૂમાં કોઇ ચરપું છુપી ગયું છે. એવામાં ડબ્બામાથી દીપડાના નખ ઘસાવાનો જરા અવાજ આવ્યો, એટલે મને થયું કે એ તો એજ; બીજું કંઈ નથી. છતાં હું ખોંખારો ખાઈ ઊભો થયો. તંબૂમાં ગાઢ અંધકાર હતો. મેં દીવાસળી કાઢીને સળગાવી અને લેઈલીધું કે ડબ્બો બરોબર બંધ છે. મેં તંબૂમાં બધે નજર નાખી. મારા માણસો બહાર અને બીજા તંબૂમાં સૂતા હતા. હું પાછો સૂઇ ગયો.

અરૂ! આ ગંધ શાની આવે છે? શિકારીની ઇન્દ્રિયો જાગ્યાં પણ સતેજ રહેવી જોઇએ. કોઈ કુદરતી પ્રેરણા લાગ કરની હતી. ફરીથી મારી ઊંઘ ઉડી ગઈ એનું એ જ ચોર અંધારું હતું. માંસાહારી હિંસક પ્રાણીની ગંધ તો તમે ભાણો છો ને? તંબૂમાંથી એવી ગંધ મારા નાકમાં આવતી હતી. સાંભળો! આ અવાજ સાનો? નીરવ અંધારી રાતે આવી ગૂઢ શાન્તિમાં પણ એ અવાજ કેટલો ઘીએ! સંભળાય છે! કોણ હશે એ? દીપડાનું બચ્ચું? ના, આ અવાજ તો ડબ્બાની બહારથી આવે છે. કોઇ હળવે હળવે ક્યા એંચોને હવામાંથી ગંધ પારખી રહ્યું છે. પેલી દીપડી તો તંબૂમાં નહિ આવી હોય?

અંધારાની પ્રકૃતિ જ ભય કંપનવવાની છે. તેમાં વળી તમારી પથારી પાસે દીપડો આવે અને તમે તેનું સ્વાગત કરવા તૈયાર ન હો, ત્યારે ઝમે તેવો બહાદુર પણ હેબતાઈ જાય. ભયથી મારા વાળ ને ઇંવાડી ઊભાં થઈ ગયાં ને નખથે આંગળથે મારા મોંમાંથી ચીસ નીકળી ગઈ! જવાબમાં મેં ઘુરકવાનો અવાજ સાંભળ્યો. એ જ પેલી દીપડી! તેના બચ્ચાને લેવા માટે અંધારામાં મારા તંબૂમાં આવી હતી.

અરે, પણ મારા તંબૂ પાસે તો આટલાં શિકારી કૂતરાં છે! તેમાંથી કોઈ ભસતું કેમ નથી? શું ભયથી એમનાં ગાત્ર પણ એવાં સ્થિર થઈ ગયાં કે તેઓ ભસી પણ નથી શકતાં? એમ જ હતું. પણ મારી ચીસ સાંભળીને કૂતરાંને ભયમુક્ત દશામાંથી મુક્તિ મળી અને તેમને ભસવાની હિંમત આવી. તેની સાથે મારાં માણસોએ પણ હોકારા પડકારા કર્યા. મેં બરોબર મારા માથા પાસે જ દીપડીને ઘુરકતી સાંભળી! હિંસક પ્રાણીની લાક્ષણિક ગંધ મારા નાકને ઝુંગળાવવા લાગી. પણ બીજી જ ક્ષણે મેં મારા માથા પરની બારીમાંથી એની કાળી આકૃતિને બહાર ઠેકી જતી જોઈ.

મેં ઊઠીને દીવો કર્યો. મારા માણસો પણ દોડી આવ્યા. તંબૂમાં કંઈ ન હતું. બહાર પણ બધે દીવા મૂકી દીધા. એ વખતે જંગલમાંથી દીપડીનો ગગડીન, વિરહી અવાજ આવ્યો. બહુ દૂરથી એ અવાજ રાત્રીની નીરવ શાંતિમાં અગારા કાને પડેલ્યો હતો. હું સમજી ગયો કે દીપડી હવે પોતાના નિવાસસ્થાને જતી રહે છે. પુત્ર વિહોણી માતા વિયોગના દુઃખને મને ખ્યાલ આવ્યો. પણ એ આખો એવો જ વિલીન થઈ ગયો. જંગલના કિસમકિસમના બય વચ્ચે રહેતા શિકારી માણસના હૃદયમાં ભય કે મૃદુતાના વિચારો આવે તો તે અલ્પજીવી જ હોય છે. રાત હજી ઘણી બાકી હતી, એટલે અમે બધા પાછા નિદ્રાને ખોળે લપેટાઈ ગયા.

મારી આંખ હજી માંડ મીંચાઈ હતી, ત્યાં મેં મારા તંબૂ પાછળ કંઈક અવાજ સાભળ્યો. મારા તંબૂનું પડખું હડી ઊઠ્યું. હું ઝપટ લેડ્યો અને મારા માણસોને જગાડ્યા. દીવો લઈને બહાર જોને લેહ હું તો ખાઈ એક કૂતરું મરી ગયું હતું અને બીજું ટચકાં ખાતું હતું! દીપડીએ એમનાં ગળાં જ ફાડી નાખ્યાં હતાં. પ્રાણી જ્યારે બયથી જડ થઈ જાય છે ત્યારે કેટલી હદ સુધી અવાજ બની જાય છે તેનો આ દાખલો હતો. દીપડીની હાજરીમાં કોઈપણ કૂતરા ભસી શકયાં ન હતાં. પણ અમારા અવાજથી દીપડી ભાગી ગઈ અને અમને પાસે જોયા ત્યારે બધાં કૂતરાં ઉભાઈ રહેવાં દુઃખ અને ભયનો ઊભરો ઠાલવી રહ્યા અને ભસવા લાગ્યાં કૂતરાંને આમ બહાર રહેવા દેવામાં મેં મૂર્ખાઈ કરી હતી અને તેના દંડ તરીકે મેં મારા એ શ્રેષ્ઠ કૂતરા ગુમાવ્યા હતા. અને ભારે પશ્ચાત્તાપ થયો. મેં એ બે કૂતરાનાં શબ મારા તંબૂમાં મુકાવી દીધાં અને બાકીનાં કૂતરાંને મારા માણસોના તંબૂમાં લેવડાવી લીધાં.

પાછા અમે સૂતા ત્યારે રાતને છેલ્લો પહોર હતો. કુત્તરમાં સમર્પિ પોતાના પ્રખર તપોબળથી પ્રકાશતા હતા. પૂર્વમાં અરુણોના સમર્થ ગુરુ શુક્રાચર્યે આકાશના તમામ તારાઓને પોતાની વિદ્વત્તાથી આંખો પાડીને ઉદયે બોલાવી લીધા હતા. હવે રાતનો આ છેલ્લો પહોર કંઈ નવા બનાવ બનાવે એવી પક્કી ન હતી. મારા તંબૂ બહાર દીવા બળતો હતો. હું સૂઈ ગયો. પરંતુ આજે મારા નસીબમાં નિદ્રાનું સુખ ન હતું. મને માડ જરા ઝંપ વળ્યો હશે ત્યાં તો બહાર મેં કડાકા સાભળ્યો અને હું બદકાને નગી ઊઠ્યો!

આ શું? આ કડાકો કોણ કરે? શું દીપડો ઘાલ્યો હશે? પખ અહીં હાથી તો હોય નહિ બારીમાંથી જોઉં છું તો બહાર શીઢા અંધારું હતું. એ હાથીનું કામ ન હતું. એ તો પેલી પુનરવસુકા દીપડી હતી. એ શિકારે નહોતી આવી બબ્બે કૂતરાંને મારીને ભાગી છાવણી નજીક એ અનભાવતું સોહન જમવાની ઈચ્છા ન હતી. પુત્રવિયોગથી દુઃખી થતી એ દીપડીને આજે આવાનું પણ સૂઝતું ન હતું તેને એક જ ધ્યેય હતું: બચ્ચાને પાછું મેળવવાનું. કડાકાથી મારી આખી છાવણી જાગી ઊઠી, અને આ વખતે જ્યારે કૂતરાંએ પોતાની અને દીપડી વચ્ચે તંબૂની દીવાલ જોઈ ત્યારે તો માણસોના સાન્નિધ્યથી હિમ્મતમાં આવીને અવાં તો ભસવા લાગ્યાં કે મારા માણસોના હોકારા પણ તેમના ભસવામાં ડૂબી જયા!

પણ જ્યારે સવાર પડ્યું, અને પાસેની આંબલીની ઘટામાં રાનલાલના ટોળાની મૃદુ ભાષાએ બબ્બે કૂતરાંને વાતાવરણને પણ મૃદુ બનાવ્યું ને દૈયરે આંળાની ડ્રાચી ડાળ કપર બેસીને સૂર્યનું સ્વાગત કરવા પોતાનું મધુર ગાયન શરૂ કર્યું ત્યારે જંગલના એ પ્રકુલ્લ વાતા-

ચરેલું ઘાસ તરતનો વિચિત્ર ખનાવેલો સ્વચ્છ ઝેળો કરી નાખ્યા. પરંતુ મારા તંબૂમાં મારા બે ભાઇકા કૃતરાનાં પીંજેલાં રાંભ પડ્યાં હતાં. એ દરેક મારા હૃદયને ઠોકર બનાવી મૂકયું. મેં નિશ્ચય કર્યો કે આ દીપડીને યોગ્ય દંડ દેવો જ જોઇએ; અને તે દંડ દેવાતનો જ હોઇ શકે.

મેં દબેલો ઉપાડીને તેમાં બચ્ચું જોયું. તે ઘસઘસાટ ઝાપટ હતું. વાહ રે કુદરત! આ બાળ દીપડાના મુખ ઉપર આજારે કેટલી નિર્દોષતા અને સૌમ્યતા છે! આવનારા દિવસોમાં આ રમકડા જેવું બચ્ચું ગજરાનું એક બહાદાન, કૂર અને સીમ ખેપુ પ્રાણી થાત.

તે સાંજે હું મારાં શિકારી કૂતરાં લઇને ફરી સવસાંનાં શિકારે નીકળ્યો. ખનતા સૂર્યના પ્રકાશમાં હીલોળ્યા વૃક્ષોથી છવાએલી ખીણો અને ઘાસ તથા છુટાંછવાયા ઝાડોથી છવાએલી ટેકરીઓનું સૌન્દર્ય દીપી નીકળ્યું હતું ટેકરીઓમાં વસતાં જંગલનિવાસી હીલા હેસાસા-'કુદ કુદ-કુદ.. -કુદ-કુદ-કુદર' અવાજથી આખું વન ગાજી ઊઠ્યું હતું. આ કાજર જંપવું પંખી પણ એવો મોટો અવાજ કરે છે કે એકાદ બે માઇલ સુધી તે સાંભળી રાકાય છે! પાસેના એક જળાશય ઉપર અળાબીલ ચોતાની આશ્ચર્યજનક કદયન-રાકિનું પ્રદર્શન કરી રહ્યાં હતાં. નતનતના અવાજ કરતી વિવિધ જાતની કુકડીઓ ઝાડોમાં સંતાકુકડી રમતી હતી મારા કૂતરા શિકાર શોધતા હતાં અને હું કૂતરતનાં આ મનોહર દશ્યો જોવામાં લીન હતો, ત્યાં અચાનક મેં મારા કૂતરાને જોર લઇને બાજતાં જોયા અને તેમની પાછળ તીરની માફક ઝબકી જતી એક કપાયી આકૃતિ જોઇ!

અ..ર, પેલી દીપડી! પુત્રવિરોગનો ગુસ્સો તે હવે મારાં કૂતરાં પર ઠાલવી રહી છે. કૂતરાનો સૌથી મોટો દુશ્મન દીપડો જ. કૂતરાનું માંસ એને સૌથી વધારે ભાવે. પરંતુ આ દીપડીને માંસની ભૂખ ન હતી, સ્વાદની રપ્રુહા ન હતી તેને તો એક જ ખમત હતો, અને તે પોતાનું બચ્ચું પાછું મેળવવાનો.

મેં એક ઝાડમાં ધમાધમ થતી સાંભળી અને એક કૂતરીનો આર્ત-નાદ મારું હૃદય મેદવા લાગ્યો. મેં ઝડપ અવાજ ઉપરથી નિશાન લઇને બે બદાકા દીધો. હું! મારી ગોળી તેને બરોબર લાગી છે ખરી. એ લોહીનું ટંપકબિન્દુ ન હતું. દીપડાના તીક્ષ્ણ દાંત શિકારના શરીર-મા પેસી જાય છે ખરા, પરંતુ એ દાંત દાદાનું પણ કામ કરે છે. એટલે, જ્યાં સુધા તે સિકારને છોડી ન દે ત્યાં સુધી લોહી બહાર નથી નીકળતું. બોલ્યો આ લોહીનો છંટકાવ દીપડીના જબગામાંથી જ થયો હોવો જોઇએ, ગોળી ગમે ત્યાં વાગી હોય, પરંતુ લોહીનો છંટકાવ જોતાં રાને સંતોષ થયો કે જખમ સારો થયો હોવો જોઇએ. હવે ઘાયલ-અલી દીપડીની પાછળ ગોચ્ચ ઝાડીમાં જવામાં મોટું જોખમ હતું

હું છાવણીમાં પાછો ફર્યો. રાત્રે વાળુ કરીને સૂતો તે વખતે આજે મેં તંબૂની બારીઓ બંધ રાખી દરવાજો પણ બંધ રાખ્યો. બધાં કૂતરાને મારા નોકરના તંબૂમાં પૂરી દીધાં આ તો માત્ર સાવચેતીનાં પગલાં હતાં, કારણ કે હવે હું વધારે જોખમ ખેડવા નહોતો માગતો. બાકી આજે દીપડી આવવાને સંભવ ન હતો. એ તો આજે પોતાનો જખમ ચાટતી હશે અથવા તો રામરાજાને થઈ ગઈ હશે.

પણ બધાતે હું ભૂલી ગયો. બંધ તંબૂમાં ગરમી અને બંધિ-યારપણાથી હું અકળાવા લાગ્યો. આમ ગોબાદ રહેવાની વૃત્તિ બાળક રહેલી મારી બયવૃત્તિથી ગને ત્રાસ લાગી, અને ઝોકળ ઉડીને મેં બંને બારી ઉઘાડી નાખી. અહાર ગાઢાગાઢ અંધારું છવાએલું હતું. જંગલનાં છવડાં વિચિત્ર અવાજ કરતાં હતાં અને બારી ઉઘા-ડવાના આવાજથી એક ફફારયું ઊંઘમાંને ચક-ચક-ચક કરતું ઊડી ગયું. રેવજ્ઞ આકાશમાં તારા ચમકતા હતા અને પવનની મંદ મંદ લહેરો આવતાં ઝાડનાં પાન ફફડતાં હતાં. ઊંઘમાં, સાગ વચ્ચે વૃક્ષોની આ પાનખર ઋતુ હોવાથી ક્યાંક ક્યાંક ઘસ્યો એનો ચૂંકાં પાનનો ખડખડાટ આવી ગંભીર શાન્તિમાં ગાઢ ઉમેરો હતો. બહારની શીતળ અને તાજી હવા મળતાં મને તાજગી આવી, મન પ્રસન્ન થયું અને શાન્ત નિદ્રામાં સરેલી પ્રકૃતિદેવીના સૌમ્ય ચહેરા સામે એક મુગ્ધ નજર નાખીને બને બારી ઉઘાડી રાખીને હું સૂઇ ગયો. હા; આ વખતે મેં મારી રાઈફલ મારી બાજુમાં રાખી હતી.

ઉંઘ તો મારી આંખો વેરાવા લાગી ન હોવી; ત્યાં બાજુના તંબૂમાંથી કૂતરાંનો ઘુરકવાનો અવાજ આવ્યો. ચમકીને મેં આંખો ઉઘાડી તો મારા માથા પાસે જ બારીમાં એક કાળી આકૃતિ નજરે પડી. હિંસક પ્રાણીની ગંધ મને જણ કરી કે તે પેલી દીપડી જ છે. મારી હલચલ લેઇને તેણે મારી સામે ઘુરકોને એ ચુપ કરી દીધો; નહિ. મને કહેવી હોય, 'ખબરદાર, જો મારી બારે આંખો ઉઘે તો...'

બીજી ક્ષણેણે તે મારા માથા પાસેથી બહાર ઠેકી પડી અને જ્યાં દબ્બામાં બચ્ચું હતું ત્યાં અંધારામાં નહોર ભરવાની આજાર આવ્યો. તરત જ મેં રાઈફલ ઉપાડીને બાર કર્યો. પણ મારે અંધારામાં દી-પડીને ગોળી નહોતી મારવી; કારણ કે તે બાયલ બાય તો બીજી જ ક્ષણે મને પીંખી નાખે. એટલે મેં રાઇફલની નાળ ઘસની સામે રાખી હતી. દીવાસળી ચળવાવીને જોઉં છું તો તબુમાં કોઈ ન હતું. શાન્ત રાત્રિમાં થએલા રાઈફલના બડાકાએ વગડાને ગજવી મૂકવો હતો. મારા માણસોકો દોડતા આવી પહોંચ્યા.

આ બનાવોની પરંપરાએ મારા મનમાં ભય કે ગુસ્સો પેદા કર-વાને બદલે એક સહૃદયતા ઉપજાવી. ઘાયલ થયા છતાં પણ પોતાના બચ્ચા માટેની મમતા નહિ છોડનાર અને આખરા બધાની બીક છોડી દેનાર આ દીપડીના પુત્રવાત્સલ્યે મારા મન ઉપર ઘેરી છાપ પાડી. શા માટે મારે તેનું વહાલું બચ્ચું છીનવી લેવું જોઇએ? શું જાનવી-ઓ લાગણી છે અને પશુમાં નથી? પુત્ર ઉપર પ્રાણ ન્યોછાવર કરનાર માનવ માતા કરતાં આ દીપડી કઈ રીતે ઊતરતી હતી? શા માટે મારે આ વગડામાં સ્વચ્છંદે વિહાર કરતાં ગાદીકરા વચ્ચે દીવાલ ઊભી કરવી જોઇએ? જે આ પાસેથી તેનું બાળક ખૂંચવી લેવાનાં આપણે કોણ તેનાં દુઃખ-વિલાપની કલ્પના તમે કરી શકો છો. આ દીપડી પોતાનું દુઃખ કેવા રીતે દાખની શકે?

પોતાના બચ્ચા માટે દીપડીએ દાખવેલા આવા ગાઢ પ્રેમ અને ગમતાએ મારા મનમાં અજુકપ્પા જન્માવી. બચ્ચાને મેં દબ્બામાં-થી બહાર કાઢ્યું; અને મોહમાં મગ્ન થયેલા જ્વામાંથી તને ભગત કરનાર સામે આજુબાજી બતાવે તેમ, તેણે બે દિવસની આ બંધના-વસ્થામાંથી મુક્ત કરનાર મારા હાથને ચાટવા માંડ્યાં છતાં, જે તેને પકડીને દૂબળું બનાવ મેટે દૂર ઝાડી પાસે મૂકી દીધું; અને હું આ નૈતિક ફરજનો ભાર હળવો કરીને નિશ્ચિત મને તંબૂમાં આવીને સૂઇ રહ્યો.

તે પછી મેં એ દીપડીને કદી મારી છાવણી પાસે જોઈ નથી.

[કે. દબ્બુ. એસ. ગિલેસ્પી આજુબાજ ઉપરથી પ્રેરિત]

(જુલાઈ ૧૯૪૭) ૧૬૩

સી. વાઈ. ચિંતામણિ

સૌને ચકિત કરી નાખ્યા. કૉલેજમાં દાખલ તો થયા. પણ પત્રકારત્વના શોખ પાછળ વધુ વખત આપતા હોવાથી તથા પરીક્ષા વખતે જ માંદગી આવવાથી તે કૉલેજની પ્રથમ પરીક્ષામાં નાપાસ થયા. બસ, અહીં જ તેમના અભ્યાસની પૂર્ણાહુતિ થઈ. ફરી તે કદી કૉલેજમાં ન ગયા. તે વખતે કોને ખબર હતી કે ભવિષ્યમાં એક પ્રથમ પંક્તિના વર્તમાનપત્રના તંત્રીનારા, માત્ર મૅટ્રિક પાસ થએલા આ વિદ્યાર્થીને બબ્બે યુનિવર્સિટીઓ ડૉક્ટરેટની પદવીઓ આપીને તેનું બહુમાન કરશે ?

કૉલેજના અભ્યાસની ઊણપ તેમણે હવે સતત અભ્યાસ તથા વિશાળ વાચનથી દૂર કરી. સ્વપ્રયત્ને તેમણે અંગ્રેજી ભાષા પર અસાધારણ કાબૂ મેળવ્યો, અને દેશની રાજદ્વારી તથા ઑફિસર પરિસ્થિતિ વિષે ઝીણવટભરી માહિતી પ્રાપ્ત કરી પત્રકારને આવશ્યક એવો માનસિક કઠોર તેમણે સાધી લીધો. પત્રકાર તરીકેની પોતાની આ ઊગતી શક્તિનો પરચો આપતો, બૉર્ડ ઑફ્ એજ્યુકેશની નિષ્ફળતા ઉપર એક લેખ વિદ્યાર્થાપદ્ધતા 'વિદ્યાર્થા રેપ્રેઝેન્ટર'માં તેમણે લખ્યો. આ લેખે તેમને કલ્પનાતીત સફળતા અપાવી. બે છપાતાં પૅન તેમને માસિક ૩૦ રૂપિયાના પગારે એ પત્રના તંત્રી અને મૅનેજર બનાવવામાં આવ્યા. આ વખતે તેમની ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી !

અને આ કુમાર પત્રકારે પોતાની કલમની પ્રતિમાનું તેજ પોતાના આ પત્રમાં બતાવી દીધું, એટલું જ નહિ પણ ઘોડા જ મહિના બાદ તેમણે ગુરુવિદ્યના ૩૦૦ રૂપિયા આપી તે છાપું જ ખરીદી લીધું અને પોતાના ગોમ વિજયનગરમાં લઈ જઈને ત્યાંથી 'ઇંડિયન હેરલ્ડ'ને નામે તે શરૂ કર્યું. તેમાં તેમની કલમે લખાતા રાજકારણ્ઉપર ઉહ્યુપ્ય મીમાંસા કરતા લેખો તથા જ્ઞાનસમૃદ્ધ તંત્રીનોધોને લીધે તે છાપું ઘોડા જ વખતમાં અત્યંત આદરપાત્ર થયું, એમાં તે માત્ર પ્રાંતિક જ નહિ પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પણ ચર્ચતા. એકવખત તો તેનો એક આખો અંક તેમણે ઉગ્રવાદના બ્લૅકની ચર્ચા કરતો કાઢ્યો હતો ! અને લૉર્ડ જ્યૉર્જ હૅમિલ્ટન-પરની એમની ટીકાઓએ દાદાભાઈ નવરોજા, મદનમોહન માલવીય અને સુરેન્દ્રનાથ બૅનરજી જેવાઓનું ધ્યાન ખેંચ્યા તેમની પ્રશંસામેળવેલી. પરંતુ હવમની શક્તિથી તેમનની આ પત્ર આર્થિક રીતે પગભર થઈ શક્યું નહિ અને બે વર્ષ તે આર્થિક સંકડામણ એવી ગૅબાર બની કે તેમને તે પત્ર બંધ કરવું પડ્યું.

પોતાના પત્રદ્વારા જનતાની સેવા કરવાની સાથેસાથે સભાઓ-સોવાનું બહેર કાર્ય પણ તે નિઃસ્વાર્થપણે કરતા. કેટલીક વેરવાઓની બનેલી એક નાટક મંડળી વિજયનગરમાં શરૂ કરવામાં આવી છે એમ ચિંતામણીને ખબર પડતાં જ, સભાઓમાં નીતિ ને ચારિત્ર્યનું રક્ષણ બિલકુલ-સહન ન કરનાર તે વીરે એ નાટકમંડળીનું લાયસન્સ રદ કરવા માટે જબરી ઝુંબેશ ઉપાડી. કંપનીવાળા તરફથી તેમને ભલભલાની ધમકીઓ આવી, તેમના કાર્યાલયમાં ગળભૂત ફેંકવામાં આવ્યાં અને છેવટે ગુંડાઓ તરફથી તેમને માર પણ મારવામાં આવ્યો. પણ ૧૬ વર્ષનો તે હિંમતવાન યુવાન પોતાના કાર્યમાં અડગ મેરુનાનુનગ રહ્યો. અને સ્થાનિક મ્યુનિસિપાલિટી તરફથી જ્યારે તે નાટકમંડળીનું લાયસન્સ રદ કરવામાં આવ્યું ત્યારે જ જંપ્યો. આવિકદ્ર પ્રસંગે એમણે ફીરજ, હિંમત તથા ચીવટ બતાવ્યાં તે માટે તેમને ગાંધીજી વાનરે તરફથી હાર્દિક અભિનંદન મળેલાં.

એવામાં તેમના ભાગ્યને મહત્ત્વનો ઝોક આપતો એક બનાવ બન્યો, અને એ બનાવે તેમના જીવનને તેમને મનગમતા પથ ઉપર

ઓની તો દઢતાથી ચડાવી દીધું કે ઘોડા જ વખતમાં તે તેના ઝીણી ઝીણા રિબન પર પહોંચી ગયા. ગદ્યસના 'હિંદુ' પત્રના તંત્રી, લબ્ધપ્રતિષ્ઠ પત્રકાર શ્રી જ. સુબ્રહ્મણ્યમ્ કંઈક કામ પ્રસંગે વિજયનગરમમાં આવ્યા હતા. આપણા નિષ્ણિપ્ત પત્રકાર ચિંતામણિએ તેમને મળીને પોતાનું નસીબ અજમાવવાનો વિચાર કર્યો. સુબ્રહ્મણ્યમ્ ઉપર છાપ પાડી શકે તેવી યુનિવર્સિટીની કોઈ ડિગ્રી તો પોતાની પાસે ન હતી. છતી માત્ર પત્રકારત્વના ક્ષેત્રમાં જ કામ કરવાની જવલંત ધગશ અને ઉત્સાહની ચિનગારી. તેના ઉપર જ આધાર રાખીને તે સુબ્રહ્મણ્યમ્ને મળવા ગયા ને પોતાની ઊગ્યતા સાબિત કરવા તેમણે પોતાનું રાજકારણ વિષેનું જ્ઞાન, ઉત્સાહ ઇત્યાદિ બાબતો જણાવી. પોતે જ પોતાની યોગ્યતા સાબિત કરતા આ યુવાનને જોઈ સુબ્રહ્મણ્યમ્ મુગ્ધ થયા. અને હીરાની પરખ ઝવેરી કરી લે છે તેમ તેમણે આ પાસાદીન હીરાને પરખી કાઢ્યો. તે પોતાની સાથે જ ચિંતામણિને મદ્રાસ તેડી ગયા ને પોતાને ત્યાં મહેમાનપાદક નીમ્યા. અહીં 'ઇંડિયન સોશિયલ રીફૉર્મર'ના વિખ્યાત તંત્રી શ્રી કે. નટરાજન તથા 'ઇન્ડિયન ચેટ્રિયટ'ના સમર્થ સંપાદક શ્રી કસ્તૂરાજ મેનનની સાથે તેમને સુબ્રહ્મણ્યમ્ના હાથ નીચે પત્રકારત્વનું અમૂલ્ય શિક્ષણ મળ્યું. અને કાચો ગાઠીમાંથી ઝગ સિદ્ધપી સુંદર પ્રતિમા ઘડે છે તેમ સુબ્રહ્મણ્યમે ચિંતામણિને ઘડ્યા. એમના હાથ નીચે ગાળેલાં બે એ વર્ષમાં ચિંતામણિને જીવતી શિક્ષણ મળ્યું તે જગતમાં એમને બીજે ક્યાંય ન મળત.

કૉંગ્રેસના અધિવેશનમાં તો ચિંતામણિ આ પહેલાંથી જ ભાગ લેતા આવ્યા હતા. ૧૯૯૦ની મદ્રાસ કૉંગ્રેસમાં તે પહેલવહેલા પ્રતિનિધિ તરીકે ગયા ત્યારે તેમની ઉંમર એકાદ વર્ષમાં તેમને દાખલ થવાની પરવાનગી નહોતી મળી ! રવાજતાર્થ્યે વિચાર્યું કે હાલીમ્ય વગરનો ૧૮ વર્ષનો આ છોકરો તે રાજકારણમાં શું સમજે ?

માત્ર ૧૬ વર્ષની વયે લખનો કૉંગ્રેસમાં તેમનું સૌથી પહેલું ભાષણ થયું. એની હકીકત પણ રસિક છે. એક તો પોતાની ઉમર નાની; પણ કોઈ ઓળખે પણ નહિ. એમાં ભાષણ કરવાની રજા કોણ આપે ? છતાં તે હિંમતથી પંડિત માલવીયજીના તંબૂમાં ગયા અને ભાષણ કરવાની પરવાનગી માગી. વિજયનગરમાં સુબ્રહ્મણ્યમ સામે તેમણે કર્યો હતો તેવો જ પ્રયોગ અહીં કર્યો. ભાષણ કરવાની પોતાની યોગ્યતા તે ફરીવારને સાબિત કરવા લાગ્યા. આખરે પંડિતજીએ તેમને બેસવું આપી; અને કૂંડી મુછોવાળા એ તરુણે કૉંગ્રેસના ખુલ્લા અધિવેશનમાં બિલકુલ અચકાયા વગર જ પહેલું ભાષણ કર્યું. તેમાંની જવલંત દેશભક્તિ તથા દૃઢતાની પરિસ્થિતિના અચૂક જ્ઞાનની શ્રોતાઓ પર એવી તો ઝાડી અસર થઈ કે ત્યારથી દરેક કૉંગ્રેસમાં ભાષણ કરવાનો તેમને હક્ક મળી ગયો !

એકલા રાજકારણમાં જ નહિ પણ ઔદ્યોગિક પ્રશ્નોમાં પણ એમને ઓછો જ રસ હતો, એટલે મદ્રાસમાં ભરાએલી 'ઇન્ડિયન ફેડરેશન ઑફ્ લેબર કૉન્ફરન્સ'માં ભાગ લેવાં રા.બા. બુધોભરૂના પરિચયમાં તેઓ આવ્યા. અને દેશની ઔદ્યોગિક બાજતોનું એમનું સચોટ જ્ઞાન જોઈ બુધોભરૂ એટલા તો મુગ્ધ થઈ ગયા કે તેમને પોતાના આસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે સાથી લીધા! એ ઔદ્યોગિક પરિષદના હેતુ સમજવવા માટે તેમણે મદ્રાસ ઇલાકાનો ચોખૂટે પ્રવાસ કર્યો હતો. ઔદ્યોગિક પ્રશ્નોનું તેમનું અગાધ જ્ઞાન જોઈ મદ્રાસના ગવર્નરે પણ તેમને ઇકૉનૉમિક કૉન્ફરન્સમાં મદદ કરવા બોલાવેલા. ઔદ્યોગિક પરિષદને લગતાં જે પત્રો, રોપાનિકાં તથા પુસ્તકો બહાર પાડવામાં આવેલાં તે સર્વનું સંપાદન ચિંતામણિએ જ કર્યું હતું.

મુંબઈકરેની સાથે ઋષ્ય વર્ષ કામ કરી તે છૂટા થયા. પોતાના પ્રિય વ્યવસાય પત્રકારત્વ વગર તેમને બીજે બધાય ચેન પડે તેમ નહોતું.

એવામાં ૧૯૦૩માં શ્રી સચ્ચિદાનંદ સિંહાએ અલ્લાહાબાદમાં 'ઈન્ડિયન પીપલ' નામનું અઠવાડિક શરૂ કર્યું. તેના સંપાદન માટે કોઈ યોગ્ય વ્યક્તિ મોકેલવા તેમણે શ્રી સુબ્રહ્મણ્યયરને લખ્યું અને સુબ્રહ્મણ્યમે વિનાસંકોચે ચિંતામણિને મોકલી આપ્યા. ગાડીભાડા માટે ઉછીના પૈસા લઈ તે અલ્લાહાબાદ ગયા અને એ પત્રમાં સહતંત્રી તરીકે જોડાયા. ત્યારથી તે જીવનના અંત સુધી સંયુક્ત પ્રાંત જ તેમનું કાર્યક્ષેત્ર તથા વતન બન્યું. પત્રકાર તરીકે જે જવલંત કારકીર્દિ તેમણે ગુજારી તે અલ્લાહાબાદમાં જ.

ઈ. ૧૯૦૯માં પંડિત માલવીયજીના પ્રયત્નોથી અલ્લાહાબાદમાં 'લીડર' નામનું અંગ્રેજી દૈનિક શરૂ થયું. 'ઇન્ડિયન પીપલ' તેની સાથે જોડાઈ ગયું અને ચિંતામણિ તથા શ્રી એન. ગુપ્તાને તેના સંપાદકો નીમવામાં આવ્યા. થોડા વખત પછી શ્રી ગુપ્તા છૂટા થતાં ચિંતામણિ જ 'લીડર'ના મુખ્ય સંપાદક બન્યા. અને વચ્ચેને પ્રધાન બન્યા તે વખતના બે વર્ષ બાદ કરતાં મૃત્યુ સુધી 'લીડર'ના સંપાદક પૈકે રહીને જ તેમણે તેજસ્વી પત્રકારત્વની અખંડ જ્યોત પ્રકાશની.

'લીડર' શરૂ થયું ત્યારે સંયુક્ત પ્રાંતમાં અર્ધ સરકારી પત્ર 'પાયોનિયર' તથા બીજેસ્તુ મુખપત્ર 'ઇન્ડિયન-ડેઈલી' લોકોમાં વંચાતાં હતા. પણ થોડા જ વખતમાં ચિંતામણિનું 'લીડર' એ બંનેને પછી ગયું. એના તદ્દન નવે તરફ્યની ચર્ચા કરતા વિદ્વત્તાભર્યા અગ્રલેખો તથા તંત્રીનોધો-ટેગ્સ સમરત પ્રાંતના કેળવણી સંપાદનને લીધે તે દૂક વખતના જ લોકાદરને પાત્ર થયું. ચિંતામણિના અભ્યાસપૂર્ણ લેખો કપરાત તેમાં જે ઉચ્ચ સાહિત્ય પીરસાત તે પણ અતુલરતાથી વંચાતું. અને સરકારના કૃત્યોની તેની કડક આલોચનાથી તો સરકારી નોકરો પણ બહુસાતા. તેના તંત્રીલેખોમાં જે ભાષાની પ્રવાહિતા, સ્વીકૃતની અગોહતા અને વિચારની ઊંડાઈવિતા હતી તેને લીધે તો ભેતબેતા-ભાત તે હિંદના પત્રકારત્વમાં મોભરે જઈને બેઠું.

થોડા સમય બાદ પે મોતીલાલ નહેરુએ ખૂબ પૈસા ખર્ચાને ફરી 'ઇન્ડિપેન્ડન્ટ' શરૂ કર્યું, પણ તે ય ઝપ્ટ સાધું નહિ. અને હોમરુલ આંદોલનના દિવસોમાં તો 'લીડર' એ પ્રાંતની સીમા ઓળંને આખા હિંદમાં પહોંચી ગયું. હૉર્નિમન્સનું 'બૉમ્બે ક્રૉનિકલ' અને એની એ-સન્સનું 'ન્યૂ ઇન્ડિયા' પણ તેની આગળ ફિક્કા પડી ગયાં. એ કાળે લોકોનું આનસ ઘડવાનું તથા યોગ્ય માર્ગદર્શન કરવાનું એ અમૂલ્ય કાર્ય 'લીડરે' કર્યું તેનું સર્વ શ્રેય ચિંતામણિને ફાળે જાય છે. તેમની આ અસાધારણ શક્તિ પર મુગ્ધ થઈને તો મૉન્ટેગ્યુએ તેમને સેક્રેટરી ઑફ સ્ટેટની કાઉન્સિલમાં સભ્યપદ આપવાની દરખાસ્ત કરી! પણ લોકસેવાનું વ્રત ધારણ કરેલા ચિંતામણિએ તે સ્વીકારવાની ઓછપની ના પાડી દીધી.

ચિંતામણિ પત્રકારત્વને એક પવિત્ર સેવાકાર્ય ગણીને જ તેમાં પડેલા. તેમણે પત્રકારત્વને ધર્મનું જ રૂપેરુ આપેલું હતું. એ દર્શાવે શ્રી શ્રીનિવાસ શાસ્ત્રીએ એમને આપેલું 'પત્રકારત્વના પોપ'નું બિરદ સૂચક છે. ૧૯૩૫માં અખિલ હિંદ પત્રકાર પરિષદના પ્રમુખપદનો તેમણે ઐને ગૌરવ ઓવો સંદેશો આપ્યો હતો કે 'સત્યં વદ, ધર્મં ચર' એ જ પત્રકારનો આદર્શ હોવો જોઈએ.' આજકાલ છાપાંમાં સમાચારોને ગોટાં સિવીને આપીને જે સનસનાટીભરીરીતે છાપવામાં આવે છે તેનો તે વિરુદ્ધ હતા. લોકોને કરરેજે તેવાં ઘોબચારોયો તથા ઉપિંદો પ્રત્યે તેમને અત્યંત ધણા હતી. પત્રકારત્વને તે દેશસેવાનું ઉતિ આવશ્યક અંગ ગણતા; અને નહિ કે પૈસા કમાવા માટેનો વેપાર. 'લીડર'નો દરેકેદરેક અંક એટલે દેશભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ. તેમાં બહકો નહોતો; ભપકો નહોતો. મુક્ત પ્રાંતમાં રાજ્યદ્વાય નગ્નતિ આબુવાનું આખેરોજનાત્રક કાર્ય જે કોઈએ કર્યું હોય તો તે 'લીડરે', અને તેમાં તેને જે માનભર્યું સ્થાન બાબું છે તેની પાછળ ચિંતામણિની જ અખંડ તપશ્ચર્યા રહેલી છે. 'લીડર' ચિંતામણિની સુબ્રમણ્યમ જેવું બની ગયું હતું. 'લીડર' એટલે ચિંતામણિની પ્રતિભાનું જીવંત પ્રતીક. ચિંતામણિના જીવનને એક જ શબ્દમાં કહેવું હોય તો એમ કહી શકાય કે ચિંતામણિ એટલે 'લીડર'.

તંત્રીની ખુરશીમાં બેઠા પછી ચિંતામણિ કોઈ અજાણ વ્યક્તિ બની જતા. કાર્યાલયની ટપાલથી માંડી અગ્રલેખ લખવા સુધીનાં બધાં કામ તે એવી તો આશ્ચર્યકારક કુશળતા ને ઝડપથી પાર પાડતા કે દરેક જણ મુગ્ધ થઈ જતું. તંત્રીનોધનું આખું પાનું રોજ તે પોતે જ લખતા. બળી રહ્યાનું સર્વ કામ પણ તે કાળજીપૂર્વક જોઈ જતા. સમાચારોનાં શીર્ષકો તથા તેમની ગોઠવણી સુદ્ધાંમાં ધ્યાન પૂર્વક લેવ જતા. મોડી રાત સુધી તે પ્રેસમાં બેસતા, જ્યાં મોડા આવેલા મહત્ત્વના સમાચાર પર પોતે તંત્રીનોધ લખી શકે. છાપું પ્રકાશન ઉપર ચઢવાને એક કલાકની જ વાર હોય અને કોઈ અગત્યના સમાચાર આવી પડે તો તરત જ એક પ્રુફનો પણ વિલંબ કર્યા વગર કલમ અને કાગળની થોકડી લઈને બેસતા અને તે સમાચાર ઉપર તાજા-લિખિતિપૂર્ણ કરી લઈ બેલા તો તેમે લખવા માંડતા ત્યારે જ એમ કાગળને એક એક કકડો લખાઈને ટેબલો ભવ તેમતેમ લેડ કેરેક્ટર ને લઇને કંપોઝ કરાવવા દોડતો-ભય અને છેલ્લી લિટર લખાઈ રહે કે તરત જ તેમને લખાણની પ્રુફ કોપી ગળી ભય.

'લીડર'ને માટે તે એટલો તો પરિશ્રમ લેતા કે તેમને આરામ કે આમોદપ્રમોદ માટે બાબું જ વખત મળતો. 'લીડર'ની આર્થિક સ્થિતિ ભલે સદ્ધર નહિ હોવાથી તેમને ઋષ્યવર્ષ બાબુસનું ક્રમ એકીસે હાથે કરવું પડતું. આથી પહેલેથી જ નબળી તેમની તબિયત ઉપર ધણી ભારી અસર થતી. છતાં પણ મૃત્યુના દિવસ સુધી તેમણે 'લીડર'ની જ ચિંતા કરી હતી. 'લીડર'ની મહત્તા અને સફળતાના પાયામાં ચિંતામણિએ પોતાની મહત્ત્વાકાંક્ષાઓનું ભારત પૂર્ણ હતું, જુદાજુદા ઉત્સાહ રેટબાં હતા, પોતાના જીવનભરનો પરિશ્રમ અને પરસેસેવા સિંચ્યો હતો અને અંતકાળ સુધી એ પત્રના ધબકારા સાથે જીવનીના ધબકારાનો તાલ ઝીલ્યા કર્યો હતો. એક વખત તો શરીરમાં ૧૦૩ ડિગ્રી તાવ હોવા છતાં તેમણે 'લીડર'માટે તંત્રીલેખ લખી આપ્યો હતો. અરે, મૃત્યુના આગલે જ દિવસે તેમણે 'પી ઈન્સ્યુલર' નામનો એક અતિ તેજસ્વી અગ્રલેખ લખ્યો હતો. ચિંતામણિ હંમેશા કહેતા કે, 'Work never kills a man.'

જે કોઈ પણ પત્ર તે ચલાવતા તેની સર્વ બાબુથી સમસ્તોલ ખબરદાર રહેતા. પ્રતિપક્ષીનું દૃષ્ટિબિંદુ બરાબર સમજી લીધા બાદ જ પોતાનું મંતવ્ય તે બાંધ કરતા. કોઈ પણ પ્રશ્ન બાબત પોતાને ગત નથી કરતાં પહેલાં તે સંપૂર્ણ વિચાર કરતા; પણ એક જેને ગત નક્કી કરી તે પછી ભાગ્ય કષ્ટે તો ય મૂંઝા કરતા નહિ. પોતે લોકોમાં અપ્રિય થશે અથવા પત્રની આર્થિક સ્થિતિ પર કટોકટી પડશે એ ભયે તેમણે કદી પોતાનો વિચાર છુપાવી રાખ્યો નથી. પહેલી લાગવગ અગર કોઈની શેહ તેમને સત્યપ્રયત્નથી કદી ભગાવી. રાજ્યો સામે પોતાને કે સત્ય ને ન્યાયી લાગતું તે કહેતા, અને જે કહેતા તે પણ નીડરપણે કહેતા. આથી જ 'લીડર'ની લોકોમાં ખ્યાતિ થઈ હતી. 'લીડર' દ્વારા તેમણે, ફક્ત પત્રકારત્વમાં જ નવો ચુંવાડ શરૂ નથી કર્યો, પણ તેમણે પ્રજાજીવનને પણ ઘડ્યું છે. ક્રમ તે બ્રિટિશે અગાઉના તેમનાં અપ્રકાશોની ઝાટકણી સદતાંઝેમ કંપોઝેસના પ્રધાનપદે

દરમ્યાન તેમના દોષો બતાવવામાં પણ તેમણે પાછી પાની કરી નથી.

૧૯૧૬ થી '૨૩ સુધી અને ૧૯૨૭ થી '૩૬ સુધી સંયુક્ત પ્રાંતની લેજિસ્લેટિવ એસેમ્બ્લીના તે સભ્યસદ હતા. એસેમ્બ્લીમાં સરકારી બિલો પર તે જે કડક પણ વિદ્વત્તાપૂર્ણ સમાલોચના કરતા તેને કારણે તે વિરોધી પક્ષના નેતા જેવા બની રહ્યા હતા. તેમની ખાની અગાધ વિદ્વત્તા અને અસાધારણ બુદ્ધિમત્તાને કારણે, મોન્ટફર્ડ સુધારાની રૂએ સંયુક્ત પ્રાંતમાં સ્થાપેલા પ્રધાનમંડળમાં તેમને શિક્ષણ અને ઉદ્યોગખાતાના પ્રધાન નીમવામાં આવ્યા. હિંદના દૈનિક પત્રોના તંત્રીગીરીમાંથી માત્ર એ જ જણાને આમ સરકારી પ્રધાનપદે પહોંચવાનું માન મળ્યું છે: એક સુરેન્દ્રનાથ બેનરજી અને બીજા ચિંતામણિ. સરકારી પ્રધાન હોવા છતાં તે કોઇથી દબાતા નહિ અને સ્વભિમાનપૂર્વક પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે જ વર્તતા. આ સ્વાભિમાન પર આઘાત થતાં જ તેમણે રાજીનામું આપી પ્રધાનપદું ફગાવી દીધું અને બહાર નીકળી આવ્યા.

લખનૌ કૉંગ્રેસથી જ તે રાજકારણમાં પડેલા અને ગોખલેને ગુરુ તરીકે તેમણે સ્વીકારેલા. ગોખલે, ફિરોઝશાહ મેહ્તા વિગેરે પહેલા નેતાઓના વિચારપ્રવાહનું ન તે ઉલ્લેખ હોવાથી તેમના મન પર મોટી છાપ તેમના મતની ન પડેલી. ૧૯૧૮ સુધી તેમણે કૉંગ્રેસમાં રહીને જ કામ કરેલું અને કૉંગ્રેસના તે કટ્ટર અભિમાની પણ હતા. પણ અસહકારની ચળવળ વખતે તેમનો પ્રામાણિક મતભેદ જોકે થયો અને તેમણે કૉંગ્રેસ છોડી. ત્યારથી તે લિબરલ પક્ષમાં જોડાયા અને તેના નેતા જેવા થઇ પડ્યા. બે વખત તો એ લિબરલ પક્ષના પ્રમુખ ચુંટાયા હતા. રાજકીય ક્ષેત્રમાં જ્યારે તેમને કોઈ સાથે મતભેદ હતો, પણ બધા સાથે તેમનો સંબધ તો ખૂબ મીઠો હતો. તેમના હૈયાની શુદ્ધતા માટે તો કોઇને કદી શંકા ન હતી. દેશનું હિત એ જ તેમનું ધ્યેય રહેલું. ગહનાત્માઓના રાજકીય મતો સાથે તે સંમત નહોતા, છતાં તેમના તરફ તેમને ખૂબ પ્રેમભાવ હતો.

ચિંતામણિ અહેરજીવનમાં પહેલા પડયા સામાજિક સુધારક તરીકે. તે પ્રખર સમાજ સુધારક હતા. અને માત્ર શબ્દોથી જ નહિ પણ કૃતિથી પણ તેમણે સમાજ સુધારાના કાર્યમાં ભાગ લીધો હતો. પોતાની પ્રથમ પત્ની મરણ પામ્યા પછી, છેક નૂતનવાણી વિચારના એ કાળમાં પણ એમણે બીજું લગ્ન વિધવા સાથે કરીને વિધવાકર્ય કરી બતાવેલું.

પત્રકારત્વના ક્ષેત્રમાંની તેમની શાંત દેખાની પણ સંગીન સેવાને લીધે તેમને ભારતના અગ્રણી પુરુષોમાં સ્થાન ગણી ગયું. દેશહિતના પ્રશ્નોના ચિંતક અને માર્ગદર્શક તરીકે પ્રજાએ તેમને સ્વીકારીને સમસ્ત ભારતની અનેકવિધ પ્રવૃત્તિઓના કર્ણધાર બનાવેલા. ગોરખપુરમાં ભરાએલી સંયુક્ત પ્રાંત માધ્યમિક શિક્ષણ પરિષદના પ્રમુખ તરીકે, લિબરલ પક્ષના બે વાર અધ્યક્ષ તરીકે, કલકત્તાની સમસ્ત ભારત પત્રકાર પરિષદના પ્રમુખ તરીકે, ઝાંસીમાં પરિષદમાં લિબરલ પક્ષ તરફથી પ્રતિનિધિ તરીકે તથા દેશી રાજ્ય જનતા પરિષદ (Indian States People Conference)ના પ્રમુખ તરીકે અને લોકિયન કમિટિના સભ્ય તરીકે તેમની ચૂંટણીઓ, તેમની સર્વક્ષેત્રવ્યાપી બુદ્ધિમત્તા તથા લોકપ્રિયતાની નિદર્શક છે. વળી અલ્હાબાદ તથા બનારસ યુનિવર્સિટીઓએ તેમને 'ડૉક્ટરેટ'ની પદવી આપી તેમની અસાધારણ વિદ્વત્તાનું સન્માન કર્યું હતું. બ્રેડફર્ડ યુનિવર્સિટીએ તેમને પદવીદાન સમારંભ વખતે ભાષણ આપવા નોતરેલા. આંધ્ર યુનિવર્સિટીને આશ્રયે 'ઇન્ડિયન પૉલિટિકલ સિન્સ ૧૯૨૬ત્તિ' એ વિષય પર તેમની બે અધ્યાસપૂર્ણ વ્યાખ્યાનમાળા થઈ હતી તેમાં તેમણે ૧૮૫૭ થી ૧૯૩૫ સુધીના મોટા કાલખંડની અત્યંત પ્રશસનીય ઐતિહાસિક સમીક્ષા તથા તટસ્થ અને તલસ્પર્શી મીમાંસા કરી છે.

પત્રકાર તરીકેની આવી અદ્વિતીય ગહનતા ને કોઇએ તેમને પ્રાપ્ત કરાવી આપી હોય તો તે તેમની અદ્ભુત સ્મરણશક્તિએ. નાની વિગતો તથા આંકડાઓ તે ઝટપટી ચોકસાઇથી યાદ રાખી શકતા કે લોકો આશ્ચર્ય પામતા. એક પણ વખત જે કાંઈ તે જોતા કે વાંચતા તે એ કદી ભૂલતા નહિ. તેમની આવી અસામાન્ય સ્મરણશક્તિ પર મુખ્ય થઈ બિપિનચન્દ્ર પાલ તો તેમને 'રાજકીય જ્ઞાનકોષ' (Political Encyclopaedia) કહેતા તથા મૌલાના મહમદઅલી 'હિંદી રાજકારણની અનુક્રમણિકા' કહેતા. કોઈ પણ વાત અરધ્ધ ન કહેવી એ તેમની વિશિષ્ટતા હતી. પોતે કોઇ પણ વિચાર મૂકતા તો તેની પુષ્ટિ માટે દલીલો તથા આંકડાઓની એવી ઝડી વરસાવતા કે વાચક કે શ્રોતા ભલે તેમનો મત ન સ્વીકારે, તોપણ તેમના લખાણથી પ્રભાવિત થયા વગર તો રહેતો નહિ.

એ વક્તા પણ અજબ હતા. કુદરતી ગ્રહણની બાદક તેમનો વાક્પ્રવાહ વહેતો. તેમનું વક્તવ્ય બાલવાને કટ્ટીપન કરવાનું નહિ પણ બુદ્ધિને રમાડે કરવાનું હતું. શ્રોતાને માટે તેમને કદી પણ અરુચી રહેવું પડતું નહિ. એમેજ ભાષાના હોય એવી સ્વાભાવિકતીને તે એમેજ બોલતા કે લખતા. વાર્તાલાપકાર તરીકે પણ તે અજોડ હતા. તેમની વાતોમાં માહિતી તથા ગાન-વિજ્ઞાનની એવા છોળો ઊડતી કે સામા માણસને તે સબિજત્વ જ કરવાનું મન થાય. તેનું મોહક હાસ્ય, નમ્ર રીતભાત તથા પ્રભાવશાળી વ્યક્તિત્વ સામા માણસને આંજ્યા વગર રહેતાં નહિ.

શિસ્તના તો એ એક લશ્કરી સેનાપતિ જેટલા આગ્રહી હતા. દરેક કામ વખતસર ને વ્યવસ્થિત થવું જ જોઇએ એવો તેમનો નિયમ રહેતો. પુસ્તકો તથા માસિકો અને વર્તમાનપત્રોની નવી કાઢેલી પણ કમવાર ગોઠવવામાં ન આવી હોય તો તે બિલકુલ ચલાવી લેતા નહિ.

ચિંતામણિ ચુસ્ત સનાતની બ્રાહ્મણ હતા. રોજ સવારે વહેલા ઊઠી પૂજા પાઠ પછી જ પોતાને કામે લાગતા.

મદ્રાસ પ્રાંતમાં જન્મેલા હોવા છતાં એ સંયુક્ત પ્રાંત જ તેમના જીવનનું મહત્ત્વનું કાર્યક્ષેત્ર બન્યું. અલ્હાબાદમાં રહીને તેમણે લોકસેની કરેલી અગ્રગ સેવાની કદર તરીકે ત્યાંના એક રસ્તાનું નામ 'ચિંતામણિ રોડ' પાડવામાં આવ્યું છે. તે સંયુક્ત પ્રાંતને પોતાના વતન જેવું ગણતા. પરંતુ તેમનું દેશકાર્ય વર્ધમાન વખત તેમણે સંયુક્ત પ્રાંતમાં ગુજારવા છતાં તેમને હિંદી કે કુર્દ સાહીતીય ગોરતાં ઘણાં ન જ આવડી! પણ પોતાની આ ક્ષતિપૂર્ણ તેમણે પોતાના એક પુત્રને હિંદી ભાષાના કવિ બનાવીને દૂર કરી છે.

૧૯૩૯માં સરકારે તેમને 'સર' નો ખિતાબ આપી તેમની ગાઢ વિદ્વત્તાનું સન્માન કરેલું. પણ આથી તે સરકારની શેહમાં જરા પણ દબાયા નહિ. લોકોને રજમાત્ર અન્યાય થતાં તે સરકારની સખ્ત શબ્દોમાં ટીકા કરતાં અચકાતા નહિ. ચોર ચરિત્રમાં તથા 'લીડર'ની સતત ચિંતાને લીધે તેમનું શરીર ધીમેધીમે ઘસાતું ચાલ્યું. ૧૯૩૮ થી તો તે લગભગ માંદા જ રહેતા. ૧૯૪૦માં તેમનો પછાત્રિદ્વિપૂર્તિ સમારંભ લોકોએ ખૂબ ધામધૂમથી ઉજવેલો. પણ બીજે જ વર્ષે, ૧૯૪૧ના જુલાઈની ૧લી તારીખે, આતત્વનિષ્ઠ પત્રકાર અવસાન પામ્યા.

ચિંતામણિ જ્યાં હિંદને પડેલી ખોટ સહેજે નહિ પુરાય. પત્રકારત્વના ક્ષેત્રમાં તો, તેમની બરોબરી જ કરી શકે એવા પત્રકારો જ્યાં અધ્યાગાંઓ હોય ત્યાં તેમનાથી બહુ ઊંચા પત્રકારની આશા તો ક્યાંથી રખાય? એમના કર્તા ગહાંન રાજદ્વારી નેતાઓ નેયા

છે, પણ એનાં કરતાં મહાન પત્રકાર આપ્યે જ જાણ્યો. ઈ.સ. અઢારમી સદીમાં હિંદે જે મહાન પત્રકારો પેદા કર્યા છે તે–શ્રી રામાનંદ ચેટરજી, શ્રી કેશવરાવજી આયંગર, શ્રી હાલીનાથ રૅથ, શ્રી કે. નટરાજન, વગેરેની નામાવલિમાં ચિંતામણિનું નામ પણ ગર્વ મૂકવું પડશે. કે બાળે હિંદનું પત્રકારત્વ બાલ્યાવસ્થામાં હતું તે કાળે ચિંતામણિએ પોતાની અસામાન્ય પ્રતિભા તથા અદ્વિતીય તપશ્ચર્યાથી તેને પાશ્ચાત્ય પત્રકારત્વ જેવડી ઊંચી કક્ષાએ પહોંચાડયું એ તે વિદ્વાનોમાં જન્મ્યા હોત તો રેપેન્ડર અને ગાર્ડિનર, ગાર્ડિનર ને રૂટેચીની સમાન કક્ષામાં વિરાજત. કારમે તેમને હિંદી પત્રકારત્વના ગૉડ કહ્યા છે. પણ બધે જેતાં તેમનામાં રૅટિંદ, રૅટિંદ અને નેવિન્સન એ ત્રણેનો સમન્વય થયો હતો.

ભદ્રાસના એક આબુનબ ખૂણામાં ગરીબ કુટુંબમાં તેમનો જન્મ થયો. નહોતી લક્ષ્મીની વરદ કૃપા કે નહોતી ઉચ્ચ શિક્ષણની દિશાઓ. છતાં પણ આત્મશ્રદ્ધાની ભૂમિ પર તેમણે પોતાનું જીવન રાઇ કર્યું અને પોતાના ચારિત્ર્ય, અખંડ તપશ્ચર્યા, પ્રબલ સેવાપરાયણતા, અદ્વિતીય બુદ્ધિમત્તા અને તેજસ્વી ચારિત્ર્ય વડે આખા ભારત જ તેમનું પોતાના જીવનને ઓળું તો ઘણું કે દેશમા તેમની કીર્તિ અમર થઈ. પત્રકારત્વના ક્ષેત્રમાં તેમણે જે ઉત્તુંગ સીમાસ્તંભ રોપ્યો છે તે હિંદી યુવાનોને હંમેશ પ્રેરણા આપતો રહેશે. તેમના જેવી તત્ત્વનિષ્ઠા, પ્રામાણિકતા ને સમતોલવૃત્તિ આપ્યે જ બીજે જોવા મળે એમના જવાથી આપણે ફક્ત પ્રથમ પંક્તિના પીઢ પત્રકાર જ નહિ પણ નિષ્ણાત શિક્ષણશાસ્ત્રી, સમર્થ તત્ત્વ બુદ્ધિના નીડર આલોચક, દીર્ઘ દષ્ટિવાળા દહાડતવાદી અગ્રણી, પ્રખર સમાજ સુધારક તથા દેશદાઝવાળા કુત્સાદી સમાજસેવક ગુમાવ્યા છે. જીવવાં તો ચિંતામણિએ એક ઘણીની નિર્ગાત ભલી નથી; પણ મૃત્યુ પછી તેમને એ મહાશાન્તિ મળો, કે સાચા લોકસેવકને ખાસ હક્ક છે.

ધોળો ચંપો

'આપણી વનસ્પતિ'નો પાંચમો હપ્તો

લેખક
જયંતીલાલ દેવશંકર ઓઝા
એમ.એસસી.

ઉપર: ધોળા ચંપાની ફૂલવાળી ડાળ; ડાબી બાજુ: તેનું પાંદડું.

સોનેરી આંધવાળાં સુંદર ધોળાં ફૂલના ઝુમખા ઉડાડતું આ વૃક્ષ, એને સામાન્યરીતે આપણે 'બદચંપો' કહીએ છીએ, અને મરાઠીમાં જે 'બેર ચંપા'ના નામે ઓળખાય છે, તેનું મૂળ શુદ્ધ સંસ્કૃત નામ તો 'ક્ષીર ચંપક', એ ઝાડના કોઇપણ ભાગમાં છેદ પાડવાથી દૂધ જેવો ધોળો ચીકણો રસ ઝરે છે, તે પરથી સંસ્કૃતમાં એ 'ક્ષીર-ચંપક' (ક્ષીર=દૂધ)કહેવાયો ને મરાઠીમા 'બેરચંપા' તથા આપણે ત્યા 'બડ ચંપો' થયો.

એનું શાસ્ત્રીય નામ 'પ્લુમેરિયા ઍક્યુટીફોલીઆ' (plumeria acutifolia poir.) છે. સત્તરમી સદીમાં થઈ ગએલા ફ્રેન્ચ વનસ્પતિશાસ્ત્રી ચાર્લ્સ પ્લુમીઅરના નામ ઉપરથી એ પડેલું. એમાંનાં તે 'પેગોડા ટ્રી' કે 'ટેમ્પલ ટ્રી'નામથી ઓળખાય છે. બહુ-ખરા બગીચામાં તેમજ મોટાભાગે દેવમંદિરોના આવળ એ ઉગાડાતું હોવાથી એ નામ પડયું હશે; કેમકે વરસનો મોટો ભાગ દેવપૂજન માટેનાં ફૂલ તે અર્પે છે.

મૂળ તો એ વૃક્ષ મેક્સિકો અને ન્યાતેમાલાનું વતની. તે કે હિંદમાં પણ ઘણે ઘણા સમયથી ઉગાડવામાં આવે છે. એ ૧૫ થી ૨૦ ફીટ ઊંચું હોય છે અને તેની શાખાઓ વિસ્તારથી ફેલાએલી હોય છે. તેની છાલ રંગે રાખોડી ને ખરબચડી હોય છે;અને તેનાં લીલાં લાંબા પાન, તેની શાખાઓની ટોચ ઉપર ઝુમખે ફૂલતાં હોય તેમ સમૂહમાં હોય છે. એ પાન તોડતાં પણ દૂધ નીકળે છે.

નવેમ્બર અને ડિસેમ્બર માસ દરમિયાન વૃક્ષ પરથી બધાં પાન ખરી પડે છે અને છે વર્ષાઋતુના આરંભ સુધી નવાં પાન ફેણતાં નથી. કતાં તેના પર ફૂલો તો મહોરે જ છે. ફૂલોનો લહુભવડાળ ફૂલઆરીથી ઓક્ટોબર માસ સુધી હોય છે; પરંતુ લગભગ આખા વર્ષ દરમિયાન તેના પર ફૂલો આવે છે. જોકે ફૂમળાં વૃક્ષ પર પાન આખા વર્ષ દરમિયાન રહે છે.પાનની બહાર હોય છે ત્યારે આ ઝાડ બહુ સુંદર દેખાય છે; પરંતુ પાન ખરી પડે છે ત્યારે તેનું ગાંડુંકુરૂં થડ અને સુષ્ક ગંજેલી શાખાઓ કદરૂપી દેખાય છે.

ફૂલો પણ શાખાઓની ટોચે ઝુમખાની ધારો પેઠે ઊભા ઝુમખામાં પ્રકટે છે. સારી રીતે ખીલેલા વૃક્ષમા તો આ ઝુમખાં એટલાં મોટાં હોય છે કે એક ઝુમખામાં લગભગ વીસપીસ ફૂલ થાય છે. દરેક ફૂલ ઝળળીના આકારનું અને સફેદ હોય છે. તેનો મધ્યભાગ સોનેરી પીળો હોય છે અને બહારને ભાગે આછી ગુલાબી આંધ હોય છે. ખાસ કરીને રાત્રે તેની મધુરી સુવાસ મહેળી રહે છે.

ધોળો ચંપો દ્વિદળવાર્ષિ વર્ગ (ડિકોટાલીડન્સ)ની વનસ્પતિ છે. તેનું ફળ રાત્રિ જેવું અને પંજય લાંબું હોય છે. તેનાં બી દિવસાં આવ્યે જ થાય છે, એટલે અહીં તે બાપ્તસ્વભાવી ઉગાડવામાં આવે છે.

સુંદર મધુર પુષ્પો આપતું આ વૃક્ષ બીજી રીતે પણ બહુ ઉપયોગી છે. તેમાંથી નીકળતો ધોળો રસ કપૂર અને ચંદનના તેલ સાથે ખસખુબલીનાં દરેકમાં વપરાય છે. દરદની લોકો.તેની છાલનો ઉપયોગ પરમાનું દર્દ મટાડવામાં કરે છે. દેવદાસ આંતરિયા તાવના દરદોમાં તેની છાલનો ઉપયોગ કરે છે. કોંકણમાં તેની છાલ નાળીએર, ધી અને ગોળ સાથે ખરડાતા દરદોમાં વપરાય છે. તેની છાલનો ઉકાળો રેચક ગણાય છે. તેનાં પાનને ગરમ કરીને સોજા ઉપર પોટીસ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તેનાં ફૂલની કળીઓ નાગરવેલના પાન સાથે જ્વરવિનાશક ઔષધ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે અને તેનાં બી (ગળી રાઈ તેા) ફૂમની સાથે કફજાતને સર્પાંગના દરદોમાં દેવાવિનાશક ઔષધ તરીકે આપવામાં આવે છે.

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદર્દિ ઔલ્પવતી લેખમાળા

સ્થાપત્ય

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી અનુવાદક
શ્રી. શ્રી અપર્ણાદેવી વિવેદી

૨–સ્તંભ અને શિખરની રચના

જમણી બાજુ—ચિત્ર નં. ૧૩: કાનમાં 'કી-સ્ટોન'; ચિત્ર નં. ૧૪: અલંકૃત 'કી-સ્ટોન'; ડાબી બાજુએ પહેલી આકૃતિ—ચિત્ર નં. ૧૫: સ્તંભમાં નારીમૂર્તિ કારિયાટિડ; નીચેની ચાર આકૃતિ—ચિત્ર નં. ૧૬: જાતજાતના પ્રકારના સ્તંભના મુકુટની વિવિધ આકૃતિઓ; છેલ્લે ચિત્ર નં. ૧૬–૬: છત ને થાંભલાની વિરોધી રેખાઓ વચ્ચે સામંજસ્ય સાધવાનું મુકુટનું કર્તવ્ય.

ચિત્ર ૧૩



ચિત્ર ૧૪



←ચિત્ર ૧૬

ચિત્ર ૧૬–૬

સ્થાપત્યમાં વસી રહેલું આ સંગીત કે એકતાનતા એ માત્ર તેની રૂપાસગપ્રિયતાનું બહારનું જ એકય નથી ભવનના જુદાજુદા અંગ-પ્રત્યંગોમાં, તેના ઉપરાર્ધ ને નિમ્નાર્ધમાં (ઉપરના ને નીચેના ભાગમાં), તેની ભીંતો તથા તેમાંનાં દ્વાર-ગવાક્ષો રૂપી બાકોરાંમાં યા તેની બહારી જગ્યાઓમાં,—બધે જ એક પ્રકારની બારસાન્યતા (balance)નું રચેર્યું (equilibrium), તથા ભિન્નભિન્ન શક્તિ અને ગતિના સમન્વયની એકતાનતા તથા સમુચિતતા (propriety—fulfilment of purpose), તે ભવનને સુરૂપતા શ્રી અથવા સૌન્દર્ય અર્પે છે. માત્ર અમુક બહારની નકશીઓ અથવા અલંકારો વગેરેની શોભા કરવાથી કોઈપણ મકાન 'વાસ્તુશિલ્પ'માં પરિણત થતુ નથી. મકાનના બાગળના ભાગમાં જેને ઓછાવધતા પ્રમાણુમાં અલંકાર-શોભા (ornament)ની રચના કરવાની પ્રથા છે; પણ એ અલકાર-યોજનાનો મુખ્ય હેતુ તો પ્રધાન આકૃતિ (structure)ના જરૂરી બોધની તેમજ આલંબનની આવશ્યકતાને સુયોગ્યરીતે બતાવવી તથા તેના ગઠન અને ભારવહનનાં ખાસ જરૂરી અંગ-પ્રત્યંગોના પ્રયોજનપણા ઉપર ભાર મૂકી તેનો ઇશારો—નિર્દેશ કરવો એ જ છે. દાબલા તરીકે કમાનનાં બે પડખાંની બે બંકિમ (વાંકી) રેખાઓની વચ્ચે એક મુખ્ય પત્થર (key–stone)ની સ્થાપના, એ કમાનની રચનામાં ભારવહનને માટે ખાસ જરૂરી છે (ચિત્ર નં. ૧૩). આથી એ પત્થર-key-stone—ની આકૃતિ નજર આગળ ખાસ ખીલતી રાખવી પડે છે; અને ઓઠલા માટે એ પત્થરનું અવલંબન લઈને ત્યાં આભૂષણ અથવા અલંકરણ કરવાનો અવકાશ રહે છે (ચિત્ર નં. ૧૪).

એ જ રીતે સ્તંભ–થાંભલો, એ પોતાના માથા ઉપર રહેલો ભાર વહન કરે છે એ પ્રકાર કરવું તે સ્થાપત્યને માટે બહુ જ જરૂરનું છે. આ પ્રકારો કરવા માટે ગ્રીસમાં પૂર્વયુગમાં થાંભલાને સ્થાને એક ભારવહન કરનારી કલ્પિત નારીમૂર્તિ સન્નિવેષિત કરવામાં આવતી. એનું નામ હતુ કારિયાટિડ–Caryatid–નારીસ્તંભ (ચિત્ર નં. ૧૫).

ઘણી વખત સ્તંભને ગણાંગે, છતનું ભાર-સામ્ય જળવાય અથવા









ડાબી બાજુને છેડેથી, આકૃતિ ૧ થી ૪—ચિત્ર નં. ૧૭ તથા ૧૭–૬: થાંભલાની રચના ક્રમ ઉદ્ભવી તેનો ક્રમ-વિકાસ દર્શાવતાં આલેખનો. પત્થરના શિલ્પના અસ્તિત્વ પહેલાં જ્યારે વાંસના દંડના થાંભલા રચાતા તે સમયે તેના બચાવ માટે તેને જલપૂર્ણ કલશામાં રાખવામાં આવતા. એ પદ્ધતિ પાછળથી થાંભલાની પાદપીઠ રૂપે પણ કાયમ બની રહી. જમણી બાજુ છેલ્લે : ચિત્ર નં. ૧૮.

ભારની યથાયોગ્ય વહેંચણી (distribution of weight) થાય તે માટે એક આલંકરણ અથવા મુકુટ (capital)ની રચના કરવી પડે છે. થાંભલાના આ મુકુટને પણ નાના પ્રકારના અલંકારો કે સુશોભનોથી વિભૂષિત કરીને થાંભલાને એક પ્રકારનું અતિરિક્ત સૌન્દર્ય આપવામાં આવે છે. જુદાજુદા પ્રકારના રચાપત્યના સ્તંભો ઉપર તે તે રચાપત્યના વિશિષ્ટ પ્રકાર અનુસાર જે ભાર વહન કરનારા આ મુકુટો યોજાય છે તે તેમની જાતિ (order) નક્કી કરવા માટેનું એક પ્રતીક અથવા ચિહ્ન બની રહે છે. ઈજીપ્તે ડોરિક પ્રકારના સ્તંભ, આયોનિક સ્તંભ, કોરિન્થિયન સ્તંભ, વગેરે (ચિત્ર ન ૧૬ માંકડામાનુસાર). વળી, એ મુકુટોનો એક બીજો પણ હેતુ છે. તે એ કે સ્તંભની ઊભી (vertical) રેખા, અને સપાટાની છતની આડી (horizontal) રેખા, એ બેની સામસામી આવી જતી ઘિષરીતતાની કઠતાને ઢાંકી નાખવી, અને એ બે પરસ્પર વિરોધી રેખાઓની એક મુખથી બીજા મુખ સુધીની ગતિને સહાય કરવી (ચિત્ર નં. '૧૬ ક' માં તીરના નિશાન આ સમજાવશે)

સ્તંભને માથે જેમ મુકુટ હોય છે તેમ તેના નીચેના ભાગમાં હોય છે પાદપીઠ (base). એ પાદપીઠ એટલે લાંબું એક સમાપ્તિનું પૂર્ણવિરામ. આ પાદપીઠની રચના પણ ઊભી તો થઈ જરૂરિયાતને જ કારણે. પથ્થરનું શિલ્પ અસ્તિત્વમા આવ્યું તે પહેલાં જ્યારે લાકડા અથવા વાસના દંડના થાંભલા રચાતા તે વખતે એ થાંભલાનો નીચેનો છેડો જમીની કોરી ન જાય અથવા કોઈ આઘાતથી નુકસાન ન પામે તે માટે એક જલપૂર્ણ કળશમાં એ વાસને સુરક્ષિત કરવામા આવતો. (ચિત્ર નં. ૧૭ અને ૧૭-ક) પણ પછી વખત જતા જ્યારે શિલ્પમાં વાંસનું સ્થાન લાકડા તથા પથ્થરે લીધું ત્યારે પૂર્વ યુગના કળશની જે આકૃતિ સ્તંભની પાદપીઠ બની ગઈ ' (ચિત્ર ન ૧૮). કાર્લીના વિખ્યાત ગુફામંદિરમાના પથ્થરના થાભલાઓમા એ પૂર્વના કળશની જ આકૃતિ સ્તંભનું પાદભૂષણ બની રહી છે (નીચે ચિત્ર ન. ૧૬).

સ્તંભ અને કગાનની પાદશ્રી મઢાન ઊભું થઈ ગયું અને ઉપર છત નંખાઈ ગયા, એટલે પછી તેના ઉપરના એ આચ્છાદનની સંપૂર્ણતા દર્શાવવા માટે તેના પ્રગાણ રૂપ તેના ઉપર એક શ્રીપંક અથવા શિખર મૂકવાનું પ્રયોજન જણાયું. એ, ભણેકે ઉપરની દિશા તરફના મઢાનના કાર્યનું પૂર્ણવિરામ બન્યું. અનેક યુગથી આવી આવેલી ત્રિકોણી ઢાળવાળા છાપવાની આકૃતિમાં શિખરનું એક રૂપ તો કિલ્પત થઈ જ ચૂક્યું હતું તે પછી તેની એ સીધી સરળ રેખા અકાએક ગોળાકાર થઈ ગઈ, ને ત્યાં વાયરી આકારની એક ગેરાવા જેવી શિલા સ્થાન પામી.—જેણે જુનનેરના શિખરને પરજે (નીચે ચિત્ર નં. ૨૦): ધીમે ધીમે એમાથી પછી રચાપત્ય શિલ્પી ઓએ ગોળાકાર ઘુમ્મટનું સર્જન કર્યું (ઉપર ચિત્ર નં. ૨૧). આ ગોળાકાર ઘુમ્મટ (શિખર) કોઈ વાર ઢાઢા જેવો, કોઈ વાર કળાના દોડા જેવો તો કોઈ વાર ગોળ ચક્ર જેવો સમભુજ બન્યો (નીચે ચિત્ર નં ૨૨).

મઢાનો પર આવા ઘુમ્મટવાળા શિખરનો આવિષ્કાર સૌપ્રદેશે આપણા પૂર્વ દેશોમાં થયો. તે પછી યુરોપમાં તો કુબેઝડ (cruciate) યુગ બાદ ઘુમ્મટ પ્રચલિત થયો. ઘુમ્મટની આ ગોળાકૃતિએ રચાપત્ય-શિલ્પમાં પ્રવર્તી રહેલી સીધી ઊભી રેખા ઉપર એક નવા રસની ગોળ રેખાના કપાકારનો સંયોગ કર્યો છે.



ચિત્ર નં ૨૧



ડાબી બાજુ—ચિત્ર ન. ૧૯: કાર્લીના ગુફામંદિરમાંના પથ્થરના થાંભલાઓમાં પાદપીઠ રૂપે રચાએલી પ્રવર્તમાનકાલીન કળશની આકૃતિ; નીચે—(૧) ચિત્ર નં. ૨૦: જુનનેરના શિખર ઉપર સીધી રેખાઓ પછી મુકાએલો ગોળાકાર પાષાણના ભેગો શિલાખંડ, જે ભવનરચાપત્યના ઉપરની દિશા તરફના કાર્યનો પૂર્ણવિરામ રૂપ બની રહે છે; છેલ્લી ત્રણ આકૃતિઓ ચિત્ર નં ૨૨: ગોળાકાર ઘુમ્મટે રચાપત્યમાં ધારણ કરેલાં વિવિધ રૂપ.



ડાણી બાજુ—ચિત્ર નં. ૨૬૮-ભક્તો-એ ઈશ્વર પ્રાર્થનામાં ઊંચા કરેલા હાથ ન હોય, એવાં, ગોથિક ઢબનાં દેવળોનાં આકાશભેદી શિખરો.



જમણી બાજુ-ચિત્ર ૨૬૯ ઈસ્લામી સ્થાપત્યમાં ગોળ ઘુમ્મટની ખેતે કરેલી ઊંચા સીધા ગિનારાની રચનાથી પરસ્પર-વિરોધી રેખા ગોના સુમધુર રસનો ખ્યાલ આપે છે.

ઇંદ પ્રકારો પાયે છે, તેના નમૂનારૂપ કાઇરો (ઇજિપ્ત)ની કાઇત-બેનીની ગજિજદનું રેખાંકન.

યુરોપના સ્થાપત્યમાં આ પદ્ધતિ ઘુમ્મટને બદલે એક પ્રકારના ક્ષુદ્રકાય-સીધા પાતળા ઊંચા,-શિખરમંદિર(tower-tower)નો પ્રચાર હતો. એ ટાવરનો યથાયોગ્ય પ્રયોગ કરીને, તેની સીધી (horizontal) રેખાની મૂળ આકૃતિ ઉપર એક આકાશભેદી રાતની યોજના કરી તેમાંથી એક નવતર આકૃતિ નિર્માણ કરી ગોથિક યુગનાં ખ્રિસ્તી દેવળોમાં તે જોવામાં આવે છે. તેનાં એ અભ્રભેદી શિખરો(tower-minaret)બાબે કે ભક્તો અને ઉપાસકોએ ઈશ્વરપ્રાર્થનામાં ઊંચા કરેલા હાથ ન હોય, એવી તેમની પરિકલ્પનાએ, ખ્રિસ્તી સ્થાપત્યવીતિને એક અભિનવ દિવ્યસૌન્દર્યથી દીપ્ત બનાવી મૂક્યું છે (ચિત્ર નં. ૨૩).

ગોથિક ઢબનાં દેવળોનાં આ શિખરમંદિરોના જેવી જ આકૃતિનો અલંકાર ઇસ્લામી પદ્ધતિનો 'મિનાર' છે. ઈસ્લામી સ્થાપત્યમાં ગોળ ઘુમ્મટની પાસે આવી કરેલા સીધી આકૃતિના એ મિનારે એ સ્થાપત્યને એક અભિનવ અને ચિત્રમય શોભાથી વિભૂષિત કર્યું છે (ચિત્ર નં. ૨૪). કૉન્સ્ટાન્ટિનોપલ (તુર્કસ્તાન)માં આવેલું સાન્ય સોફિયાનું દેવળ, કાઇરો (ઇજિપ્ત)માની કાઇત-બેની મસ્જિદ, ઈસ્પહાન (ઇરાન)ની આદશાહી મસ્જિદ અને આગ્રા (હિંદ)ના જગત ખ્યાત તાજમહાલના સ્થાપત્યોમાં, આ પ્રકારની, ગોળ ઘુમ્મટની નેટાબેઠ ઊંચા મિનારાની કરેલી રચનામાં, ગોળ અને સીધી રેખાની પરસ્પરની વિપરીતતાનો સુમધુર રસ અત્યંત મૌલિકપણે નિરૂપાયો રેખાના છન્દના પ્રકારો પામ્યો છે. (ચાલુ)



૨૦૦ (જુલાઈ ૧૯૪૩)

દૃષ્ટિ-ભેદ

લેખક - ચાર્જેન્દ્ર પ્રિયદર્શી

રસના જેમ ભેદ-પ્રભેદ છે, તેમ દૃષ્ટિઓમાં પણ વિવિધ પ્રકાર છે. શાસ્ત્રમાં ગૌણી છત્રીસ પ્રકારની દૃષ્ટિઓ જણાવવામાં આવી છે. તેનાં નામ આ પ્રમાણે છે: (૧) કાન્તા, (૨) હાસ્યા, (૩) કરુણા, (૪) રૌદ્રી, (૫) વીરા, (૬) ભયાનકા, (૭) બીભત્સા, (૮) અદ્‌ભુતા, (૯) સ્નિગ્ધા, (૧૦) હૃદ્યા, (૧૧) દીના, (૧૨) કૃદ્ધા, (૧૩) દમા, (૧૪) ભયાન્વિતા, (૧૫) જુગુપ્સિતા, (૧૬) વિસ્મિતા, (૧૭) શૂન્યા, (૧૮) ગલિતા, (૧૯) સ્નિગ્ધા, (૨૦) લસિતા, (૨૧) સ્ખલના, (૨૨) શંકિતા, (૨૩) વિષાદિની, (૨૪) મુકુલા, (૨૫) કુંચિતા, (૨૬) અભિતપ્તા, (૨૭) સન્ત્રસ્તન્વિતા, (૨૮) શ્રાન્તા, (૨૯) વિતર્કિતા, (૩૦) અર્ધમુકુલા, (૩૧) વિભ્રાન્તા, (૩૨) વિપ્લુતા, (૩૩) આકેકરા, (૩૪) વિક્ષિપ્તા, (૩૫) ત્વરિતા, (૩૬) ગર્વિતા.

આમાં પહેલી આઠ દૃષ્ટિઓ રસની, તે પછીની આઠ સ્થાયી ભાવની અને બાકીની બત્રીસ દૃષ્ટિઓ સંચારી ભાવોની છે. એ રીતે સર્વ દૃષ્ટિઓ તેના નામાનુસારના રસ અને ભાવોની જાણવી.

રસજન્ય દૃષ્ટિ: આઠ રસ માટેની આઠ રસજન્ય દૃષ્ટિઓનાં લક્ષણો:

કાન્તા: ભ્રૂક્ષેપ કટાક્ષા, હર્ષપ્રસાદિની, સકાગ.

હાસ્યા: વારાફરતી સંકોચાતાં પોપચાં.

કરુણા: નમતાં પોપચાં, પતિત દૃષ્ટિ (ઢળતી નજર), આંસુ.

વીરા: વિકસિતા, દીપ્તા, ગંભીરા અને સ્થિરા.

રૌદ્રી: વિસ્ફારિત ઉગ્ર નેત્ર.

ભયાનકા: નિઃસ્તબ્ધ પુતા, ભ્રમણ કરતા તારક.

બીભત્સા: નિકુંચિત પુતા, અંકણીને સ્પર્શતી પાંપણો.

અદ્‌ભુતા: આશ્ચર્યથી બહાર નીકળી આવેલી કીકીઓ, વિકસિતા, પ્રકુલ્લા.

શાન્તા: (નાટચશાસ્ત્રમાં આ દૃષ્ટિ નથી) નાસાગ્ર દૃષ્ટિ, સ્થિરા.

ભાવજન્ય દૃષ્ટિ: ભાવજન્ય દૃષ્ટિઓનાં લક્ષણ આ પ્રમાણે છે:

સ્નિગ્ધા: મધુરા, સ્મિત તારકા, સતૃષ્ણા.

હૃદ્યા: હસિતા, કિંચિત્ આકુંચિતા.

દીના: ભદ્રસંચારિણી, શોકાધુક્તા, સ-અશ્રુ અર્ધ બીડેલાં પોપચાં.

કૃદ્ધા: ઉધ્ધત પોપચા અને કીકીઓ.

દમા: વિકસિત સ્થિર તારકા.

ભયાન્વિતા: વિસ્ફારિતા (ફાટેલા ડોળા), ભ્રમકલિત તારકા.

જુગુપ્સિતા: સંકોચેલાં પોપચા અને કીકીઓ.

વિસ્મિતા: વિકસિતા, ઉધ્ધત તારકા.

સંચારી દૃષ્ટિ: સંચારી ભાવો દર્શાવતી દૃષ્ટિઓનાં લક્ષણ આ છે:

શૂન્યા: સમતારા, સગ્રપુતા, નિષ્કપા, શૂન્યદર્શના.

ગલિતા: કિંચિત નિમિલિત પુતા (ઢલેજ ગએલાં પોપચાંવાળી).

સ્નિગ્ધા: લંબિત આકુંચિત પુતા, (લાબાં થઈ સંકોચાતાં પોપચા).

લસિતા: ભ્રૂપેપા, સસ્મિતા, સકામા.

ઉપર ચિત્રમાં બતાવેલી પ્રકાશ તથા અંધારાની ભાત કાજલ કરી, કેશવાર અને અલંકાર વગેરે ઉમેરી ચિત્રકાર શ્રી ચિમનલાલ ચોકસીએ તૈયાર કરેલ ચિત્રમાં ઉપરોક્ત દૃષ્ટિઓ ક્યાં ક્યાં વાપરી છે.

સ્વાનાઃ ચોપચ્યાં, પાંપણ્યું અને અમર અમિત-દૃષ્ટિ સિંચિત.
ક્રાંતિતાઃ ચહ્યા, કિંચિત ચલ્યા, ઉત્તેજ્યા, ત્રસ્યા (ત્રાંસી).
વિષાદિનીઃ ખેદથી વિસ્મૃત થએલાં ચોપચ્યાં, નિશ્ચલ, નિમેષોન-પ્રેમા
મુક્તાઃ સુખેન-ખોલિત તારા, શોભામુક્ત અળેલી પાંપણ્યો.
કુંચિતાઃ સંકોચાઈએલાં ચોપચ્યાં, પાંપણ્યો તથા ભ્રૂકી.
અભિતપ્તાઃ ગંદ તારા, ચલિત પુટ્યા.
લજ્જન્વિતાઃ ઢળેલાં ચોપચ્યાં ને ઢાંકીઓ; ખેંચાઈલી પાંપણ્યો.
શ્રાન્તાઃ શ્રમિતા, મંદગતા, પતિત તારા ક્ષામા.
ચિંતર્દિતાઃ વિચારગ્રસ્યાં અને નીચાં થતાં ચોપચ્યાં.
અર્ધમુકુલાઃ આનંદથી અરધાં ઘીડાએલાં પાંપણ્યો અને, દિમતા, લક્ષિત તારકા.
વિશ્રાન્તાઃ ચંચલ ઢાંકીઓ, સ્વાગળપાછળ દૃષ્ટિ.
વિષ્લુતાઃ ફરકતાં, સ્તબ્ધ, નીચે ઢળેલાં ચોપચ્યાં, કુંચેલી ને બહાર નીકળતી દૃષ્ટિ.
આકેકરાઃ વાંકાં ચોપચ્યાં, અરધી બીડાએલી દૃષ્ટિ, વ્યાવૃત્ત તારા (ગોળ ફરતી ઢાંકીઓ), અર્ધ નિમેષિણી.
વિકોષાઃ વિકોસિત પુટ્યા; પ્રફુલ્લિત દૃષ્ટિ; અનિમેષિણી, અ-સ્થિર તારા.
ન્યસ્તાઃ ત્રાસોત્તર્પિત તારકો, કાંકરો ચોપચ્યાં.
મરિકાઃ ઝળઝળિત તારકા, શિથિલ ચોપચ્યાં અને દૃષ્ટિ આ દૃષ્ટિમાં તરબોળ, અધ્યયન અને અધમ બેમ વસ્તુ પ્રકાર છે.
દૃષ્ટિ-ચેષ્ટાનાઃ પ્રથમની સૌળ દૃષ્ટિઓ તેનાતેના નાનાવિધ સારના રસ અને ભાવોમાં ચોળ્યલી. બાકીની બીજી સંચારી દૃષ્ટિઓના વિનિયોગ નીચે પ્રમાણે કરવાનો કહ્યો છે:

શન્યા-ચિંતા અને સ્તંભમાં; ભાવિના-નિર્વેદ અને વૈવર્ણ્યમાં; જિજ્ઞા—અસૂયા, જડતા અને આલસ્યમાં; લલિતા—ધૈર્ય અને હર્ષમાં; સ્વાના—અપસ્માર અને વ્યાધિમાં; ક્રાંતિ—ગ્લાનમાં; વિષાદિની—વિષાદમાં; મુકુલા—નિદ્રા, સ્વપ્ન અને હર્ષમાં; કુંચિતા—અસૂયામાં, દુર્ભિક્ષ (ન ચેવાયેલ્યા વસ્તુ)માં ને નેત્રની વ્યથા દર્શાવવામાં; અદ્રિ-તપ્તા—નિર્વેદ, અભિઘાત અને ચૂર્ણનમાં; લજ્જન્વિતા—લજ્જામાં; શ્રાન્તા—શ્રમ ને સ્વપ્નમાં; ચિંતર્દિતા—સ્મૃતિ ને વિતર્કમાં; અર્ધમુકુલા—હર્ષમાં તથા રૂપ, રસ, ગંધ વગેરેનાં સુખમાં; વિશ્રાન્તા—આલેગ ને સંભ્રમનિદ્રમમાં; વિષ્લુતા—ચપલતા, ઉન્માદ (ઘ્રાન્તિ), દુઃખ, આધિ તથા મરણમાં; આકેકરા—વિચ્છેદ પ્રેરિત (દુઃખપૂર્વક ત્યેદ સાધ્ય તેવી) વસ્તુમાં; વિકોસા—વિબોધ, અમર્ષ, ગર્વ, ઉત્પત્તા અને મતિમાં; ન્યસ્તા—ત્રાસમાં; મરિકા- મદમાં. (ચાલુ)

ભાગવતનો રસાસ્વાદ

ભાગવત, ગદાભારત, ભાગવત અને રામચરિતમાનસ એ આપણી સંસ્કૃતિના-ત્યાર પછીના ગ્રન્થો છે. આપણને તે ગ્રંથકારોએ ઋીપુરુષો જ્યાંની અભિલાષા હોય તો રામાયણોના યુક્તતાથી અવશ્યાસ કરવો; ને મનુષ્યજીવનના વિવિધ પ્રશ્નો અને મનુષ્યસ્વભાવની અનેક ગૂંચવણો સમજવી હોય તો મહાભારતનું જ્ઞાનપૂર્વક અધ્યયન કરવું; ને પ્રેમાત્મક પરમાત્માની શાન્ત શીતલ નિર્મલ અદ્રિદ્રા અંતરમાં અને જગતમાં સર્વત્ર સુદ્ધાવવી હોય તો ભાગવત વાંચવાં વાચવું; અને રામચન્દ્રજીનું રસમય છળ ભરપૂર બક્તિથી નિરખવું હોય તો તુલસીદાસજીના રામચરિતમાનસનું અનેકવાર મનન કરવું.

શ્રીમદ્ ભાગવત એ સત્યધર્મનો અને નિરતિશય ભક્તિનો અપૂર્વ ગ્રન્થ છે. એમાં પરમપુરુષ વિષ્ણુરૂપ પરમાત્માની અવતારલીલાનું પ્રધાનપણે વર્ણન છે. પરમાત્મા આ સંસારમાં આવે મનુષ્યના અન્તરમાં નિત્યનિરંતર અવતરે છે, એના છવનને સુન્દર અને ભવ્ય પ્રકાશ આપે છે અને છવનની મધુરતા વિસ્તારે છે. પ્રભુ ભક્તહૃદયમાં અને વિશ્વમાં પ્રતિક્ષણ પ્રકટ થયા કરે છે એ ભાગવતકારનું અવતારલીલાનું રહસ્ય છે. આ નિરંતર પ્રકટ થતા પરમાત્માનું દર્શન કરવું એ મનુષ્યજીવનનું પરમ ધ્યેય છે. સત્ય અને પ્રેમથી પ્રકાશત આંખોંથી માનવમાત્રી આ લૌકિક જગતમાં પરમાત્માનું અલૌકિક દર્શન કરે છે. અલબત્ત, પરમાત્માનું દર્શન એટલે 'સત્યં શિવં સુન્દરમ્' આદિ એના ગુણોનું દર્શન.

અવતારવાદનું અંતર્ગત ભક્તિનું એક અધિક રહસ્ય પણ છે પરમાત્માના પૂર્ણાંક સાગ્રાન્ય પ્રાકટ્ય કરતાં ન્યૂનાધિકારે ધર્મોનો. જ્યારે થાય ત્યારેત્યારે એનું વિશેષ પ્રાકટ્ય થાય છે. અધર્મોના વિનાશ માટે અને ધર્મોના અભ્યુત્થાન માટે પરમાત્મા વિશેષરૂપે પ્રકટ થાય છે તે સત્યધર્મની પુનઃસ્થાપના કરે છે. શ્રીકૃષ્ણચન્દ્રનું 'અવતારશરીર' એ આનું ગહન તેજસ્વી ઉજ્જ્વલ દૃષ્ટાન્તરૂપ છે. આ 'અવતારશરીર'ને અનેક ભક્તો ભજે છે અને તો અસીધારની બ્રહ્મચર્યવ્રતમાં ઢબિની સ્મૃતિ એમનો જીવનનું ચરમ-બિન્દુ બને છે. આ ભક્તિની—સર્વોચ્ચ પરમાત્મપ્રેમની—દૃષ્ટિ છે.

શ્રીકૃષ્ણને આપણે પરમાત્મારૂપે ભજીએ ત્યારે એમના લીલા સ્વરૂપનું આપણે અવલું, પ્રતીત ને સ્તવન કરીએ છીએ. એની મધુર મનોહર છબિને આપણે ગનથી નિરખીએ છીએ. પ્રભુ દૂર છતાં પણ સમીપ છે. મનુષ્ય જે રૂપે એને ભજે છે તે રૂપે એ તેની સમક્ષ પ્રકટ થાય છે. પ્રભુ આ વિશ્વની પાર રહેલો છે અને સાથેસાથે આ વિશ્વમાં સભર ભર્યો છે એ સમગ્રજાણી જ મનુજ-ઓત્મા સંતુષ્ટ થતો નથી. એને તો પરમાત્માને વધુમાં વધુ નિકટ લાવવો છે. એને એનો હૃદયપ્રાન્ત કરવો છે. આ જગતનાં અનેક સ્ત્રી પુરુષો—ગોપ અને ગોપિકાઓ—એ અનન્ત પુરુષને અન્તરના અન્તરતમ ઉઠાહ્યમાં કંતારવા તલસે છે. પરમાત્મા માટે મનુજ આત્માનો આવો તલસાટ છે.

ભાગવતના 'રાસ રસ્કન્ધ'માં અનુપમ મનોહરતાવાળાં કેટલાંક ગીતો છે. ઓમાં વેણુગીત, ગોપીગીત, યુગલગીત, વિયોગગીત અને બ્રમરગીત મુખ્ય છે. આ સર્વ ગીતોમાં ગોપિકાઓ શ્રીકૃષ્ણ પરમાત્માને આ સંસારરૂપી વૃન્દાવનની લીલીછમ ફૂલેલાંગ રોપાયે છે, ચરાચર વિશ્વને ચકિત કરનારી એની શ્રુતિમનોહર વેણુની મધુર નાદ સાંભળે છે, એના અનન્ત ગુણોનું પળેપળે સંકીર્તન કરી અનુસ્મરણ કરે છે, દિશદિશામાં એનાં દર્શન, સ્પર્શન, પુનર્દર્શનનો અનુભવ કરે છે, એના ક્ષણપ્રકાર વિયોગથી અત્યંત વિહ્વલ બને છે, એને ગાઢ આલિંગન આપવા નિત્યનિરંતર ઉત્સુક રહે છે, એનાં ચરણકમળને અન્તરમાં ઊંડેઊંડે પ્રવેશ કરાવવા સતત ઉંમ્યા રાખે છે અને શરદની ચાંદીની ચાંદની માં એ રાસોત્સવ સાથે રમેલા રસમય રાસનું વારંવાર સ્મરણ કરે છે.

ઝીણે શુકદેવજીના ભાગવતનું મધુર અને રસાર્દ્ર ફળ ચાખ્યું છે અને એના આસ્વાદની સાચા હૃદયથી કદર કરી છે તેના સ્તવનમાં સત્યનિષ્ઠા સાથે પ્રેમ અને માધુરતા ઝરેલાજ હોવાના છે એ અભ્યાને ભક્તને આપેલો વિશ્વાસ છે. રતિલાલ મોહનલાલ ત્રિવેદી

(શ્રીમણિલાલ સાંકળીના 'પંચગીત અને રાસતત્ત્વ'ની આવી પ્રસ્તાવનામાંથી)

(જુલાઈ ૧૯૪૬) ૨૦૩

મીઠા પછી વધુમાં વધુ અગત્યનો ભાગ આપણા જીવનમાં કોઈ ભજવતું હોય તો તે સોડા,—વિજ્ઞાનની પરિભાષામાં સોડિયમ કાર્બોનેટ. આપણા આરોગ્ય-સંરક્ષણમાં સોડાનો ઉપરનો નાનોસૂનો નથી. આપણી અંગત સ્વચ્છતા અર્થે તેમજ ધોવા માટે ઉપયોગમાં આવતો સાબુ તથા બીજી એવા અન્ય અનેક પદાર્થોની બનાવટમાં સોડા વિના ન ચાલે. આપણા પૂર્વજોને પણ આ વસ્તુ બરાબર સમજણ હતી, એટલે સોડા બનાવવાની ક્રિયા તો આપણે ત્યાં અતિ પુરાણી છે. એ કાળમાં દરિયાકાંઠે ઊગતી વનસ્પતિની રાખમાંથી અશુદ્ધ સોડા કાઢવામાં આવતો. ઉપરાત સાજીખાર, પાપડખાર, ઊસ વગેરે પદાર્થોમાંથી પણ સોડા નીકળે છે. પશ્ચિમના દેશોમાં તેમજ સરીના ફ્રીનિયાગરોને આ વિષે જ્ઞાન હતું; અને આધુનિક સંસ્કૃતિના પ્રસારની સાથોસાથ તે સોડાનો ઉપયોગ ખૂબ વધ્યો છે. કાચની બનાવટમાં પણ આજે સોડા મુખ્યત્વે વપરાય છે, અને એ ઉપરાંત કોટલડને બીજા કેટલા યે નાનામોટા કામે સોડાનો નિર્દેશ કરી શકાય. સોડિયમના વિધવિધ ક્ષારોની બનાવટમાં પણ સોડા મૂળભૂત પદાર્થ બન્યો છે. આવી તેર સોડાની મદદગાર છે.

સોડા

લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ
એમ.એસસી., પીએચ.ડી.



(બાજુએ: મીઠામાંથી સોડા બનાવવાની સૌથી સહેલી પદ્ધતિ)

મીઠામાં રહેલા સોડિયમના તત્ત્વની શોધનું પહેલું માન જર્મન રાસાયનિક સ્ટાહલને ઘટે છે. ત્યાર પછી મીઠામાંથી સોડા બનાવવાના અનેક પ્રયોગો થયા. (એ કઠોર 'આલ્કલી દ્રવ્યોમાં' કહેવાય છે.) પરંતુ ઈ. ૧૭૮૭માં નિકોલસ લ બ્લાન્કે એ પ્રયાસને સફળરીતે પાર ઉતાર્યો. એ બળવા પછી ત્યાં જે વિગ્રહો ચાલ્યા તે અરસામાં ફ્રાંસને ગળતો પદાર્થ સોડા બંધ થયો એથી સોડાની બનાવટ એ દેશમાં જરૂરી બની ને તેની યોગ્ય રીત શોધી કાઢનારને મોટું ઈનામ આપવાની ત્યાંની સરકારે જાહેરાત કરી. ૧૭૯૨માં લ બ્લાન્કે પોતાની રીત અનુસાર મીઠામાંથી સોડા બનાવવાનું કારખાનું કાઢ્યું. પરંતુ બીચારો બ્લાન્ક! એ ફ્રેંચ પ્રજાસત્તાકના 'સ્વતંત્રતા ને બંધુત્વ'-ના હીમાયતીઓએ એનું કારખાનું પાયમાલ કરી નાખ્યું અને એની એવી તો દુર્દશા કરી કે બળવાખોરોના હાથમાંથી તે ગાંડમાંદ બચ્યો. અંતે ૧૮૦૬માં દુઃખી બ્લાન્ક આપઘાત કરી ગુજ્યો!

બ્લાન્કની રીતમાં પ્રથમ મીઠાને સલ્ફ્યુરિક ઍસિડ સાથે ગરમ કરવામાં આવે છે. આથી સોડિયમ સલ્ફેટ (સૉલ્ટ-કેઈક) બને છે, અને હાઇડ્રોક્લોરિક ઍસિડના પુષ્કળ ધુમાડા ઘૂટે છે. રાઝઆતમા તો આ ધુમાડા બહુ ઉપદ્રવ કરતા. એથી આજુબાજુની વનસ્પતિ સુકાઈ જતી અને એકલામાં વસવાટ પણ અશક્ય બનતો. એ ધુમાડા નદીના પાણીમાં કાઢવામાં આવ્યા, તો પાણીનીં માછલા મરવા લાગ્યાં અને મચ્છીમારોનો ધંધો ચૂરવા લાગ્યો! પરંતુ ધીમેધીમે એનું નિવારણ કરવા માટે મબ્બેવાર સંશોધનોને પરિણામે આજે એ ઉપદ્રવકારી ધુમાડા તો કારખાનાવાળાને ધનપ્રાપ્તિનું સાધન બની ગયા છે. હવે એ ધુમાડાને પાણીમાં શોષી લેવામાં આવે છે અને તેમાંથી હાઇડ્રોક્લોરિક ઍસિડ બનાવાય છે, જેનો ઉપયોગ ક્લોરીન તૈયાર કરવામાં થાય છે. ફોટોગ્રીનના મોટા ભાગ બ્લીચિંગ પાઉડર, પોટાશ્યમ ક્લોરેઈટ અને બીજા ક્લોરેઈટોની બનાવટમાં વપરાય છે. આ થઈ સોડાની બનાવટની પદ્ધતી ભગિકા.

પાછી બીજી ભૂમિકામાં સૉલ્ટ-કેઇકને કોલસા તથા ચૂના-પત્થર સાથે મેળવીને ફરી બટ્ટીઓમાં ગરમ કરવામાં આવે છે. એમાં કોલસો સૉલ્ટ-કેઇકને પ્રતિ-ઓક્સાઇડ બે એટલે તેમાંથી ઑક્સિજનને દહનમાં સોડિયમ સલ્ફાઈડ તૈયાર થાય છે; અને તે સલ્ફાઈડ ચૂના-પત્થર સાથે ભેગો થઈને તેમાંથી સોડિયમ કાર્બોનિટ-આપણે 'સોડા'-બને છે એ 'કાળી રાખ' તરીકે ઓળખાય છે. પછી તેને પાણી સાથે મેળવીને તેમાંથી સોડા કાઢવામાં આવે છે. એ દ્રાવણમાં ૨૫ ટકા જેટલો તે સોડાના રૂપમાં અથવા વીસ ટકા જેટલો કૉસ્ટિક સોડાના રૂપમાં હોય છે. હવે જે તેમાંથી સોડા બનાવવો હોય તો એ દ્રાવણમાં કાર્બન ડાયૉક્સાઈડ પસાર કરવામાં આવે છે ને પાછી એ પ્રવાહીને ઘટ્ટ કરવાથી અશુદ્ધ કાળાપડતો સોડા બને છે. ત્યાર બાદ તેમાં આવેલી અશુદ્ધિઓ ગરમી વડે પાણી નાખવામાં આવે છે. આ પ્રમાણે તૈયાર થએલો સોડા 'સોડા ઍશ' તરીકે બનતમાં ગણે છે.

સોડા કાઢી લીધા પછી જે અટાવ્ય પદાર્થ રહે છે તેને આલ્કલી-નો કચરો (આલ્કલી-વેસ્ટ) કહે છે આ કચરામાંથી પણ ગંધક તેમજ ફેરોસાયોનાઇડ વપરાતો 'દાણેદાર' તૈયાર કરવામાં આવે છે.

પણ આ "બ્લાન્ક પદ્ધતિ"ના એક ખામી છે. એમાં મીઠું જ વાપરવું પડે,—તેનું પાણી ન ચાલે. ઉપરાંત, એ રીતમાં ક્રમની, સલ્ફ્યુરિક ઍસિડ વાપરવો પડે છે, ને તેનો મોટો ભાગ આલ્કલી વેસ્ટમાં ચાલ્યો જાય છે. આ બધું છતાં પણ આ રીત દરીકાંઠામાં ફળી રહી છે, કારણકે એ પદ્ધતિથી કારખાનાવાળાને સોડા ઉપરાંત હાઇડ્રોક્લોરિક ઍસિડ, ગંધક વગેરે કીમતી રસાયનો સહજમાં પ્રાપ્ત-માં પડે છે. નીચે આપેલી રૂપરેખા વધુ સ્પષ્ટતા કરશે:



સોડાના દ્રાવણમાંથી બૅરિયમ સોડા ક્રમ બને છે તે જોયું. હવે એ જ દ્રાવણમાંથી 'કૉસ્ટિક સોડા' બનાવવાની રીત જોઇએ. એ દ્રાવણને ચૂના સાથે મેળવીને તેમાંથી કૉસ્ટિક સોડા બનાવાય છે. આપણે ત્યાં છિંકણાં પણ એ ક્રિયા ઘણા નાના કાળથી ભાળીતી છે. ગરમાં ચૂનો ક્રમેરીને કૉસ્ટિક બનાવી તેમાં દિવેળિયું તેલ ક્રમેરી આપણે ત્યાં તરનો સાબુ બનાવાતો. પણ સોડાના દ્રાવણમાંથી કૉસ્ટિક સોડા બનાવવાની આ રીત હવે કપરોગમાં ઓછી આવે છે, કેમકે બીજી સસ્તી પદ્ધાથી મીઠાના દ્રાવણનું વીજ-પૃથક્કરણ કરીને મુખ્યત્વ કૉસ્ટિક સોડા બનાવાય છે, જે બહુ સસ્તો પડે છે.

૨

ઑગણીસ સોડાનો ચપરાશ વધવા લાગ્યો તેમતેમ તેની બનાવટની સસ્તી તે સસ્તી રીતો શોધવા સંશોધન ચાલ્યું. ૧૮૩૮માં આવી એક રીતનો પેટન્ટ લેવાયો. પણ તેને સંપૂર્ણ સફળ કરતાં તે લગભગ પા સદી ચાલી ગઈ આ રીત તેના શોધકના માનમાં 'સૉલ્વે રીત' યા 'ઍમોનિયા-સોડા-પદ્ધતિ' તરીકે ઓળખાતી છે, કેમકે તેમાં મોટા ઉપરાત ચૂના-પત્થર, કોલસો અને ઍમોનિયાની જરૂર પડે છે. આમ, આ બનાવટમાં વપરાતા કાચા પદાર્થો તદ્દન સાદા અને ઘણી સસ્તા છે, તેમા કશોયે પડતો નથી, અને લગભગ બધા પદાર્થો ફરી ને ફરી કપરોગમા આવે છે એ તેનો આર્થિક ફાયદો છે. ઉપરાત આ પદ્ધતિમા મીઠાનું પાણી પણ વાપરી શકાય છે અને એ રીતે બનેલો સોડા નિરોધ શુદ્ધ હોય છે, એટલે આ પદ્ધતિ બ્લાન્ડ, પદ્ધતિના મોટી ઉદરીય યશ પડી છે.

આ રીતનો મુખ્ય સિદ્ધાંત એ છે કે ઍમોનિયાથી સંતૃપ્ત મીઠાના દ્રાવણમાથી કાર્બન ડાયૉક્સાઈડ વાયુ પસાર કરવાથી સોડિયમ બાઈ કાર્બોનેટ (સોડા બાઇ કાર્બ) અને ઍમોનિયમ ક્લોરાઈડ (નવસાર) બને છે, અને બાઈ કાર્બોનેટની દ્રાવ્યતા (solubility) ઓછી હોવાથી તે પાત્રાકાર પદાર્થ રૂપે જુદો પડે છે. તેને ગરમ કરવાથી તેમાથી કાર્બન ડાયૉક્સાઈડ વાયુ નીકળી જાય છે અને ઑડા બની રહે છે. આ ક્રિયા માટે 'સૉલ્વે ટાવર'નો કપરોગ થાય છે. તેની રચના એક જંગી ડિસ્ટિલેબોક્સનાં ખાનાં ગોઠવ્યાં હોય તેવી હોય છે. દરેક ખાનામાં નીચે કાબુ હોય છે, જેના પર ઝીણી જાળીનું પતરું હોય છે. આ ટાવરમાં કપરવી ઍમોનિયાથી સંતૃપ્ત મીઠાનું દ્રાવણ ભરવામાં આવે છે અને નીચેથી કાર્બન ડાયૉક્સાઈડ દાખલ કરવામાં આવે છે, એટલે સોડા બાઈ કાર્બોનેટ બનતો જાય છે. તેને કાદી લઈ સૂક્ષ્મપેને ગરમ કરવાથી સોડા બને છે; અને જે કાર્બન ડાયૉક્સાઇડ તેમાથી નીકળે છે, તેને પાછો ઉપર મુજબ કપરોગમાં લેવામા આવે છે. બીજે પદાર્થ જે નવસાર બને છે તેને પણ ચૂના સાથે ગરમ કરવાથી તેમાંનો ઍમોનિયા છૂટો પડી જાય છે, જે પણ પાછો કપરોગમાં લેવાય છે. આ રીતે આ ક્રિયા સતત ચાલ્યા કરે છે.

સોડા બનાવવામાં ક્વાંહાંથી નાખવી આવે છે : સોડા-ઍશ, ક્રિસ્ટલ કાર્બોનેટ, વૅરિંગ સોડા યા સોડા ક્રિસ્ટલ. વૅરિંગ સોડામાં ૬૩ ટકા પાણી પામેલા હોય છે. તેને ઢબાવા રાખવાથી એ પાણી ઊડી જાય છે ને તેના રવૈડિકો બૂકો થઇ જાય છે. સોડા બાઈ કાર્બ ઢબાવાં વપરાય છે તેમજ રેયૉન તથા ઊન ધોવા માટે પણ તે કપરોગમાં લેવાય છે. સોડા-ઍશને ગળકણા ડાયૉક્સાઇડ સાથે પ્રક્રિયા થવા દેવાથી તેમાંથી સોડિયમ હાઇડ્રોજન સલ્ફાઇડ, બાઇ સલ્ફાઇડ ને બૉરમલ સલ્ફાઈડ બનાવી શકાય છે. આ પદાર્થો કપ્રોગોમાં ખૂબ વપરાય છે ને તેથી આપણા દેશમાં આ ઉદ્યોગને વિકસાવવા માટે હિંદી સરકારે ફારબનાંવાળાઓને રક્ષણ આપ્યું છે. આ ક્રૉદરે પદ્ધતિનો બનાવટ અને ઉપયોગનો નકશો જોવની ગરબાતમાં આપ્યો છે.

આ લેખમાળાના અગાઉ પ્રગટ થએલા લેખાંકોમાં આપણને કપરોગી ઑસિડો-તેમજ કોલસો સંબંધે માહિતી આવી ગઇ; અને તે પછી તેલબધી કલાના ગુણ પરાવતા મીઠું, સોડા, ક્રૉસ્ટિક સોડા વગેરે 'આલ્કલી' તરીકે ઓળખાતા મુખ્ય પદાર્થોનો પરિચય આપણે કરી ગયા. એમાંથી હવે એ આલ્કલી સંબંધે થોડી સામાન્ય માહિતી આપવી અસ્થાને નહિ ગણાય. આલ્કલીના મુખ્ય પ્રકાર નીચે મુજબ છે: (૧) નરમ વનસ્પતિજ આલ્કલી—જે વનસ્પતિની રાખમાંથી કાઢી શકાય છે. દાખલા તરીકે 'પોટાશિયમ કાર્બોનેટ'; (૨) નરમ દરિયાઈ આલ્કલી—દરિયાકાંઠે ઊગતી વનસ્પતિની રાખમાંથી નીકળતો આલ્કલી. દાખલા તરીકે 'સોડિયમ કાર્બોનેટ'—આપણા રોજિંદા કપરોગમાં આવતો સોડા; (૩) નરમ ઊડતુ આલ્કલી—કાંદરાં, પરોશાળ, વાળ, ઇત્યાદિને નિર્વાતિત વાસમુખમાં આસવોને કાઢવામાં આવતો આલ્કલી. દાખલા તરીકે 'ઍમોનિયમ કાર્બોનેટ'.

ઉપરનાં બધા કાર્બોનેટ 'નરમ' આલ્કલીના વિભાગમાં આવે છે. તેમને ચૂના સાથે ઉકાળવાથી તેમાંથી 'જલદ' આલ્કલી તૈયાર થાય છે. આ જલદ આલ્કલીને વિજ્ઞાનની પરિભાષામાં હાઇડ્રૉક્સાઇડ તરીકે ઓળખવામાં આવે છે. એટલે એ રીતે બનતા આલ્કલીને અનુક્રમે સોડિયમ હાઇડ્રૉક્સાઇડ (કૉસ્ટિક સોડા), પોટાશિયમ હાઇડ્રૉક્સાઇડ (કૉસ્ટિક પોટાશ), ઍમોનિયમ હાઇડ્રૉક્સાઇડ (ઍમોનિયા) અને કૅલ્શિયમ હાઇડ્રૉક્સાઇડ (ચૂનો) કહે છે.

આલ્કલીના સામાન્ય ગુણો નીચે પ્રમાણે હોય છે: (૧) એ આંગળી વચ્ચે ચોસવાથી આલ્કલીનું દ્રાવણ સાબુ જેવું ચીકણું લાગે છે; (૨) સાતા લિટમસનો રંગ તે પાછળી બનાવે છે. (તેનાથી વાદળી લિટમસને રાતો બનાવે છે); (૩) ઍસિડની સાથે ભેળવવાથી તેમાંથી ક્ષાર બને છે; (૪) નરમ પ્રકારના આલ્કલીમાં તેલબધ નાખવાથી કાર્બન ડાયૉક્સાઇડ વાયુ નીકળે છે.

ગમ્મતિકમ

આકાશમાં બગલાઓ V આકારની હારમાં કેમ ઊડે છે?

બગલાઓ, હુંદરીઓ, હંસો વગેરે આકાશમાં ઊડે છે ત્યારે કોઈ આકાર ચોતાના નાયકને રાખી ચોતે ઍમેજ તો (V) આકાર બનાવી હાર આકાશમાં બનાવીને ઊડે છે. આ પ્રમાણે કરવાના અથવા ત્રિકોણાકાર જેવા આકારમા ઊડવાનાં બે કારણો છે: એક તો એ કે આ રીતે ઊડવાથી દરેક પક્ષી પોતાની જગ્યાએથી પોતાના નાયકને સહેલાઇથી જોઇ શકે છે. બીજું નાયક એગોચિનું કામ કરતો હોય છે અને તે જે બાજુ જાય તે બાજુ બાકીનાં બધા પક્ષીઓ જતાં હોય છે. બીજું કારણ વૈજ્ઞાનિક છે. દરેક પક્ષી ઊડવા માટે આકૃત પ્રમાણમાં પવનની જરૂર રહે છે. એ એક પક્ષી બીજાની પાછળ ચોસે તો આગળનું પક્ષી પાછલા પક્ષીને ઊડવાને આવશ્યક પવન રોકી રાખે અને તેથી પાછલા પક્ષીને ઊડવું મુશ્કેલ બની જાય; જ્યારે ત્રાંગે ત્રિકોણ આકારમાં ઊડવાથી દરેક પંખીને યોગ્ય પ્રમાણમાં પવન મળી રહે છે. આ જ કારણસર જ્યારે પવન ફોર્સ એઈ પક્ષીઓ વાતો હોય છે ત્યારે એ બાજુથી પવન વાતો હોય છે તે બાજુની V ની પાંખ વધારે લાંબી હોય છે. એ પણ ચોધ્યા જેવું છે કે બે પક્ષી વચ્ચેનું અંતર હમેશાં એકસરખું તથા ચોક્કસ હોય છે

(જુલાઈ ૧૯૪૭) ૨૦૫

આપણી એળે જતી જલસમૃદ્ધિ અને એના ઉપચાર

કોઈપણ દેશની સમૃદ્ધિ અને વિકાસનો આધાર હમેશાં ત્રણ વસ્તુઓ પર મુખ્યત્વે નિર્ભર રહે છે: જમીન, પાણી અને પ્રજા. તેમાં પ્રજાની શક્તિનો વિકાસ દેશની જમીન, જંગલો, ખનિજ, ખેતી અને જુદાજુદા ઉદ્યોગો ઉપર રહેલો છે. અને આ બધામાં એક અગત્યનું સ્થાન ભોગવનારી વસ્તુ તે દેશના પાણીના જથ્થા પણ છે.

આપણા દેશના પાણીના જથ્થાનો વિચાર કરતાં તરત સામ્હવ એ છે કે આપણી પાસેની એક વિરાટ શક્તિને આપણે તદ્દન વેડફી દઈએ છીએ. દાખલા તરીકે ગુજરાતમાં સાબરમતી, મહી, નર્મદા, તાપી વગેરે નદીઓમાં ઓગાસાગાં પાણીનાં જે પ્રચંડ પૂર આવે છે તેને આપણે કંઈ ઉપયોગમાં લીધા વગર વહી જવા દઈએ છીએ. ને એ વધારાના પાણીને ક્યાંયમાં લીધાં હોય ને તેને મોટાં સરોવર, તળાવ કે બંધ મારફત નદીમાં રોકી લીધાં હોય તો પણ તે કરતાં કે જમીન જમીનને રણને લીલાં લહેરિયાળાં ખેતરો ઊભાં કરી શકાય તથા બંધ વૃંદરોધિલી એ જળશક્તિમાંથી વીજળી પેદા કરી તે દ્વારા મોટાં મોટાં કારખાનાં પણ ચલાવી શકાય છે. દિલ્હીમાં મોટી નદીઓમાં તો બર્ષકર પૂર આવે છે ને ગામોનાં ગામો તણાઈ જાય છે. આવી નદીઓમાં જો બંધ બાંધવામાં આવે તો પૂર આવતા અટકાવી એ પાણીને બીજે ઉપયોગગાં લઈ શકાય ને કેનાળાગા સુકાઈ જતી એ નદીને પાણીથી ક્યોવાક્ષ રાખવા કપરાંત આસપાસના પ્રદેશને ફળદ્રુપ બનાવી શકાય. આમ, બંધો બાધવાથી બેવડો લાભ થાય છે.

એન્જિનની અસ્ત્રિની પ્રગતિના આ જમાનામાં તો કોઈપણ દેશની સરકાર દેશની નદીઓ પર બંધ બાંધીને તેનાં નકામાં જતાં પાણી દેશને સમૃદ્ધ બનાવવાનૈ ઉપયોગમાં લાવ્યા સિવાય રહેતી નથી.

પ્રાચીન ભારત પણ આવા બંધનો લાભ જાણતું હતું. ચિત્રકૂટપુરનો બંધ ૧૧૦૦ વર્ષ જૂનો છે અને આજે પણ ૪૦૦૦ એકર જમીનને પાણી પૂરું પાડે છે. ઈ. સ. ૨૦૦ની સાલમાં બંધાયેલો કાવેરી નદી પરનો 'એનીકટ' બંધ ગયા સૈકા સુધી વપરાશમાં હતો. તે દ્વારા લાખ એકર જમીનને ફળદ્રુપ રાખતો હતો. જૂના વખતમાં બંધ બાંધવાની ક્રિયા બહુ સારી હતી. નદીના કોઈ ત્રિકોણી પટમાં મોટા સરોવર ખોદી બનાવીને તેનું નીચેનું તળિયું ગારી-પત્થર ઈત્યાદિ વસ્તુઓ દ્વારા આસપાસની જમીન કરતા ઊંચું લાવવામાં આવતું. આથી તેની ઊંચેરે આઠેકો સુધી પાણી પૂરું પાડી શકાતું. દક્ષિણમાં આવા સરોવર જોવા બનાવેલા બંધો ૨૫-૨૫ માઇલ લાંબા છે!

પણ આધુનિક બંધની બાંધણીમાં ફેર છે. તેમાં મુખ્ય ભાગ દીવાલો ભજવે છે. એ દીવાલો તથા બાંધકામની બાંધણીમાં ઈજનેર ને ઇગ્રી બનતા ગજબૂત પહાયેમિનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યાં બંધ બાંધવો હોય ત્યાં પ્રથમ નદીના પટમાં બેટલા ભાગની બંને બાજુ થોડા અંતરે ઊંડી પાયો બાંધી દઇને વચ્ચેના ભાગમાંથી પાણીકૂવેલા નાખવામાં આવે છે અને પછી ત્યાં જ્યાંસુધી ચગ્ય જમીન આવે ત્યાંસુધી બાંધકામો ઊભા કરી એ બાંધકામો ઉપર બેવડી કમાનો બાંધવામાં આવે છે, જેની વચ્ચમાં ચન્દ્રકાશ ઊંચેનીચે થઈ શકે તેવાં લોખંડનાં જંગી આરણું રાખેલાં હોય છે. આ આરણુંની સહાયથી નદીનું પાણી જરૂરિયાત પ્રમાણે જોઇતામાં કે છોડવામાં આવે છે.

હિંદુસ્તાનના કેટલાક બંધ તો જગતના મોટા બંધોમાં ગણાય છે. દક્ષિણ હિંદમાં ભેગાર્ટ નદીપર બાંધવામાં આવેલો પેરિયર બંધ વિજ્ઞાનની અદ્‌ભુત નમૂનો છે. તેને બાંધતાં ૬ વર્ષ થયાં હતાં. તેનું ક્ષેત્રફળ ૮૦૦૦ એકર હોઇ તે ૧૫૦ ફૂટ ઊંચો છે અને ૨ લાખ ૮૦ હજાર એકર જમીનને પાણી સીંચે છે. આપણો બીજો અદ્‌ભુત બંધ તે સિંધુ નદી પરનો સક્કરનો બંધ. ૬૬ કમાનોવાળો આ બંધ એક માઇલ લાંબો છે. તેને બાંધતાં ૬ વર્ષ લાગેલાં અને ૧૯ કરોડ રૂપિયા ખર્ચા-એલા આ બંધને લીધે રેતાળ એવા સિંધમાં પણ આજે ૪૫ લાખ એકર ગણ્ય ઘઉં પેદા થઈ શકે છે. આમ આપણા દેશમાં આજે રૂા. ૧૫૬ કરોડના ખરચથી સાત કરોડ એકર જમીનને નદીઓ દ્વારા પાણી પૂરું પાડવામા આવે છે છતાં આપણા દેશમાં જે કુલ ખેડાયેલું જ્યાં છે તેથી જમીન છે તેના તો લગભગ ૧૨ ટકા જેટલી જ તે છે.

દુનિયાના બીજા દેશો પણ બંધની સદાયતાથી પોતાના દેશને સમૃદ્ધ રાખે છે. દક્ષિણની નાઈલ નદી પરનો અસ્વાન બંધ દુનિયાનો પ્રાચીન છે. આ બંધ જો નાશ પામે તો દક્ષિણ પરદેશ નંબરનો નિર્ધન દેશ બની જાય. યુરોપમાં સૌથી મોટો બંધ દક્ષિણ યુરોપમાં નીપર નદી પર રશિયન સરકારે બંધાવેલો હતો. તે ૨૦૦ ફૂટ લાંબો છે. પણ ગયા વિશ્વયુદ્ધમાં તે જર્મનોને હાથ ન જાય તે માટે રશિયાએ તેનો નાશ કરી નાખેલો. હવે ફરી તેની મરામત થઈ રહી છે.



સિંધુ નદી પરનો ૬૬ કમાનોવાળો વિરાટ જલબંધ 'સક્કર બરાજ'. એના વિદ્યુતપ્રેરક તથા રચનાનો ખ્યાલ આપતું ચિત્ર પાછળ જુઓ.



સિંધમાં સક્કર શહેર પાસે આવેલા અને તે પ્રાંતની અઁશી લાખ એકર કરતાં યે વધુ જમીનને પાણી પૂરે પાડતા 'સૉર્ટર બૅરેજ' (જે સામાન્યરીતે સક્કર બૅરેજના નામથી ઓળખાય છે)ના જંગી બંધની યોજના જાનવીએ સરકારી મોટાપાયે મોટી કરીશકાય યોજના ગણાય છે. કુદરતથી વહી આવેલી સિંધુ નદીનું પાણી એ બંધ વટે રોકીને તેને કેવી રીતે ઉપયોગમાં લેવામાં આવે છે તે બાજુના કાલ્પનિક ચિત્રમાં બતાવવામાં આવ્યું છે. બંધમાં ૬૬ દરવાજા છે, ને તે દરેકમાં એક એક દરવાજે છે, જે, નદીમાં પૂર આવે ત્યારે વધારાના પાણીને નદી જવા દેવા માટે જરૂર પડે ત્યારે ખોલી નાખવામાં આવે છે. આમ, એ બંધથી રોકાયેલે બનેલા એ વિરાટ જલાગારમાંનું પાણી, બે પડખે સાંકડાશે કિનારે બાંધેલા બે નાના બંધના દરવાજાઓ પાસે ઓછાપ્રમાણે પડેલી ત્રણ ત્રણ મોટી નહેરો વાટે અસંખ્ય નાની નાની નહેરોમાં વહેંચવા માટે કુદરતની ધરતીને પરિષ્કારિત કરવા ખેંચી જવામાં આવે છે; અને એ રીતે ૩૫,૦૦૦ માઇલની નહેરો વાટે સિંધની રૂક્ષ ઊજ્જડ ધરતી દર વરસે ૨૫ લાખ ટન વધુ અનાજ ઉગાડતી થઈ છે. (Courtesy: The World of Wonder)

પણ બંધ બાંધવાની ખરી હિકમત તો આમેરિકા જ જાણે છે. અમેરિકામાંનાં વૅશિંગ્ટન પ્રાંતમાં આવેલો 'ગ્રાન્ડ કુલી ડૅમ' નામનો બંધ જગતનો સૌથી મોટો બંધ ગણાય છે. એને ઉપયોગમાં લેવા જેવો તે હજી તૈયાર થઈ ગયો નથી. એનાથી બીજા નંબરનો બોલ્ડર ડૅમ નામનો બંધ પણ જગતનો મહા જંગી બંધ છે. તે ૭૭૨ ફૂટ ઊંચો અને ૧૪૮૦ ફૂટ લાંબો છે. આ બંધથી ૧૦ લાખ એકર જમીન સીંચાય છે અને ૧૨ મોટાં શહેરોને પાણી પૂરું પાડવામાં આવે છે.

એ બોલ્ડર ડૅમથી પણ મોટા બંધો હિંદમાં બાંધવાની યોજનાઓ આજે થઈ રહી છે. મહા નદી, દામોદર નદી અને કોસી નદી પર આવા બંધો બાંધવા માટે ૧૫૦ કરોડ રૂપિયા ખરચવાના છે એ દ્વારા ૬૦ લાખ એકર જમીન સીંચાશે અને ૨૦ લાખ ટન વધુ અનાજ પેદા થશે. વળી તેમાંથી ૧૫ લાખ કીલોવૉટ બીજળી ઉત્પન્ન કરી શકાશે.

દામોદર નદીના બંધ વિષે આપણે ૨૭૯મા અંકમાં જાણી ગયા. હિમાલયમાંથી વિપુલ જળ લાવતી બિહારની કોસી નદી પણ વારે વારે પોતાનું વહેણ બદલતી હોવાથી ખૂબ વિનાશ સર્જે છે. ઈ.૧૮૩૭ થી આજ સુધીમાં તેણે ૯ વાર પોતાનું વહેણ બદલ્યું છે અને એ દરેક વખતે પોતાના મહાપૂરમાં ગામોનાં ગામો તથા ખાંગ્યો ભરેલાં ખેતરોને ધોંચા જઈને એકદમાર નનમાદનું નુકસાન કર્યું છે. હિમાલયનો બરફ પીગળતાં જ્યારે તેમાં પૂર આવે છે ત્યારે તે કિનારાની માઝા મૂકી દઈને ઉત્પાત મચાવતું ૨૫ ધારણ કરે છે અને એ વખતે એના બે કાઠા વચ્ચેનું અંતર ૧૦ થી ૨૦ માઇલ પહોળું બની જાય છે ! આ રીતે હિંદનો ૨૭૭૦ ચોરસ માઇલ પ્રદેશ તેણે વેરાન કરી મૂક્યો છે. પણ એના પરનો બંધ તૈયાર થઈ ગયા પછી તેના વિનાશકારી પૂરને રોકી શકાશે, એટલું જ નહિ પણ નહેરો વાટે તે બંધમાંથી પાણી પૂરું પાડીને હજારો માઇલ જમીન એળી શકાશે અને ૫ થી ૨૦ લાખ કિલોવૉટ જેટલી બીજળી પેદા કરી શકાશે.

ઑરિસ્સાની મહાનદી ઉપર પણ એક જંગી બંધ બાંધવાની સરકારે યોજના કરી છે. આ બંધ સંબલપુર પાસે બાંધવામાં આવશે ને તે પાછળ ૪૭ કરોડ રૂપિયા ખર્ચાશે. તે-બંધાઈ રહ્યા પછી ૧૧ લાખ એકર જમીનને પરિષ્કારિત કરશે અને ૩૩ લાખ ટન વધુ અનાજ પાકશે. તેના પર બે વિદ્યુતગૃહો બંધાશે, જે ૩ લાખ કિલોવૉટ વિદ્યુત ઉત્પન્ન કરશે. આ બંધ બંધાતા ૬ વર્ષ લાગશે.

દેશમાં આટલો મોટો વધારાના પાણીનો જથ્થો હોવા છતાં આજસુધી આપણે તેને ઉપયોગમાં ન લઈ શક્યા તે પરદેશી સત્તાને

કારણે. ૧૯૧૬ સુધી તો એવો નિયમ હતો કે દિલ્હી વજરની રજા વગર નહેર જ બાંધી ન શકાય! ૧૯૩૭થી પ્રાંતોને વહીવટ સોંપાયો ત્યારથી જળવ્યવસ્થાની તેને સ્વતંત્ર સત્તા મળી છે. આ ભવિષ્યમાં કેવી યોજનાઓ થઈ શકે તેની દૂરંદેશી રજૂ કરે છે.

ગામડાંની પ્રજાને ખેતીમાં સહાય રૂપ થવા માટે નહેરોની વ્યવસ્થા; વીજળીક બળ પેદા કરવા માટેની વ્યવસ્થા; નદીઓ મારફત વહાણવટાની વ્યવસ્થા; નદીઓનાં પાણીના બગાડ થાય તેવી રીતે જે પ્રદેશમાંથી ઊંડી કે કમરે નદીના પાણીમાં ઠાલવવામાં આવતાં હોય તે સામે કાનૂનો; ગુજરાતમાં તો વધુ લોકો માછલી નથી ખાતા, પરંતુ કિનારાનાં ગરીબોને માટે માછલી એ એક ઉત્તમ ને સહેલાઈથી મેળવી શકાય તેવો ખોરાક ગણાય છે, માટે એ દ્રષ્ટીએ વિકસાવવા મચ્છીપાતાં; નદીઓમાં ચોમાસામાં ભારે પૂર આવે છે ત્યારે નદીના કિનારાની જમીન ધોવાણમાં દર વરસે ચૂરી જાય છે, એ ધોવાણ અટકાવવા માટેની વ્યવસ્થા; જે નદીઓ છીછરાં પાણીવાળી અથવા તો સાવ સૂકી હોય તેના પટવાળમાં રહેલા પાણીને ઉપયોગમાં લેવાનો પ્રશ્ન;—આમ અનેકવિધ કાર્યો કરી શકાય હવે જ્યારે રાષ્ટ્રીય સરકારની સ્થાપના થઈ છે ત્યારે, આ દિશામાં સંગીન પ્રગતિ થશે એવી આશા રાખીએ. (સંકલિત)

મોટા માણસોનું નાનાપણું

અનંત કાણેકરનો નર્મનિબંધ

થોડાક દિવસ પર મેં કેટલીક નવી યાદ, રહેલી વાતો લખી નાખી. એમનો વિષય જેતાં એ ઘણી જ સારીરીતે લખાઈ હોત; પણ એ એવી લખાઈ નથી એમ કેટલાક મિત્રોને લાગ્યું. એમના શબ્દો વિષે મારે કંઈ લખવું નથી; પણ એ વિષે વિચાર કરતાં મને એક રમૂજ યાદ આવી.

એક જુનાન લેખક મને એક વખત મળવા આવ્યો. આકરમાતળો શેઠું પાઘડું હોવાથી મારા જમાણા હાથની બે આંગળીઓ પર તે વેળાંપાટા બાંધેલા હતા. હાથ શું થયું છે, એમ એણે પૂછ્યું ત્યારે અમુક કેસણે મારી આંગળીઓ ચગદાઈ ગઈ એવું મેં એને કહ્યું આ મુલાકાત થયા પછી ચાર જ મહિના વીતી ગયા બાદ બહારગામના કોઈ એક સામાહિકનો એક અંક તંત્રીએ ખાસ મારા ઉપર મોકલ્યો. 'અને મળેલા આધુનિક સાહિત્યિક' એ નામની પેલા જુવાન લેખકની એક લેખમાળા એ સામાહિકમાં આવનારી હતી, અને મારા પર આવેલા એકમાં એણે મારે વિષે લખેલું જોરાં જેવામાં આવ્યું. એણે મારે વિષે ઘણું જ સારું લખ્યું હતું; પણ વખાણ કરવાના આવેશમાં એક ન બનેલી વાત એણે કહી નાખી હતી: 'મેં જ્યારે કહ્યું' એણે લખ્યું હતું-'કે હવે બોડા દિવસ સુધી તમારાથી કંઈ લખી શકાશે નહિ' ત્યારે એ કરકરાઈ જઈને બોલ્યા કે જાણે હાથ બળ્યું થયો હોય, તોપણ હાથે લખીને હું મારા વિરોધીઓને ગદ્ગાત કરીશ!'

મેં આવું કંઈ જ કહ્યું નહોતું, અને એવું કહે-વાને મને કોઈ કારણ પણ નહોતું. પેલા લેખકે બિચારાએ તો સદ્હેતુપૂર્વક ગને એક વીર પુરુષ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો; પણ એ વાંચનારને હું કેવળ કોઈ કલ્પ નાટકો માણસ હું એમ લાગ્યું હશે.

આપણે જે અનેક ખ્યાલ હોય છે એમાં આ ખ્યાલ પણ હોય છે જ. એકાદ માણસ કોઈ એક ક્ષેત્રમા શ્રેષ્ઠ હોય તો તે બધાં જ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ હોય છે, એમાંના સામાન્ય માણસના કંઈ પણ ગુણ હોતા નથી, એવી આપણી એક માન્યતા હોય છે; અને આ માન્યતાનો ભોગ બની આપણે ઘણી વાર કોઈ માણસ ઉપર અનેક નતનું મોહાપણું લાદીએ છીએ. અને આને લીધે જ કોઇકોઇવાર મને ગઝા કરવાનું ઘણું ગન થઇ આવે છે. એક વાર દેશમાં ઘણી ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ હતી, અને તે અંગે મહાસભાની કારોબારી સમિતિની એક ગહનચની બેઠક મુંબઈમા ગળી હતી મારા એક મિત્ર સાથે હું એ સભામાં ગયો હતો. છાપાંઓના પ્રતિનિધિઓની બેસવાની જગ્યા નેતાઓની બેઠક પાસે જ હતી; અને બધા નેતાઓનાં મોઢાં અગને ઘણી સારી રીતે દેખાતાં હતાં. દેશમાં અત્યંત લોકપ્રિય થયેલા ને આમારા બધાને ગગતા એવા એક નેતા એક ખૂણામાં રડવા જેવું મોં કરીને બેઠા હતા.

'દેશ પર ગેરરી આપનારી આફતના વીદ્ય વિચારથી એમનું મોઢું કેટલું પડી ગયું છે,ને!' મારા મિત્રે ગળગળા થઈ ગને કહ્યું.

'હું કહે છે એ જ વિચારને કારણે તે કેમ હોય?-સખત અપચો અથવા બંધકોય થવાથી તો એમનું મોં નહિ પડી ગયું હોય?' હું ધીરે રહીને બોલ્યો. ગંભીર વૃત્તિવાળો મારો એ મિત્ર મારા પર થોડો બીજવાયો: 'જ્યારે ને ત્યારે આમ હલકું જોવું બોલવા કરવું એ સારું ન કહેવાય!' એણે ચીડાઈને કહ્યું.

'મારકરી કરવાનો ગારો જ્યારે હેતુ નથી.' મેં કહ્યું, 'બરોબર હું તને પૂછું છું કે તું કહે છે તે જ કારણે એમનું મોં પડી ગયું હશે એમ કહેવાને તારી પાસે શો આધાર છે?—એને કોઈ માણસને અપચો થવા ને એનેલીધે એનો ચહેરો પડી જવો એમાંનું તાનમ છે? એ નેતા હોય તોપણ એ માણસ તો છે જ ને?'

એકાદ માણસ મોટો હોય એટલે એ બધી જ વાતમાં મોટા હોય છે એ વાત અને બિલકુલ માન્ય નથી. હું તો હલકું એમ માનું છું કે મોટા માણસોમાં તો, સામાન્ય માણસોમાં મળી આવતા નાનપણના ઘણા પ્રકાર હોય છે; એટલું જ નહિ, પણ એ ઘણા મોટા પ્રમાણમાં હોય છે. બહકે અવતા મોટા નાનપણને સંભાળી રાખવા છતાં તે બાકીના માણસો કરતાં કંઈક મોટાપણે બતાવે છે એટલે જ એ મોટા કહેવાય છે! એને ચોક્કસ યાદ નથી, પણ ગને લાગે છે કે ટૉલ્સ્ટૉયે જ ક્યાંક એની પોતાની એક વાત કહી છે. પોતાની મા પર ટૉલ્સ્ટૉયનો ઘણો જ પ્રેમ હતો. એના મૃત્યુ સમયનું વર્ણન એ આપે છે. એ વખતે એ જુવાન હતો. માનો પ્રાણ જતો રહ્યો હતો. પ્રાણહીનાનું બધાં માણસો દુઃખદુઃખ રડતાં હતાં, પણ ટૉલ્સ્ટૉય-યે રડવું આવે જ નહિ! એને તો બિલકુલ ઘણું જ ભૂખ લાગી હતી અને તેથી કંઇક ખાવાનું જેને મન થયું હતું. અને પોતાની જ શરમમાંયમા ભાંડી! બેસવું દિવસ પછી બધાં માણસોમા શાંત પડ્યાં, પોતપોતાના કામે લાગ્યાં અને હસતાંગાતાં થઈ ગયાં. પછી જેમ્એમ દિવસો જતા ગયા તેમતેમ મા વગર ટૉલ્સ્ટૉયને બધું સૂનુંસૂનું લાગવા માંડ્યું, અને એનાથી રડવું રોકાયું નહિ!

ટૉલ્સ્ટૉય જેવા ગદ્યવિર, સામે પોતાની મા ભરેલી પડેલી હતી તે વખતે કંઈક બાવાનું મન થયું હતું, એ વાત પર સામાન્ય માણસોનો વિશ્વાસ પણ નહિ બેસે ટૉલ્સ્ટૉયે પોતે એ કહ્યું એટલે ઠીક થયું. નહિતર ને આજ વાત અમારા જેવા કોઇએ કરી હોત તો અમે કહત જ ગણ્યા હોત!

અનુવાદક: **માલતી જોષી**

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : ગૌતમ પી. દેસાઈ, હાઈસ્કૂલ શેરી સગરામપરા, સુરત

Alta, Iowa,(U.S.A.)
૨૮મી સપ્ટેમ્બર ૧૯૪૬

પ્રિય ગૌતમ,

આજ સવારે તમારો પત્ર મળ્યો. આભાર !

આપણે અહીં વરસાદ પડી રહ્યો છે. ઋતુ કેની અનિશ્ચિત બની ગઈ છે ! એક દિવસ વરસાદ પડશે તો બીજે દિવસે સરસ તડકો નીકળશે. ગયા અઠવાડિયામાં ઉષ્ણતામાન ૭૭ થી ૮૨ ડિગ્રી સુધીના ગાળામાં બદલાયા કર્યું હતું. કદાચ આજ સાંજે હિમ પણ પડે.

અમારી એમેરિકન સરકાર વિષે હું તમને ચાહિતી આપું. અમારી સરકાર બે સભાઓની બનેલી છે: એક 'સેનેટ' અને બીજી 'હાઉસ ઑવ રેપ્રિઝેન્ટેટિવ્ઝ.' આ બન્ને સભાઓને 'કોંગ્રેસ' કહેવામાં આવે છે. સેનેટમાં ૯૬ સભાસદો હોય છે, જેમાં દરેક સ્ટેટ (પ્રાંત) બબ્બે સભાસદો મોકલે છે. હાઉસ ઑવ રેપ્રિઝેન્ટેટિવ્ઝ ૪૩૫ સભાસદોનું બનેલું હોય છે. તેમાં દરેક પ્રાંતમાંથી વસતિના પ્રમાણમાં સભાસદો મોકલવામા આવે છે. અમારો આયોવા પ્રાંત ૮ સભાસદો મોકલે છે. સેનેટના સભાસદો (સેનેટર્સ) ૬ વર્ષ માટે અને હાઉસ ઑવ રેપ્રિઝેન્ટેટિવ્ઝના બે વર્ષ માટે ચુંટાય છે. બન્ને સભાઓની ચૂંટણીઓ સમ વર્ષ (Even numbered years) ના નવેમ્બરના પ્રથમ મંગળવારે થાય છે. અમારા પ્રેસિડેન્ટ (પ્રમુખ)-ની ચૂંટણી દર ચાર વર્ષે થાય છે. હવે પછીની પ્રેસિડેન્ટની ચૂંટણી ૧૯૪૮મા થશે.

અમેરિકાના લોકો સામાન્યરીતે નોકરો રાખતા નથી હોતા, કારણ કે સૌ કોઈ પોતાનાં કામ જાતે કરી લેવામાં તે અભિમાન લે છે. આ સાધનોને લીધે ગૃહિણીઓ તથા એકૂતેનું કામ ઘણું સહેલું બન્યું છે. હમણાં થોડાં વર્ષથી અમેરિકામાં 'ફ્રન્ટિયર' નામની સંસ્થા ગામડાંનાં યુવક-યુવતી અને વધુ કાર્યક્ષમ કરવાનું તથા જવાબદાર નાગરિક બનાવવાનું શિક્ષણ આપવા માટે સ્થપાઈ છે. ગામડાંના ૧૦ થી ૨૧ વર્ષના કોઈપણ કુમાર-કુમારી તેના સભ્ય થઈ શકે છે. આ સંસ્થાના કાર્યવાહ કારોબારી સમિતિ પસંદગીના હોદ્દે છે અને એજન્ટો (કાર્યકરો)ને તૈયાર કરે છે. આ કાર્યકરો દરેક ગામડામાં જઈ વર્ષમાં બાર વખત શિક્ષણસત્ર ભરીને તે દ્વારા સ્થાનિક કાર્યકર્તાઓ તથા દરેક કલબનાં-બબ્બે કુમારીઓને શિક્ષણ આપે છે, અને એ સર્વમાં તૈયાર થએલાં સભ્યો પછી પોતાના ગામડામાં બાઇમાં સભ્યોને 'ફ્રન્ટિયર' કલબની માસિક સભાઓ દ્વારા પોતાને ગળેલો અભ્યાસ શીખવે છે. આ સંસ્થા પ્રોફેશનોને રસોઈનું, પોશાકનું સાચવણીનું, ઘરનું, ગુંથણનું, ઘરકેળી રીતે કુશળતાથી ચલાવવું તથા આરોગ્ય કેમ સાચવવું તેનું, વગેરે ગૃહિણીને આવશ્યક શિક્ષણ આપે છે. વળી દુખીદોડ્યા, માસ-કુટુમ્બ-કબીલા-સુધારણા તથા ધાન્ય-પોષાકનું પણ શિક્ષણ આપે છે. મેં મારા ગામની કલબના મંત્રી, ખજનચી તથા કુશલસ્વરના હોદ્દાઓ ભોગવ્યા છે અને આ વર્ષે હું અમારી જિલ્લા કલબની ફેડરેટર છું. ગયા વર્ષે લગી હું લોકલ કલબની રીપોર્ટરને હોદ્દે હતી. યુદ્ધ સમયમાં આ 'ફ્રન્ટિયર' સંસ્થાનાં કુમારકુમારીઓએ યુદ્ધ પ્રયત્નોમાં અમૂલ્ય મદદ કરેલી. તેમણે 'વૉર બોન્ડ' અને ટિકિટો વેચી, નકામી ધાતુઓ, કાગળો તથા બીજી વસ્તુઓ ભેગી કરી, ઉતરેલાં કપડાંની ગાંસડીઓ બાંધીબાંધીને બીજી જરૂરવાળી પ્રજાને આપે મોકલી, ખેતરો વાવવામાં મદદ કરી. બાળાઓ કામ કરતા જાય ત્યારે તેમનાં નાનાં બાળકોની સંભાળ રાખી. અને હડી તથા માંસ વધુ ઉત્પન્ન થાય તે માટે અથાક પરિશ્રમ કર્યો. એકલિંગી અને આત્મિયપ્રકૃતિવાળી એ આ સંસ્થાનું મુખ્યત્વ તત્વ છે. એ સંસ્થાનું 'ધ્યેયવાક્ય છે: 'Lose Myself—અડાદ ઢાંકપા વિના; હારી જવું-નિરાશા પ્રગ વિના' (Win without bragging, lose without crabbing). અમેરિકા સરકાર તથા બીજી દેશો પણ આ ધ્યેયવાક્યને રાખે તો ઘણું વધારે સારું કરી શકે. આશરી આ 'એ-એજ' કલબ દ્વારા મને તો એટલું શીખવાનું મળ્યું છે કે મને બીજે ક્યાંય ન મળત.

તમારો મિત્ર,
ફ્રેડરિક (Carroll)

'એક શરમાવનારી બીના'ના અનુસંધાનમાં

ગયા અંકમાં 'એક શરમાવનારી બીના' પ્રગટ થયા પછી ઘણા પત્રમિત્રો તરફથી એ વિષયના અંધન કરવાની વિનંતિ કરતા પત્રો, આવ્યા છે. તેની સાથેસાથે કેટલાક વાચકો તથા પત્રમિત્રોએ બીજા કેટલાક એવા બનાવોની આપને જાણ કરી છે. એ નીચે પ્રમાણે છે:

અમને એક 'કુમાર'પ્રેમી બાઇએ ખબર આપી કે 'ગોળાણી ચોધરી, ઝાલાવાડ મેડિકલ સ્ટોર્સ, વઢવાણ કેમ્પ' એ સરનામું મોકલનાર યુવતી નહિ પણ એક ભાઈ છે તરત આપે તે બાઈના પિતાજીને કાગળ લખતાં તે બાઈનો જવાબ આવ્યો કે, 'વિદ્યપ્રગુજનતા અહસ્કાર સિવાય કશ આનંદને ખાતર જે આ ચળવળ કરી છે. પણ હવે તેનાથી પરતો પસ્તાઉ કું અને તે બદલ માફી માગું છું.'.

કમાંચોથી બે બાઇઓ લખે છે, 'બાળકજનતાનું કુમારકુમારીઓને વિચ્છેબુદ્ધનો રોગ લાગ્યો છે. સારી વાત છે. પણ જેનાથી બધી માનવતાની હાંસી થાય એ કદી રીતે ખમવી ? ઘણા યુવકો બહેનોને નામે પત્ર લખી સામી વ્યક્તિને ખબાવીનો આનંદ માણે છે; તો વળી કેટલાક યુવકો બહેનનું નામ ધારણ કરી નામ કમાવે છે. જરાતનું યૌવન ત્યાંનો શો આનંદ મેળવે છે તે અમે સમજી શકતા નથી. એમાં શી બહાદુરી કે લાભ છે ? કુદરતી એ તો પાશવ વૃત્તિ છે. ક કશા સિદ્ધિયો, સ્ટેનોગ્રાફરે, ઈશ્વર્ય કેરજ પૂરતિયન, નિર્ણાતરો. કમાંચો-રુબેનું જે સરનામું પ્રસિદ્ધ થયું છે તે બાળતત્વોસ કરવાની ઊમ આવમ પડ્યું છે કે તેવાં કોઈ બહેન તે કેપ્રદીપાં નથી.'

તે જ પ્રમાણે બિલાસપુરથી કોક બાઇનો કાગળ છે કે, 'કુમાર'માં કું. કુથારેની બાદે C/o બી.જી. બાદે. કી એમ પી.. બિલાસપુર એ સરનામું વાંચી તેમને પત્ર લખ્યા બીજે દિવસે તે ગાડી હુકને આવી પહોંચ્યાં. અને તેમને મારો પત્ર બતાવી કહ્યું કે 'એ ભાઈ' નાના 'કુમાર'માં મોકલ્યું નથી કોઈ યુવકે ગરજરી કરવા મોકલ્યું હોવું જોઇએ.' બિલાસપુરથી વળી બીજા એક ભાઈ લખે છે, 'કુ. નિર્મળા પેલાણી C/o અમરચંદ જમનાદાસ, જમનાલ બજાર, બિલાસપુર એવું સરનામું 'કુમાર'માં આવ્યું છે તે પોતે બહેન નહિ પણ ભાઈ છે.'

કલોલથી એક બાઇનો પત્ર આવ્યો છે તે જરૂરી કલજ્ઞતાથી ભરેલો છે તેટલો જ આનન્દી ઊગતી પ્રજાના વિકૃત માનસોને નિદર્શક છે. તે બાઇ લખે છે, 'આકે નામ 'કુમાર'માં છપાયા પછી એક દિ- વસ મારા પર એક ચિઠ્ઠિ વજરનો પત્ર આવ્યો. તેથી મારે બધુ જાણવા પોસ્ટમાં ભરવા પડ્યા. કાગળ મારા વડીલ બંધુએ વાંચ્યો.

એદર ત્રણ ખરાબ વાક્યો લખેલાં હતાં અને નીચે 'રસીલા છ. શાહ' એવી એક છોકરીની સહી તથા સરનામું હતું. તે સરનામે મેં તરત કાગળ લખ્યો કે 'આપ આવાં અયોગ્ય વાક્યો લખો એ સારું નથી.' ત્યારે મારા પર જવાબ આવ્યો કે, 'હું એક યુવતી નહિ પણ યુવક છું. મારું નામ રસિકલાલ જ. શાહ છે. પરંતુ મારા કોઈ દુષ્ટ મિત્રે મારફરી કરવા રસિકને બદલે રસીલા કરીને તમને વગર ટિકિટે પોસ્ટ મોકલી મારફરી કરી છે.' આ પ્રસંગને લીધે મારે મારા વડીલ-બંધુના રોષ ખમવો પડ્યો. તેથી હું બને તો આ વિભાગ કાઢી નાખો અથવા આવું ફેરી ન થાય તે માટે પગલાં લો.'

આ બનાવો તે લોગની પ્રજ્ઞના માનસની પારાશીશી હોય તો તે ખરેખર અત્યંત દુઃખદાયક છે. પણ અમે માનીએ છીએ કે આગમાં જેમ ઉકરડો હોય તે પ્રગાઢે કેટલાક સ્વરુઢી 'કુમારો' જ આવાં ક્ષુદ્ર કાર્યો કરતા હોવા જોઈએ. અને ઉકરડાને જેમ સાફ કરવાની સગાજની ફરજ છે તેમ આવા કુમાર્ગે ચડી ગએલા યુવાનોને કઠોરા પાઠવાની જવાબદારી બધા સત્પ્રવૃત્તિ પ્રાગાત્મિક પત્રમિત્રો તથા વાચકો પર છે. તેઓ આ બાબત ચાંપતી નજર રાખી અમને ખબર આપતા રહેશે અને આપણી પાસર બનવા બેઉલી ઊમરી પ્રજ્ઞની આ બદી કાઢવામાં મદદ કરશે એવી અમે આશા રાખીએ છીએ.

પરદેશનાં પત્રમિત્રોનાં સરનામાં

(નીચેનાં સરનામા 'કુમાર'માં વાંચ્યા હોવાનો ઉલ્લેખ કરવો.)

(1) Mahmoud Moh. Orbi, P. O. Box No. 13, Damletia (Egypt)-age 17; (2) E C. Absalonsen, Caixa Postah 5911, 5 AoPaulo, Brazil-age 25; (ઉલ્લેખ: મણિલાલ વેલજી કોઠારી)

(1) Vladimir Rabalka, Praha xii, Hradesinka 17; czechoslovakia; (2) Miss Alena Havlickova, Praha xv Na Dobesic U Dubu, czechoslovakia; (3) Miss Dagmar Teringlova, Praha Xix, Vitezne Nam 4, czechoslovakia; (4) Boris Patera, Zlonice 160, Okres Slany, czechoslovakia; (5) Jiri Fodor, Praha xii, Londynska 50, czechoslovakia. (ઉલ્લેખ: શાન્તિલાલ સાવરીયા)

(1) Sabre Alphonse (2) Lecas Raymond (3) Dumur Claude (4) Debrive Ge'rard (5) Heysen Jean (6) Bocquet Claude (7) Vers Gup (8) Mansuvries Jacques (9) Leroy Michel (10) Leclere Pierre (11) Maricoux Gilbert (12) Petit Doriel. ઉપરના બારે જણનું સરનામું: Ecole Normale d' Instituteurs Arras (Pas-de-calais) France. (ઉલ્લેખ: જયકુમાર વસાવડા)

નવાં હિંદી પત્રમિત્રો

(૨૮૯) પ્રવીણ આર ગજેતા, કે. દ્વારકાદાસ જીવણદાસ, ૧૮૯, કાલબાદેવીરોડ, મુંબાઈ-૨-૧૬, પ્રવાસ,વાચન,ચિત્રસંગ્રહ; (૨૯૦) લલિતકુમાર પરીખ, ૪હેદર બરની, ઉપલે માળે, સિકંદ્રાબાદ-૧૭, સાહિત્ય, ચિત્રકળા;(૨૯૧) કમલાપતિ ગુરુકલ, ઝવિંદ્ર, ચલકાપરી, પ્રો. બેનારા (વેડોદરા પ્રાંત)—૨૦, ટિકિટસંગ્રહ, સંગીત, ચિત્રકળા; (૨૯૨) ઈન્દ્રકુમાર ત્રિવેદી કે ઓ સી. ત્રિવેદી, વાલજી ધનજીના મકાનમાં, ગોદીના, (રાજકોટ પ્રદેશ)—૧૯, સાહિત્ય, કાવ્ય; (૨૯૩) જગદીશ કાન્ત ઠક્કર, કે. કે. પી. ઠક્કર, ગોદીના (રાજકોટ પ્રદેશ)—૧૮, સાહિત્ય; (૨૯૪) રમણભ૮ દેસાઇ, કે. આર. ડી. દેસાઈ, ફેદરામજન, અગાવસાટ—૧૬, સાહિત્ય, ટિકિટસંગ્રહ; (૨૯૫) કુમાર આર. વર્ધાત, રાવલ બિલ્ડિંગ-૨, ૪૧૮ લેમિંગ્ટન રોડ, મુંબાઈ-૪—૨૧, ચિત્રકળા, ચામાડા-કામ, ફોટોગ્રાફી,પ્રવાસ; (૨૯૬) કુ. ગોપા ઝેન. યાન્ત્રિક, કે. એન. બી. યાન્ત્રિક, ૩૬ ગાંધી ચાલ, લૅમિંગ્ટન રોડ, કરાંચી—૧૬, ટિકિટ-સિક્કા-એંચલેબલ સંગ્રહ, ચિત્રકળા; (૨૯૭) ભોગીન્દ્ર વિ. રાવળ, દેણુપ, તા.વિસનગર,વાયા મહેસાણા (ગુજરાત)—૧૯, ટિકિટસંગ્રહ, પ્રવાસ, સાહિત્ય;(૨૯૮) નરેન્દ્ર પ્ર. આચાર્ય, ગઢિયાળા, વિસનગર—૨૨, ટિકિટસંગ્રહ,લાઈ, સંગ્રહ; (૨૯૯) રમેશ આર. દેસાઈ, કે. રણછોડજી લીમભાઈ દેસાઇ, સર્કલ ઇન્સ્પેક્ટર, સગરામપુરા, કોપરસ રોડી, સુરત—૧૬, ટિકિટ, ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી; (૩૦૦) બાબુલાલભાઇ રતનાભાઇ પટેલ, આશી, તા. બોરસદ, વાયા આણંદ—૨૧, ક્રિકેટ, તરવું, ચાંદીબાજ; (૩૦૧) સુરેશચન્દ્ર માણેકલાલ પરીખ, કે. માણેકલાલ હરિલાલ પરીખ, નવા ગંજ, હાનપુર (મ.પ્રા)—૧૩, ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ, સાહિત્ય; (૩૦૨) ઉત્તમલાલ ડી. મોસ્ત્રી, કે. દયારામ બી. મોસ્ત્રી, ડૉ. સરાફની ચાલ, મતાર પાંખડા રોડ,ગઝગાંવ, મુંબાઇ-૧૦—૧૯, સાહિત્ય, પ્રવાસ, ચિત્રકળા; (૩૦૩) મનહરકુમાર શાહ, કે. ચુનીલાલ જગરાજ શાહ, પરામા,બોદાદ—૧૫,ટિકિટ-એંચલેબલસંગ્રહ; (૩૦૪) હસુબાઈ વૈદ્ય, છ.ડી નિશાલય, વડનગર(ઉ.ગુજરાત)—૨૦, પત્રકારત્વ, લલિતકળા;(૩૦૫)ઈશ્વરચન્દ્ર એન. મિસ્ત્રી,તુળશીવાડી, ટ્રાગ નાકા પાસે, ગઝગાંવ, મુંબાઇ-૧૦—૧૯, સીને-ફોટાગ્રાફ, સંગીત, નૃત્ય; (૩૦૬)ન્યાલચંદ ઓસ શાહ,કે. રતિલાલ લાલચંદ શાહ, લાણસદાસતની પોળ, ગોલવાડ, ખાડિયા, અમદાવાદ—૧૮,તરવું; (૩૦૭) તનુ ઠાકર, પોસ્ટઑફિસ, એન્ટર—૨૭૦—૧૫, ટિકિટ-એંચલેબલ સંગ્રહ; ફોટોગ્રાફી, (૩૦૮) સુધાકર, કે. ઇમેરર્ધ ઓ. વકીલ, ક્લેરોડ,વડગાંબુ કેમ્પ-૧૩,ટિકિટસંગ્રહ,ફોટોગ્રાફી, સંગીત,(૩૦૯) ચન્દ્રકાન્ત પંડ્યા, કે.આર.ડી. પંડ્યા,૧૯૬ નરશી નાથા સ્ટ્રીટ, ગ્રાંથ માળ, ભાત બજાર, મુંબાઈ-૯—૧૮, હળા, કારીગરી, સંગીત, (૩૧૦) ક્રાતિલાલ ઓ. કુવાડીઆ, ગંગા મેન્શન એસ્ટેલમ રોડ, આર. લાલ બાગ, કરાંચી—૧૯, ફોટોગ્રાફી; (૩૧૧) પ્રતીબકુમાર વિ. મેહવાન, ગાંધી પોળ, કરમસદ, છ-ખેડા—૧૮, સંગીત; (૩૧૨) વાસુદેવ કે. મેશી, ૮ એ બ્રિજદુલાલ સ્ટ્રીટ, લલ્લકાં ને. ૬—૨૮ હરસ્તરેખા, વિજ્ઞાન, સંગીત; (૩૧૩) કેશવજી જીવરાજ શાહ, કે. લાલમિત્ર મંડળ ૨૫ રોરવાડી, પો. માટનચેરી (Mattancherry), કોચીન—૧૮, સંગીત, ફોટોગ્રાફી; સરનામું અમેજીમાં; (૩૧૪) ઈશ્વરલાલ બે. પરોહિયા, ગોવાકલી, વિરગામ—૧૬, ટિકિટ—એંચલેબલસંગ્રહ; (૩૧૫) વિરજુચન્દ્ર સોમનાથ મેશી, ૧૪૭૩ કોલ-ઈઆની પોળ, સારંગપુર, અમદાવાદ-૧૭, સંગીત, ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી; (૩૧૬) બાલકૃષ્ણ મેશી, મેઘાણી રોડ, બોદાદ—૧૫, વિજ્ઞાન, વિવિધબાબા શીખવાનિ; (૩૧૭) સૂર્યકાન્ત મણિલાલ ગાંધી, બી કોમ્પ્. પંડ્યા પોળ, ગદ્દેમદાવાદ (ખેડા જિલ્લો)—૨૫, ચિત્રકળા, રંવાજારી-સંગ્રહ; (૩૧૮) પ્રદ્યુમ્ન ચુનીલાલ ગદેતા, ૬૪૪ નાથરોડ, રાયપુર, અમદાવાદ—૨૦, સંગીત, પ્રવાસ; (૩૧૯) યશવન્તરાય ઊમિયાશંકર હવે, પો બો. નં. ૨૩૬, ઝાંઝીબાર (પૂર્વ આફ્રિકા)—૧૭, ટિકિટ સંગ્રહ, સિક્કાસંગ્રહ; સરનામું અમેજીમાં; (૩૨૦) દિનતલાલ શાહ, મોસાર બાજ પાસે, લખનઝર (કાઠિયાવાડ)—૨૫,સંગીત, વાચન;(૩૨૧) બળવંતકુમાર છગનલાલ મેશી, કે. ૨૮૬૮ ટિન્પેન્સરી, રટ્ટેનગરોડ, સીદોર (કાઠિયાવાડ)—૧૬, સંગીત, મુસાકરી; (૩૨૨) પ્રતીબ્રુમ્નકુમાર એમ. ગાંધી, કે. મંગળદાસ આર. ગાંધી, મકૂ૬ શાન્તિનાથની ખડકી, હાલ પરેલની પોળ, કાળુપુર, અમદાવાદ—૧૫, ટિકિટ-સિક્કા-એંચલેબલસંગ્રહ;(૩૨૩) બાબુલાલ છોટાલાલ પટેલ, બી.એસ.સી., કોદરીપોળ, વડોદરા—૨૫,

ટિકિટસંગ્રહ, વિજ્ઞાન, પ્રવાસ; (૩૨૪) અબ્દુલ રહમાન મહમદભાઈ પઠાણ C/o. ધી ઓગ. જી. ઇન્ડસ્ટ્રિઝ, પો. ૬૬, હાલોલ (પંચમહાલ) —૧૧, સંગીત, ચિત્રકળા, ક્રિકેટ; (૩૨૫) દીનેશ ભીખે, C/o. East Bhuggotdih Colliery Jharia (Manbhum) ઝરિયા, (માન ભૂમ)—૧૧, ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી, ચિત્રકળા; (૩૨૬) મનુ એમ પટેલ, કે. એમા. જી. પટેલ, રેસમ્ડ ડુસલ મિલ્સ, થાણા—૧૭, ટિકિટસંગ્રહ, મેગલેબ્રહસંગ્રહ, ફોટોગ્રાફી; (૩૨૭) હરકાંઈ બી. ગાંધી, લગ્નગીત રેડા, વિજય કુંજ, રાજકોટ—૨૦, સંગીત, બાલ-પ્રવૃત્તિ; (૩૨૮) હેમુ મૂકુંદભાઈ, ૩૭૪૦ ગાંદરેવાળો ખાંચો, કાલુપુર ટાંકો, આરેટાઉઝા રોડ, અમદાવાદ—૨૨. રિકેપ, ચિત્રકળા, સ્ટેજ સાહિત્ય; (૩૨૯) શાહ અંબાલાલ નરિચંદભાઈ, કે. આર ડી. ઢાકણ્યાત, કડી, (કે. ગુજરાત)—૧૩, પ્રવાસ, ફોટોગ્રાફ; (૩૩૦) નાગરદાસ દામોદર મહેતાની, દામોદર બાલજીના મકાનમાં, વલેશ્વરી પારો, માળિયા હાટીના (કાઠિયાવાડ)—૨૦, ગદ્યાપદ્યોના ફેનાગ્રેમ્સ, સંગીત, પર્યટન; (૩૩૧) રમેશચન્દ્ર મોરારજીભા વિવેદી, કે. મોરારજીભા જે. ત્રિવેદી, વલેશ્વર, માળિયા હાટીના (કાઠિયાવાડ) —૨૦, પોસ્ટાલસંગ્રહ, ટિકિટસંગ્રહ; ઓટોગ્રાફસંગ્રહ; (૩૩૨) લક્ષ્મી-દાસ તુ નંદાણી, કે. તુલસીદાસ નરશીદાસ, નરશીદાસ નાનજી લિમિટેડ, નવાપુરાની સ્ટ્રીટ, કરાચી (સિંધ)—૧૧, પોસ્ટેમ્પસંગ્રહ પર્યટન; (૩૩૩) રજનીકાન્ત શાહ, કે મગનલાલ એસ. શાહ, ૧૨ પખવાડા ભુવન, દરિયાલ સ્ટ્રીટ, દેરાણ બન્દર, કરાચી, ૧-૧૭, ટિકિટ-મેગલેબલસંગ્રહ, પર્યટન; (૩૩૪) મોગલલાલ પ્રેમજી ઓઝવિયા કે. પ્રેમજી બ્રધર્સ, નાનો નાકરવાડો, પોરબંદર—૧૮, સાહિત્ય, ક્રિકેટ.

નવાં હિંદી પત્રમિત્રોને સૂચના

'કુમાર'ના ગયા અંકમાં 'પત્રમિત્ર જોઈતા હોય તો' એ મથાળા હેઠળમાં પોતાનું નામ, પૂરું સરનામું, વય, શોખ ઇત્યાદિ માહિતી લખ્યા પછી તે જ કામળાંમાં સૌથી નીચે પોતાના વાલીની સહી તેમના હસ્તાક્ષરની હોવાની અને પત્રો જ તે કામળ આપી ઉપર મોકલવા' એવો સ્પષ્ટ નિયમ પ્રસિદ્ધ થયા છતાં ય આ માહિતીમાં આવેલા નવા પત્રમિત્રોના ઘણાખરા પત્રોમાં વાલીની સહી કરાવેલી નથી. આથી તેમનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં નથી

વળી, કેટલાક પત્રમિત્રો પોતાનું ખરું નામ ન જણાવતાં કોઈ તખલ્લુસ આપ્યા જેવું જ નામ જણાવે છે' આ વાત પણ બરાબર નથી. કેટલે પોતાનું પુરું, સાચું નામ (પિતાના નામ તથા અટક સાથે) જણાવવું આવશ્યક છે, કેટલાક વળી પોતાના ઘરનું સરનામું ન આપતાં નિશાળનું કે દુકાનનું સરનામું આપે છે. આ પણ બરાબર નથી. કારણ પોતે રહેતા હોય તે ઘરનું જ સરનામું જણાવવું જરૂરી છે. આ બાબતોનું પાલન નહિ થયું હોય તેવા પત્ર પર પણ ધ્યાન નહિ અપાય.

કેટલાક પત્રમિત્રોની એવી ફરિયાદ આવે છે કે 'અમે કેટલા પત્રમિત્રો પર કાગળ લખ્યા છતાં યે તેમના તરફથી કંઈ જવાબ નથી મળતો.' આ પણ ઘણું અયોગ્ય છે પત્રમિત્ર તરીકે તમારું નામ એક વાર અંદર કર્યા પછી તમારા ઉપર આવેલા પત્રોનો જેમ બને તેમ જલદીથી જવાબ આપવાનું તમારા માથે નૈતિક બંધન રહે છે.

કસોટી

બુદ્ધિને કસતા બેઠા પ્રશ્નો આ નીચે આ આપ્યા છે. પ્રયત્નને અંતે તમે કોકડી ન શકો તો ઉત્તરો નીચે જ આપ્યા આપ્યા છે.

(૧) એક બરવાટ પોતાનું પેટાનું ટોળુ લઈને જતો હતો. તેને એક માણસી પછ્યું કે તારા આ ટોળામાં કેટલાં પેટા છે? તો બરવાટે જવાબ આપ્યો કે 'જ્યારે હું પેટાને બબ્બે, ત્રણત્રણ, ચારચાર, પાંચપાંચ, અને છકના સમૂહમાં ગણું છું ત્યારે દર વખતે એક પેટું વધે છે, પણ જ્યારે સાતસાતના સમૂહમાં ગણું છું ત્યારે એક પણ પેટું વધતું નથી. તો તે બરવાટ પાસે આશરામાં આછા કેટલાં પેટા હશે?

(૨) જેની બે સંખ્યા, શોધી કાઢો કે જેમનો સરવાળો અને ગુણાકાર બંને સરખાં જ છે. (દાખલા તરીકે ૨+૨=૨+૨) હવે તે-ગાંતી એક સંખ્યા છને ૧૬ ની વચ્ચે આવેલી છે અને પૂર્ણાંક છે. બીજી સંખ્યા ૪ ને ૧ ની વચ્ચે આવેલી છે અને તેમનો દ્વારાકાના નાનકડા દ્વિરસાત્રો સમાવેશ થાય છે. તો તે બે સંખ્યા કઈ? શોધી કાઢશો?

(૩) આ પદ્યમાનું ચિત્ર દોરાનું છે?

(૪) એક ચોર પરમાંથી ઘરેણાંની પેટી ચોરીને ભાગેડો. પરનો માલિક જાગી ગયો અને ચોરની પાછળ પડ્યો. ચોર નાસતો નાસતો એક તળાવને કાંઠે આવ્યો. બંનેએ તળાવનું ચક્કર મારવાનું શરૂ કર્યું ત્યારે ચોર તળાવનાં એક કાંઠે હતો, ત્યારે માલિક બરાબર સામે કાંઠે હતો, હવે માલિકને એક ચક્કર પૂરું કરતાં ૧ મિનિટ થાય છે ત્યારે ઘરેણાંના બારણે લોથી ચોરને ૮૦ સેકન્ડ થાય છે. તો માલિક તળાવ-નાં કેટલાં ચક્કરને અંતે ચોરને પકડી પાડશે?

(૫) ત્રણ મોટરો રેસિંગ માટે ઊભી છે. તેમના માલિકો હીરાચંદ, અંબાલાલ તથા સુરેન્દ્ર એ રેસિંગ જોવા માટે દૂર ઊભા છે. મોટરો ઉપર (૧), (૨) અને (૩) એવા નંબરો ચોડેલા છે. રેસિંગ ગરૂ થતાં જ (૧) નંબરની મોટર તો ભાંગી પડી. સુરેન્દ્રની મોટર લાલ રંગની હતી. (૨) નંબરની મોટરે આ પહેલાં પણ દસ દસ દફનર રેસિંગનાં ઇનામો મેળવ્યાં હતાં. અંબાલાલે રેસિંગમાં પોતાના પૈસા ગુમાવ્યા, એમ તેની મોટર જતવાની આશા પર આશા હતી. હીરાચંદે પોતાની મોટર પહેલી જ વખત રેસિંગમાં ઉતારી હતી. જે મોટર લગી આ તે ભૂરા રંગની હતી. આ માહિતી ઉપરથી તમે વિજયી બનેલી મોટરનો નંબર તથા માલિકનું નામ શોધી કાઢશો?

(૬) આ નીચે કેટલાક સામાન્ય જ્ઞાનના પ્રશ્નો છે. તેનો જવાબ-માં તમે એક કામળના ટુકડા પર કમવાર 'હા' કે 'ના' લખી લેા અને પછી નીચે આપેલા જવાબોને સાથે તે સરખાવી જુઓ. તમારી કસોટી થશે (૧) મનુષ્ય એક કેટલાથી જીવી શકે? (૨) ૧૭૬ વર્ષ ૧૦૦ બખત ૧૭૦૦૦માંથી બાદ કરી શકાય? (૩) બરફ સાથે ટ્રોચેરમ બનેલા ખાલામાંનું પાણી, તેમાં તરતો બરફ પીગળતાં પેલું ખાલામી બહાર ઢોળાઈ જશે? (૪) સૂર્યે ઉગતાં કોકડો કરતાં સિયાળામાં પૂર્વેથી વધારે પાસે દેખાય છે (૫) કાળોમેરા કોકડાને ને ચમકદાર હીરા એ બને સાસાયનિક દૃષ્ટિએ સરખાં હશે? (૬) હવા મુખ્યત્વે પ્રાણવાયુની બનેલી છે એ વાત ખરી? (૭) માણસી કૂવે છે ત્યારે આંખો મીંચી દે છે એ ખરું?

(જુલાઈ ૧૯૪૭) ૨૨૬

બાલુડાંની

નાથાલાલ દવે
(જન્મભૂમિ)

જરો દિવસો અને વેંતોળ આ વસમા રમી જશે,
હજી અગાને યક્ષાન, તમને તગારી ભૂલ સમજાશે;
ચઢવા જે ચરમ પર પડળો ઘસાઇને થશે ઊંચા,
જુંસાશે બેઠ આ ભારે અને સૌ આવશો પાછા.
છતાં અઠ્ઠાસીસા કે, દોરતો, રહું આજે જિગર ઝૂરી,
ગુર્યાનિ હાથમાં હાથો મત્રક કરવી હતી પૂરી;
નિરાશાની કદના કમે ધર્યા ને હોત સંગાથે,
પ્રપંચી જે પરાયાં તે ચલી બેસત નહિ માથે,
અને નિર્ગાણ કે નવલાં રચન આપણ ગળા સાથે.

ત્રિખંડખ્યાત વિદ્વાન સ્વ. ધર્માનંદ કોસંબી

ગયા જૂન માસની ચોથી તારીખે આચાર્ય ધર્માનંદ કોસંબીની અવસાનથી હિંદે બૌદ્ધ ધર્મના એક સમર્થ અભ્યાસી, પાલી ભાષાના પ્રખર વિદ્વાન તથા પુનરુદ્ધારક અને પ્રાચ્યવિદ્યાનુરાગી સેત્યશીલ સાધુપુરુષ ગુમાવ્યા છે. આ મહાપુરુષનો જન્મ મહારાષ્ટ્રમાં કોસંબી ગામે (ગોવાગા) ઈ. ૧૮૭૬ ના ઑક્ટોબરની ૯ મીએ થયો હતો. ૨૩ વર્ષની યુવાન વયે બૌદ્ધ ધર્મ તરફ તેમનું આકર્ષણ થયું અને તેનું યથાર્થ જ્ઞાન મેળવવા ભગવાન બુદ્ધની માફક તેમણે પોતાના ગૃહ તથા પ્રિય પત્નીના ત્યાગ કર્યો. પ્રથમ કાશીમાં રહી ત્યાં સસ્કૃત ભાષાનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યા બાદ તેમણે ભગવાન બુદ્ધની જન્મભૂમિ લુંબિયા (નેપાળ) તથા બુદ્ધ ગયાની યાત્રા કરી. ત્યાંથી પાલી ભાષાનું જ્ઞાન મેળવવા તે લંકા ગયા અને ત્યાં એ ભાષાના વિદ્વાન પંડિત મહાસ્થવિર સુમગલાચાર્ય પાસેથી તેનું સર્વાંગસંપૂર્ણ જ્ઞાન મેળવ્યું. પછી તેમણે હિંદ તથા બ્રહ્મદેશમાં ફરી બૌદ્ધ તીર્થોની યાત્રા કરી અને બૌદ્ધ ક્ષિક્ષુક્રમ પાસેની બૌદ્ધ ધર્મ તથા ગ્રંથો વિષે ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું. પાલી ભાષામાં તેમણે મેળવેલી અગાધ વિદ્વત્તાને લીધે તેમને કલકત્તા યુનિવર્સિટીનાં તે ભાષાના અધ્યાપક નીમવામાં આવ્યા. એવામાં ૧૯૧૪માં પાલી ભાષાના સંશોધન તથા અધ્યાપન માટે તેમને અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટી તરફથી નિમંત્રણ આવવાથી તે અમેરિકા ગયા. ત્યાંથી પાછા આવ્યા બાદ પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં અધ્યાપક તરીકે તેમની નિમણૂક થઇ, પણ ત્યાં તો અસહકારનો રાષ્ટ્રવ્યાપી જુવાળ ચઢ્યો અને રાષ્ટ્રીય શિક્ષણના તે કાળમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થતાં તેમાં તે યુરોપતત્ત્વ સંશોધન મંદિરમાં જોડાયા...ઈ. ૧૯૨૬ માં લેનિનગ્રાડમા બૌદ્ધ સંસ્કૃતિના અધ્યયનાર્થે રચવામાંથી સંસ્થાનું કાર્ય કરવા રશિયન સરકારે તેમને બોલાવવાથી તે ત્યાં ગયા, પણ ત્યાંનાં હવાપાણી માફક ન આવવાથી તે પાછા આવ્યા એવામાં મીઠાનો સત્યાગ્રહ શરૂ થતાં તેમાં ઉત્સાહથી ભાગ લઈ તેમણે પોતાની જ્વલંત દેશદાઝનો પરચો આપ્યો અને તેને કારણે તેમને જેલયાત્રાની પ્રસાદી મળી. ઈ. ૧૯૩૧ માં ફરીવાર તેમને અમેરિકા બોલાવવામાં આવેલા. ત્યાર બાદ આમ જનતામાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવાના હેતુથી શ્રીમંત સદાશયોના સહકારથી મુંબાઇમાં 'બૌદ્ધજનવિહાર' નામનો એક બૌદ્ધ વિહાર ઊભો કરીને તેમણે મહદ્‌રોમાં લોકકલ્યાણ અને લોકસેવાનું પ્રશંસાપાત્ર કાર્ય કરેલું. દિવસોદિવસે વૃદ્ધાવસ્થા આવની જતાં ૧૯૪૦ પછી તેમણે સારનાથમાં જઈ વાસ કરેલો, અને જીવનના છેલ્લા ૯-૮ મહિનાથી વૃદ્ધાવસ્થાને અંગે તદ્દન જર્જરિત બનતી જતી પોતાની કાયા વિષે તેમને એવો વિચાર આવ્યો કે આ બાંગેલા દેહ દ્વારા હવે ધર્મ કે દેશની સેવા શક્ય નથી તો પછી તેને ટકાવી રાખવાનો શો અર્થ ? અને એ વિચારથી તેમણે અનશન કરીને પોતાના દેહનો ત્યાગ કરી દેવાનો નિશ્ચય કર્યો; પણ મહાત્માજીના આગ્રહથી તે વિચાર મુલતવી રાખી વર્ધા આશ્રમમાં

માસંમાસનાં પંખી
હુડહુડ(હૂપો)
૧૯

આપણે ત્યાંનું બહુ સામાન્ય વનવાસી આ પંખી; છતાં નવાઇની વાત એ છે કે તે આપણી નજરે બહુ ઓછું પડે છે;અને(કદાચ તેથી જ) બીજી નવાઇની વાત એ કે આપણી ભાષામાં તેને માટે કોઈ શબ્દ જ નથી' ઉત્તર હિંદમાં એ 'હુડહુડ' નામથી અને અંગ્રેજીમાં 'હૂપો' નામે ઓળખાય છે તે તો તેની 'હુડહુડ' કે 'હૂ...પો' એવા અવાજવાળી બોલી પરથી.

ત્રીજી આશ્ચર્યની વાત એ કે સમસ્ત પંખી-જગતમાં એક આ જ પંખી એવી અદ્‌ભુત વિશેષતાવાળું છે, કે જેને મનુષ્યમાં કોઈએ ચહેરા ગણતા નથી આવતા,તેમ આ ન્તમાં પણ કોઈએ પંખી ગણતાં નથી આવતાં. દરેક-ની પીઠ૫રના ચટાપટાની ભાત જુદી-જુદી!

કાળાધોળા ચટાપટાવાળી રતુમડી કાયા, લાંબી,પાતળી,જરા વાંકી કાળાશપડતીચાંચ, માથે જ્યાની પંખા જેવી કલગી તથા બદામી રગની આંખોવાળા કાળર ઠેપટા આ પખીને ઓળખી કાઢવું સહેલું છે. વગડામાં ધૂળમાં ફરવું તે ઘણીવાર નજરે પડે છે. ઝીણીમોટી જીવાત ને તીડગોલ્લા વગેરે જંતુઓ તેના ખોરાકહોવાથી તે ખેતીને બહુ કપયોગી છે.

એની ચાલ ગનોદર હોય છે. ભીનુ પંખી માફક કૂદકા મારવું નહિ પણ મનુષ્ય પેઠે ગંભીરતીને ડગલાં ભરવું તેનાથી છે. પણ તેની ખરી શોભા તો તેના માથા પરની કલગી છે. તે ગભરાઇ કે હસ્કેરાઇ જાય યા ઊડવું હોય છે ત્યારે એ પખાની માફક ઉપાડી હોય છે. જ્યારે એ બેઠું હોય છે ત્યારે માથા પર બનેલું બીજી ચાંચ ઊંચી હોય તેવી લાગે છે.

સ્વભાવે એ શાંત નિરુપદ્રવી ને આનંદી છે, અને તેનો સ્વર કર્કશ હોવા છતાં માધુર્ય પ-કવનારો નથી.(શ્રી 'વનેચર'ના લેખ પરથી)

જઈને રહ્યા. પરંતુ તેમના દૃઢ નિશ્ચયને લીધે આખરે ગઢારાજાએ એ પણ સગવડ આપતાં ધીમે ધીમે સર્વ ખોરાક, પછી કૂવાનો રસ અને છેવટે પાણી સુદ્ધાં છોડી દઈ એક યોગીને છાજે તે રીતે, પરમ શાંતિથી, છેલ્લી ઘડી સુધી જાગતા રહીને સ્વેચ્છાએ વર્ષાંમાં મૃત્યુ પામ્યા. સૈસારના સર્વ સંબંધોથી મુક્ત રહી શાન્તિથી નિર્વાણ પામી શકાય એ હેતુથી તેમણે પોતાના પુત્ર-પુત્રીઓ સુદ્ધાંને વર્ષાં આવવા તૌયૈકાં ન હતાં. અને નકી કરેલા દિવસે તથા સમયે દેહ છોડી દેવાનો તેમનો નિર્ધાર હતો. પણ પોતાના અંત સમયે માત્ર કાકાસાહેબ કાલેલકર હાજર રહે એવી તેમની ઇચ્છાનુસાર કાકાસાહેબ સમયસર આવી ન પહોંચવાને લીધે તેમના આવતી સુધી જ બીજા દિવસ સુધી એમનો દેહ ટકી રહેલો.

ધર્મનિષ્ઠજીએ બૌદ્ધ ધર્મ ઉપર ઘણાં નિદ્રાભર્યા પુસ્તકો લખ્યાં છે. બૌદ્ધ ધર્મના અભ્યાસ અંગે એમણે કરેલા જહેમતભર્યા પ્રવાસો અને કયરી અથડામણો આલેખાઈ ચોતાનાં જીવનસંસ્મરણોમાં તેમણે લખેલું 'આપવીતી' પુસ્તક તેમના પુરુષાર્થ, ખંતલક્ષ્યું, નિશ્ચયબળ તથા તેજસ્વી બુદ્ધિ અને ચારિત્ર્યની ઊંડી છાપ વાચક ઉપર પાડે છે. એમણે થી તદ્દન અનભિજ્ઞ હોવા છતાં અત્યંત પરિશ્રમ કરીને તેમણે પાલી ભાષાનું સંશોધન કર્યું એટલું જ નહિ, પણ તેને તથા બૌદ્ધ શાસ્ત્રોને મુનિવર્ગિતાના અભ્યાસક્રમમાં અગત્યનું સ્થાન અપાવ્યું. સાધનો તથા સંયોગો અનુકૂળ ન હોવા છતાં માત્ર તીવ્ર લગની તથા અખંડ તપશ્ચર્યા વડે કેવળ હિંદના જ નહિ પણ જગતભરના વિદ્વાનોમાં એમણે જે માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે તે માટે હિંદ સદા મગરૂબ રહેશે.

'ફૉલિક ઍસિડ'

હાલમાં 'ફૉલિક ઍસિડ' નામના એક નવા વિટામિનની શોધ થઈ છે. તે 'બી' વિટામિનની જાતનું છે, અને લોકો ઘણુંખરા બાળ બચ્ચાંઓમાં તે હોય છે, પણ રાંધવાની ક્રિયામાં તે તરત નાશ પામનું હોવાથી લોકોને તે પૂરતા પ્રમાણમાં મળતું નથી.

આ વિટામિન ઔષ્ટ ઉણ્ય ઔષધિ છે. દરેક જાતના પ્રાણુઘાતક ઍનિમિયાના રોગ ઉપર તથા ઉષ્ણ કટિબંધના જાણીતા રોગ 'સ્પ્રૂ' (સંગ્રહણી) ઉપર તે ખૂબ અસરકારક સાબિત થયું છે. ગર્ભાવસ્થાવાળી સ્ત્રીઓના પાતળા પડી ગએલા લોહીને તે ઘટ્ટ બનાવી દે છે. ઘટપણમાં ઍનીમિયાનો ભોગ થઈ પડનાર લોકોને પણ આને લીધે ઘણી જરૂરી. અર્ધ પોષણ પામતા ગરીબ લોકોમાં પણ એથી નવું ચેતન આવશે. 'ફૉલિક ઍસિડ' શરીરમાં નવું લોહી ઝડપથી નિર્માણ કરવું હોવાથી શક્તિવર્ધક દવા તરીકે પણ તેનો ઉપયોગ થઈ શકે છે.

આ દવાની શોધ બહુ વિચિત્ર રીતે થઈ. ડૉ. વ્યાર્ન મિનોટ તદ્દન દુબળા પડી ગએલા ઍનીમિયાના દર્દીઓને લિવર ઍક્સ્ટ્રૅક્ટ (કલેજાના સત્ત્વ)ને બદલે કાચું કલેજું ખાવા આપવાનો પ્રયોગ કર્યો. તેનાથી, જીભને બેસવાની બેભાનાવા શક્તિ ન હતી તેવા દર્દીઓ ફક્ત બે જ અઠવાડિયાંમાં ચાલતા થઈ ગયા! આ પરથી વૈજ્ઞાનિકોને લાગ્યું કે કાચા કલેજામાં એક એવો પદાર્થ રહેલો છે કે જે શરીરને જીવન આપે છે. ડૉ. મિનોટે આ પ્રયોગની શરૂઆત કરતાં પહેલાં દર્દીના લોહીના પોલાણમાં રહેલો 'મેરેં' (marrow)નામનો પદાર્થ કાઢીને તપાસી જોયો તો તેને જણાયું કે તે પદાર્થ લોહીનાં લાલ કણો બનાવવાનું તેનું કામ જ કરતો ન હતો. આથી તેમનાં લોહીનાં લાલ કણોની સંખ્યા બહુ ઓછી હતી. પણ કલેજું ખવડાવ્યા પછી 'મેરેં'માંથી કણો બનવાની ક્રિયા ખૂબ ઝડપથી બનવા લાગી.

કલેજામાં એવો કયો પદાર્થ છે કે જે આ અદ્‌ભુત કામ કરે છે તે શોધવાને વૈજ્ઞાનિકોએ નીસ વર્ષ સુધી પ્રયત્નો કર્યા. આખરે ડૉ. રોજર વિલિયમે તે પદાર્થ શોધી કાઢ્યો. તે પદાર્થ શાકભાજી લીલા પાંદડાં (foliage)માંથી મળી આવવાથી તેનું નામ 'ફૉલિક ઍસિડ' (Folic Acid) રાખ્યું. વળી એ પદાર્થ આછા, સોયાબીન, આખણ અને શેરડી પ્રમાણમાં કલેજામાં પણ હતો.

પણ એ પદાર્થનું શરીરાયનિક બંધારણ શું છે તથા પ્રયોગશાળામાં તે કેમ તૈયાર કરી શકાય એ હજુ વૈજ્ઞાનિકો જાણતા નહતા. ડૉ. વિલિયમ એલની આગેવાની નીચે ૨૫ વૈજ્ઞાનિકોની ટુકડીએ હજારો પૌંડ ખર્ચ તેનું સંશોધન શરૂ કર્યું અને ૧૬૫૫ના ઑગસ્ટ માસમાં તેમણે 'ફૉલિક ઍસિડ'નું ઘટકારબંધ શોધી કાઢ્યા.

આ ઔષધિ પ્રયોગશાળામાં તૈયાર કર્યા પછી જુદાજુદા રોગોના દર્દીઓ ઉપર તેના પ્રયોગો શરૂ કર્યા. ઍનીમિયાના રોગમાં સપડાએલા ૨૩ દર્દીઓ ઉપર તેનો પ્રયોગ કરતાં તેમાંના ૨૬ જણામાં એક જ વર્ષમાં નવું લોહી ઉત્પન્ન થવાની ક્રિયા પૂરજોસમાં શરૂ થઈ ગઈ હતી. ત્યાર બાદ 'સ્પ્રૂ'ના ૬ રોગીઓ ઉપર પ્રયોગ શરૂ કર્યો. આ દર્દીઓ બિલકુલ હાડકાંનું માળખું બની ગયા હતા, અને ગરબાને વાંકે જ જીવતા હતા, તેમને 'ફૉલિક ઍસિડ' મુખ વાટે મોટા પ્રમાણમાં આપવાનું શરૂ કર્યું પછી ત્રીજે જ દિવસે તેમનામાં એ તંદન દેખાતા માંડ્યું અને ચાઠવાડિયામાં તો તેમણે ચાલવાની પણ શરૂઆત કરી દીધી. તેમની ભૂખ તથા વજનમાંને વધારે આબાદ મૃત્યુના મુખમાંથી ઘરીને પેર ગયા. આ પ્રમાણે ઘણા દેશોમાં ઘણા દર્દીઓ ઉપર પ્રયોગો કરવામાં આવ્યા અને બધા જ સફળ થયા. આમ, આ દવા ઍનીમિયા અને 'સ્પ્રૂ'ના દર્દીઓ ઉપર રામબાણ સાબિત થઈ છે. પણ આ દવાની બાબતમાં એક વાત ખાસ યાદ રાખવી જોઈએ અને તે એ કે કયા દર્દીને કેટલા પ્રમાણમાં આ દવા આપવી એ ડૉક્ટરોની સલાહ પ્રમાણે જ નક્કી કરવું જોઈએ.

(ગુજરાત ૧૯૪૭) ૨૧૪

અદ્‌ભુત ધડ

દુનિયાના ઘણા દેશોમાં વરસાદ ન વરસવાને લીધે અથવા અતિવૃષ્ટિ થવાને લીધે દુકાળ પડે છે અને દુઃખનો લોકો ભોગ પામે છે. આનો કંઈક ઉપાય કરવા માટે રશિયામાં પ્રો. નિકોલાય સ્ત્રિત્સિન નામના વૈજ્ઞાનિકે પ્રયોગો રાજ કર્યા. વરસાદ પડે કે ન પડે, છતાં ધાર્યા પ્રમાણે પાક વર્ષ શકાય એવી અનેક ધડ શોધવાનું તેનું લક્ષ્ય હતું. સતત ૧૭ વર્ષ સુધી આની પાછળ તેણે જબરદસ્ત પ્રયત્નો કર્યા. દેશવિદેશમાંથી ધઉંના જુદાજુદા નમૂનાઓ લાવી તેણે કુલ ૪૪,૦૯૪ પ્રયોગો કર્યા! ધ્યેય હેતુ સાધ્ય કરવા માટે કેવો જબરદસ્ત પ્રયત્ન!! આખરે તેમનો ૪૪,૦૯૫મો પ્રયોગ સફળ થયો. તેમણે એવા ધઉં શોધી કાઢ્યા છે, કે તે જગતનું દુઃખમું આશ્ચર્ય ગણાય તો નવાઈ નહિ.

આ ધઉંનો પાક રશિયાના અને દુનાળામાં એમ બે વખત ઊતરે છે અને દર એકરે ૬૫ બુશલ જેટલા પાકે છે. (એક બુશલ=૮ ગૅલન; અથવા ૨૨૨૦ ઘન ફૂટ જગ્યામાં સમાય તેટલું) પણ આ ધઉંની સૌથી આશ્ચર્યકારક બીના એ છે, કે તે ગમે તેવા હવામાનમાં ઊગી શકે છે. વરસાદ બિલકુલ ન પડે તોપણ તે સુકાઈ જતા નથી અને મૂશળધાર વરસાદ પડે તો યે સડી જતા નથી. હિમ પડે તોપણ તેને તે મચકે આપતા નથી. વળી તે ગમે તેવી જમીનમાં પાકી શકે છે. જમીનમાં ઘાસ ઊગે તેમ તે ઊગે છે અને એક વખત વાવ્યા પછી દર વર્ષે વાવવાની જરૂર પડતી નથી;–એની મેળે જ તે વર્ષોવર્ષ ઊગ્યા કરે છે! તે કદી નાશ પામતા જ નથી. આમ દોષ છતાં અનંતમાં આ ધઉં કોઈ રીતે ઊતરતા નથી. દેનેડામાં પાકતા સારામાં સારા ધઉંના જેવા જ ઉત્તમ ગુણો તે ધરાવે છે. ૧૯૪૩માં જર્મનીએ રશિયાના ધાન્યના ભંડાર સમું યુક્રેન ફતી લીધું ત્યારે રશિયને દુકાળની આપત્તિમાંથી જે કોઈએ બચાવ્યું હોય તો તે આ ધઉંએ જ.આજે રશિયામાં લાખો એકર જમીનમાં આ ધઉં વાવવામાં આવેલા હોવાથી રશિયાની ૧૬ કરોડ જનતાને દુકાળની બિલકુલ બીક રહી નથી. આ ધઉંના શોધક પ્રો. સ્ત્રિત્સિનને રશિયન સરકારે 'હીરો ઑવ્ સોશિયેટ લેબર'નું બિરુદ આપીને તેનું બહુમાન કર્યું છે. દુઃખાળનું વારેવારે ભોગ બનતું હિંદ પણ આ ધઉંની વાવણી-થી ભયમુક્ત કાં થઈ શકે. હિંદ સરકાર આ અદ્‌ભુત ધઉંની વાવણીનો પ્રયોગ હિંદમાં કરી રહ્યું છે એમ જણાય છે.

ખરતા તારા

રાતના આપણે ઘણી વખત આકાશમાં તેજસ્વી લીસોટા પાડીને વિલીન થતા ખરતા તારા જોયેલા હોઈશે. પણ ખરે જોતાં તે 'તારાઓ' નથી. એ તો આકાશમાં ભમી રહેલા પત્થર કે ધાતુના નાના ટુકડાઓ છે. તેને ઉલ્કા (Meteorite) કહેવામાં આવે છે. પૃથ્વીની ગોમેવના વાતાવરણમાં ૫૦–૬૦ માઈલ ઊંચે એ દેખાય છે અને તે પણ ક્ષણ જે ક્ષણ પૂરતા જ. સાચા તારા તો કરોડો માઈલ દૂર હોય છે અને ઘણા મોટા હોય છે.

આ ઉલ્કાઓ ઘણુંખરું રાઇના દાણ જેવડી હોય છે. ને કે કેટલીક પચાણના દાણાથી માંડી રમવાના દડા જેવડી હોય છે અને કેટલીક તો ૪૦ થી ૫૦ ટન વજનવાળી પણ મળી આવી છે! જેમ પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે તેમ આપણી અસંખ્ય નાનીમોટી ઉલ્કાઓ પણ સૂર્યની ચોમેર ફરતી હોય છે. તેમનો સામાન્ય વેગ કલાકના ૧,૪૪,૦૦૦ માઇલ હોય છે. ખૂબ તો એ બરફ જેવી ઠંડી હોય છે, પણ જ્યારે તે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરે છે ત્યારે વાતાવરણ સાથેના તેના ઘર્ષણથી તેમાં ઝોલી તો અકમી પેદા થાય છે, કે પૃથ્વીથી ૫૦–૬૦ માઈલ જેટલે આવતાંમાં તો તે લાલચોળ બનને સળગી ઊઠે છે, અને ત્યારે આપણને તેના તેજનો લીસોટો આકાશમાં દેખાય છે. સામાન્ય ઉલ્કા એકાદ ક્ષણ જેટલી દેખાઈ બનીને રાખ થઈ જાય છે. ગામ, ધણીખરી ઉલ્કા તો ઉપરની ઉપર જ બળી જઈ માત્ર તેની રાખ જ પૃથ્વી પર પડે છે; પણ કેટલીક ઘણી મોટી ઉલ્કાઓ પૃથ્વીપરી બળી ન જતાં પૃથ્વી પર આવી પછડાય છે ત્યારે ઘણું નુકસાન થાય છે.

વૈજ્ઞાનિકોએ આવા જમીન ઉપર મળી આવતા ઉલ્કા પત્થરના ટુકડાઓના કરેલા અભ્યાસ પરથી જણાયું છે, કે ખરતા તારાઓ ઘણુંખરું લોખંડ, નિકલ ઇત્યાદિ ધાતુના બનેલા હોય છે. કેટલાકમાં તો ૯૦ ટકા લોહું હોય છે. પૃથ્વી પરના મળી આવતા કોઈ એવા એકે પદાર્થ તેમાં ગળી આવ્યો નથી.

માનવામાં નહિ આવે, પણ દરરોજ ૨૦૦૦૦૦૦ (બે કરોડ) જેટલી ઉલ્કા પૃથ્વી પર ખરી પડતી હોય છે! એવી ગણતરી નીકળી છે, કે છેલ્લાં ૬ કરોડ વર્ષમાં પૃથ્વી પર ૬,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ટન ખરતા તારાઓની રાખ ઇત્યાદિ પડી છે અને ખરતા તારાઓની આ રાખ પડવાથી દર વર્ષે પૃથ્વીનું વજન ૧૦૦૦ ટન વધી રહ્યું છે!

રાણુ

ભાગ્યે જ નહિ જાણતા હોય, કે આખી દુનિયાની રાણુની કુલ ઉપજનો લગભગ અર્ધો જ ભાગ આપણું હિંદ પેદા કરે છે. હિંદ દર વર્ષે કુલ ૬૦ લાખ ગાંસડીઓ ઉત્પન્ન કરે છે. જ્યારે આખીનું આખું જગત (મુખ્યત્વે નેપાળ, ચીન, બ્રહ્મદેશ, પૅરૅગ્વાય) માત્ર સવા લાખ જ ગાંસડી અમેરિકા, ઇજિપ્ત, આફ્રિકા, પૅલેસ્ટાઇન વગેરેમાં રાણ ઉગાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, પણ તે નિષ્ફળ નીવડ્યો હતો.

રાણ કોકોરસ(cochorus) નામના છોડમાંથી ઉત્પન્ન થાય છે. આ છોડ ૫ થી ૧૦ ફૂટ જેટલો ઝાડો થાય છે અને તેનું થડ આપણી આંગળી જેવડું પાતળું હોય છે. ફક્ત ટોચ સિવાય તેને ક્યાંય ડાળીઓ નથી હોતી. તેનાં પાંદડાં પોપચી રંગનાં ૪ થી ૫ ઇંચ લાંબાં હોય છે અને તેને આછા પીળા રંગનાં ફૂલ બેસે છે. આ છોડને ગરમ અને ભેજવાળી આબોહવાની જરૂર હોય છે તથા તેને વરસાદ પણ સારા પ્રમાણમાં જોઈએ છે. રાઝવાતમાં જ્યારે ખૂબ વરસાદ પડે, અથવા બિલકુલ ન પડે તો આ છોડ નાશ પામે છે. એને આદ્રતા આવી આબોહવા હિંદુસ્તાનનાં માત્ર પૂર્વતથા ઉત્તર બંગાળમાં હોવાથી ત્યાં જ આ છોડ ખૂબ મોટા પ્રમાણમાં ઊગે છે.

ધઉં જેવા ઇત્યાદિની માફક જ આ છોડની પણ ખેતી કરવામાં આવે છે. જમીનને ત્રણ વખત ખેડીને તેનાં બી વાવવામાં આવે છે. છોડ ૫રેપૂરો ઊગી રહે ત્યારે તેના પર ફૂલ બેસે છે અને આ ફૂલ ફરમાવા માંડે કે તરત છોડની કાપણી કરવામાં આવે છે. પછી તેને પાણીમાં નાખીને સડવા દેવામાં આવે છે. બે પૂરા સડી રહે એટલે તેને ઝીલવાથી રાણના રેસા નીકળી આવે છે. એને સુકવવામાં આવ્યા બાદ તેના ૮૦–૮૦ રતલના નાના ગઠ્ઠાઓ બાંધવામાં આવે છે.

એટલે પારેવી આ ગઠ્ઠાઓ ઉઘરાવીને વેપારીઓ તેને જીનમાં (હાઇડ્રોલિક પ્રેસમાં) દબાવીને તેની ૪૦૦-૪૦૦ રતલની ગાંસડીઓ બાંધી શણની ગિરોમાં અથવા પરદેશ મોકલે છે. હિંદના આવા કાચા માલમાંથી કાપડ કરવાનું કામ વર્ષો સુધી તો લૅન્કેશમાં જ (ડી બેદરમાં) થયું અને તેનું કાપડ દુનિયાના સર્વ દેશોમાં મોકલાયું; પણ ૧૮૫૪માં સૌથી પહેલી મિલ હિંદમાં કલકત્તામાં ઊભી કરવામાં આવી અને પછી તો તે દધીજ ત્યાં એવો ખીલ્યો કે ૧૯૨૮ સુધીમાં તો ત્યાં પદ મિલો થઇ ગઈ.

શણનો મુખ્ય ઉપયોગ કાચા માલની હેરફેર કરતી વખતે તેને બાંધવાનાં સાધનો, જેવાંકે, તથા ગુણપાટ બનાવવામાં થાય છે અને શણના કુલ ઉત્પાદનનો છ૦ ટકા ભાગ આજ કામમાં વપરાય છે. એ ઉપરાંત સૂતળ મરીનના દોરીમાલ તથા દોરીફોનના દોરડાં બનાવવામાં, સિનોલિયમના દધીજમાં, તથા તેને રંગી નાખીને કપડાંને કિનાર મઢવામાં, તેમજ બટન-બોતામ વગેરેની બનાવટમાં તે વપરાય છે.

હિંદની આખા વર્ષની કુલ પરદેશી નિકાસનો ત્રીજો ભાગ એકલું શણ જ રોકે છે એટલો તેનો આપણા નિકાસ-વેપારમાં મહિમા છે; અને આખા જગતમાં એકલું હિંદ જ મોટા ભાગનું શણનું ઉત્પાદન કરતું હોવાથી પરદેશીને એ બાબતમાં તેની બહુ જરૂર રહે છે અને હાલમાં સરકાર કેવોક પ્રમાણેજ દરેક દેશને માલ આપે છે.

કાળો પ્રકાશ

'અલ્ટ્રાવાયોલેટ' કિરણોને વિજ્ઞાનીઓ ઘણી વખત કાળ્યમયરીતે 'કાળો પ્રકાશ' કહે છે, કેમકે આપણી સાદી આંખોને તે દૃશ્ય નથી. તેની આપણને ખબર પડે છે તે તેને લીધે થતા અનેક જાતના ફૈર-ફાશેને લીધે જ. આ કિરણોની શોધ ઘણા વર્ષો પહેલાં થઈ હોવા છતાં તેના નવાનવા ઉપયોગો તો હાલમાં જ શોધાયા છે. અનેક રોગો ઉપરાંત બીજી પણ ઘણી બાબતોમાં તેનો ઉપયોગ થવા માંડ્યો છે.

એ કિરણોને જો કોઈ ખનિજ પદાર્થ પર પડે તો તે પદાર્થમાંના ધાતુના કણો તરત ચમકવા માંડે છે. ઘણીવાર આ ચમકનો રંગ ઉપરથી જ તે કઈ ધાતુ છે તે ઓળખી શકાય છે. આથી હાલમાં ખનિજની શોધ કરનારા વૈજ્ઞાનિકો દિવસો તે કામ માટે ન જતાં રાતે નીકળે છે અને તેમની પાસેના અલ્ટ્રા વાયોલેટ કિરણ ઉત્પન્ન કરવાનાં સાધન વડે એ ધાતુની રજકણ ઉપર એટલે પણ પ્રકાશ પડતાં જ તે ચમકી ઊઠે છે.

ગયા ગઠ્ઠાયુદ્ધમાં જર્મનીએ આ કાળા પ્રકાશનો ઉપયોગ ઘણી જગ્યાએ કરેલો. હવે અમેરિકા અને બીજા દેશો પણ તેના ઉપયોગ શોધવામાં પડ્યા છે. દાખલ નાગના અમેરિકન શાસ્ત્રજ્ઞો આ શોખમાં ખૂબ સંશોધન કર્યું છે. તેમણે એક એવો વિશિષ્ટ જાતનો પદાર્થ શોધ્યો કાઢ્યો છે કે જેનું પાતળું પડ નકશા પર ચડાવવામાં આવે તો પછી અંધારી રાત્રે પણ કાળા પ્રકાશની સહાયથી એ નકશો સ્પષ્ટ જોઈ શકાય. ગયા ગઠ્ઠાયુદ્ધમાં એ શોધનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થયો હતો. બીજી એક શોધથી, અકસ્માત પામેલી મોટી વ્યક્તિ જીવે છે કે મરી ગઈ છે તે જાણી શકાય છે. તે વ્યક્તિના દાંત પાછળ કૃત્રિમ દાંતોસેટ પદાર્થનું એક દીવું સોય દ્વારા દાખલ કરવામાં આવે છે અને થોડી વારેક પછી અલ્ટ્રાવાયોલેટ કિરણો તે વ્યક્તિના મોઢા પર નાખવામાં આવે છે. જો તે વ્યક્તિ જીવતી હોય તો તેની આંખો અને હોઠ તે કિરણોમાં ચમકવા માંડે છે.

અંતરે જે નાનું દેખાય છે એ કાળા પ્રકાશથી કૃત્રિમ સંદેશવાહનનું કામ પણ લેવાય છે અને તારની સંજ્ઞાઓના રૂપમાં એ પ્રકાશના લાંબાટૂંકા ઝબકારા દ્વારા સંદેશા મોકલાય છે. એ હેતુ માટે ફૂ-રખીનના કાણાને ફલુઓરેસેંટ અને પારદર્શક પદાર્થ લગાડીને બેતાં જોતાં આંખોને ન દેખાતો કાળો પ્રકાશ તેમાંથી દેખાય છે. દુશ્મનના પ્રદેશમાં ઘૂસેલા જાસૂસો તથા મોરચા પરના સૈનિકો, પોતાની પાછળ આવનારા સૈનિકોને માર્ગદર્શન કરવા માટે કેટલીક સૂચનાઓ સાદા પ્રકાશમાં ન દેખી શકાય એવા પારદર્શક રંગથી રસ્તા પર અથવા ખડક ઉપર લખી રાખે છે; અને પાછળથી આવનાર સૈનિકો કાળા પ્રકાશનાં કિરણો ફેંકતાં જ તે લખેલો લેખ વાંચી શકે છે.

વળી આ કાળો પ્રકાશ જંતુ અને કીટાણુઓનો નાશ કરતો હોવાથી સિપાહીઓના શરીર ઉપરની જૂઓ આ પ્રકારથી તરત મારી શકાય છે. ઑપરેશનોમાં ખુલ્લા જખમો આ પ્રકારથી તરત મારી શકાય છે. ઑપરેશનોમાં ખુલ્લા જખમો પરની હવા જંતુરહિત કરવા માટે પણ કાળો પ્રકાશ વાપરવાની શરૂઆત થઇ ગઈ છે. આનાથી ઑપરેશન પછી ન જતાં જલદી સારા થાય છે. એ જ પ્રમાણે ઓરડાને કીટાણુઓથી શુદ્ધ રાખવા માટે પણ આ કિરણોનો ઉપયોગ થાય છે.

ગુનેગારોને પકડવામાં તો આ કિરણોનો ઘણો ઉપયોગ થાય છે. તેનાં બે ઉદાહરણોઃ અપરાધ કરાયેલા એક માણસને ઠોકીબસાડીને એક ઠેકાણેને બે નોટો મોકલવામાં આવી તે દરેક પર ચૂપીરીતે એક અદૃશ્ય પદાર્થ લગાડવામાં આવેલો હતો. પછી અલ્ટ્રાવાયોલેટ કિરણોના પ્રકાશમાં નોટો તપાસતાં એક બૅન્કના કેશૂનને વચમાં જ એક નોટ ચમકતી દેખાઇ. તરત તે નોટ જે માણસના ખાતામાં જમાઈ હતી તે માણસને પકડવામાં આવતાં તેની પાસેથી બીજી વધારે તેવી નોટો મળી આવી અને તેના પર ગુનો સાબિત થયો. એમેરિકામા કેટલીક જૈસે મોટી રકમના ચેક તપાસવા માટે પણ કાળો પ્રકાશ વાપરે છે. દરેક બાતદેરે પોતે આપેલા ચેકઉપર અદૃશ્ય શાહી વડે એક ગ્રાસ નિશાની કરવાની હોય છે, એના સંકેત જૈસે બહુજી હોય છે. કાળા પ્રકાશમાં તપાસતાં જો તે નિશાની દેખાય નહિ તો તે ચેકના પૈસા આપવામાં આવતા નથી. આમ બનાવટી સહી કરવા છતાં ગુનેગાર ફાવી શકતો નથી.

જમીનમાં પેટ્રોલ ઉલેચવા માટે પણ આનો ઉપયોગ થાય છે. જમીનમાંથી ઝરતા પાણીમાં જો લાખમા ભાગનું પણ પેટ્રોલ હોય તોપણ તે તેનાથી શોધી શકાય છે. આ સિવાય બનાવ, હડતાલ, માંસ, તથા માખણ ઊતરી કે બગડી ગયાં હોય તે તપાસવા માટે આ કિરણો ઉપયોગી હોવાથી ઑરડાની સાધનોમાં કારખાનાંઓમાં તેનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થવા માંડ્યો છે.

કારેલાં

કારેલાંને આપણા પ્રાચીન શાસ્ત્રકારોએ તો ઘણાં જ વખાણ્યાં છે. નહાના વૈદ્યરાજોએ તો કારેલાંના શાકને તેની કાંઈનો અનેક દરદો પર બલામાફક કહે છે. હવે આજે ઘણાં વર્ષોના અખતરા બાદ વનસ્પતિશાસ્ત્રીઓને શોધ્યું એવા મત પર આવ્યા છે કે 'કડવી વસ્તુએ પેટના તમામ પાચક રસો વધારનારી છે; તે જ રીતે કારેલાં પણ પાચક રસોને વધારનારાં છે. 'કડવાણીના ફાયદા'નું જે જાણ આપણા પ્રત્યેક ઘરની વૃદ્ધ માતાઓને હતું તે શાકારને કે છક આજે ઘણાં વર્ષની ઝાઝરી પછી પ્રાપ્ત થયું છે!

કારેલાંથી પેટના કૃમિઓ નાશ પામે છે, અને તેથી જ ઘરસાદની શરૂઆત થતાં જ આપણે ત્યાં કારેલાં ખાવાની રીત છે. તે વખતે વાત અને પિત્ત બંનેના મિશ્ર કપદ્રવ હોય છે, જેને કેવળ કારેલાં જ શમાવે છે. તે ઋતુના તમામ રોગોને વગર ઔષધિએ શાન્ત કરી આપનાર ઔષધિઓનો તે રાજા ગણાય છે. વળી એ ઋતુમાં બહુ ખપ ઓછી લાગે છે. અને કારેલાં પોતામાં રહેલી પાચક રસોને પેદા કરવાની શક્તિ દ્વારા બહુ લાગે છે.

(ફેબ્રુઆરી ૧૯૪૩) ૨૧૫

આંતરડાંની અત્યવસ્થાને માટે કારેલાંનો તાજો રસ એક ટ્રાયિયા-ભાર (એટલે મધ્યમ કદનો ચમચો) પીવાથી ગાભામકર્તા નીવડે છે. પારા જેવી ભયંકર ઉપાધિઓનાં ઝેરો, વકરાયા જેવાં શુદ્ધ ઝેરો અને ઉંદર આદિ પ્રાણીનાં ઝેરો કારેલાંના રસનું સવાર સાંજ બટ્ટી તોલા સેવન કરવાથી નાબદ થયાં બહ્યાં છે. રતાંધળાપણું અને ખરાબ આંતરડાંને કારણે ગેળામાં પડતા ચાંદા, કારેલાંના રસ પર રહેવાથી નાબદ થાય છે. એના આયુર્વેદના ગ્રંથોમાં આધાર છે કારેલાંની તદન બારીક લૂગદી બનાવી, આંખ પર બાંધી રાખવાથી અને સાથે જ કારેલાંનો રસ પીવાથી આંખનાં દરેક નાબદ થાય છે. મજ્જરની અવરજવરતાંમાં પણ મજ્જર પર કારેલાંની લૂગદી અને કારેલાંના રસનું સેવન ફાયદાકારી નીવડે છે વાત અને આંતરડાંવામાં, તથા હોજરીમાં પડતાં ચાંદાં ગદાદવામાં કારેલાના રસનો પ્રયોગ અજોડ ઉપાય ગણાયો છે.

કારેલાના ગાઢા કૃષિયાભાર (એટલે બે મોટા ચમચા જેટલા) રસમાં નીચે મુજબ તત્ત્વો સગાએલાં છે, એમ વિજ્ઞાન કહે છેઃ વિટા-મિન અ-૫૮૮૬; બ-૬૭૭; ક-૨૪૬૬૪; લેટ્રુ-૨૮૬૭; ચરબી-૦૦૫૬; ઉષ્ણોક્ત તત્ત્વ-૦૪૭૨; કાંદાવાળા પદાર્થો ૧-૧૭૬ (વદેમાતરમ્)

ગ્રોડકાસ્ટિંગનો એક નવો પ્રયોગ

'ઈન્ટરનેશનલ બિઝનેસ મશીન કોર્પોરેશન'નામની એક કંપની-એ હમણાં એક નવું યંત્ર શોધ્યું છે, જેની મદદથી એક જ ભાષામાં અપાએલું ભાષણ એકીસાથે જુદીજુદી જાત ભાષાઓમાં સાંભળી શકાય ! આ ભાષણો સાંભળવા માટે દેખીતાની માફક નાનકડા પટ્ટા વડે ગળામાં લટકાવીને તે ગમે ત્યાં સાથે ફેરવી શકાય તેવા રેડીઓ-રીસીવર પૂરતા થઇ પડે છે.

વક્તા જ્યારે ગ્રાહકોને પર બોલે ત્યારે તાર દ્વારા તેનો અવાજ તેની સામે પડેલ દૂર બેઠેલા જુદીજુદી ભાષાના દુભાષિયાઓના કાન પર તેમજે કાન પર બેસેલા હેડફોન નામના યંત્ર દ્વારા પહોંચે છે. દુભાષિયા એ સાંભળવાની સાથોસાથ તેનો અનુવાદ પોતાની ભાષામાં કરતા જઈ પોતાની સામેના ગ્રાહકોકોનમાંથી બોલે છે. તે મૂળ વક્તા બહુ ઝડપથી બોલતો હોય અને દુભાષિયો તેના કરતાં બહુ ઝડપથી અનુવાદ ન કરી શકે, તો વક્તાને થોડો આરામનું સૂચન આપવા એક લાલ બત્તી પણ ગોઠવવામા આવેલી હોય છે.

પોતાને જે ભાષામાં સાંભળવાની ઈચ્છા થાય તે ભાષામાં સાં-ભળવા માટે શ્રોતા પાસેના રીસીવરમાં જુદીજુદી ચાપો રાખેલી હોય છે. એ રીસીવરનું બેટાપુ એકીસાથે બધી ભાષાનું વહન કરતી જુદીજુદી ટ્રેકિયો ચૌનલો સાથે હોય છે. આજે ટ્રેકિયો એમેરિ, સ્પે-નિશ, ફ્રેન્ચ, ચાઈ, રશિયન, જર્મન અને ઈટાલિયન એમ સાત જુદી જુદી ભાષાનો ગ્રોડકાસ્ટ વહન કરી શકે છે.

આ આખી યોજનાનો પહેલો ઉપયોગ ઇન્ટરોસ્ટમાં બરાબરી વહેંટ ઈન્ટરનેશ્ન ઓફ ધ ટીચિંગ પ્રોફેશનમાં થયેલો. લલિત મટ

એક નવી ફાઉન્ટન પેન

ચોટા વખતથી બજારમાં એક નવી જાતની ફાઉન્ટન પેન આવી છે. આ પેન વડે ફરીથી શાહી ભર્યા વગર ઘણાં વરસ સુધી (ઓછામાં ઓછાં એ વરસ સુધી) લખી શકાય છે એવો તે પેનો બનાવનાર કંપનીઓનો દાવો છે. આ પ્રકારની અજબ શોધિની પેનો અને વર્ષ ૮૦ લાખ પેનો વેચાઇ ચૂકી છે અને ૧૯૪૭ માં આંકડામાં આંકી તેનાથી બમણી વેચાશે એવો અંદાજો કાઢવામાં આવ્યો છે.

બીજી પેનોમાં ટાંક વડે લખાય છે, પણ આ પેનમાં તેને સ્થાને એક નાની ક્રોમ પ્લેટવાળી ગોળી બેસાડેલી હોય છે. આ ગોળીના બ્યાસ એક ગિલિમિટર (૧૬ ઇંચ) હોય છે અને તેને એક ગોખવા જેવી જગ્યામાં એવી રીતે બેસારેલી હોય છે કે તે કોઇપણ દિશામાં સહેલાઈથી ફરી શકે છે પેનની અંદર છાપવાની શાહી જેવી પટ્ટ અથવાદી શાહી ભરેલી હોય છે. તે ગોળીને ચોંટીને બહાર આવે છે અને તેના વડે લખાય છે. આથી તે 'બૉલ પૉઇન્ટ પેન' કહેવાય છે.

આ પેનનો મુખ્ય ફાયદો એ છે કે તેનાથી ઘણા લાંબા વખત સુધી ફરીથી શાહી ભરવાની માથાકૂટ રહેતી નથી. વળી તેનાથી ગમે એવું લખાય તરત સુકાઈ જાય છે. શાહી કદી બદાર ઢરતી નથિ. હોવાથી હાથ કે કપડાં બગડતાં નથી. વળી તેનાથી ગમે તેવી બરબચડી સપાટી (કાગળ કે કાપડ) ઉપર લખી શકાય છે તેમજ બા-ણીમાં અથવા ભીના કાગળ ઉપર પણ સરસરાતે લખી શકાય છે. વળી આ પેન લખની વખતે ઘસે જ બાર ખખડી હોવાથી તેનાથી ચારથી આઠ 'કાર્બન કૉપી' કાઢી શકાય છે. એરોપ્લેનમાં ન્યાં હવામાનનું દબાણ ઓછું હોવાથી સાધારણ પેનોની શાહી ગમે બ્યે છે ત્યાં આ પેનથી ધણી જ આસાનીથી લખી શકાય છે.

આવી ચમત્કારિક પેનનો શોધક છે એક હંગેરિયન. તેનું નામ લાડિસ્લાઓ બિરો. આ માણસની ધારણાશક્તિ અત્યંત આશ્ચર્ય-કારક છે. તેણે વેદકનો અભ્યાસ કર્યો હતો અને ફ્રિન્સિક્રિમનું ડેન્ટ્ર ચલાવ્યું હતું. શિલ્પકલા શીખીને તે ઉત્તમ મૂર્તિકાર બન્યો હતો અને ચિત્રકલામાં પણ એવી નિપુણતા મેળવી હતી કે તેનાં ચિત્રો હંગેરીની નેશનલ ગૅલેરીમા મુકાવાં હતાં. રાજકારણનો અભ્યાસ કરી તેણે તેના ઉપર પણ લેખો લખ્યા હતા. વળી એક માસિકની ઑફિસમાં તે 'પ્રૂફરીડિંગ'નું કામ કરવા રહ્યો હતો અને આ જ કામ કરતાંકરતાં તેને આ નવી પેનની કલ્પના સૂઝી હતી; કેમકે પ્રૂફ ગાદેના ન્યુઝ-પ્રિન્ટ કાગળો ઉપર સારી ફાઉન્ટન પેન બરાબર કામ આપની નથી તેણે જે પહેલી પેન બનાવી તે એ કૂટ લાંબી અને તદન બેડોળ હતી ! પણ બેટલામાં બોલું વિશ્વયુદ્ધ સળગ્યું, તેથી તેને પારીસ બાગવું પડ્યું. ત્યાં યે યુદ્ધ આબ્યું તેથી ૧૯૪૦માં તે આર્જે-ન્ટિના પહોંચ્યો. તે આર્જેન્ટિના ગ્રેતર્યા ત્યારે તેના ખિસ્સામાં ફક્ત ૪૦ રૂપિયા હતા; છતાં પુષ્કળ મુશ્કેલીઓ વેઠીને પણ તેણે પોતાની આ શોધ પૂરી કરી. તે પેનના અર્ધ ડઝો ખરીદી લેવા માટે અર્જે-ન્ટિનાની મોટીમોટી કંપનીઓ ફેલર, એવરસ્પાર્પ, શીફર વગેરે પટા-પછી દરવા લાગી. છેવટે ૨૦ લાખ રૂપિયા દેશકર તે અર્જેન્ટિનામાં દર વર્ષ ૨૦૬૬ વેચાણ થાય તે ઉપર સવા પાંચ ટકા રૉયલ્ટી આપ-વાની શરતે એવરસ્પાર્પ અને ફેલર કંપનીઓ આ શોધેા પાસ પાડવો. ગઢિલાઓ દેવાદાર લાડિસ્લાઓ બીજે દિવસે લખપતિ બની ગયો.

એવરસ્પાર્પ આ પેનો બનાવવા માંડ્યા પછી ડેઢોલ્ટ્ર નામની એક સાહસિક વેપારી આ શોધમાં ઝંપલાવ્યું. તેણે એવરસ્પાર્પની પેન ઉપરથી, તે કંપનીના દહોનો વાંધો ન આવે એ રીતે, પેનનું એક નવું જ 'મૉડેલ' (નમૂનો) પોતાના વેપારિઓની દેખરેખ નીચે બના-વ્યું અને ફ્રક્ત છજ મહિનામાં તેણે પોતાની નવી પેન બનાવવા મૂકી. તરત બંને કંપની વચ્ચે તીવ્ર હરીફાઈ ગઢ થઈ બંનેએ એક-બીજ ઉપર પોતાના દહોનો બોબાવ્યા, અમેરિકન ન્યાયાલયમાં દાદો રૂપિયાના દાવા નોબાવ્યા, છે દન્હ પણ ચાલુ છે.

ડેઢોલ્ટ્રે પોતાની પેનો ખપાવવા મોટરથી ગાંડીને ગ્રામના દાર સુધી મોટાં મોટાં ઇનામો બહેર ર્યાં અને ફ્રક્ત બહેરાત પા-છળ જ ૩૪ લાખ રૂપિયા ખર્ચ કરીને એક જ વર્ષમાં એક કરોડ રૂપિયા કમાયો ! એવરસ્પાર્પ કંપનીએ તો વેચાણનો વિક્રમ (record) કર્યો છે. ફ્રક્ત ૪ મહિનામાં તે કંપનીએ ફ્રક્ત ૨૬ લાખ ૬૦ હજાર

રૂપિયાની પેનો વેચી છે અને ૧૯૪૬માં કુલ વેચાણ ૮ કરોડ રૂપિયાનું થયું છે. એવો અંદાજો કાઢવામાં આવે છે, જેમાંથી લાઈસન્સીઓ ખિસ્સાને ૪૦ લાખ રૂપિયા મળશે !

આ પ્રમાણેનું આખા જગતમાં અનેકી ખૂબ ઓલબાલા થઇ છે એની આ પેન હજી પૂરેપૂરી નિર્દોષ થઇ નથી. તેમાં પણ હજી કેટલીક ખામીઓ છે. દાખલા તરીકે આ પેનથી લખાએલા અક્ષરો એક સરખી પહોળાઇના અને કઠાર વગરના હોય છે, તથા તેનું લખાણ કાળજી કાઢી એવું દેખાય છે. આપણી સાદી પેનથી લખ્યા જેટલું એ સુંદર દેખાતું નથી. વળી તે પેનને ૪૦ કે એવા ખૂણા કરવા જતાં બીજા એશને ખૂણે પકડીને લખવાનો પ્રયત્ન કરીએ તો વ્યવસ્થિત લખાતું નથી એ પણ તેની એક ખામી છે. અત્યાર સુધી એકદની ચાહી ખલાસ થતાં પેનને તે કંપનીની ફેક્ટરીમાં પાછી મોકલીને ફરીથી ચાહી ભરાવી લેવાની ગુલામી વેઠવી પડતી. પણ હવે અંદરે ભરવાની ચાહીની લડકીઓ (cartridges) બનાવમાં તૈયાર મળશે કે જે આપણે આપણા હાથે જ ઘેર બદલી શકીશું.

હાલમાં તે પેન પાછળ બધું સંશોધન થઈ રહ્યું છે અને તેની ખામીઓ દૂર કરીને તેને અધિક કાર્યક્ષમ બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. નજીકના ભવિષ્યમાં અત્યારની આ પેનો કરતાં બધુ સારી અને બધુ સસ્તી પેનો બજારમાં આવશે. હિંદમાં આ પેનોનો પ્રચાર શરૂ થઈ ગયો છે. પણ અહીંયાં હજી બોળાવાનું ન જતાં લોકે ખાતરી કરીને પછી જ પેન લેવી એ ડહાપણભર્યું છે.

બહુ પતિનો રિવાજ

દ્રૌપદીને પાંચ પતિ હતા એ પૌરાણિક વાતચણી આપણા હશે; પણ આવીસમી સદીમાં પણ એક કરતા વધારે પતિનો રિવાજ આપણે ત્યાં કેટલાક ભાગમાં પ્રચલિત છે! સંયુક્ત પ્રાંતમાં નીલગ્ર અને આવર નામનો ૧૦૦ ચોરસ માઈલનો ડુંગરાળ પ્રદેશ છે. તેની સરહદ પર તેહરી, નહાજ અને જાલ્પણ નામનાં ત્રણ સંસ્થાનો છે. આ ડુંગરાળ વિભાગમાં ૪૫૦ ગામ આવેલાં છે એની વસતિ ૫૬,૦૦૦ની છે લોકોનો એકમાત્ર ધંધો ખેતીનો છે. બટાકા, મકાઈ, ઘઉં, આદુ, ચણીબોર ઈત્યાદિ વસ્તુઓ ત્યાં થાય છે. બધો ભાગ ડુંગરાળ હોવાથી ત્યાં ખેતી બહુ મુશ્કેલ છે. આ વિભાગમાં જ બહુપતિનો રિવાજ પ્રચલિત છે. એટલા પતિ વધારે તેટલું તે વધારે માનવર્ધુ ગણાય છે. આ લોકોમાં સ્ત્રીકુળ મુદલે નથી, પણ તેમને પોતાની સ્વતંત્રતાનું ખૂબ અભિમાન છે. બહુપતિનો રિવાજ પાંડવોનો યે પહેલાંથી આ વિભાગમાં ચાલતો આવેલો છે એમ તેમનું કહેવું છે, અને પાંડવોનું રહેવાનું પણ ત્યાંજ હતું એમ તેઓ માને છે. જે લાક્ષાગૃહમાં પાંડવોને બાળી મૂકવાનું કાવતરું રાકુનીએ કર્યું હતું તે લાક્ષાગૃહ આ જ ભાગમાં હોવું જોઇએ એમ ત્યાં લાખામંડળ નામનું એક સ્થાન છે તે પરથી અનુમાન થાય છે; કારણ આ લાખામંડળમાંથી થોડે દૂર બુધી નીકળી શકાય એવું એક બોગદું છે ને આ બોગદા મારફતે જ પાંડવો બચી ગયાનો એવી દંતકથા ત્યાં રૂઢ થએલી છે. આ બોગદાંમાંથી દેવતાઓની મૂર્તિઓ જડી છે. ત્યાં પ્રાકાળ, રાજપૂત, બાદમાં અને કોટલા એવી ચાર જાતો છે. જેમાંની છેલ્લી બે અત્યંત અર્વાચીન છે. પુરુષો તેમજ સ્ત્રીઓ મદ્યપાન કરતી હોય છે. ચકવર્તી ઓરોક્ષ ઉર્ફ્રિંગ દેસ જ્યાં પળો જે વિજયસ્તંભ કોરલી ગામે ઊભો કરેલો તે કોરલી ગામ પણ આ વિભાગમાં છે. આ સ્તંભ પાસે શ્રી ધર્મદેવતાજી નામના ગાદારાએ એક અશોકારામ સ્થાપ્યો છે અને તેની મારફત લોકોને રિવાજ આપવાનો, દારૂબંધી કરવાનો તથા બહુપતિનો રિવાજ દૂર કરવાનો પ્રયત્ન તેઓ કરી રહ્યા છે. (ક્રમશ:)

અણુશક્તિ-લોક કથ્યલોકમાં

અત્યાર સુધી બીજળી-યુગ ચાલતો હતો. પણ હવે પછીનો યુગ અણુયુગ (Atom age) કહેવાશે. પદાર્થમાં રહેલી અણુશક્તિનો ઉપયોગ રાક્ષસો તો ઍટમબૉમ્બ દ્વારા વિધ્વંસના કાર્યમાં થયો છે. પણ ભવિષ્યમાં તે લોકોપયોગી કાર્યોમાં જોડવામાં આવશે. પેટ્રોલ અને બીજળીની માફક વાદળ વ્યવહાર અને સાંચા ચલાવવાના કાર્ય ઉપરાંત રોગ ઉપર પણ અણુશક્તિનો ઘણો ઉપયોગ થશે. કૅન્સર જેવા રોગ ઉપરે રેડિયમ અથવા ઍક્સ-રેને લંબાવ કરવા કરતાં મનુષ્યનો શરીરબાંધો જીવતંતુનો અણુશક્તિ સાથે સંયોગ કરવાથી ઘણો ફાયદો થશે. દરદીને ઓરાકમાં રેડિયો-ઍક્ટિવ કાર્બન આપવામાં આવતાં તે શરીરના કયા ભાગમાં લોણ પહોંચે પહોંચે છે તેની તરત ખબર પડે છે. તે રીતે શરીરમાં કોઇ-પણ પ્રકારની વિકૃતિ ઉત્પન્ન થાય તે તે રોગો કાઢવાનું કાર્ય અણુ-દ્રવ્ય કરશે. અણુશક્તિ ઉત્પન્ન કરતું ૧ રોર યુરેનિયમ ૮૪૦૦૦ ગણુ કોલસા બરાબર હોવાથી આગબોટમાં કોલસો ભરી રાખવા માટે મોટા મોટા ઓરડાઓ રાખવાની હવે જરૂર નહિ રહે. અણુશક્તિના જોરે ચન્દ્ર પર જવાના રૉકેટ પણ તૈયાર થઇ રહ્યાં છે. આમ કુદરત-માં રહેલી આ અખૂટ શક્તિને માણસ બનતા ઉપયોગમાં લાવવા વૈજ્ઞાનિકો રાત દિવસ સંશોધ પ્રયોગો કરી રહ્યા છે.

સૂર્ય-પ્રકાશ સાથે હરીફાઈ કરતો દીવો

હાલમાં ન્યૂ યૉર્ક શહેરમાં વેસ્ટર્ન યુનિયન ટેલીગ્રાફ કંપનીએ એક નવો દીવો તૈયાર કર્યો છે, જેમાંથી નીકળતો પ્રકાશ ભવિષ્યમાં સૂર્યના પ્રકાશ સાથે સ્પર્ધા કરશે એમ લાગે છે. હાલમાં જ સૂર્ય પ્રકાશ કરતાં અડધા જેટલો પ્રકાશ તો, આપે જ છે. ટેલગ્રાફના તારના વીજળીના કે દીવા આપણે વાપરીએ છીએ તેમાંથી દર ચોરસ ફૂટ ૧૫૦ મીણબત્તીના જેટલો પ્રકાશ નીકળે છે; પણ આ દીવામાંથી તો તેના કરતાં દસગણો એટલે કે ૧૫૦૦ મીણ-બત્તી જેટલો પ્રકાશ નીકળે છે. આ દીવામાંથી નીકળતા પ્રકારનો કિરણો એવાં તો પ્રખર હોય છે કે તે જોવા માટે કાળા કાચનાં ચશ્માં પહેરવાં પડે છે.

અત્યાર સુધી પ્રકાશ ઉત્પન્ન કરવા માટે જે ઉપાય આપણે લેતા હતા તેના કરતાં તદ્દન જુદી જ રચનાવાળો આ દીવો છે. આજસુધી આપણે કેરોસીન, મીણ, તેલ, ગૅસ વગેરે બાળીને અથવા ધાતુના ઝીણા તારમાં વીજળી પસાર કરી તેને ગરમી લાલચોળ કરીને પ્રકાશ ઉત્પન્ન કરતા હતા, પણ આ દીવામાંજુદી રચના છે. ગૉર્ગન વાયુ અરેસા કાચના દીવામાં ૨૦૦૩ દબાવ-સના ધાતુના બે છેડા બેસાડેલા હોય છે. તેમાંના એકને ઝેરે ઝિંકિ-નિયમ ઑક્સાઈડ લગાડેલો હોય છે. પછી તેમાંથી વીજળીનો પ્રવાહ પસાર કરતાં ઝિંકિનિયમ ઑક્સાઇડનું ઝિંકિનિયમમાં રૂપાં-તર થાય છે અને તે ખીજા છેડે જાઈ છે. ત્યાં તે વીજળી બંધ છે અને આ પ્રાપ્તજેલા ઝિંકિનિયમમાંથી જ પ્રખર પ્રકાશ નીકળે છે. આમાં જે વિદ્યુત શક્તિ વપરાય છે તે બધી જ શક્તિનું પ્રકાશમાં રૂપાંતર થાય છે અને ફાજુલતા કયમાં બહુ ઓછી શક્તિ નકામી બંધ થાય છે. વળી સાદા વીજળીના દીવા કરતાં આ દીવામાં બહુજ ઓછા વીજળીક પ્રવાહ વપરાય છે. ૦.૦૦૩ ઍમ્પિયર જેટલા નાના કેન્દ્રમાંથી આવો પ્રખર પ્રકાશ નીકળતો હોવાથી તેનો ઉપયોગ વ્યવહારમાં તેમજ ઉદ્યોગધંધામાં બહુજ જ થશે. ખાસ કરીને સ્ટીનોગ્રાફી, સૂક્ષ્મ દર્શન (આર્કીટેક્ચરિકિ) સંકેત પ્રકાશમાં વધા ટ્રેઇનારૂપે એનાકૉમ્બ કરવામાં તે બહુજ જ ઉપયોગી, કારણ તેનાથી પડતી પડછાયીનો ભાવ

અત્યંત રસપ્રદ અને જાણવાલાયક હોય છે. આજ સુધી એન્સાર્ક કરેલા ફોટોગ્રાફો અરધપટ્ટ આવતા, પણ આ દીવાની સહાયથી ૨૦ ગણો એન્લાર્જ કરેલો ફોટો પણ દર્શન સુરેખ-તીક્ષ્ણ લેઈ ફોટોગ્રાફીના નિષ્ણાતો તો ચકિત થઈ ગયા હતા !

આપણી ખનિજ-સમૃદ્ધિ

હિંદની 'ખનિજ ગાદિની સંસ્થા' (જિનરલ ઇન્ફર્મેશન બ્યૂરો) તરફથી 'ધી ઇન્ડિયન મિનરલ્સ પ્રકાશિત' નામના રેમાસિકમાં હિંદની ખનિજ સંપત્તિ વિષે નીચે પ્રમાણે માહિતી આપવામાં આવી છે:

જે ખનિજો માટે હિંદને પરદેશની આયાત ઉપર અમુક અંશે અથવા સર્વાંશે આધાર રાખવો પડે છે તેની યાદી તપાસતાં જણાશે કે લોખંડ, મેંગેનીઝ, એલ્યુમિનિયમ અને મેગ્નેશ્યમ જેવી ધાતુક ધાતુઓ તો હિંદમાં પુષ્કળ પ્રમાણમાં છે; પણ ટિન (કલાઈ), ટંગ્સ્ટન, સીસું, જસત, નિકલ, વેનેડાઇટ અને પેટ્રોલ જેવાં યુદ્ધવિષયક મહત્ત્વ ધરાવતાં ખનિજોની હિંદમાં ખોટ છે. આ બોટ યુદ્ધના સમયમાં ઝેબી થઈ પડે. પણ આપણા પડોશી બ્રહ્મદેશ પાસે ટિન, ટંગ્સ્ટન, સીસું, જસત અને પેટ્રોલિયમના તેમજ ચાંદી, નિકલ, એન્ટીમની વગેરેના જથ્થા પડ્યા છે; જ્યારે લંકામાં જગતના સર્વોત્તમ ગ્રેફાઇટનો સાંઠો જમત ચાલે એટલો જથ્થો છે. આ પરથી જણાય છે કે બધા માને છે તેમ હિંદુસ્તાન ખનિજે વેરે 'અતિ-સમૃદ્ધ' દેશ નથી; પણ એટલું ખરું કે એના કદ અને વસતિના પ્રમાણમાં હિંદની ખનિજ સંપત્તિ ઉપેક્ષા કરવા જેવી તો નથી જ. એક દેશને ઔદ્યોગિક દૃષ્ટિએ તથા યુદ્ધ-વિષયક દૃષ્ટિએ સ્વપર્યાપ્ત બનાવવા માટે ઉપયોગી પદાર્થોના જે જુદાજુદા પ્રકારો હોવા જોઈએ તે બધાને સમાવેશ હિંદની ખનિજ-સંપત્તિમાં થઈ જાય છે.

કાચુ લોખંડ, અબરખ, કાચું એલ્યુમિનિયમ, ટિટેનિયમ અને કાચા ચીરિયમ જેવાં ચોદાર્ક ખનિજો સિવાય હિંદના ખનિજધરો ગર્યાદિત પ્રમાણના હોવાથી રાષ્ટ્રની ભાવિ જરૂરિયાતોના હિતમાં તેની સખ્ત જળવણીની અને સુયોજિત ઉપયોગીકરણની નીતિ હોવી જરૂરી છે. હિંદની જરૂરિયાતોના અમુક અંશ કરતાં વધારે પ્રમાણમાં પૂરાં પડી શકે એટલા વિશાળ હિંદનાં તેલક્ષેત્રો નથી. પણ રાષ્ટ્રીય અર્થશાસ્ત્રમાં હિંદનો તેલ-ઉદ્યોગ ગર્ભસ્થનું સ્થાન ધરાવે છે. જગતના હત્પાદનની સરખામણીમાં તેનું પ્રમાણ ઘણું અલ્પ (જગતના પુરવઠાના ૧૦૦મા ભાગ કરતાં પણ ઓછું) છે, છતાં એનો વિકાસ જગતમાં બનેલી કોઈ પણ ઘટને બરોબર અઘતન બોરલ પર હોય છે તેવો નહિ પણ સતત રાખવામાં આવે છે.

ગણિતશાસ્ત્રી યંત્ર

ગણિતના લાંબા લાંબા ગુણાકાર તથા સરવાળા-બાદબાકી કરવાનો કંટાળો ન આવે ? બેક તથા વીજા કેપ્લીઓનાં હજારો ગાણસોને આ કંટાળાભર્યો કામ પાછળ પોતાની અમૂલ્ય શક્તિઓ વેડફી નાખવી પડે છે; પણ તેમની આ ગાથાકૂટમાંથી છોડાવે એવું એક યંત્ર વિજ્ઞાનશાસ્ત્રીઓએ શોધી કાઢ્યું છે. આ યંત્ર ગણિતના ગુણાકાર-બાદાકાર, સરવાળા-બાદબાકી તથા ગણિતને લગતાં બીજાં ઘણાં કામો અત્યંત ઝડપ અને ચોકસાઈથી કરી આપે છે. ૧૦ આંકડાની સંખ્યાના એક કરોડ સરવાળા અને બાદબાકી તે પાંચ જ મિનિટમાં કરી આપે છે; જ્યારે તેની સંખ્યાને આંકડે ગુણાકાર તો રોકેડના વિદ્યુતગ્રામ બાજમાં કરી નાખે છે ! નિષ્ણાત ગણિતશાસ્ત્રીઓને ગણિતનું જે પ્રમેય ગબુતાં ૧૫ વર્ષ લાગ્યાં હોત તે પ્રમેય આ યંત્ર માત્ર બે કલાકમાં કરી આપે છે ! ૩૦ ટન વજનના આ યંત્રમાં અત્યંત ઝડપી ગોઠવણે કરવામાં આવી છે. જે કોયડાનો કકેલ કરવાનો હોય છે તેને પહેલાં ગણિતના સમીકરણના રૂપમાં ગોઠવવામાં આવે છે. પછી તેની સંખ્યાઓને યાંત્રિક ચાવીઓ વડે ગણીનમાં ચડાવી દેવામાં આવે છે. બસ, પછી યંત્ર બધે જ પોતાનું કામ શરૂ કરી દે છે. કઇ રીતે તે પ્રમેયનો જવાબ આપવો તે યંત્ર પોતે જ નક્કી કરીને ઝડપથી તેનો નિકાલ આણી દે છે. ખગોલશાસ્ત્ર, અણુશાસ્ત્ર ઇત્યાદિ ક્ષેત્રોમાં કામ કરનાં વૈજ્ઞાનિકને આ યંત્ર એક અજાણી વ્યક્તિ સમાન નીવડશે, કારણ આંકડાઓની જંજાળમાંથી છૂટી તેમને ભૌતિક સર્જન માટે વિચાર કરવાનો ઘણો વખત મળશે. બેકો, વીજા કેપ્લીઓ તથા ગૌણીગિક કારખાનાંઓમાં તો તેનો ગણવત્ત ઉપયોગ થશે.

વિટામિન વિષે

લેખક

નટવરલાલ શાહ

[૬] વિટામિન 'ઇ'

વે વિટામિનમાં આ 'વિટામિન એવું છે કે ઉષ્ણતા અજરામરી નથી. પણ પ્રાણીમાત્રને માટે આ વિટામિન ઘણું જ આવશ્યક છે. કારણ તેના અભાવથી પ્રાણીઓમાં વાંઝીયાપણું ઉત્પન્ન થવાનો સંભવ ઊભો થાય છે.

લીલાં પાંદડાંવાળી શાકભાજીમાં, કઠોળમાં તથા ઘઉં, ચોખા, મકાઈ વગેરેનાં તેલી તત્વોમાં આ વિટામિન ખૂબ મોટા પ્રમાણમાં હોય છે. ફળમાં અને બદામ(અખરોટ)માં તેવળાં, તેમજ ઈંડાં તથા માંસમાં તે સારા પ્રમાણમાં છે. પણ દૂધ, માખણ, ગાજર, કાકડી, કેળાં, બટાટા ઇત્યાદિમાં તે અલ્પ પ્રમાણમાં રહેતું છે. ૨૫૦ સેન્ટીગ્રેડ સુધી ગરમ કરવા છતાં પણ આ વિટામિનમાં કંઈ ફેરફાર નહિ થતો હોવાથી રાધવાની ક્રિયામાં તેનો નાશ થતો નથી. તે પ્રમાણે પ્રકાશમાં પણ તે ફેરફાર થવા સિવાય મૂળ સ્થિતિમાં રહે છે. માત્ર લાંબા સમય સુધી અલ્ટ્રા-વાયોલેટ કિરણોમાં રહેવાં તે નાશ પામે છે.

દેનિક જીવનમાં આ વિટામિનની કેટલી જરૂરિયાત છે તે એક દન્ત બરાબર જણાયું નથી; પણ રોજના ખોરાકમાં તે થોડા પ્રમાણમાં પણ મળે તો ચાલી રહે. તેના અભાવથી પ્રજનન ક્રિયા પર બહુ મોટી અસર થાય છે એમ ઉંદરો પર પ્રયોગો કરવાથી સિદ્ધ થયું છે. કેટલાક ઉંદરોને આ વિટામિન ન આપવામાં આવ્યાં તેમના ગર્ભનાં ફેરફાર થવા માંડ્યો, તેને લોહી ભળતું અટકી ગયું અને ગર્ભ મરી ગયો. પ્રજનનના અવયવોને પણ કાર્યમાંનું નુકસાન થયું. જ્યારે કેટલીક વાંઝણી ગાયોને આ વિટામિન આપવામાં આવ્યાં તે ગાયો ફરી ગર્ભિણી થઈ.

સ્ત્રીઓની કસુવાવડ તથા વાંઝીયાપણામાં વિટામિન 'ઇ' ખૂબીવાર કાર્યકર આપે છે. પ્રજનનના અવયવોમાં સુંવાવણા જેવી થઈ હોય, સાંસિક ઋતુમાં ફેરફાર થયો હોય અથવા ગર્ભવિરોધ ઇંજેક્શનિયા' જેવા દોષ તે વખતે વિટામિન 'ઇ' આપવામાં આવે છે.

વજન કરવાના કાંટા ઉપર એક બાજુ માણસ પોતાનું વજન કરવા ચડ્યો. બે બેકુરો તે જોયા કરતા હતા. 'કાંટા ઓટો પડી ગયો છે' અવું પાટિયું પેલા માણસે જોયું નહિ અને તેણે અંદર એક આની નાખી. પણ કાંટો ઓટો હોવાથી તે તો ફક્ત ૫૦ રતલના આંકો આગળ જ આગી અટકી ગયો ! એ જોઈને પેલા બે પૈસાના બે બેકુર બોલી ઊઠ્યા : 'અલ્યા ઈઈ ! આ ખડિયો તો પોલો છે !'

'૮૦૬૮૦માં બીજી કોઈ પણ રીતે કરતાં વધુમાં વધુ ઉત્પન્ન થનારી !'
'એમેનેનો !'

આ માસ ઇતિહાસમાં

જુલાઈ

તા. ૧ ઇટાલ્કરે ખંડના સ્વાતંત્ર્ય યુદ્ધમાં સામેલ થઈઅમેને ૫૨ હલ્લો કર્યો, ૧૮૧૩.

તા. ૩ હિંદના પ્રાંતોમાં પ્રજાકીય શાસન દાખલ કરતા ૧૯૩૫ના નવા બંધારણને વાઇસરૉયનો ખરીતો બહાર પડ્યો,જેઅનુસાર ડૉમિનિયેનો પહેલાંપ્રધાનપદાં લીધાં, ૧૯૩૬.

તા. ૪ રેડિયમનાં જગવિખ્યાત શોધક મૅડામ ક્યૂરીનું અવસાન; ૧૯૩૪.

તા. ૫ આફ્રિકામાં બ્રિટિશ મહાશક્ત્યના, રવાપાક અને એક અમૂર્ઝી ને ચોથ૨ રાજપુરુષ સૅસિલ રહોડ્સનો જન્મ, ૧૮૫૩.

તા. ૬ ઝેક રાષ્ટ્રવાદના પુરસ્કર્તા ને સુધારક જૅન હુસને જીવતો બાળી મૂકવો, ૧૪૧૫.

તા. ૮ ઝેકો આગમનની સાથે હિંદુસ્તાનમાં પ૨૨શી ફિરંગી (યુરોપીઅનો)ને પહેલવા પ્રવેશ થયો તે વારસો ૩ બાજા વધુ વહાલો (સામ ઝેબ્રાઇસ, સામ રાષ્ટ્રમેકૅ અને સામ માણકૅક)માં ૧૭૦ માણસોનો કાફલો લઇ તાયુસણી હિંદની શોધે ઊપડ્યો, ૧૪૯૭.

તા. ૯૨ ગુજરાતના નબળાતા પારસી સાક્ષર બહેરામજી મલબારીનું અવસાન, ૧૯૧૧.

તા. ૧૨ 'કેડાઇ'ના નામથી ઓળખાતી ફ્રેંચો-આફ્રીનાં સાધનોના શોધક-ર્ન્યોજક ઇરટ્રેમેનો જન્મ, ૧૮૫૪. એણાથી અઢળક ધન કમાઈ એણે પ્રા. કરોડ ડૉલરનું દાન ર્ધ્યું.

તા. ૧૭ મુંબાઈનું અબુલિતા ઇંગ્લિશ 'ઑબ્ઝર્વેશનહાઉસ'ની જ્યવર્તક કારકીર્દિ જમાવનાર નીડર અને સમર્થ પત્રકાર મૅન્સ્ફીલ્ડ ગાઈ હૉર્નિમનનો જન્મ, ૧૮૭૩.

તા. ૧૬ હિંદમાં ઇન્ક્લૅબ્ડેક્સ પહેલવહેલા દાખલ થયો, ૧૮૬૦.

તા. ૨૧ સ્કૉટલૅન્ડની તળપટી ભાષાની ઝાટપાળી લેખ્ય કવિતા ઓવડે ગૅયેલ સાહિત્યને ઝંકિત કરનાર સ્કૉટિશ કવિ રૉબર્ટ બર્નસનું અવસાન, ૧૭૯૬.

તા. ૨૫ ગુજરાતના પહેલા સમાજસુધારક ફરસેનદાસ મૂળજીનો જન્મ, ૧૮૩૨.

તા. ૨૬ પોતાની અસાધારણ પ્રતિભા પર જન્મજાતિ કુમાનાર ગૅયેલ નાટકકાર અને ચિત્રકુશળ ચિંતક તથા લેખક જર્ન્યોર્જ બર્નાર્ડ શૉનેા જન્મ, ૧૮૫૬.

તા. ૨૮ છઠ્ઠક પ્રતિભાનો પહેલવાએલા જર્મનીનું સંગઠન કરી રાજિસત્તાથી અર્ધાવ જર્મન રાષ્ટ્ર સર્જનાર બૅાએડી રાષ્ટ્રપુરુષ પ્રિન્સ બિસમાર્કનું અવસાન, ૧૮૯૮.

આ માસની વ્યક્તિવિશેષ

લોકમાન્ય ટિળક

આજે જે રવરાજ આપણે હાંસલ કરવાની આગી કુચ કરીએ છીએ 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે' એવું ભાન હિંદની સુષ્ત જનતામાં જો પ્રથમ જગાડ કરીને તેનામાં અસંતોષની આગ પ્રકટાવી બ્રિટિશ નાગ૨ુકને આ દેશ પરથી ઠીલી કરવામાં અગ્રિમ ફાળો આપનાર લોકમાન્ય બાળ ગંગાધર ટિળકનું નામ હિંદી સ્વાતંત્ર્યયોદ્ધાની નામાવલિમાં અત્યંત ઊંચા અક્ષરે એકા એવું છે. એમનો જન્મ ૧૮૫૬ની ૨૩મી જુલાઇએ રત્નાગિરિમાં થયો હતો. બાળપણથી જ તેજસ્વી મેધાધરાવતા કેશવની પુનામાં આધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણની અંતિ યશસ્વી કારકીર્દિ બાળી ૧૮૭૯માં તે બી.એ. થયા; અને ૧૮૮૩માં એલએલ.બી. થયા પછી વકીલાત ન કરતાં દેશસેવા કરવાની પ્રતિજ્ઞા કરી વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરની સાળમાં માત્ર ૩૦ રૂપિયાના પગારે અધ્યાપક થયા. પણ દેશસેવામાં પહેલી અગત્ય એમને અનુભવવા લાગી. આટલે વર્ષ પછી ચિપળૂણકર, આગરકર તથા તેમણે મળીને મરાઠીના 'કેસરી' તથા અંગ્રેજીમાં 'મરાઠા' પત્રો શરૂ કર્યા. જે ચિપૂળૂણકરોમાંથી ચિપળૂણકર અકાળે અવસાન પામ્યા અને આગરકર તાત્ત્વિક મતભેદોને અંગે જુદા પડ્યા, અંતકે ઈ. ૧૮૯૦માં એ બંને પત્રોના એકલા સંચાલક ટિળક બન્યા; અને અવિશ્રાંત પરિશ્રમ તથા પ્રતિભાવંત શૈલિની જે પ્રભાવોદ્ગાર પ્રજાનાં દુઃખોને વાચા આપીને, સરકારી અણલક્ષીનીની ગાઢકરી ખબરો લઈને તથા પરદેશી અમલ વિષે શિક્ષિતો અસંતોષ ઉત્પન્ન કરીને તેમણે પ્રજામાં એવી તો નવજીવન આણી કે તે સરકારની આંખમાં કાંકરાની માફક ખૂંચવા લાગ્યા. આથી ઈ. ૧૮૯૭માં જ્યારે પુનામાં પ્લેગ વખતે ચેફેડ તથા આયર્સ્ટન નામના બે બ્રિટિશ સરકારીઓના ખૂન થયાં ત્યારે એ ખૂન પાછળ તેમનો જ હાથ હોવાનું જણાવી સરકારે તેમને ૧૮ માસની સખ્ત કારાગીની સજા કરી.

ટૅંચેસમાં તે રાજથી જ એકલવા હતા અને પોતાની ઉગ્ર વિચારસરણીથી સ્વાભાવિકપણે જ તેના કદાગ્રહ પક્ષના નેતા બન્યા. બલકતા ટૅંચેસ વખતે તેમણે પોતાના સાથીઓની સહાયથી 'કેસરી' (મરાઠી), બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ અને સ્વરાજ્ય) પ્રબ આબાળ પ્રચો. આ ત્રણસૂત્રી દ્વારા તેમણે પ્રજામાં પ્રબલ નવચેતન્ય તથા રાજદ્રોય જાગૃતિ ઉત્પન્ન કર્યા, અંતકે ૧૯૦૭માં જ્યારે ક્રાતિકારી યુવાનોએ બંગાળ તથા બીજે બોંબની અને બીજા હિંસક બળવાખોરોની પ્રવૃત્તિ કરી ત્યારે પણ તેનું મૂળ શોકમાન્યને જ ગણી ફરી તેમના ધરપકડ કરવામાં આવી અને ૬ વર્ષ માટે બ્રહ્મદેશમાં મંડાલેમાં દેશનિકાલ કરવામાં આવ્યા. રાજદ્રાણ તો ઊગણે દેશદાઝની નિર્બાજ સેવાવૃત્તિથી પ્રેરાઈને કપાઠકું હતું. આથી પૂના તો એ સંકટ, તત્ત્વજ્ઞાન અને ગણિતના પ્રતિભાવાન વિદ્વાન હતા. એટકે એકલાસ્ત. પરાણે આવી પડેલી દુરસદનો સમય એમણે પોતાની એ પ્રિય પ્રવૃત્તિમાં ગાળ્યો. એ એમને મરિણામે એમણે ગ્રંથ-નિવાસ દરમ્યાન કર્મયોગની મેલ્ડના પુરવાર કરેલો 'ગીતારહસ્ય' નામનો અમૂલ્ય ગ્રંથ લખ્યો.

જેલમાંથી છૂટીને એમણે 'પુનઃ હરિ ૐ' કરી બેસવા બેસથી પ્રવૃત્તિ ઉપાડી, ને સ્વરાજ્ય જન્મસિદ્ધ હાંસલ કરવા માટે ૧૯૧૬માં 'હોમ રૂલ લીગ' સ્થાપી. દેશને માટે એટલું સ્વાતંત્ર્ય ગળે તેટલું લેતા જવું તે ધ્યેય માટે પ્રજાકાય જવું એવી 'પ્રતિયોગી સહકારિતાવાદી' નીતિ દ્વારે ઊભીને જે સતત યુદ્ધ ખેડ્યું એમાં દેશને ખાતર તેમણે ઘરેલાં કષ્ટ તથા તેમના તેજસ્વી રાજકારણને લીધે તે દેશના એકમેવ નેતા થઈ પડ્યા.

રાજકારણના નાવનું સુકાન સંભાળતાં સંભાળતાં પ્રબળ સંઘકૃતિક અરિમતા પ્રકાશવાનું તથા લોકસંગ્રહનું બીજું પણ અમૂલ્ય કાર્ય એમણે કર્યું છે. વિદ્વત્તાના ક્ષેત્રમાં તો કેટલાક એવા સંશોધનાત્મક ગ્રાઝીને ગ્રંથો લખ્યા છે કે જેને લીધે તે આંતરરાષ્ટ્રીય કીર્તિ પામ્યા છે. વેદોના કાળનો નિર્ણય કરતો 'ઓરાયન' નામનો ગ્રંથ, આર્યોના મૂળ સ્થાનનું સંશોધન કરતો 'શ્રી આર્કટિક હોમ ઇન ધ વેદઝ' તથા 'આર્કટિક હોમ' ઉપરના તેમના ગ્રંથોની વિદેશી વિદ્વાનોએ પણ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. એની ગહનતેજસ્વી અને વિચક્ષણ બુદ્ધિમત્તા પ્રતાપવાન તથા દેશસેવાના આજીવન વ્રતધારી આ નીડર લોકસેવકનું ૧૯૨૦ની ૧ લી ઑગસ્ટે મુંબાઇમાં અવસાન થયું.

આપતું પુસ્તક, ૧-૦-૦; **પાનેતરના રંગ**: શ્રી પન્નાલાલ પટેલની ચૂંટેલી નવલિકાઓનો સંગ્રહ: ૩-૮-૦; **અધૂરી વાત**: શ્રી મણુભાઈ શુકલની એક સામાજિક નવલકથા, ૪-૮-૦; **દિનરાત**: શ્રી બાદુમાઈ ૨. આસ(રેવન્દ્રચ)ની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ, ૪-૦-૦; **માટી-તત્ત્વ**: એક સામાજિક નવલકથા: લેખક-ગોવિંદભાઈ અમીન, ૨ ૮-૦; **કાશ્મિરી ગુલાબ**: મહારાષ્ટ્રના પ્રખ્યાત લેખક પ્રો. કુંટેની સા-માજિક નવલકથાનો અનુવાદ: કરનાર-તા. પી. ખાડાલ્કર, ૩-૭-૦.

કમલ પ્રકાશન મંદિરનાં પ્રકાશનો

કમલ પ્રકાશન મંદિર ('વિનોદ વિદ્યા,' કોન્ફરન્સનો પહેલો હૉલ, ઑલિસબ્રિજ, અમદાવાદ) તરફથી હિંદીકા ગ્રંથમાળા, ગૃહિણી ગ્રંથ-માળા અને શિશુ ભારતી ગ્રંથમાળા શરૂ કરવામાં આવી છે. નીચેનાં પૈકી 'મહાત્મા થયા પહેલાં' એ હિંદીકા ગ્રંથમાળાનું પ્રથમ પુસ્તક છે, જ્યારે બાકીનાં ત્રણ ગૃહિણી ગ્રંથમાળાનાં પુસ્તકો છે.

મહાત્મા થયા પહેલાં: યુવાનોના સ્ફૂર્તિદાયક સખા શ્રી રવિશંકર મહારાજનું પૂર્વજીવન આલેખતું આબારભૂત પ્રેરક જીવન-ચરિત્ર: લેખક-બળવંતભાઈ મહેતા, ૨-૦-૦; **સીતા વનવાસ**: સુ-પ્રસિદ્ધ પંડિત ક્ષિતીશચન્દ્ર વિદ્યાસાગરના બંગાળી પુસ્તકનો શ્રી રમણ-લાલ સોનીએ કરેલો અનુવાદ, ૧-૪-૦; **ભારતની વીરાંગનાઓ**: ઝાંસીની રાણી ઇત્યાદિ ભારતની પાંચ વીર સ્ત્રીઓનાં ચરિત્રોનો સંગ્રહ: લેખક-રમણારાયણ ના. પાઠક, ૧-૪-૦; **શકુન્તલા**: શ્રી ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર કૃત વાર્તારૂપ 'શકુન્તલા'નો અનુવાદ: કર-નાર રમણલાલ સોની, મોડાસા, ૧-૪-૦.

ઇતર પ્રકાશનો

જીવેરચંદ ઐયાણી: સ્વ. જવેરચંદભાઇને જુદાજુદા લેખકોએ આપેલી સ્મરણાંજલિઓનો સંગ્રહ: સંપાદક-નિરંજન વર્મા અને જય-ગોપાલ પરગાર, પ્રકાશક-કુલકાળ પ્રકાશન મંદિર, રાજપુર, ૧-૦-૦; **આપણા નેતાઓ** (ભાગ-રજો): હિંદના સાત શ્રેષ્ઠ નેતાઓનાં સુસ્પષ્ટ મહેનઝલીએ એમણે લખેલાં દુર્લભ તેજસ્વી જીવનચરિત્રો-નાં સંગ્રહનો અનુવાદ: કરનાર-બી. હી. ભૂખણવાળા, પ્રકાશક પદ્મન પ્રકાશન, વડોદરા, ૧-૦-૦; **અગોળ-પ્રવેશ**: અગોળના અજ્ઞાનની શરૂઆત કરનારને પ્રમાણભૂત શાસ્ત્રીય માહિતી સરળ અને રસિક રીતે આપતું સચિત્ર પુસ્તક: લેખક-આણદના 'તારક મંડળ'ના સંચાલક છોટુભાઈ સુથાર, પ્રકાશક-ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ, ૨-૮-૦; **કવિતા-શિક્ષણ**: કાવ્યોના ગુણ-દોષનું નૂતન્યાય કરવાનું ચાલુ શીખવતું અને નવા કવિતા-લેખ-કોને ઉપયોગી માર્ગદર્શન આપતું કવિતા-કલા-શિક્ષણ પરનું પ્રો. અક્ષયતરાય કલ્યાણરાય ઠાકોરનું વિવેચનાત્મક આધારભૂત પુસ્તક: (આવૃત્તિ બીજી) લેખક અને પ્રકાશક-પ્રો. બ. ક. ઠાકોર, ઘેલાભાઈ મેન્શન, ગોપાઘેરાડ મુંબઈગ્રુ, ૨-૪-૦; **ગુજરાતી ભાષા, વ્યા-કરણ અને લેખન**: શુદ્ધ તથા અર્થવાહક ગુજરાતી ભાષા લખવામાં સહાયભૂત થાય તેવું, હાઇસ્કૂલના વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી પુસ્તક: લેખક-પ્રો. મનસુખલાલ મ. ઝવેરી, પ્રકાશક-વોરા એન્ડ કંપની, પબ્લિશર્સ લિ. કાલબાદેવી, મુંબઇ-૨, ૨-૦-૦; **લગ્ન-મંગલ**: ઋગ્વેદથી માંડીને ભવભૂતિ સુધીના સંસ્કૃત ગ્રંથોમાંથી ચૂંટેલાં, જીવનવિકાસ સંસારધર્મ સમજવતાં આદર્શ લગ્નગીતો સંગ્રહ: બીજી આવૃત્તિ, લેખક-ચન્દ્રશંકર પ્રાણશંકર શુક્લ, શોલ એજન્ટ-રાયચુરા ખૂબ દીપો, વડોદરા, ૧-૪-૦; **સ્વરાજ્યશિક્ષણ**: હિન્દી રાજ્યતુરા ખૂબ દીપો, વડોદરા, ૧-૪-૦; **સ્વરાજ્યશિક્ષણ**: હિન્દી સંસ્કૃતિની પરંપરા પ્રમાણે રામરાજીતિ અને લોકશાસન કેવાં હોવાં જોઈએ એની સુંદર, સરલ, વિદ્વત્તાભરી અને ગૌલિક છણાવટ કરતા શ્રીમતી સોફિયા વાડિયાના 'ધ્રેપરેશન ફૉર સિટિઝનશિપ' નામના નાનકડા પુસ્તકનો સિદ્ધહસ્ત અનુવાદ: કરનાર-ચન્દ્રશેકર પ્રાણ-શંકર શુક્લ, પ્રકાશક-હરિજન ગ્રંથમાલા-હિન્દીકા પ્રકાશન, મુંબાઈ, ૧-૦-૦; **સુધમા**: નવીનશૈલી તથા સ્વરૂપવાળી ૩૦ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ, લેખક-ગોરાક ઠર્ષ, પ્રકાશક-જયંતકુમાર વાજિક, ગજાનન પ્રેસ, વડોદરા, ૩-૦-૦; **ચક્રવાક**: મોટે ભાગે પ્રણય વિષયક કાવ્યોનો સંગ્રહ: લેખક-'અનામી', પ્રકાશક-પ્રકાશ એજ્યુકેશનલ પબ્લિશિંગ કંપની; વડોદરા, ૨-૮-૦: **આપબુદ્ધિ સંવાદ**: બાળકોના ગોપુ બહુધી સહેલાઈથી સમજી શકે એવી રસિક અને સરળ ભા-ષામાં લખાએલું સરદાર વલ્લભભાઈનું સાધાર જીવનચરિત્ર: લેખક-પુરાતન શુચ, પ્રાપ્તિસ્થાન-ભાવજીવિન્દ કુબેરદાસની કે. ગાંધીરોડ, અગાદાબાદ, ૧-૦-૦; **કાંતણચિથડી**: કાતણક્રિયાને સાદી અને સરળ ભાષામાં સમજવતું સચિત્ર પુસ્તક: લેખક-પ્રકાશક ઉપર મુજબ, ૦-૧૦-૦; **મહર્ષિ મેતારજ**: ભગવાન મહાવીરના કાલની ઐતિહાસિક નવલકથા: લેખક-'જયભિક્ષુ', પ્રાપ્તિસ્થાન—સારા-ભાઈ પાંજીલાલ નવાબ, નાગજી બૂદરની પોળ, અગદાબાદ, ૪-૪-૦; **રસદર્શન**: લેખકને સૌન્દર્યલેખકમાં પ્રવેશ કરાવનાર જીવનપ્રસંગોનાં સંસ્મરણો: લેખક-ડૉ. હરિપ્રસાદ દેસાઈ, પ્રકાશક-આદર્શ પુસ્તક-ભંડાર, શોલ એજન્ટ-મહાદેવ રાગચન્દ્ર લાધુજી, અગદાબાદ, ૨-૧૨-૦; **ફાલ્ગુની**: સ્વ. કવિ નાનાલાલના પ્રથમ સંસ્પર્શે તેમનું તર્પણ કરતો તેમના પુત્રનાં લખેલાં બાર કાવ્યોનો સંગ્રહ: લેખક-આનન્દ, પ્રકાશક-અનુપમ નાનાલાલ કવિ. ૦-૮-૦; **પથિક**: 'પ્રશાંત'નાં પ્રેરક ગીતોનો સંગ્રહ: લેખક-પ્રશાંત, પ્રકાશક-યુગધર્મ કાર્યાલય, મુંબાઈ-૧, ૧-૪-૦; **ગીતગાણી**: ભાલકંઠ-કવિની તરંગથી જુદાજુદા કવિઓનાં બાળગીતોનો સંગ્રહ: સંપાદક-બાબુભાઈ પંડ્યા, પ્રકાશક-ચરવાળા પ્રકાશન મંદિર, બાલવાળ, ૧-૮-૦; **રાષ્ટ્રવીણા**: રાષ્ટ્રીય ગીતોનો સંગ્રહ: લેખક-ગજેન્દ્ર જ. પંડ્યા, પ્રકાશક-ગોવિંદલાલ ગ્યંભકલાલ ત્રિવેદી, વડોદરા, ૨-૪-૦; **આદર્શ ગણિત ભાળા**: ગોજક-રતિલાલ રા. આપવું, મુખ્ય વિક્રેતા-બાલ-ગોવિંદ કુબેરદાસની કે. અગાદાબાદ, ૬-૭-૦; **વ્યસન અર્થાત્ બાદક દ્રવ્ય**: લેખક-જ્ઞાનેન્દ્ર 'સિદ્ધાંતભૂષણ', પ્રકાશક-ગદ્યાગુજ-રાત પુસ્તક પ્રકાશન ગૃહળ, નવસારી, ૦-૧૪-૦; **સદ્ગણિક્ષણ-ગ્રેક્ષ રેખા**: લેખક અને પ્રકાશક ઉપર મુજબ, ૦-૦-૬; **બાળ-ગ્રેક્ષ-ગીતા**: સ્વ. ત્રિભુભાઈના આદેરોમાંથી ચૂંટીને તૈયાર કરેલ, બાળ-માનસ સમજવામાં ઉપયોગી નાની પુસ્તિકા, ૦-૨-૦; **આપે-શનઃ** (નકશા સાથે) પ્રવાસીઓને ઉપયોગી થાય તેવું માહેશન વિષે સચિત્ર માહિતી આપતું એજેન્સ પુસ્તક: લેખક-'સાનિ', શોલ એજન્ટ-નવયુગ સાહિત્ય સંઘ, રાજપુર, ૧-૦-૦; **પાંડુ કવેરીનું આખ્યાન**: ક્રિશોરોને માટે એક સરસ વાર્તા: લેખક અને પ્રકાશક-રમણલાલ સોની, ૦-૪-૦.

બાલવિનોદ કાર્યાલયના સેટ

બાલવિનોદ ભાળા—સેટ ૨: શ્રી નાગરદાસ ઈ. પટેલ સંપા-દિત અને શ્રી જગમોહન ગિજ્ઞી ચિત્રિત બીજા પુસ્તકો તથા એક સેટ પુસ્તક ખાળીને ગોહનીસનો સેટ; બાળકોને આકર્ષક કરે તેવાં ૩૭૫ ચિત્રો સાથે વિવિધરંગી છાપકામનાં ૭૫૦ પાનાંનો રસમય વાચન સમૂહ. જાનજીત બોકસમાં ૫૨૧-૦.

આબા સેટ: પાંચ-છ વરસનાં બાળકોને કક્કો, બારાખડી, આંક અને વાચનનું સરળતાથી જ્ઞાન આપી રહે તેની બદ્ધીસો રમચિત્રો સાથેની ત્રણ પુસ્તિકાઓનો સેટ, ૧-૪-૦.

ફના કરવું, ફના થાવું, ફનામાં રાઠ સમાઇ છે,
મરીને જીવવાનો મંત્ર દિલબરની દુહાઈ છે.

—ઝિલ્લાલ

ન્યાયમૂર્તિ સર લલ્લુભાઈના પિતા આશારામે મુસાફરીમાં એક વખત કંઈ કામ પડતાં, નીલ વર્ણમાં મુસાફરી કરતા લલ્લુભાઇને પોતાની પાસે બીજા વર્ણમાં બોલાવી લીધા. તરુણ લલ્લુભાઈની ન્યાયવૃત્તિ એથી અકળાઈ ઊઠી અને તે મણે બંને વર્ણના ભાડા વચ્ચેના તફાવતની રકમ ગનીઑર્ડરથી ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટને મોકલી આપી, જેની પહોંચ મોકલતાં એ અગલકારે આવા નીતિજ્ઞાન પુત્રના પિતા હોવા માટે આશારામ-ભાઇને ખાસ અભિનંદન મોકલેલાં.

કહેવતોના અર્થ: 'આખું પાત્ર ને અદકું ભણ્યો'—નાના મનનો માણસ જરા વધારે ભણ્યાથી ફુલાઇને જે બડાશો હાંકે, હલકા માણસને સત્તા મળવાથી તે જે રેબઝેબ કરે, અથવા જ્ઞાન, ધન કે શક્તિ હોવાની તાકાત વિનાનાને તે ગળે ત્યારે જે નુકસાન-કારક પરિણામ આવે તેનો ચિતાર આપતા, જ્ઞાની કવિ અખાના એક અગેાટ છપ્પાનું આ પહેલું ચરણ છે. એ છપ્પાનું એકે એક ચરણ એક એક કહેવતરૂપ બની પડયું છે:

'આખું પાત્ર ને અદકું ભણ્યા,
વહાણી વહુએ દીકરો જણ્યો;
મારકણો સાંઢને ગામમાંકું રહ્યાંથી,
કરડકણી કૂતરીને હડકવા હાલ્યો;
મરકટ ને વળી મદિરા પીએ,
અપા એથી સહુ કેા બીએ.

આ બાંધની બીજી પણ અનેક કહેવતો આપણે ત્યાં પ્રચલિત છે: 'ઘર ને વળી ચકરડે ચઢ્યું'; 'ઢેઢને હવાલદારી ગળી'; 'ગધેડાને બગાઈ વળગી' (વધારે લાતો મારે); 'કારેલાંનો વેલો, ને લીંડીએ ચઢ્યો'(વધુ કડવા થાય); 'વાંદરાના હાથમાં નીસરણી આેની'; 'ગધેડી ને કુદેકે ચડી'; 'રોવુજ (નદી)માં ગાગડીઓ ભળ્યો' (વધારે ગંદું પેર આવે); વાંદરો ને વળી વીંછી કરડ્યો'; 'નકટીને સળેખમ થયું'; 'કાણું ઘેરું ને પાછું કરડકણું'; 'મિયાં હતા ને ભાંગ પીધી'; 'હલગ ને વળી કારબાર માથે'; 'કેસ ને કાજળે ખરડ્યો'; 'ઘેલી ને પાછું ભૂત વળગ્યું'; 'ઘોડરે દારૂ પીધેા'; 'ભૂતને હાથમાં મશાલ આપી.'વ૦

અનેકાર્થી શબ્દ: ધ્રુવેાઃ ગ્રાજવાંતું સમતોલપણું; એવું સમતોલપણું લાવવા મુકાતું વજન; બીજ; નિયમ અથવા ધોરણ.

ઉત્તર હિંદમાં પહાણુ સત્તાનેા અસ્ત થઇને મુધલેાનું આગમન થયું એ વખતે દક્ષ્મણમાં વિજયનગરના સમ્રાજ્ય ને શક્તિશાળી મહારાજ્યનેા સૌથી તેજસ્વી રાજા કૃષ્ણદેવરાય એ રાજ્યની જહોજલાલીને ટોચે પહોંચાડી રહ્યો હતેા ઉપર એના સિક્કાનું ચિત્ર છે.

ગણિત-ગમ્મત: કોઇ પણ પૂર્ણાંક સાથેની અપૂર્ણાંક સંખ્યાનેા વર્ગ કરવેા હેાય તેા તે સંખ્યાનેા અપૂર્ણાંક ભાગ તે સંખ્યામાં ૩મે-રવેા. પછી જે આવે તેને તે સંખ્યાના પૂર્ણાંક વડે ગુણવા અને તેમાં અપૂર્ણાંક ભાગનેા વર્ગ ઉમેરવાથી જોઇતેા વર્ગ આની રહેશે દાખલા તરીકે ૩૬ેાનેા વર્ગ કરવેા હેાય તેા: ૩૬ૈ+ૈ =૩૬×૩+(ૈ)૨=૧૦૮+ૈ×ૈ=૧૦૮ૈ= (૩૬ૈ)૨. —મ. ના. ખત્રી

જૂની છત્રીનું કપડું તદ્દન સડી ગયું હેાય તેા કાઢી નાખીને છત્રીનું ઓખું ઝામાસાના દિવસેામાં ઘરની અંદર કપડાં સૂકવવા માટે ખપનાંલઇ રાકાય. સળિયા કટાઇ ગયા હેાય તેા સફેદ ઈનામલથી રંગી નાખવા. છત્રી ખોલીને છતમાં કાંઈ કહ્યા કે ખીલામાં ચત્તી ટાંગીને તેના એકેક સળિયા પર બાળકોનાં કપડા, રૂંવાંલાદિ ઓઢવાની રાકાય,અને ખપ થઇ રહે છત્રી બેધક કરીને ઊંચા મૂકી દેવાય.

લગભગ ૧૦ ઝેર જેટલા બરફમાંથી માત્ર એકાદ ઇંચ જેટલું જ પાણી બને છે.



કલાકારિગરી : કારમીરના રૂપાકામની ભારીક કેાતરણીવાળી બેનમૂન કારીગરીની સુરાહી.

હિંદમાં શ્રી-આ સી ટ્રે નાં આગમ પ્રારંભ ને શેાગડા હીગની અળથળવખતે હિંદી રાજકારણમાં પ્રમુખ ફાળેા આપનાર સ્ત્ર. એની બેસંટની આ વર્ષે આપની જન્મશતાબ્દીના ઉત્સવ-સ્મરણનિમિત્તકાઢવામાંઆવેલી ટપાલુદ્રા.

જગતમાં સૌથી ઊંચા ગામ કે ઊંચા સ્થળની પરતી હિંદ-તિબેટની સરહદ પર ડોંગ્રાંઆલા ઘાટ પર આવેલી છે. એ ઘાટ સમુદ્રની સપાટીથી ૧૯,૫૦૦ ફૂટ ઊંચે આવેલેા છે અને ત્યાં પાંચ માણસેા હિંદ-તિબેટ-ચાર્ડનું રક્ષણ કરવા એક પથ્થરની ઝૂંપડીમાં રહે છે.

રશિયામાં ૨૦ કરેાડ જનતાના શિક્ષણ પાછળ ત્યાંની સરકાર ૧૨૦૦ કરેાડ રૂપિયા ખર્ચે છે; જ્યારે આપણા ૧૧ પ્રાંતેા અને મધ્યવર્તી સિરકારની વાર્ષિક આવક જ આંકાંઓ એટલી થાય છે અને શિક્ષણ પાછળ તેા ખર્ચ ફક્ત ૩૭ કરેાડ રૂપિયા જ કરવામાં આવે છે.

ઊંચા પહાડેા પર રહેતા લેાકેાના લેાહીમાં લાલ કણેાની સંખ્યા વધારે હેાય છે. દરિયાની સપાટી પર રહેતાં માણસેામાં લેાહીનાં લાલ કણેા કરતાં ધન નિક્ષિપ્તીપરે ૪૦ લાખ હેાય છે, પાંચ હજાર ફૂટ ઊંચે રહેતાં માણસેામાં તેની સંખ્યા ૬૦ લાખ હેાય છે અને દસ હજાર ફૂટ ઊંચે રહેનારાઓમાં ૮૦ લાખ હેાય છે.

ફાટી ગએલા દૂધને આપણે ઘણુખરે ફેંકી દઇએ છીએ; પણ તેમાંથી સરસ મિઠાઈ બની શકે. એવા દૂધનું ઉપરનું પાણી નીતારી લઇ, બાકીના ભાગમાં લીંબુ કે રૂ.કુ.નારિયેળ છણીને નાખેા. પછી કેારા એટલી જ ખાંડ કે ગેાળ લઇ ચેાડી એલચી નાખી ધીમે તાપે તપાવી ને પાકું થતાં નીચે ઉતારી હરવા દેા. ખાવાથી મિઠાઈ જેવું લાગશે.

તમને ખબર છે?કે—

નેપેાલિયન ઉપર આખા જગતમાં ૩૦, ૦૦૦ પુસ્તકેા લખાયાં છે.● પૃથ્વીની ઉંમર આશરે ૨,૨૫,૦૦,૦૦,૦૦૦ વર્ષ છે એમ મનાય છે.● સીલેાનમાં લેાકેા ગજરના દાંતની પૂજા કરે છે. ● આપણા રેાજિંદા ઉપયેાગની લગભગ ૩૦ હજાર વસ્તુઓ રબરમાંથી બને છે.●ચેાટાને કુલ૪૦દાંત હેાયછે.●

વિદ્યાર્થીઓ, વેપારીઓ, વકીલો, વિદ્વાનો વગેરે મગજનું કામ કરનારાઓ માટે ખાસ

ઝંડુનું પૌષ્ટિક ચાટણ કેસરીજીવન

નાનાં-મોટાં, માંદાં-સાજાં, નબળાં-સબળાં, સ્ત્રી-પુરુષ, સૌકોઇ એનું સેવન કરી શકે છે.

મહારસાયન

રસસિંદુર, અભ્રક, કેસર, કસ્તુરી અને બીજાં દીપન, પાચન ને પૌષ્ટિક ઔષધ મેળવી લીધાં રસદાર આંબળાંમાંથી બનાવેલું સુશોભિત સુવાસિત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચાટણ

તેનું નિયમિત સેવન

કિંમત
૧ રતલના બોટલના રૂા. ૨૫
૧/૨ " " રૂા. ૨૫।
૧/૪ " " રૂા. ૫

લાંબું આયુષ્ય તથા સારી સ્મરણશક્તિ આપી શરીરમાં બલ, તેજ ને ચૈતન પૂરે છે

કારખાનું:
સખારીરોડ
મુંબાઇ–૧૪

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લિ.
અમદાવાદના એજન્ટ - ભોગીલાલ બ્રધર્સ - ગાંધીરોડ

દુકાન:
ભૂતી મહાજનવાડી
મુંબાઈ–૨

સાક્ષરયુગના એકમાત્ર અવશેષ

આચાર્ય બલવંતરાય કલ્યાણરાય ઠાકોર—કવિ, વિવેચક, ચિંતક, બહુશ્રુત વિદ્વાન અને સમર્થ લેખક એમનાં નીચેનાં પુસ્તકો મળી શકે છે.

ભણકાર	રૂા. ૪-૦૦	૪-૦૦ રૂા.	આપણી કવિતાસમૃદ્ધિ
ગોપીહૃદય	૨-૦૦	૨-૪-૦	કવિતારિસામણ
ઊગતી જુવાની	૧-૧૨-૦	૩-૮-૦	૩પમે અને મિતાક્ષર લેખ
માલવિકાગ્નિમિત્ર	૧-૮-૦	૨-૦૦	નવીન કવિતા વિશે વ્યાખ્યાનો
ગ્રહાયાં સોનેટ	૧-૮-૦	૧-૮-૦	લિરિક.
સોનેટ નવજુવાની	૧-૪-૦	૧-૦-૦	વિવિધ વ્યાખ્યાનો, ગુચ્છ ૧લો
દર્શનિકું	૧-૪-૦	૧-૦-૦	અંબાલાલભાઈ
લગ્નમાં બ્રહ્મચર્ય	૦-૬-૦	૧-૮-૦	ઇતિહાસ વિન્સેન્ટ

આમાં કેટલાંની બહુ જૂજ નકલો જ છે. બીજાં કેટલાંની એકે નકલ સિલકમાં નથી એટલે તે અહીં નોંધ્યાં નથી. આનું ફરી પ્રકાશન તેમ નવાં લખાતાં અથ વે તે પુસ્તકોનું પ્રકાશન સગવડ પડે આવ્યા કરે છે. માસિકોમાં દટાઈ ગયેલ હજી ઘણાં લખાણના સંગ્રહોનું પ્રકાશને આશા છે.

દક્ષિણ હિંદમાં

શિકાઇ ભુકી

હિંદના વિશાળ ઉપખંડમાં જુદા જુદા પ્રાન્તોએ શારીરિક સ્વચ્છતા માટે વિવિધ પ્રકારોનો ઉપયોગ કર્યો છે. દા. ત. તામિલનાડ (દક્ષિણ હિંદ)ના લોકો શિકાઈ ભુકી વાપરતા... જો કે, હવે આ પ્રથા ઝડપથી અદૃશ્ય થતી જાય છે અને આજે ઝાઝેરા ઘરોમાં શિકાઇ ભુકી અને બીજાં સ્વચ્છતાનાં સાધનોનું સ્થાન સ્વસ્તિકનો ક્રાન્તિ સાબુ લઇ રહ્યો છે.

બીજા સર્વોત્તમ સ્વસ્તિક બનાવટો: સુગંધિત ફેસ્ટર ઓઈલ, રોઝીંજ રસીક, ગોવાના સાબુઓ, ગોવાલિન ગ્રાપ વનસ્પતિ, વગેરે, વગેરે.

સ્વસ્તિકનો ક્રાન્તિ સાબુ

ઉત્તમ અને અજોડ

સ્વસ્તિક ઓઈલ મીલ્સ લીમીટેડ, વડાલા, મુંબાઈ.

સાચા હિરા બનો. હિરા માલ ખરીદો.

ડિસ્ટ્રીબ્યૂટર્સ : મેસર્સ વેસ્ટર્ન ઇન્ડિયા પ્રૉસ્પેક્ટિંગ સિન્ડિકેટ લિમિટેડ પો. બૉક્સ નં. ૨૮ અમદાવાદ

હિંદના ગુલાબના બાગની સવારની સઘળી ખૂશબો વિનોલિયા વ્હાઇટ રોઝ સાબુ તમારી પાસે લાવે છે. તેનું મુલાયમ, ભરપૂર ફીણ અત્યંત નાજુક ચામડીને મારદવતાથી સ્વચ્છ કરે છે—અને તેની સોરંભ તમારી આસપાસ મનોહર પરિમલ ફેલાવે છે. તમારા સૌંદર્યની વૃધ્ધિ માટે તમને બીજો કોઇ વધારે સારો અને વિશિષ્ટ સાબુ મળી શકશે નહિ. વિનોલિયા વ્હાઇટ રોઝને તમારો માનીતો સાબુ બનાવો.

વિનોલિયા વ્હાઇટ રોઝ સાબુ

VWR. 19-33 GJ

VINOLIA CO., LIMITED, LONDON, ENGLAND

અમૂલ્ય દાંત !

તે તમારા હાસ્યની શોભા ક્યાં સુધી બચાવશે ?

દાંતના પારાના કેલ્શાઇટથી તમારા હાસ્યની રમણીયતાને ભયમાં મૂકતા નહિ. તાજગી આપનાર ઍસિડ, આર. ટુથપેસ્ટથી* નિયમિત તમારા દાંતથી દાંત ચાર કલાક સુધીમાં પારામાં સોફ્ટ બને મજબૂત તે રાખશે.

*દાંતના પારાની પીડા માટે ઉત્તમ ઔષધ સારવાર તરીકે દાંતના ડૉક્ટરોમાં બ્રહ્મદેશ મેડીસિનલ કંપનીઓમેટ તૈયાર કે.

D. & W. SIBBS LIMITED. LONDON, ENGLAND

કુમાર કાર્યાલય પબ્લિકેટેડ

સાહિત્ય, કલા અને વિજ્ઞાનના, તથા સંસ્કારપોષક સમસ્ત જ્ઞાનસામાન્યના પ્રચાર, પોષણ અને વિકાસના ઉદ્દેશથી સ્થાપવામાં આવેલી સંસ્થા

અને, મૂળ 'કુમાર કાર્યાલય' તરીકેની તેની બે દસકાની ઉજ્જ્વલ કારકીર્દિ પાળી તેના બદ્ધેાના વિકાસ અર્થે તેના સ્થાપક, વિખ્યાત કલાકાર શ્રી રવિશંકર રાવળ પાસેથી લંડન્ટ રહીને કંપનીએ ખરીદી ઉપર્યુક્ત નામે સંચાલન છે.

ક

મુકરર કરેલી થાપણ રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ)
દરેક રૂા. ૨૦ના એક એવા ૫,૦૦૦ શેરમાં વહેંચાએલી
બહાર કાઢેલી થાપણ રૂા. ૧,૦૦,૦૦૦
ભરાએલી થાપણ રૂા. ૩૬,૨૦૦

ક

ડાયરેક્ટરોનું બેાર્ડ

શ્રી ચૈતન્યપ્રસાદ મોતીલાલ દીવાનજી બી. એ. (ચેરમેન)
(તંત્રી, ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ)

શ્રી રવિશંકર મહાશંકર રાવળ
(કલાકાર, કુમાર કાર્યાલયના સંસ્થાપક અને 'કુમાર'ના આદ્ય તંત્રી)

શ્રી મહેન્દ્ર શાન્તિલાલ મંગળદાસ
(વેપારી, જહાંગીર વકીલ ગ્રૂપની મીલેાના સહ-સંચાલક)

શ્રી બાબુરાવ કેશવલાલ મહેતા
બી. એ., એલએલ. બી., ઍડવેાકેટ

શ્રી હરિનારાયણ ગિરધરલાલ આચાર્ય
(સંસ્કૃત અને તત્ત્વજ્ઞાનના ભૂતપૂર્વ અધ્યાપક-ગુજરાત મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ; પ્રકૃતિવિદ્ અને 'પ્રકૃતિ'ના તંત્રી; મંત્રી 'ગુજરાત પ્રકૃતિમંડળ'; ઍડિશનલ ઍસિસ્ટન્ટ રેજિસ્ટ્રાર-મિલએનર્સ ઍસેાસીએશન, અમદાવાદ.)

શ્રી બચુભાઈ રાવત (મૅનેજિંગ ડાયરેક્ટર)
(પત્રકાર અને પ્રકાશક; તંત્રી 'કુમાર')

શેર ભરવા ઈચ્છનારાઓએ 'કુમાર કાર્યાલય લિ. ૨૪૫૪ રાયપુર અમદાવાદ' એ સરનામેથી ફૉર્મ મગાવવાં.

(આ ભાગ્ય લહેરાત છે; પ્રૉસ્પેક્ટસ નહિ.)



અમદાવાદમાં ઘરઘરાની ગગનચુમ્બી ઇમારતોની પરાકાષ્ઠાએ પહોંચેલી શિલ્પકલાનેા આ સમૃદ્ધ સુંદર નમૂનેા કયાં આવ્યેા એ જાણેા છે? ગુજરાત વિદ્યાપીઠની જોડાજોડ, ઉસ્માનપુરમાં આવેલી ઉસ્માન શેઠે બરઘરાનીની મસ્જિદના મિનારાનેા એ એક ગૌરવ છે. સીદી સૈયદની જે નમૂન કેાતરકામવાળી જાળીઓથી જે જગતપ્રસિદ્ધિને પામી છે એ ગુજરાતની અનેરમ શિલ્પકલાના આવા સર્વોચ્ચ નમૂનાઓ તેા આખા અમદાવાદમાં ભરપટ્ટે વેરાએલા પડ્યા છે. મિનારાના ગેાખેામાં, અભ્રવાળિયાંની જાળીઓમાં, કેાટની કાંગરીઓ ઉપર, અરે, પાણીનાં ગરનાળાં સુદ્ધાંમાં, જે પ્રજાએ આટલી સમૃદ્ધ કળાલક્ષ્મી વેરી છે તેની સાંસ્કૃતિક જાહેાજલાલી કેટલી જાજરમાન હશે? એ જાહેાજલાલીનેા ખ્યાલ આપતાં, અમદાવાદની સમૃદ્ધ વાસ્તુકલાના પ્રતીકરૂપ, અત્યાં જ સુંદર બાવન ચુનંદા ચિત્રેા એક આલ્બમ રૂપમાં બંધરાયાં છે. 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' એ નામથી બે રૂપિયાની કિંમતે કુમાર કાર્યાલયે તે પ્રસિદ્ધ કર્યું છે. (પોસ્ટેજ જુદું)

ચિત્રલેખા

શ્રી કનુ દેસાઈનું નવું આલ્બમ · કિં. રૂા. ૩.
પોસ્ટેજ જુદું-કુમાર કાર્યાલય લિ.-અમદાવાદ



દેલવાડા (આબુ)ના જૈન મંદિરની આરસની ઝૅતમાંની અદ્‌ભુત કોતરણી (ફોટોઃ ડૉ. પી. કિ. ગર્દલા)

દેલવાડાનાં જગવિખ્યાત મંદિરોમાંની મળલક્ષ કોતરણીની અત્યંત ઝીણવટભરી એક નમૂનાના માત્ર કેન્દ્રના આસની જ ચિત્રણ આ ફોટો-ગ્રાફ દ્વારા છે. એમાં એકદમ ઝીણવટભર્યા પ્રાણીઓ, દાગીનાથી મઢેલા માનવયાકૃતિઓની અદા તથા છેક બહારના વર્તુળમાંની નૃત્ય મૂર્તિઓની પ્રત્યેકની ભિન્નભિન્ન ઢબછબ કારીગરે કેવી ઝીણવટથી કંડારી છે એ બધું જોઈને કોઈ પણ શોખીનને મોંમાં આંગળાં નાખી જવાનું મન થાય.



ટ્રિક્વિટાનો રોટ. કપરા-જખમી બાબુઃ ઍન્ટ્રેલિયાએ યુદ્ધશાંતિ બંને કાઢેલી ટ્રિક્વિટા જેવાની વણ.



ટ્રાબી બાબુ : ન્યૂ ઝીલૅંડની સરકાર પ્રજાનાં આરોગ્યપ્રચાર અર્થે નાતાલ વખતે આદેશ્ય (Health)-ની ખાસ ટિકિટ બહાર પાડે છે, તે પૈ

સાદો સરવાળો અને વળી લાભકર્તા!

૨૧ રંગચિત્રો
૩૪ સાદાં ચિત્રો

૫૫ કુલ ચિત્રો
અને તે
માત્ર ૩॥ રૂપિયામાં

આજે જ્યારે સામાન્ય નવલ-કથાઓ પણ ચાર રૂપિયાથી ઓછે ભાગ્યે જ મળે છે એવા વખતમાં એક સુપ્રતિષ્ઠ કલાકારનાં ચુનંદાં પંચાવન ચિત્રોનું એકમુંદર પ્રકાશન માત્ર સાડાત્રણ રૂપિયામાં મળે છે.

એ પુસ્તક તે કલાકાર
રસિકલાલ પરીખની

ચિત્રસાધના

એમાંનાં ચિત્રો પૈકી
એક નમૂનો આમે આપેલો છે

રંગ અને રેખામાં કુમાશભર્યું કવિત્વ વહાવનાર, જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખનાં ૨૧ પૂર્ણરંગી ને ૩૪ સાદાં ચિત્રોવાળો આ સમૃદ્ધ સંગ્રહ ગુજરાતનાં સરતાં કલાપ્રકાશનોમાં એક અગત્યનો ઉમેરો કરે છે. કલાકારે ઉત્તરોત્તર કરેલી કલાસાધનાનો પરિચય આપતી એમની છવનરેખા ઉપરાંત આમાં સંયોજાયેલાં પેંચાવન ચિત્રોમાં ઑઇલ અને વૉટર-કલર, પેન્સિલ અને પેન ઍન્ડ ઇંક સ્કેચ, સ્ટેપલ-પર્પ, વુડ-કટ, લૉકટ ઇશ-સ્કેચ આદિ ચિત્રકળાની વિભિન્ન પદ્ધતિઓમાં એમની કલમ તથા પીંછીનો કમાળ દર્શાવતા સર્વ પ્રકારના ચૂંટેલા નમૂનાઓ આપવામાં આવ્યા છે. ચિત્રકલાના વિદ્યાર્થીઓ તથા કલારસિકોને માટે એ અભૂતપૂર્વ ચીજ છે.

કિંમત રૂા. ૩-૮-૦; રજિસ્ટર્ડ પોસ્ટેજ સાથે રૂા. ૪-૦-૦; કુમાર કાર્યાલય લિ. અમદાવાદ.



આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

મંત્રી

પ્રસ્થાનવેળાએ

ચિત્રકાર : મનુ કેશાભ

(કેવટકારણ આગામી પ્રકાશન : ત્રણિયો ભાત-ત્રેંભાથી : ૬ ચિત્રોના સૌજન્યથી)

આઝાદ હિંદનો
જય હો!

ક્રૂર
વર્ષના કોમરાના મુક્ત
સ્વાતંત્ર્ય-સંગ્રામને પરિણામે
આઝાદી પ્રાપ્ત કરતા
આઝાદ હિંદના
મુક્ત પ્રજાજનોને
આરગસ
ઇન્શ્યોરન્સ
કંપની લિ.
અભિનંદન પાઠવે છે

જિંદગીના વીમાનું
સામ્રાજ્ય કરતી
હિંદની અગ્રગણ્ય
વીમા સંસ્થા
હિંદમાં સ્થાપિત
૧૯૧૯
સૂર્યકાન્ત બી. શાહ બી.ઓ.
સી એમ. જશ
મૅનેજિંગ ડિરેક્ટર્સ
વડી ઑફિસ
૨૧૯/૧ ગાંધીરોડ · અમદાવાદ



ચિત્રો

૨૪ કલાક દિવસ ૨૪૬ ૨૪૭		૫
જગતના ચેતનાને	મનુ રેખાના ચિત્રોની મુખચિત્ર	
'સાધનાની' ત્રણ દિવસે ચિત્રોનું 'પ્રાણાયામનું' ચિત્રનાં તાર'	(૨ રંગ દરીયાઈના ચિત્રો)	પાનાંમાં

કાવ્યો

ઝગડાતું	સુંદરમ્	૨૨૪
૨૫મી ઓક્ટોબરે	રા.વિ.પાઠક ૨.વ	૨૨૪
વાસરે વસંતનું	ચાંપશીભાઈ ૨૧૬	૨૨૫

અવિત્ર

દરિ ન ગયાનું ગાયરે	વસંત જોષી	૨૨૬

વાર્તા

નિરાશા	ભાર્ગવીબાઈ પ્ર મેહારી	૨૩૩

લેખો

આજના માનવ સ્વાર્થે પાંખ ભરી	વાસુદેવ ભટ્ટ	૨૩૧
સ્વાધ્યાય (ગીતા રહસ્ય ૨૧)	શ્રી ચંપકભાઈ ત્રિવેદી	૨૩૫
ઈન્દિરાજીની ઈન્દિરાજી બા		૨૩૬
વામન્દ	(રવીન્દ્રનાથ ટાગોર) 'પલ્લવ'	૨૪૧
ક્રૌન પ્રવાસ [પ્રાચીન નાટ્યસ્થ સ્ત ૧૬]	પ્રોફેસર ત્રિવેદીજી	૨૪૩
જીવન ઘડતરના સાથે [વિદ્યાર્થિ જીવનના વિકાસ- ૬]	ન.મુ.ભટ્ટ	૨૪૪
ચિત્રકળા [ચાંપણી વનસ્પતિ-૧]	જયકીષ્ણ કે. ઓઝા	૨૪૫

વિજ્ઞાન તથા પ્રકીર્ણ

આજ દિન (ચિત્રોપોષ)		૨૨૩
સ્વાધ્યાય સ્વાધ્યુ ત્યારે (ગ્રન્થ)		૨૨૫
અમર ચારે [ન્યાયાસન ગદીએ ૧]		૨૨૬
Our Friends Abroad પરદેશી મિત્રોના પત્રો		૨૩૮
નૂતનની નવારીજ		૨૪૧
તમે પીને		૨૪૨
કમેરી		૨૪૨
ફુ રંગ ની દરીયાઈનું પરિણામ	શ્રીદામ ગઢ	૨૪૩
ચિ મિલ ચિ	નટવરલાલ શાહ	૨૪૬
આજ્ઞામક સિદ્ધાન્તમાં (વ્યક્તિગિરોધ-અમની-દ્રનાથ ટાગોર)		૨૪૬
માધુરી		૨૪૮
સાહસિયા કુમાર [બાળ મોજના પેજી-૨૩]		૨૪૮
ગમ્મત પાનું		૨૫૧

કુમારના વર્ષના ત્રિમિયર તરફથી નવો, પુસ્તક અને પ્રકાશક : અનુભાઈ પોપટભાઈ શેઠ. મુદ્રણ-પ્રકાશનસ્થાન-કુમાર ઓફિસ, કુમાર કાર્યાલય ચિ અખબાર રાયપુર, અમદાવાદ. વર્ષિક લવાજમ રા.૭, પરદેશના ૧૬-૦-૦ અવલાક ઓફિસિક પુસ્તક મકલતા આઠેઆના

ભદ્રેશ્વરના સૌજન્ય એજન્ટ : મેસર્સ સાયકિલ્સ પ્રિન્ટિંગ પબ્લિસિટિ કંપની, ભદ્રેશ્વર ટ્રેડીંગ્સ આગળ, કાંપીયર, અમદાવાદ

કુમારમાંનાં સર્વ લખાણો,ચિત્રો અને ફોટો કોપીરાઈટથી રક્ષિત છે

જ્યારે તમે તાજા, સુંદર હિંદના ગુલાબને સંધ્યાના અજવાળામાં ઝુલતાં જોશો ત્યારે તમોને વિચાર આવશે કે વિનોલિયા વ્હાઇટ રોઝ તમારો માનીતો સાબુ છે. તમારા સૌંદર્યની વૃધ્ધિ માટે બીજો કોઈ વધારે સારો અથવા તો સુંદર સુવાસિત સાબુ હોઇ શકે નહિ. મુલાયમ, ઉભરાતા ફીણવાળો વિનોલિયા અતિ સુકોમળ ચામડીને માર્દવતાથી સ્વચ્છ કરે છે અને તમારી આસપાસ મનોહર સૌરભ પ્રસરાવે છે.

વિનોલિયા વ્હાઈટ રોઝ સાબુ

VWR. 20-23 GJ

VINOLIA COMPANY LIMITED, LONDON, ENGLAND

ઝેનીથ સ્પોર્ટો

ઘડિયાળો હિંદમાં આવી ગયાં છે.



ઝેનીથ સ્પોર્ટો ઘડિયાળ આ ચિત્રના જ કદનાં, કાચ રહિત સ્ટીલ બૅક ડિઝાઈન તથા કચરા અને આંચકા સામે સંપૂર્ણ સંરક્ષિત. કિંમત રૂા. ૧૪૭. ઉપરનું જ કદ ૧૦½" ઑલ સ્ટીલ, પાણી સામે સંરક્ષિત. કિંમત રૂા. ૧૮૫ અને રૂા. ૨૦૦.

વર્ષો સુધી રાહ જોયા બાદ પ્રથમ ઝેનીથ ઘડિયાળો હિંદમાં આવી પહોંચ્યાં છે. દરેક ઝેનીથ ઘડિયાળ કારીગરીમાં અને વ્યક્તિગત સૌંદર્યમાં સંપૂર્ણ છે. હાલમાં ઉપર મુજબના નમૂનાનાં ઘડિયાળો જ મળી શકે છે. પરંતુ હવે પછી બીજી પ્રખ્યાત ઝેનીથ ગ્રોનાની વ૦ ઘડિયાળો આપને પસંદગી માટે મળશે.

FAVRE-LEUBA

ફ્રાવરે-લ્યુબા ઍન્ડ કં. લિ. મુંબાઈ અને કલકત્તા

આઝાદ હિંદ

પણ અધૂરચરું

જે દિવસે આ અક્ષ બહાર પડશે, બરાબર તે જ દિવસે, ૧૫મી ઑગસ્ટે, આપણે આ વિરાટ દેશ આઝાદ બનીશું.

પણ એ આઝાદી અધૂરી-અપંગ રહેશે: અનેક કારણે મુખ્ય તો એ કે આજ સુધી દેશને અખંડ 'હિંદ'ને નામે ઓળખાતા આપણા ખંડનાં અમુક અંગ કપાઈને 'પાકિસ્તાન'ના નામથી તેનું એક નવું સાર્વભૌમિક રાષ્ટ્ર બની ગયું હશે. બાકી, બ્રિટિશ રહેઠા અંદિત ખંડનો પણ અમુક ભાગ અંગ્રેજની માફક જ દેશી રાજ્યોની(તેમાંના મોટા ભાગનાં રાજ્યો હિંદી સંઘ સાથે ગાળીયાદારી તો પણ તેમના) હકૂમતની છાયા નીચે આવેલો રહ્યો હશે; અને અમુક રાજ્યો જેમનો નિર્ણય હજી બહાર નથી પડ્યો તેમની 'સ્વતંત્રતા' હકૂમત બની આ દેશના ત્રીજા પ્રકારનાં અંગો જુદા પ્રવર્તતા હશે. આજ, આઝાદી આવી છે, પણ અધૂરી મુઠ્ઠીભરી સત્તાવાળી છે, પણ આ અંધમાંથી ઝોકારાઓ કંઈ ને કંઈ પ્રકારે 'વાળે રહાલું' બાકી છે. છતાં વહેલું તે પાકું જ છે; આપણે તેનું સ્વાગત કરીએ અને પ્રકારાંતરે પ્રભાત માટેનો સર્વતોમુખી પુરુષાર્થ કરીએ.

આ દરમ્યાન બાકીનો ૧૫મી ઑગસ્ટના એ આઝાદીના દિવસે હિંદ કેવું હશે તેનો અવાજ આપણે ઑમાં પશ્ચિમ પંજાબ ને પૂર્વ બંગાળના જે અંગ 'પાકિસ્તાનમાં જોડાવાના છે તેની સરહદો કેમ દ્રઢ બોલ્સ અંકિત થઈ નથી; પાકિસ્તાન પ્રદેશ સાથેની હાલની વ્યાપેરિક બાબતો છે તેમાં સરહદપ્રતિબંધ, આર્થિક બાબ પર આળી લીધીઓ કરાઈ છે; અને દેશી રાજ્યમાં પણ જેમનો નિર્ણય દ્રઢ બહાર નથી પડ્યો તેમનામાંયે કેટલાં બનાવાં છે બીજાનો હિંદી ઝુંપનમંડળોને રાજ્યોનો પ્રદેશ બાબાં કપાણી કરાયેલ છે, શેષ સહિદ ભાગ સ્વાયત્ત હિંદ સંઘમાં જે

હિંદ અને પાકિસ્તાન બે આમ તો પડ્યા છે; પણ બે એક જ શરીરના દોઢવડી નેમાં બળીજ અંગોના ઓપરેશન પહેલાં પાકિસ્તાન સિવાય, મુસ્લિમ નથી. સાથે, રાજ્ય, ખંડ છે ખંડ, સિમેન્ટ, સામગ્રી, કાચે કંઈ વિના સમસમ બધાં જ કારખાનાંઓ તથા રેલવેના લોખંડ, મૈસૂરીય વગેરે પદાર્થોની ખાણો હિંદ પાકિસ્તાનનું જોવા છતાં તેમને અલાયદી બાબતમાં પાકિસ્તાન રૂપ આપ રાજ્યમાં પડશે, કેમકે અલાયદું મોટા ભાગના કારખાના ધરાવતા પ્રદેશો પંજાબ સિંધ અને બંગાળ પાકિસ્તાનમાં આવેલા છે અને પાકિસ્તાન અલાયદ કરાયેલ છે. આમ કરવું કંઈક્યાંઈ બાબતમાં પણ રેલવ્યવસ્થાને લગતા અનિવાર્ય પરામર્શ માટે તો હિંદ પડ્યા બાદ કાળો પડશે. ઇપરાંત, આ બંનેની દુરવર્તી સીમાઓ પણ એવી છે કે સંક્રમણના પ્રશ્ન પણ બંનેને ઓછે માગીને જ કાર્ય કરવું પડશે

જયોઽસ્તુ!

પૃથ્વી

જયોઽસ્તુ વિજયે! જયે! વિજય હો સદા તાહરો!
પ્રલયન નિશિ અંત, આ ઉદયભાનુ ચોમેર ચઢયો!
પદે ક્રમલ અર્પાઈ, તવ લલાટ આ કુંકુમ,
શિરે મુકુટ સ્થાપીએ પરમ હીરકોનો ગુચ્છ.

અહો ઝળહળે ધ્વજ ગિરિશિરેથી ઉત્તુંગ શી!
દિગંતદિશ ભરી રહી અમર તાહરી શૃંગશ્રી.
હવે જગતનેત્ર મુક્ત મુખ તારું પેખી રહો,
સમસ્ત મનુજાતિકર્ણ ઋત-ગાન તારું રહો.

સદૈવ, જનની ઝુલે! અમૃતની રહી તું નિધિ,
સદૈવ તવ અંતરે સ્ફુરતી ઈશની સંનિધિ,
ધરા-મનુજ-સ્વર્ગ-દિવ્ય ચિતિ એમ સોપાન કૈં
ચઢી મુગયુગોમહીં તું જગને ય ત્યાં જ લઈ.

નમોઽસ્તુ, વરદે! મહા મધુર હે જગન્માતર!
ઉદાર સ્મિત તારું આ જગ રચો સુધાસોવર.

સુન્દરમ્

સ્વાતંત્ર્યજ્ય સમર્પણે લખાએલું શ્રી સુન્દરમ્‌નું આ સૉનેટ પ્રકટ કરતી વખતે, આ જ સ્વાતંત્ર્યકૃત્ય શક્ય થઈને દેખા એમનું 'કુમાર'માંનું પહેલું સૉનેટ યાદ આવે છે, અને આ નાનકડે તે પણ પ્રકટ કરીએ છીએ.

જવાન દિલ! કયાં તું ઓ? નવયુગીય આહ્વાનનાં
ગડે દડદ દુંદુભિ, રણતુરી રવે કારમે
અરે ઇડા દિશા : 'અટો રણુત સજ્જ થઈ સાજુને,
ગરો, પત્ર ડગો ન દ્વાં' સમય આબરુનો ખરે!"

ચટયા સુભટ કાંઇ તો ય રણયજ્ઞ આ પૂર્ણ ના,
જવાન! જસ ખાટનો તવ નસીબ જાણે લખ્યો!
જવલંત દિલજ્યોતિ, શુભ્ર રુધિરે, ભર્યા ઝોરવે
અટો દ્રઢ કૃપાણ, વિજય પાસ દૂકે ખરે!

ખરે, વિજય પાસમું આ અબધથી પડયો શત્રુ જ્યાં
ચટયા નવજવાનિયા અડગ, ધીર ને સંયમી,
દરેક કુલનિષ્ઠથી, દિલ ઉપર્તતાને ભરી,
અમોઘ ધરી શસ્ત્ર આ વિજયપંથ દળ ઉમટયું!

ધર્યું દળ સમુદ્રપાર્ત્તિ ગગને સહ્યાં દીનુંકા;
ખરે! વિજય પાસ, આ અબધથી પડયો શત્રુ તો!

આવની કોલનાં નાગરિકો માટેનું આજનાં ધંધાનું માસિક

૧૫મી ઑગસ્ટે

અનુષ્ટુપ

નમું હું જનની! આજે નમું હું તુજને ફરી,
પ્રાણુની શક્તિનાં પાણી,
પ્રજ્ઞાનાં કુંડ પુષ્પ, ને
દેવોના આલનાં કેફ કેરી તે અંજલિ ધરી
નમું હું જનની! આજે નમું હું તુજને ફરી.

આજ સંગ્રામને અંતે ઊગે છે જયનો દિન.
સીતારી અધધરણી, ન્યાયે ઉંડાણી કેસરી પ્રેરણા;
પલકારે પલકારે, પંખો ફરી પાંખે, દિશા ભરી
આજ કંકુની ધનની ગુંજે નવ કલ્યાનની ઋચા.
ત્યારેજે સ્વજ તે મારાં બાંધવોને સ્મરી હજાર:
રાહુના બધનાં બધાંઓની તે ચંદિકા રળી
તમે, ધૈરા થકી પાછી આબુવા નિત્ય ઝઝતાં
—જેમણે જિંદગી ધરી
અરિના ખડ્ગની ધારે ખંડિતા કરી.

ઓગના ગોલીની ઇચ્છા,તમામોદ્યસિદ્ધિની!
સ્વરાજા વજ્રશાથી કારીને ગાત્ર દુસ્તર
તરીને સિંધુ, ને
કલ્પધી અદ્રિ જેવીમા બાંધીની સરઅદ્ર-
લેવાં ના રાતદિ, જીવી અગ્નિ જે બાંધી ગઈ
અન્યને જિંદગી દેવા જેમણે મૃત્યુની વરા
ગોજવી આતમના ઊંડા કલ્પલોકે; શુંજને ગિરિ
વ્યોમગોદાસમો દેખ્યો-બાપલોક્યજકૂજત
ઓગની પ્રાણિનાં આજે અમે નોધન્ય ચારણ.

નમું હું સૌ ગદીદોને, જગાવે યજ્ઞના અગ્નિ
બનીને આવણી ગાસે મુક્તિની વર્ષ પૂરા કરી.

ગાદિરે ગાદિરે વાજે ગઝાનો ગાજણ ધ્વનિ,
દુદુમિનાદ, ન નાના લોકના જયોપાધી
દિશાના બધ ગૂરતા;
કોટિધા દીપમાલાસ્થી ત્ર પાતી સો નિશાદિના
વધાવું જે કૈં દ્રવું તે સૌ
અને જેને-કરી પ્રાપ્તું અપ્રાપ્તથી નિરભૂત
તે ય ને
મુક્તિની આ દ્રવધારાંદી નવો પ્રેમ જગાવતું.
આજ તો હું અમે યે કે
અલખની લાગ્યની કેરા રવપ્રો ભવિ થતી રહું

મૂર્યાની રોક જે, તેના બધાથી કેમ ગોકતા,
મૂંગા જે દોડ રે તેનાં બધનો ગાત નુંગતા,
બધારાં ભરતી બાંધે અનેના નેજ કૂટતાં,
આજ તો પ્રાબુવાયુ આ કોતીમાદીરમીરનો
હુંકારે ઓદના અક્ષરોટોમાં કા કેય ઊઘતા!

અમારા સર્વેના આંદી ગોત્ર...
સર્વેના ઉંચની ક્રાંતી યાત્રા કેરા પ્રવાહનો
નવો પ્રેરક નેતા આ કેરો છે પર્વનો દિન

દેહનાં ભિન્ન અંગો સૌ ચિંતના તંત્રથી જુદી
પોતાને અન્યના ભોગે જ્યોં કે પોષવા ચહે–
તેમ આ પૃથ્વીને ખેડે ખંડે સૌ આપરે પ્રજા.

મેધા કેરા નિર્ણયોથી
સર્વને એકળીજનના સુમેળે વર્તતા કરી,
–પ્રત્યેક અંગના મેળે દેહ, ને દેહની પળા–
ગમારે રમવું પ્રેમે જ્યોં રહેલા વિશ્વ–કુળને.

અમારા સંઘની ઊંટે પતાકા બ્રોમ્બેમાં લાગી:
લીલો છે વસુધા કેરા પ્રેમનો રંગ જે મહીં,
સર્વની શાન્તિનો શ્વેત, કેસરી ત્યાગને, અને
ચક્રમાં સૌહાદ્ર પેલું ચક્ર છે ચક્રવર્તીનું.

અમારી ભાવનાઓને નિત્યૂદી શક્તિઓતણું
યાત્રાને પગલે પગલે ગણી રે'જો મહાબલ.

તારી આશિષને ચહી,
પ્રાણની શક્તિનાં પાણી,
પ્રજ્ઞાનાં કુંદ પુષ્પ, ને
હૈયાના ભાવનાં કેફ કેરી તે ઝોલ્લિ ધરી
નમું હું જનની! આજે નમું હું તુજને ફરી.

રાજેન્દ્ર શાહ

વાદળે વહાણું

[૧૫મી ઑગસ્ટ '૪૭]

મેઘાકાન્તા-સ્રગ્ધરા

જગપ્રતિમાં જખમ, લળકારા સહી નિરભા થે
ઓવારી દે સકલ નિજનું ઝંખતા'તા જનો જે
ઊગી ઊગી ધન તમસ ભેદી દયા એ જ ઊગી!
બીતી રાત્રી અતીવ કપરી દોઢ સૈકાની દીર્ઘ!
ચૂરા કીધા નિજ કરતણું કંકણોના વધૂએ,
કેટલેયાંના કુંવર ભતરીશા ધરી દીધ ભાતે,
બાપે બેટા—જિવણ વચના એક આધારવાસ,
બહેને બંધુ—આપણ કર્યું જેહથી કે અન્યું તે.
આજે સૌ એ સભરપણનું ધન્ય સાફલ્યવાહો,
ત્યારે શાને ધુમસધુસરું વાદળે વાય વહાણું?
આંખો ચોળી જનજણ જુએ, જેહ ઊઠેરા આંકા
ઊંચાળા તે ઉરકમળના પટી લય પાછા.
ને સૌથી યે અધિક ગરવાં તેા ય કારુણ્યધેરાં
અશ્રુ ધેરાં દુરબળ છતાં આભની પાર જેતાં;
ઓધારાંનાં ગુરત્વ વસમાં પી અનાસક્ત ઊભેા
શંભુ જેવેા અચલ તપસી મેાખરે મેદનીને—
અંધુલીથી બતાવે અસલ અલક જે દૂર આવે લપાતી,
જેતી નેરાશ્ય છાંહીસ્થિતિજ પટ ભણી મેદનીમેાઠમાંથી.

બાલસુબ્રહ્મણ્ય દવે

[વાદળેયાં થતા મૂરીઓને આપણે 'વાદળે વહાણું' કહીએ છીએ. આપણી આઝાદી સુધીમાં પણ દોઢ સૈકાના અંધકાર પછી ઓવારણાયેલી જે ઊગેલી! બધી વિષમતાઓ ઘેરાતાને પછી પણ મુક્તિની અસલ ઉષા તરફ જનારાને દોરી જવાનેા ભગીરથ પુરુષાર્થ કરી રહેલા ગાંધીજીનેા નિર્દેશ કેવેા જ લીલીછમ છે.]

સ્વાતંત્ર્ય આવ્યું છે ત્યારે

મનન

સ્વતંત્રતા! એ એક શબ્દને અંતર પ્રત્યેક દેશના કેટલેા ઘા ખરીસ લક્ષાણ્ણાઓએ પ્રાણ પાથર્યા છે! આપણા દેશે પણ તેને માટે કેવી અખંડ તપશ્ચર્યા કરી છે, કેવાં અનંત કષ્ટો સહ્યાં છે? આજે એ સર્વનું ગહન ફળ મળ્યું છે.

પણ સ્વાતંત્ર્ય આવ્યું એટલે દુઃખ–સમૃદ્ધિ આવી ગઈ છે–એમ કંઈ માનીએ; અને સ્વાતંત્ર્ય એટલે સ્વચ્છંદીપણે વર્તવાની છૂટ પણ નહિ. સ્વાતંત્ર્ય એટલે તેા જવાબદારી–ગહન જવાબદારી. સ્વાતંત્ર્યનેા જે અમૂલ્ય ખજાનેા આપણને ગળ્યેા છે તેનું રક્ષણ કરવા આપણે કંઈક ઘસે પડે તૈયાર રહેવું પડશે 'પહેલાં દેશનું હિત પછી વ્યક્તિનું હિત' એ સિદ્ધાંત આપણે અપનાવવેા પડશે. હત્યાકાંની શરમાંથી તાત્કાલિક બહિદાનેા ઘણીવાર સરલ હેાય છે, પણ ઠંડી તાકાત વડે આપવાનેા ભેાગ કપરેા હેાય છે. દેશની હાલ પડતા ગરમાગરમિદાનેા દેવા કરતાં ઘણેા કપરેા પડતા તેમજ હવે ભાગ્યે જ કામગારી-ઠંડી તાકાતવતાની વધારે પડતી જરૂર છે.

કેાઈ પણ રાષ્ટ્રનું સ્વાતંત્ર્ય મંદિર મજબૂતરીતે ઢભી રહેવા ચાર પાયાના સ્તંભેા અચલ હેાવા જોઈએ: સ્વદેશાભિમાન, સિરેત, સાત્ત્વિક અને ત્યાગ. આપણા આ ચાર સ્તંભેા આપણે મજબૂત બનાવી એ એથી, આપણું સ્વાતંત્ર્ય–મંદિર શાશ્વત ચંદ્ર દિવાકરની જેમ ચિરંજીવ રહી શકે. આપણા પ્રત્યેકમાં એ દરેક ગુણ કાંચનશુદ્ધ રીતે ખીલી ઢહરેા તેા જ આપણું રાષ્ટ્ર સુંદરતા ભેળું રહી શકશે.

સ્વાતંત્ર્ય આવ્યું એટલે આપણું કાર્ય પૂરું થયું છે એવી ગફલતમાં રખે રહીએ. હતું તે હવે જ આપણું ખરું ને ભીષણ કાર્ય શરૂ થાય છે. એ સ્વાતંત્ર્યને રોગ્ય બનાવવા, એને લાયક બનવા તથા એને ટકાવવા હવે તેા અગાઉ કરતાં પણ અનેકગણું પરિશ્રમ અને તપશ્ચર્યા કરવાં પડશે. કંઇક એવેા ૧૯૧૮ની ક્રાંતિ પછી રશિયાની જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ આજે આપણી છે. આપણા આ વિશાળ સીમાડાવાળા પ્રદેશેા ચહીંચહ આપણે જ કુળતાથી તથા કુનેહથી ચલાવવાનેા છે. તે વહીવટ સરળતાથી ચાલે તે માટે હજારેા હાથકાતવાળા માણસેાની જરૂર છે. હજારેક્રેક્ષેત્રનાં કામેાના ડુંગર પડ્યા છે વહીવટીતંત્ર ને ધારાશાસ્ત્ર ફરજે, હજારને ખેતીવાડી, ગ્રામેાદ્યોગ ને ગેરોજગાર, જિલ્લેજ ને સમાજસુધારા, નદીરેા ને વહાણવટું, પ્રત્યેક ક્ષેત્રમાં હજારેની બુદ્ધિશક્તિની આજે જરૂર છે. એ માટે જબરી આવડત, અભ્યાસ, કુનેહ તથા કર્તવ્યબુદ્ધિ ખીલવવાં પડશે અને રીતે સ્વાસ્તંત્ર્યને ઓલે પહાડવા આપણે પાયામાં આપણું ખમા મજબૂત નહિ બનાવીએ તેા તે બેાજે આપણને જ કચડી નાખશે.

આ બે દિવસ ત્યાગ ખૂબ જુએ. હરેકેા શેાકને એ ઠંક પૂરું આવાં નું મળતું નથી. ને દુઃખ–રક્ષણ માટે કાપડનેા ટુકડેા મળતેા નથી. હજારેા માણસેા ક્રોધપૂર્ણ અનતનવેદકીયકપ્રચાર પામ્યા સિવાય જ મૃત્યુ પામે છે. દેશની જે જગની પ્રજાનાં હાડ નાનપણથી જ બંધાયાં જોઇએ તેને ધી–દૂધનાં દર્શન પણ થતાં નથી. એટલે દેવા નીચે દબાએલેા છે, વેપારી સ્વાર્થમાં રચ્યેાપચ્યેા છે અને આમ પ્રજા વહેમ તથા કુરૂઢિઓમાં વેરાઈનિઃસત્વ, નિર્વીર્ય બની ગઇ છે. શહેરેા સ્વાર્થનાં ને ગામડાં ભાવદ્વારાનાં ધામ બની રહ્યા છે નવયુવાનેા ક્યાંઇ સ્થિર, શાંત આસનબદ્ધ સર્વ સંગી ભાવવાની તપસ્યા કે ઠંડી તાકાત નથી આખેા દેશ એક બાલુએ દૈન્ય અને દુઃખથી તથા બીજા બાલુ સ્વાર્થ અને પ્રપંચથી બદબદીરહ્યેા છે. આ ઉ આજના હિંદનું ચિત્ર. ઊંચિત જૂંસી નાખીને તેનાપરયાત્ત્વિના તેજને પવિત્રમનના પ્રવાહીથી સર્જનાત્મક્સ્ત્રેાતવડેહિંદ્યમાન ભારતનું ચિત્ર આપણે સર્જવાનું છે. આવેા, આપણે બધેપ્રમાણિકતાને એ મહાન કાર્યનાં પ્રેરક થઇએ.

દેશના જુવાનેાને આજે જ ખરી હાકલ પડી છે. આવેલેા સ્વાતંત્રતાનેા એ સંદેશ છે—સાદ છે.

સ્વાતંત્ર્યના શહીદો

[૧] મંગળ પાંડે

અંગ્રેજોની ધૂંસરીમાંથી મુક્ત થવાનો દેશે જે પહેલો સંગઠિત પ્રયત્ન કર્યો તેને અંગ્રેજ ઇતિહાસકારોએ 'બળવા'ના નિરર્થકવાચક નામે ઓળખાવ્યો છે; પણ ખરે એનાં મૂળ તેની આઝાદી પાછી મેળવવાની ભાવનામાંથી પ્રેરાએ લા લોકોનું તે સ્વાતંત્ર્યયુદ્ધ હતું. નાનાસાહેબ, ગૌહરી આદમશાદ, રાવ કુંવરસિંહ ને વઝીરઅલી નખીબાન આદિ નેતાઓએ તેની યોજના જેવી વ્યવસ્થિતરીતે તથા ગુપ્તપણે કરી હતી કે અંગ્રેજોને છેલ્લી ઘડી સુધી તેની ગંધ પણ આવી નહોતી તેઓ તો એવા ખ્યાલમાં હતા કે ચરબીવાળા કારતૂસોને લીધે સૈનિકોમાં ઘોંટાક અસંતોષ છે, પણ કારતૂસો તો નિમિત્ત હતું તેની પાછળ તો ગઈકું સ્વાતંત્ર્ય પાછું મેળવવાની તમન્નાનો જ્વાળામુખી ધીકતો હતો. આ જ્વાળામુખીનો પ્રથમ સ્ફોટ થયો ગરીબ મંગળ પાંડેમાં.

મંગળ પાંડે જન્મે બ્રાહ્મણ હતો ને બંગાળમાં બરાકપુર ખાતેની ૩૪મી પલટનમાં સૈનિક હતો વઝીરઅલી નખીબાન આગળ આ આખી પલટને સ્વાતંત્ર્યયુદ્ધમાં ઝંપલાવવાના સોગંદ લીધા હતા. અંગ્રેજોએ જ્યારે ૬૪મી પલટન પર અસ્વીકારી કારતૂસો પહેરી લાવવાનો અળખરેર આવ્યો ત્યારે તેમણે રેજીમેન્ટવાળીમાં ૩૪મી પલટનના સૈનિકોને ૬૪મી પલટનમાં આઝાદીનો ઘાતક ફેલાવવા બોકલવામાં આવ્યા હતા. અહીં એ પલટનને જ્યારે ચરબીવાળી કારતૂસો વાપરવાની ફરજ પાડવામાં આવી ત્યારે તેમણે સ્પષ્ટ ના પાડવાની હીંમત બતાવી હતી. અંગ્રેજ અમલદારો સામે ખુલ્લો બળવો પોકારવાની તેમની હજી તૈયારી નહોતી. આ ગરબડ ચાલી રહી હતી ત્યારે જ ૨૯મી માર્ચે મંગળ પાંડેએ, પોતાની બંદૂક ભરીને, પોતાની પલટનના સૈનિકોને ઉશ્કેરી જવા માટે બંદૂકનો ભડાકો કર્યો. પણ ત્યારે તેમાં કોઈ સાથ ન આપ્યો. મંગળ પાંડે એકલા પડી ગયા. તેમણે પોતાની બંદૂક પોતાની છાતી સામે તાકી ઘોડો દબાવ્યો પણ ગોળી ન છૂટી. તેમણે તલવાર ખેંચી લીધી. પણ તે પહેલાં તો ત્યાં ઘોડેસવાર અંગ્રેજ અફસર આવી પહોંચ્યો હતો. મંગળ પાંડેએ તેના પર તલવારનો ઘા કર્યો. પણ તે ઘા ચૂકી ગયો. અંગ્રેજ અફસરે મંગળ પાંડેને પકડી પાડ્યા. મંગળ પાંડેએ પોતાની છાતીમાં ભોંકેલી તલવાર ખેંચી કાઢી. પણ ઘા ઊંડો ન પડ્યો. તેમને ઇસ્પિતાલમાં મોકલવામાં આવ્યા.

અમેરિકી ભાષાનો સૌ પહેલો આમારબત ગ્રન્થકાર સ્વનાર ઇંગ્લેંડના આ નાગરી સાહિત્યપ્રેમીનો જન્મ ૧૬૭૬ની ૧૮મી સપ્ટેમ્બરે ક્રિમ્પટોહટ ગામમાં એક ગરીબ બુકસેલરને ત્યાં થએલો. જન્મથી જ કદરૂપા તથા બિદામણા દેખાવવાળા લૅંગહૉર્ન શાળામાં કૅમ્બ્રિજ યારવિદ્યાર્થી ગણાતો. ૧૬૯૨માંતે બૅકસ્ટ્રીટ કૉફીહાઉસમાં દાખલ થયો, પણ ગરીબીને કારણે ૧૭૦૩માં ડિગ્રી મેળવ્યા વગર જ કૉલેજ છોડી દેવી પડી. જીવનનિર્વાહ માટે એક શ્રીમંત યજમાનનો નિષ્ફળ પ્રયત્ન કર્યા પછી ૨૮ વર્ષની ત્રણે નાની નાની ગામો તેણે હંડનનો રસ્તો લીધો. ત્યાં 'જેન્ટલમેન્સ મૅગેઝીન' પત્રમાં તેને નોકરી મળી ૧૭૩૮માં તેની 'લંડન' નામની કૃતિ બહાર પડી જેને લીધે તે સાહિત્યકાર તરીકે પ્રકાશમાં આવ્યો અને ૧૭૪૨માં તેનું લખેલું 'કૅસ્ટૅર કવિનું જીવનચરિત્ર' તેની ગેરહાજરીમાં કરવું ખૂબ લોકપ્રિય બન્યું. ૧૭૪૩માંતેણે ઓમેજ ભાષાનો સંપૂર્ણ શબ્દકોશ બનાવવાનું બગીચા કાર્ય માથે લીધું અને પૂરાં આઠ વર્ષ સુધી તનતોડ મહેનત કરી, ૧૭૫૧માં જે પ્રૌઢા ભારેખમ તેને પ્રસિદ્ધ કર્યો, જે ખૂબ જ વખણાયો અને તેને પ્રબળ પંક્તિના સાહિત્યકારનું સ્થાન ગજવ્યું.

૧૭૫૪થી ૧૭૫૮ સુધી તેણે 'રૅમ્બ્લર' નામનું અર્ધ-સાપ્તાહિક ચલાવ્યું. તેમાં આવેલા તથા ૧૮૫૦માં 'આઈલ્ડર' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થએલા તેના નિબંધો તેનું વિશિષ્ટ શૈલીના શ્રેષ્ઠ નમૂના ગણાય છે. પણ આ સાહિત્યપ્રવૃત્તિએ તેને બહુ આર્થિક લાભ નાખ્યો નહિ. વચ્ચે એક વખત તો તેની મૃત્યુ પામેલી માતાના દફનવિધિ માટે પણ તેની પાસે પૂરતા પૈસા નહોતા. તેથી એક જ અઠવાડિયામાં 'રાસેલાસ' (Rasselas) નામની તેની પ્રખ્યાત નવલકથા લખી નાખી ફક્ત ૧૦૦ પૌડમાં વેચીને તેણે પૈસા ઊભા કરેલા! પણ ૧૭૬૨થી તો ઇંગ્લેંડના રાજા તરફથી તેની દર વર્ષે ૩૦૦ પૌન્ડ પેન્શન તેને મળવા લાગ્યું, જેથી આર્થિક ભીંસમાં પીતલા તેના જીવનને કેટલે અંશે રાહત મળી. ૧૭૬૪માં તેણે સાહિત્યસેવીઓની એક પ્રભાવશાળી સભા (ક્લબ) સ્થાપી જેમાં ગોલ્ડસ્મિથ, બર્ક અને બિશપ જેવા નામાંકિત સેવકો આમ લેતા.

૧૭૮૨માં ૭૩ વર્ષની ઉમરે તેણે કવિઓનાં જીવનચરિત્રોના ૧૦ ભાગ બહાર પાડ્યા જે તેની જિંદગીનું સમાપ્ય તથા વિવેચકોની પ્રશસ્તિના ભવાને છે. ૧૯૮૪ની ૧૩મી ડિસેમ્બરે આ બેઅદ સાહિત્યકારનું મૃત્યુ થયું ને તેને વેસ્ટમિન્સ્ટર ઍબેમાં દફનાવું આન ગજવ્યું.

ધોધૂકો

વિકટ હતુ છે ચઢાવ વસમા દુર્ગમ છે પથ સામા.
ક્લાન્ત શ્રાન્ત જનવાને કાજે દુર્લભ માર્ગ-વિસામા.
ઉગ તોય ભરી નિર્ભય,
અંતે પામીશું જય,
પ્રબલ પ્રીતિએ પ્રપંચીઓનાં કરશું કૂડ નકામાં.
પ્રપર્યું પુણ્ય પ્રકારી ઉજ્જ્વલ નવસર્જન-ચારે,
નવલોભાગ્ય અર્પીશું જનની જન્મભૂમિ ભાણે.

(પ્રસ્થાન)

—ન્હાનાલાલ કવિ

સુરતનો હાકેમ ખુદાવંદખાન

સુરતની વિશિષ્ટતાઓમાં 'સુરતનો કિલ્લો' પણ ગણવાને યોગ્ય ગૌરવ ધરાવે છે અને બહાદરશાઆના મુસદ્દીઓને માટે રાજદેની ગવેષણા પ્રાચીન ઇમારતોમાં એ કિલ્લાનું સ્થાન પણ મહત્વનું છે. એ કિલ્લાનો બંધાવનાર ખ્વાજા આકા સફર ખુદાવંદખાન નામનો સુરતનો આદશાહી હાકેમ હતો. મૂળ તો એ તુર્કસ્તાન અને બસર દેશના સેનાપતિ અમીર સલમાનનો નોકર હતો. તેથી એ 'સલમાની' નામથી ઓળખાતો. તુર્કસ્તાનમાંથી એ સરદારો ગુજરાતના આલીને વસ્યા હતા: એક અમીર મુસ્તફા, બીજો બહાદુરશાહ તરફથી 'ઇમીદખાન'નો ખિતાબ બક્ષવામાં આવ્યો હતો, અને બીજો આ ખ્વાજા સફર. જેને ગુજરાતના સુલતાન મહમ્મદ ત્રીજા તરફથી 'ખુદાવંદખાન'નો ખિતાબ બક્ષવામાં આવ્યો હતો. ઉગરાજ તરીકે એણે જે ગામું વહ પ્રાપ્ત કર્યું હતું તેથી સુરતના હાકેમ તરીકે એની નિમણૂક થઈ હતી જન્મે એ યુરોપી હતો. એનો પિતા આલ્બેનિયાનો અને માતા ઈટાલીની હતી. મુસલમાની ધર્મ એણે પાછળથી સ્વીકાર્યો હતો.

ઈ સ પછી ફિરંગીઓએ આપણા દેશમાં જબરો પગપેસારો કર્યો હતો. એમની ચાંચિયા તરીકેની પ્રવૃત્તિઓએ એ વખતે બચકર ૨વરૂપ ધારણ કર્યું હતું ઈ ૧૫૬૦માં ફિરંગીએ નૌકાનો કાફલો લઈને તાપી નદી આગળ આવ્યા અને તેમણે રાદેર તેમજ સુરત બંનેને આગ લગાડીને સળગાવી મૂકવાનો એ બેમાંથી પ્રયત્ન કર્યો તેમાં રાદેરની બહોળી જાનહાનિ તેમણે કરી એમનો કૂટકો લાગ્યો. પશુબળ વાપરવા ઉપરાંત છળકપટનો પણ તેઓ ઉપયોગ કરતા આપણા આજના ચરિત્રના નાયકને પણ એવા છળકપટથી એમણે ગોતાના પક્ષમાં લઇ લીધો હતો અને દીનનું રક્ષણ કરવાનું કાર્ય એને સોંપ્યું હતું પણ ઘોડા ચબતમાં જ ખ્વાજા સફરનું મન બે નવા શેરિયાઓ ઉપરથી ઊઠી ગયું અને ઈ. સ. ૧૫૬૮માં એણે તેમની નોકરીનો ત્યાગ કર્યો

ત્યાર પછી ગુજરાતના સુલતાન મહમ્મદને જ પોતાની સેવા એણે અર્પણ કરી અને સુરતના હાકેમ તરીકે એની નિમણૂક થઈ એ હકૂમત દરમિયાન જ સુરતનો કિલ્લો એણે બંધાવ્યો (ઈ. સ. ૧૫૮૦). એ કિલ્લો બંધાવવાં ખુદાવંદખાનને આકાવવાને ફિરંગીઓએ ઘણા પ્રયત્ન કર્યા. યુદ્ધસામગ્રીથી સંપન્ન નૌકાદળનો એણકર્યો ઉપયોગ કરી એની સામે તોપનો સખત મારો ચલાવ્યો. તેમાં ન ફાવ્યા ત્યારે સાંચોરવત આપીને ફોડવાનો પ્રયત્ન આદર્યો, તે પણ નિષ્ફળ ગયો ને સુરતનો એ કિલ્લો બંધાયો જ.

'તબકાત-ઈ-અકબરી'માં નિઝામુદ્દીન બક્ષીએ આ કિલ્લા વિષે સવિસ્તર માહિતી પૂરી પાડે છે: 'એ કિલ્લો નાનો પણ ઘણો મજબૂત અને રક્ષણસાધનસંપન્ન છે. ગુજરાતના સુલતાન મહમ્મદના નોકર સફર આકાએ ફિરંગીઓના હુમલાઓને અટકાવવા માટે આખી સમુદ્રના કિનારા ઉપર હી. સને ૯૮૭માં એ બંધાવ્યો. તેણે અતુલ્ય કારીગરી ને બાંધકામ કુશળતાની ગજબ કિલ્લાની તીમુ વાર પહોળી ખાઈ કરી છે; અને તેને નદીના સાથે એટલે

આ માસનું પંખી

૨૨-જળકુકડી



સાપના જેવી ગિદાવાળી પોતાની લાંબી પાતળી ડોક જ પાણીની સપાટી ઉપર કાઢી બાકીનું શરીર પાણીમાં રાખી તરાવ કે નદીમાં વરવું દેખાતું આ કાળા રંગનું પંખી ગુજરાતમાં આખું વરસ જોવામાં આવે છે શરીરનો રંગ બદામી આંખો લાલ; ગાલ, ડોકી વચ્ચ ઝાંખી પીળાશપડતાં પીંછ ઉપર ચળકતા રૂપેરી પટ્ટા; કાંખી, કૂલરને બે પૂંછડી; પગ કાળા તથા તેનાં ચારેચાર આંગળાં સ્વચ્છથી સંધાએલાં. પણ આ પંખીની વિશિષ્ટતા તો છે તેની લાંબી, ગોળ નળી જેવી, પણ છેડેથી તીક્ષ્ણ બાંકા જેની ચાંચ અને શરીરના પ્રમાણમાં લાંબી પેલી ડોક.

પાણીમાં આયુષ્ય ઝંડપથી તરી શકતા આ પંખીના મુખ્ય ખોરાક છે માછલાં. પણ તેની ચાંચ માછલાંને 'પકડવાના' ઉપયોગની નહિ હોવાથી તે એક અભિનવ પધ્ધતિનો ઉપયોગ કરે છે. માછલી દેખાતાંજ તેસિકારી કૂતરાની માફક પાછળ પડી પોતાની બાકા જેવી ચાંચ તેના શરીરની આરપાર પરોવી દે છે. પછી પાણીની બહાર આવી તે પરોવાએલી માછલીને ચાંચની ટોચી ફેરવી કરવા તેની લાંબી ડોક ઉપરોબમાં વે છે એમ આખી આકાશી એ પોતે લીધેલા ટુકડાનો ઠામીનાખમે કરે છે. મારીને ઠાકી નાખીએ છીએ, બરાબર તેજ રીતે જળકુકડી પાણીદાર કાચ જેવી પોતાની લાંબી ડોકને કરકે મારીને માછલીને દબાવી અંદર કાઢીને ત્યાં ને ત્યાં પકડતા પોતાની ચાંચમાં લીધી હતી જગી બદ છે (અને ગળવાનો પણ માછલીનું માથું નીચે બરાબર પહેલું આવે એ રીતે ગોઠવી ગળે ફેરવી દે છે)કેવા અદ્ભુત કાર્યચિત્ર!

પાળા પારે કે પાળીમાં જ જોવેલા માડ ઉપર આ પંખી પોતાનાં માળા બાંધે છે અને કાંઈ કાંઈ ઉંચાઈના લીલાંચપડતાં ઈંડાં મૂકે છે. આખું ચોમાસું તેનો સંતાનોત્પત્તિ માળ છે

(શ્રી 'વનેચર'ના લેખ પરથી સંપાદિત)

દીધી છે તથા અહીં તેમણે પથ્થર, ચૂનો અને પાણી ઠોકાની દીવાલ ઊભી કરી છે. કિલ્લાની દીવાલ પંદર ધાર પહોળી અને તીસ ધાર ઊંચી છે, બબ્બે પથ્થરોને એક બીજા સાથે લોઢાના પટા વડે જડી લીધાં છે અને વચ્ચેના ગાળાઓમાં તથા સાંધાઓમાં સીસાનો રસ રેડયો છે કોટના કાંગરાઓ અને બારોકારો તેમણે એવી ચતુરાઈથી મૂંક્યા છે કે જેનાર આશ્ચર્યચકિત થયા વગર રહે નહીં. કિલ્લાનો દરેક બુરજ ઉપર ચોખંડી બાંધી છે. આ ચોખંડી ફિરંગીઓની જ વિશિષ્ટ રચના છે. તેથી જ્યારે શત્રુબળ વડે આ કિલ્લો ઘેરાતો અટકાવવામાં ફિરંગીઓ ન ફાવ્યા ત્યારે આ ચોખંડી તોપ ન જ બાંધવામાં આવે તે માટે તેઓએ મોટીમોટી રકમો આપવા માંડી; પણ ખુદાવંદખાને તેમની માગણીઓને તુચ્છકારી કાઢી.'

કિલ્લામાં તોપોમાં 'સુયેમાની' તોપો બારસ ગણનાપાત્ર છે. ઈરિતેજ્વના તુર્ક સુલતાન સુલેમાનના હુકમથી એ તોપો બનાવવામા આવી હતી તેથી એ સુલેમાની તોપોના તરીકે ઓળખાતી હતી. ઈ. સ. ૧૫૩૮માં સુલેમાન પાશાના નેતૃત્વ હેઠળ ફિરંગીઓની વિરુદ્ધ લડવાને માટે જે નૌકાદળ હિંદુસ્તાનમાં આવ્યું તેની સાથે એ તોપો પણ હિંદુસ્તાનમાં આવી. એ નૌકાદળના સરદારે દીવની ઘેરો ઘાલવાનું છોડી દઇને વિદાય લીધી ત્યારે આપણા કિનારા ઉપર રક્ષણાર્થથી આ તોપો ઓછે અહીં જ રહેવા દીધી. એમાંની કેટલીક તોપો ખુદાવંદખાને સૂરત મોકલાવી સૂરતના કિલ્લા ઉપર એ ગોઠવી. અકબરે ગુજરાત પર ચઢાઈ કરીને સૂરતના કિલ્લાને ઘેરો ઘાલ્યો ત્યારે એ તોપો કિલ્લામાં જ હતી. ઈ સ. ૧૫૩૭ના જાન્યુઆરીની અગિયારમી તારીખે એ કિલ્લાને એ ઘેરો ઘલાયો તે એક અઠવાડિયા અને સત્તર દિવસ સુધી રહ્યો ઘેરા દરમિયાન કિલ્લામાની તોપોથી બાદશાહની છાવણીને નુકસાન ન પહોંચે તે માટે ગોપીતળાવની નજીકમાંથી છાવણી ખસેડવાની ફરજ પડી હતી પણ ત્યાં આગળ પણ કિલ્લાની તોપના ગોળાઓ આવ્યા વગર રહેતા નહોતા; અને ખુદાવંદખાનને બાંધેલો કિલ્લો એટલો મજબૂત હતો કે એને સર કરવાનું કામ બાદશાહને માટે પણ ઘણું ભારે થઈ પડયું હતું અને અંતે ૧૫૩૭ ની ૨૭ મી ફેબ્રુઆરીએ બાદશાહે કિલ્લો સર કર્યો ત્યાં તેમણે સુલેમાની તોપો જોઈ. આ તોપોનું કદ અને તેનું દૂર સુધી પહોંચવાનું સામર્થ્ય જોઇને બાદશાહ ચકિત થયા. એ તોપો એમણે સૂરતથી આગ્રા મોકલાવી દીધી બાકીની તોપો મુબલ્લિઘખાન જુનાગઢ લઇ ગયા.

એ પછી દીવના કિલ્લાને ઘેરો ઘાલવાનું સાહસ તેમણે ઉપાડયું અને તેમાં ગોખરે રહી હોરવણી આપવાનું ગદ્દારકાર્ય પણ ખુદાવંદખાને જ કર્યું હતું. બીજા ઘેરા વખતે કિલ્લામાંથી એક તોપનો ગોળો છૂટયો તેણે એના પ્રાણ લીધા. ઈ.સ. ૧૫૪૨માં એનું મૃત્યુ થયું એ પછી દીવની સરદારનું નેતૃત્વ એના બીજા પુત્ર મુસ્તફરને ગયું. તેની ગેરહાજરીમાં ખુદાવંદખાનના રાજાને સૂરત લઇ જવામાં આવ્યું. ગુજરાતની સલ્તનતના અંતિમ કાળના ઇતિહાસમાં શૂરવીર સેનાપ્રમુખ તરીકે એનું નામ સદા ઝળકતું રહેશે. મુસ્લાવાડામાં ખુદાવંદખાનનો જે રોજો છે તેનું શિલ્પકામ ભવ્ય પ્રકારનું છે. એરોને અને એની ડાબેર કોતરેલો લેખ સૂરતના એક ગદાન પુરુષનું સંતપ્તજીવ આપણને કરાવી રહ્યો છે (ગુજરાતગિરા)—પ્રા. મોહનલાલ પા. દવે.

૨૭૦૬ વર્ષનું અશોક ચક્ર

આઝાદ હિંદના રાષ્ટ્રધ્વજનું વિશિષ્ટ ચિહ્ન તે એના વચલો ચાકર છે. એ ચક્રનું પ્રાચીન ને ગૌરવ ભર્યું સમ્રાટ અશોકના સારનાથ-સ્તંભ-ચરના ધર્મચક્ર પરથી પસંદ કરવામાં આવ્યું છે. સારનાથ (એટલે સારંગનાથ) હિંદનાં બૌદ્ધ તીર્થોમાં ગાદ્ધસ્થનું સ્થાન ધરાવે છે. એક પૂર્વ જન્મમાં બુદ્ધ ભગવાન આ સ્થળે સારંગ-નાથ એટલે હરણોના નાથ રૂપે અવતર્યા હતા. તે સમયના કાશીરાજને જોર પોતાના આહાર માટે તે અરણ્યના એક હરણોના સંહાર કરવાની લત લાગી હતી. એક દિવસ ગર્ભવતી હરણીનો વારો આવતાં એ બે જીવ બચાવવા તેને બદલે સારંગનાથ પોતે રાજાનું ભક્ષ્ય બનવા તૈયાર થયા. તેમનાની સ્વાર્થશૂન્ની આ ભાવના જોઇને રાજાનાં મોહનાં પડળ દૂર થયાં ને તેને પોતાના કૃત્ય માટે શરમ આવી. હવે તેને બાન આપ્યું કે મનુષ્યના રૂપમાં હોવા છતાં વસ્તુતઃ પશુ તો પોતે જ છે. પછી તે ક્રૂર હિંસા તજ અહિંસાના પરમ માર્ગે વળ્યા. આ સારનાથ ગૌતમબુદ્ધના પોતાના જીવનમાં પણ અગત્યનું સ્થળ બની ગયું. કેમકે ઐતિહાસમાં સંબોધીજ્ઞાન પ્રગટ થયા પછી બુદ્ધ ભગવાને પોતાના પરમ જ્ઞાનનો પ્રથમ ઉપદેશ આ સ્થળે આપ્યો. આ ઉપદેશને ઇદ્રેશ ધર્મચક્ર-પ્રવર્તનનો હતો. ધર્મોરક્ષતિ રક્ષિતઃ – અર્થાત્ ધર્મનું તમે રક્ષણ કરો ને ધર્મ તમારું રક્ષણ કરશે, એવો ધર્મનો સૂક્ષ્મ બોધ પ્રકટ કરવાને ચક્રનું રૂપક યોજવામાં આવ્યું છે. તેને 'ધર્મચક્ર' કહે છે. ધર્મચક્ર એટલે ગોળ ગતિમાન ચક્રની જેમ સદાસર્વદા ગતિમાન રહેતો ધર્મ.

સારનાથ કાશીનરેશોની આરપાંચ માઈલ દૂર છે. ત્યાં ધર્મ-ચક્ર પ્રવર્તનના ઉપદેશના સ્થાન પર ધર્મરાજિકા-સ્તૂપનું સ્મારક છે. તેની ઉત્તરે રાજા અશોકે એક ઊંચા સ્તંભ ઊભો કરાવ્યો હતો. હજી ત્યાં તે સ્તંભ અનેક કુદકાઓમાં ખંડિત થઈ ગયેલી દશામાં ખડો છે. મૂળ સ્તંભ પર ફક્ત ઊંટલો ઊંચા હતો. સ્તંભ પર બ્રાહ્મી લિપિમાં પ્રાકૃત ભાષામાં ધર્મલેખ કોતરવામાં આવ્યો છે. આ સ્તંભનો રિસોભાગ સ્તંભના ઇંટલાગથી છૂટો પડી ગયો છે ને હાલ સારનાથ સંગ્રહસ્થાનમાં જોવા મળે છે. આને સ્તંભનું સિંહ-શિખર કહે છે. તેમાં સહુથી નીચે અનેક પાંખડીઓવાળા ઊલટા કમળની સુંદર આકૃતિ કોતરેલી છે કમળની ઉપર એક ગોળાકાર ફલકની પટ્ટી છે. તે પર ફૂલ ચાર આકૃતિઓ કોતરી છે, જેમાં એકાંતરે ગોળ વિશાળ ચક્રની બે દરેક બબ્બે ચક્ર વચ્ચે ગતિમાન પશુની આકૃતિ છે. દરેક ચક્રની ચોવીસ સળ છે. પશુઓમાં ગજ, વૃષભ, અશ્વ ને સિંહ છે. આ ચાર પશુઓ ચાર દિશાનાં રક્ષક ગણાય છે,—ગજ પૂર્વનું, અશ્વ દક્ષિણનું, વૃષભ પશ્ચિમનું ને સિંહ ઉત્તરનું. ચક્ર એ ધર્મચક્રનું પ્રતીક છે. ચાર દિશાએ ચક્ર ગતિમાન પશુઓ ને એકાંતરે એકાંતરે ચક્રની આકૃતિ એમ સૂચવે છે કે ભગવાન બુદ્ધે પ્રવર્તાવેલું ધર્મચક્ર ચારે દિશામાં સતત ગતિમાન રહે.

સારનાથ-સ્તંભનો ધર્મ-ચક્રાંકિત શિરોભાગ

આ આઠ આકૃતિઓવાળા કુંડલની ઉપર ચાર દિશામાં ચાર સિંહની ઊભી ભવ્ય આકૃતિ એ સ્તંભ-શિખરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે એમની સમિષ્ટ આખ, મુખની બહાર લટકની છટા, દેહ પર પ્રસરેલ કેશવાળી ને સુંદર રત્નાચુબદ્ધ પગ એ ભારતીય શિલ્પકલાની અદ્ભુત કૃતિ છે આકૃતિ સિંહશિખર સાત ફુટ ઊંચું છે. પણ અગાઉ આ સિંહનાં શિર પર વળી એક મોટું ભવ્ય ધર્મચક્ર રહેતું. હાલ તેના કેટલાક ટુકડા રહ્યા છે તે પરથી જણાય છે કે એ વિશાળ ચક્રનો વ્યાસ ત્રણ ફૂટનો હતો. તેને પહેલાં ઉપરોક્ત પરિધિની

પડી, ગોળીસ સુંદર આરા ને નાનું ધરીચક્રનું હશે એવું દેખવા ચક્રની આકૃતિઓ પરથી કલ્પિત થાય છે આ છે અશોકના સારનાથ સ્તંભનું ધર્મચક્ર. આગાઉ ભૂળ સ્તંભ સહેજ સંપૂર્ણ દેશાગાં ખરો હતો, ત્યારે તેના શિખર પર આ ધર્મચક્ર કેવું ભવ્ય ને મનોહર જણાતું હશે.

આ ધર્મચક્રની આકૃતિનાં દર્શન સાથે બે મહાન વિભૂતિઓનાં સંસ્મરણ સહજાએલાં છે: એક હતા ગાદર્ધિ ને બીજા હતા રાજર્ષિ બંનેનો સંદેશ હતો અહિંસા પ્રતનો, જીવનમાં સુખશાંતિનો. ગૌતમ બુદ્ધે આ પરથી ધર્મનું ચક્ર સારનાથની ઐતિહાસ આર્યાવર્તમાં પ્રવર્તાવ્યું હતા ચારોયે આ ચક્ર દેશદેશાંતરમાં પ્રસરાવ્યું. આ ધર્મ એ માનવતાનો ધર્મ હતો, અહિંસાની સહિષ્ણુતાનો ધર્મ હતો, સત્યની વિશુદ્ધિનો ધર્મ હતો. એ ધર્મનું શુદ્ધ સ્વરૂપ બાજા ઉપચારનું નહિ, પણ આંતરિક આચારનું હતું અને આ ધર્મચક્ર હવે આર્યાવર્તના આજાદ હિંદના ધ્વજનું પ્રતીક બને છે. માનવતાનો પરમ ધર્મ સર્વ દેશમાં, સર્વ કાળમાં સનાતન છે ને સનાતન રહેશે. પરંતુ જે ભારતદેશે તેનાં સદ્ધર્મ રક્ષક દર્શન કર્યા છે તે કારણથી છે તે દેશના વારસો પૂર્વજોનું આ ઔરવ ટકાવી રાખે, મહાત્મા ગાંધી દ્વારા રાંજીવન પામેલો સત્યોપાસનાનો એ પુરાતન ધર્મ દેશમાં તેમજ દેશાવર પ્રસરતો રહે ને અંતરની સમજણ ઊતરેલી વિશ્વહિતના આચરણમાં માનવજાતિ પગલાં ભારે તો ને ત્યારે રાષ્ટ્રધ્વજના આ નૂતન પ્રતીકને વંદન કરનાર હિંદ પોતાના ધર્મચક્ર માટે સાચું ગૌરવ ધારણ કરી શકશે. (પ્રજાબંધુ) —હરિપ્રસાદ સાસ્ત્રી

ગુજરાતનાં શાકમાજી તથા ફળોમાં વિટામિન 'સી'

'ગુમાર'ના રદ્દમાં ઝાંખ્યાં વિટામિન 'સી' વિષે સામાન્ય વાકેફગી આવી ગઈ છે. ઓશકાળા બે આ વિટામિન ન હોય તો સ્કર્વી (scurvy) નામનો ભયંકર રોગ થાય છે એટલું જ નહિ પણ જે આ વિટામિનનું પ્રમાણ ઓશકામાં ઓછું હોય તો આપણ જલદી થાકી જાય છે, સાધારણ કળતર થાય છે અને તાવ પેઠાંઓમાં વિકૃતિ ઉત્પન્ન થઈ પાચકિયા થાય છે. વળી આ વિટામિન ના પ્રમાણવાળાં તથા હાડકું સાધવામાં ઉપયોગી ભાગ ભજવે છે.

આવું આ અગત્યનું વિટામિન આપણા ગુજરાતના રોજિંદા વપરાશની શાકમાજીઓમાં તથા ફળફળાદિમાં કેટલું છે તથા રાંધવાથી તે નાશ પામે છે કે કેમ તે પર ડૉ. એચ જી. પોપ્યા, ડૉ. સી. સી. શાહ અને ડૉ. કે. જી. નાયક એ ત્રણ પ્રખ્યાત વૈજ્ઞાનિકોએ બહુ ગહનત્વનું શાસ્ત્રીય સંશોધન કર્યું છે. તેમણે કુલ ૩૬ જાતનાં શાકમાજી તથા ૨૭ જાતનાં ફળોની વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ કરીને તેમાં વિટામિન 'સી'નું પ્રમાણ કેટલું છે તે નક્કી કર્યું છે. તેમના જે સંશોધનનો ગહનત્વને સારાસ 'ગુજરાત સંશોધન મંડળ'ના વૈજ્ઞાનિક માસિકમાં હતાજ પ્રસિદ્ધ થયો છે.

કેરાંઓ, સરગવો, ફલાવર તથા કારેલાંમાં વિટામિન 'સી' ખૂબ જ પ્રમાણમાં છે. તે જ પ્રમાણે લીલા પાંદડાંવાળી ભાજી જેવી કે. મૂળાની, મેથીની, પાલખની, સુવાની, ચોળીની)માં, તેમજ કોબમાંજ મરચાં તથા કોળીમાં પે તે સારા પ્રમાણમાં છે. આ બધાં શાકમાજી ગુજરાતમાં પુષ્કળ થાય છે તથા પ્રમાણમાં સસ્તાં હોવાથી ગરીબ લોકોને આસાનીથી પરવાન છે. આમ કેવાંક ન ધારેલાં શાકભાજીમાં વિટામિન 'સી' ઘણા મોટા પ્રમાણમાં ભળી આવ્યું છે.

જે ૨૭ ફળો તપાસવામાં આવ્યાં હતાં તેમાં આમળાં અને જગરખણા આ વિટામિન ખૂબ મોટા પ્રમાણમાં જણાઈ આવ્યું છે આ બંને ફળો સસ્તાં અને સહેલાઈથી ભળી શકે તેમાં છે. જગલમાંના કોઈ પણ ફળ કરતાં આમળાંમાં 'સી' વિટામિન સૌથી વધારે છે અને તેની સંખ્યા ગહનતા તો એ છે કે ચૂકવેલી આમળાં તથા ચૂનૂમાં પણ વિટામિન સારા પ્રમાણમાં જળવાઈ રહે છે, જે બીજાં ફળોની બાબતમાં નથી. દુધમાં વિટામિન 'સી' સારા પ્રમાણમાં નહિ હોવાથી ડૉક્ટરો નાનાં બાળકો તથા માંદાં માણસોને વધુ દૂધ્યો ને મોસંબીનો રસ લેવાની ભલામણ કરતા હોવે છે; પણ આ ફળો આખા વરસ દરમિયાન મળતાં નથી, એટલું જ નહિ પણ પ્રમાણમાં મોંઘાં પણ છે. આથી ગરીબ વર્ગનાં બાળકોને તો તે મલવ્યા હોય છે. એમને માટે આમળાં ઈશ્વ છે. રોજનાં ખોરાકે આમળાં ના તેનો રસ પૂરતો છે. ગોરસ આમલી, ગોપેયાં, બોર, અને નારંગીમાં પણ આ વિટામિન સારા પ્રમાણમાં છે.

આપણે ત્યાં પણ્યોમાં-શાકમાજી બાફીને કે તેવાંજ બફારીને જ ખાવાનો રિવાજ છે. આકે સર્વસાધારણ ચિઝાંત તો એવો જ છે કે વિટામિન ગરમીથી નાશ પામે છે આ રીતે રસોઇમાં ભરેજાર બધાં વિટામિન' નાશ પામે છે કે કે છે, ને કરે છે તો કેટલાં, તે બાબત પણ સંશોધન કર્યું છે એમનાંમાં વિટામિન 'સી' ખૂબ પ્રમાણમાં છે એવી ૧૫ શાકમાજીઓમાં બાફવા પહેલાં, અને બાફવાના પાણીમાં બાફવા બાદ, ગરીઝ વજરના પાણીમાં બાફવા પછી તથા તેલમાં વઘારી રહ્યા પછી તેમાં કેટલું વિટામિન 'સી' બાકી રહે છે તેની કાળજપૂર્વક નોંધ કરી. આ રીતે રસોઇમાં કર્યા પછી તેમને જણાઈ આવ્યું કે ગરમીથી વિટામિન 'સી' સંપૂર્ણરીતે નાશ પામે છે એ વાત બોટી છે બલકે, કેટલીક શાકમાજીઓમાં ૬૦થી ૨૦ ટકા સુધી વિટામિન જળવાઈ રહે છે. પહાર્યું બાફવા મૂકતાં પહેલાં જેવું બીજું કાંઈવારીને વઘારે પ્રમાણમાં વિટામિન 'સી' જળવાઈ રહે છે ગુજરાતનાં તે પણ્યોમાં ઘરોગાં બીજું નામોને પછી જ શાકબાફવાનો રિવાજ હોવાથી વિટામિન 'સી' જળવી રાખવામાં બહુ સારા છે.

ગુજરાતના ગરીબ તેમજ સર્વસ્તર લોકોનાં જણાવું તથા મુખ્યો ખાવાનો રિવાજ છે. આ પદાર્થોમાં વિટામિન 'સી' જળવાઈ રહે છે કેમ તે બાબત સંશોધન કરતાં જણાયું કે મુરબ્બો કે અથાણું કર્યા પછી માત્ર આમળાંના મુરબ્બામાં જ વિટામિન 'સી' બે ગહિના રહે છે. બાકીના બધામાંતો માત્ર થોડાંક અઠવાડિયામાંજ તે નાશ પામે છે.

એક તંદુરસ્ત માણસને રોજના ૧૦ મિલિગ્રામ વિટામિન 'સી'ની જરૂર પડે છે. કયો પદાર્થ રોજ કેટલા તોલા સેવાથી એટલું વિટામિન મળી શકે તે નીચે બતાવેલું છે: કોકાંઓ ૨ તોલા, સરગવો તથા ફલાવર ૩૫, કારેલાં ૫, મૂળાની ભાજી ૬૫, મેથી, પાલખ અને સુવાની ભાજી ૯, આમળાં: ૧, જગરખણા ૪૫, ચોળીની દાંગ, પોપૈયું: ૬, બોર: ૧૦ અને લીંબુ: ૨૦ તોલા

વિટામિન 'સી'ને અંગેની આ મહત્ત્વની બાબતોને જે આપણે બરાબર સમજી લઇએ તો માંદા પડવાનો સંભવ ઘોકો જ ન થાય અને જે પડીએ તો વિટામિન 'સી'નાં ઇન્જેક્શન તથા ગ્લિસરફેક ફલાઓ પાછળ પૈસાનો ધુમાડો કરવાની જરૂર ન રહે.

માખી મારવાના ઉપાય

ગ્રામવાસી પછીના દિવસોમાં જ્યારે કૉલેરા આદિ રોગો ગ્રામ વર્તાવી રહે છે ત્યારે ગૅલેરિયાના અજકરોને નાશ કરવાનું કામ જેટલું અગત્યનું છે તેટલું જ અગત્યનું કામ કૉલેરા આદિ ભીજ રોગો ફેલાવનારી માખીઓ ગ્રારવાનું પણ છે. ગોબરી પર બેસીને પછી ખાદ્ય પદાર્થ ઉપર આવી બેસતી માખી ગોબરી, ઝેર અને રોગના જંતુઓ ખાદ્ય પદાર્થ ઉપર મૂકતી જાય છે. કૉલેરાનો ફેલાવો માખી આ જ રીતે કરે છે. એથી ઘરમાંથી માખીનો નાશ કરવા નીચે સૂચવેલા ઉપાયો સારી કીમતી છાપે કરી શકાય.

(૧) વિષ: બે ચમચા ફૉર્મેલિન, બે ચાનો સાકર અને એક

પાઈન્ટ દૂધ પાણીમાં ઉકાળવાં. તે મિશ્રણમાં બ્રાઁડીમ પેપ્સ્રના ટુકડા ભીંજવી એક રકાબીમાં મૂકી રાખવા. અથવા એક ટિનના ડબ્બામાં રાખી એ મિશ્રણમાં પલાળેલી રુની વાટ ઠાંસવા બરાબર રાખવી. માખીઓ તે તરફ આકર્ષાશે પણ તે ચાટતાં વેંત જ મરી જશે. આ મિશ્રણ ઝેરી હોવાથી નજીકમાં કોઇ બીજા પદાર્થ ન રાખવાની ખાસ સાવચેતી રાખવી તથા વાપર્યા પછી વાસણને દાંય પણ સાફ કરવાં.

(૨) ધૂપ: કડવા લીમડાનો ધુમાડો માખીઓ અને મચ્છરોને દૂર કરવા અકસીર છે. લોટા કે કળતા પાણીના વાસણમાં કારબોલિક ઍસિડનાં વીસ ટીપાં નાખવાથી તેની વરાળમાં માખીઓ મરી જશે. માખી-નાશક અગરબત્તીઓ નીચે મુજબ બની શકે: પાંચ ભાગ પાયરેથ્રમ અને એક ભાગ ડાહ્લાનો વહેર, એ બંનેને ડામુ અગર ધઉંના લોટની લૂગદીમાં બાંધી તેમાં બે ભાગ પેરૉટેયમ નાઈટ્રેટ ભેળવવું. પછી એની અગરબાત વળી લેવી. ૧૦૦ ધનફૂટ જગ્યા માટે આવી ૧૫ માખી અગરબત્તી બસ થશે.

(૩) કૂવારો: ૧ પૌંડ પાયરેદ્રમને ૧ ગૅલન કેરોસીન ને ૩ ઔંસ પુકેલિપ્ટસ તેલમાં ભેળવવું. એ ત્રિમાંક કૂવારાથી છાંટવાથી માખી-ઓ નાશ પામશે.૧૦૦ ધનફૂટ જગ્યામાં એક ઔંસ મિશ્રણ બસ થશે.

(૪) લેપ: પાંચ ભાગ ઑરિથ્રમમાં ૮ ભાગ રાળ નાખી-તેને મંદ અગ્નિ ઉપર ગરમ કરતાંકરતાં ખૂબ હલાવવું. એકરસ થયા પછી ઠારળ, દોરી બાંધેલા કે એવી કોઈ પણ વસ્તુ ઉપર તેનો લેપ કરવા અને તે વસ્તુ ઘરમાં એક ખૂણે રાખી મૂકવી. તે પર ઑસતાંવેંત માખી ત્યાં ચોંટી જશે અને ઊખડી નહિ શકતાં અંતે મરી જશે. (સુબિજ્ઞાન)

વનસ્પતિ ઉગાડવાની એક નવી પદ્ધતિ

વનસ્પતિને જમીનમાં જ ફળાદવાની ક્રિયા આપણને ઑટલી સુપરિચિત થઈ ગઇ છે કે જમીન-માટી સિવાય પણ વનસ્પતિ ઊગી શકે એ હકીકત પ્રયોગ નજરે નિહાળ્યા વગર વાસ્તવિક લાગે છે. એકે પાણીમાં કેટલીક વનસ્પતિ ઊગેલી આપણે જોઇએ છીએ. પણ ઘણી વાર તેનાં જે મૂળ તો નીચે માટીમાં જ હોય છે. જમીન અથવા માટી વનસ્પતિને જે રીતે ઉપયોગી થાય છે: એક તો તે વનસ્પતિને જોઈતાં પોષણ-તત્ત્વો પૂરાં પાડે છે અને બીજું તે તેને ઊભા રહેવાનો આધાર આપે છે.

માટીમાંથી વનસ્પતિ કયાં કયાં પોષણતત્ત્વો લે છે એ વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે, તથા એ પોષણતત્ત્વો માટીમાંથી જ મળવાં જોઇએ એવું નથી-બીજા પણ તેનાથી સિદ્ધ કરી બતાવ્યું છે! પ્રયોગ-શાળામાં વનસ્પતિને આવશ્યક પોષણતત્ત્વોનું દ્રાવણ કરીને એક વાસણમાં રાખવામાં આવે છે અને તેમાં જ વનસ્પતિ ઉગાડવામાં આવે છે. આ જ પ્રયોગ ખૂબ મોટા પ્રમાણમાં કરવાની કલ્પના ૧૯૩૬માં ડૅલિફોર્નિયામાં ડૉ. ગૅરિકને આવી. તેમણે એક ખીલ્લેદાર હૌજ બાંધીને તેના પાણીમાં ઉગાડાને જરૂરી ક્ષારોનું દ્રાવણ રહ્યું. હૌજ ઉપર એક નળી પાથરી, જેનાં છિદ્રોમાંથી ઉગાડાના છોડ ઉપર આવે રેવી યોજના કરી. છોડના મૂળને પ્રકાશથી દૂરકરાવાને કામ થાય તે માટે નળી ઉપર કોલસાનો ભૂકો, લાકડાના વહેર ઇત્યાદિ પાથર્યું. આ પ્રમાણે વ્યવસ્થા કરીને તેમણે દ્રાવણના પાણીમાં ઉગાડા-ના છોડ સહેલાઈથી ઉગાડી બતાવ્યા. હૌજના પાણીમાં ક્ષારોનું પ્રમાણ ઓછું થાય કે તરત તેને બદલીને બીજું દ્રાવણ ઉમેરવામાં આવતું. આ માટી વગર વનસ્પતિ ઉગાડવાની પદ્ધતિને ડૉ. ગૅરિકે 'હાયડ્રોપૉનિકસ' એ નામ આપ્યું. આ પદ્ધતિથી માટી કરતાં ઘણો વધારે પાક આવે છે એમ તેમનું કહેવું છે.

પણ આ પદ્ધતિમાં મુખ્ય ખામી એ હતી કે છોડનાં મૂળ હંમેશાં પાણીમાં ડૂબેલાં રહેવાથી મૂળને પ્રાણવાયુ મળતો નહિ.આ મુશ્કેલી પણ વૈજ્ઞાનિકોએ દૂર કરી. નીચેના ડ્રાવણની સપાટી ચોક્કસ કલાક મૂળને અડીને ન રાખતાં ઘોડે જ વખત રાખીને બાકીનો વખત નેરે મૂળથી નીચે રાખવામાં આવવા લાગી. આથી વખતના સમયમાં મૂળને ખૂબ પ્રમાણમાં પ્રાણવાયુ મળવા લાગ્યો.

આ અભિનવ પદ્ધતિનો ઘણે ઠેકાણે ઉપયોગ થયો છે અને તે-નાથી સરસ પાક તૈયાર થઇ શકે છે એમ સાબિત થયું છે. પણ ખૂબ મોટા પ્રમાણમાં હજુ તેનો ઉપયોગ થવાનો છે વળી તેનાથી ખર્ચનું પ્રમાણ શું આવે છે તે પણ હજુ નકી થયું નથી.

આ પદ્ધતિનો ફાયદો એ છે કે તેનાથી મનુષ્યનાં ધાર્યાંખર્યાં કષ્ટ ઓછાં થઇ જશે. બેતર સાફ કરવું, ખેડવું, ક્રોસ આવર ઢાળવાની પાણી પાવું ઇત્યાદિ ઘણી બાબતોની જરૂર નહિ રહે. આ પદ્ધતિમાં ઘણી-ખરી ક્રિયા યંત્રની સહાયતાથી જ થાય છે વરસાદ પડે કે ન પડે, જમીન ખડાબળ હોય કે રેતાળ, તોપણ આ પદ્ધતિથી પાક ઉત્પન્ન કરી શકાશે. કાચનાં ઘરોમાં ગોબર ગરમી તથા બેજ ઉત્પન્ન કરીને અનિષ્ટ હવામાનની અસર પણ દૂર કરી શકાશે. આમ આ પદ્ધતિ માનવજાતને મહાન આશીર્વાદ સમી નીવડશે એવી માન્યતા છે.

ઇંગ્લૅન્ડના પ્રિ સ્ટાઇલે આ પદ્ધતિ પર ખૂબ સંશોધન કર્યું છે. અત્યારે તેઓ આફ્રિકાના રણમાં આ બાબત પ્રયોગ કરવા ગયા છે. ઇલ્લા યુદ્ધ દરમિયાન એ રણમાં ઘણાંનવાં વિમાની મથકો બાંધ-વામાં આવેલાં હોવાથી ત્યાં ઘણા કારીગરો તથા એનિકોને રહેવું પડે છે. આ સૈનિકોને ઠંડાપ, બાટપાણી, કૃષ્ણાદિ આદિ વાત્ત માણવાં નથી; કારણકે રણમાં તે પાકતાં નથી અને ઇજિપ્તમાંથી એરોપ્લેનમાં લાવતાં લાવતાં તે ખરાબ થઈ જાય છે. એટલે તે રેલ્વે-માં જ વિમાની મથકની આસપાસ ઠંડો કે શાકભાજી ઉગાડી શકાય તો તે ઘેલાદું ઇચ્છ ખૂબ સુખમય થઇ શકે. આ પદ્ધતિ દ્વારા તે દૂરે બનતી શકશે.અથા ગોદાવુકમાં અમેરિકનોએ આરોગ્ય, બેક આદિ ઘોટા ઉપર આ પદ્ધતિને ઉપયોગ કરીને 'માટી વગરના બગીચા' (હાઇડ્રોપોનિક ગાર્ડન્સ) તૈયાર કર્યા હતા.

બોકે માટી સિવાય ઉદ્ય આપણું બધુંજ ચાલી શકશે એમ કહેવા-નો વખત હજી આવ્યો નથી નોપબધુ વિશિષ્ટ પરિસ્થિતિમાં 'વગર માટીનો પાક' શક્ય છે એ વસ્તુ સાબિત તો થઇ જ છે. (બૅમ્બેક્ષ પરથી)

ઇંદમાં નાખવામાં આવેલી રોગીઓ.

રશિયાને દ્વાનિસ્તાં મનુષ્યોને ઇદ રાખવામાં થા ઇંડાનિકલ કરવામાં આવે છે તેમ કેટલીક વૈજ્ઞાનિક રોગીને (તે માનવજાતને ઉપકારક હોવા છતાંપણ) સુખમય થવા માટે ઇંદમાં નાખવામાં આવી હતી એ બાબતને વધુને બાજીમાં વધુને

ઇ. ૧૯૨૮માં ઑસ્ટ્રિયાના રસાયણશાસ્ત્રી ડૉ. ફ્રૉઈન્ડે એક એવી દવા સાબ્રાની શોધ કરી કે જે ૪૦૦૦ વખત વાપરી શકાય! આ શોધની ખબર પડતાં જ સ્વીડનના દીવાસળી ઉદ્યોગના જૅતાજ બાદ-શાહ કુગરે ૬૫ લાખ રૂપિયા આપીને તે શોધ તે વૈજ્ઞાનિક પાસેથી વેચાતી લઈ લીધી અને કાયમને માટે તેને તાળું મારી દીધું!

એક વૈજ્ઞાનિકે એવી દવાની શોધ કરી હતી કે જે ગરીબના કોઈ પણ બાજ ઉપર લગાડવામાં આવે તો તે બાજ ઉપર કદી વાળ જ ન ઊગે! આથી ઘણા અને ખરીદનાં ઇરજનાનાંના માલિકોએ મોંમાગ્યા પૈસા આપી તે શોધ ખરીદી લીધી અને તેને તાળું દઇ પૂરી દીધી. એક બાજએ એવું 'લુબ્રિકેટીંગ ઑઇલ' શોધી કાઢ્યું કે જે યંત્રમાં ઇજ્યાથી યંત્રમાં વપરાતું થતી ઉષ્ણતા ન થાય; વળી તેના ઉપયોગથી યંત્રો પણ લાંબો સમય ટકે. તેવ તથા યંત્રોના ઇરજનાનાંના માલિકોને તે શોધ બંધાતી.દરિમે દાનિકારક હાનિ-કારક થવાથી તેને વેચાતી લઈ લાયને માટે ઇંદમાં પૂરી દીધી.

કાચે, અરે! ચૂસી દમી કુચા કરે
મનુષ્યને શેરડી તો રસે ભરે!

રમણલાલ સોની

મૂળરાજ બીજાની વીર માતાએ પરાક્રમ-પૂર્વક હરાવેલો શાહબુદ્દીન ઘોરી જ્યારે વૃદ્ધ-પણાની ઝમીને ગઝની પાછો ફર્યો ત્યારે તેને કેટલાક કરબારીઓએ ગઝનીમાં તે વખતે રહેલા એક કરોડપતિ શ્રાવકપુત્રી વેપારીને લૂંટી લેવાની સલાહ આપી જેથી યુદ્ધનું થયું નુકસાન ભરપાઇ થઈ જાય. પણ માનધન શાહબુદ્દીને તેનો ધિક્કાર કરીને કહ્યું, 'આવીરીતે જે હું પરદેશી વેપારીને લૂંટીશ તો સારા રાજ્યમાં વેપાર કરવા કોણ આવશે? યુદ્ધનું નુકસાન તો ન્યાયે તે થયું હોય ત્યાંથી જ વસૂલ લેવું જોઇએ.'

કહેવતોના અર્થ: 'ભાંગ્યું તો યે ભરુપ'– ગમે તેવી પરિસ્થિતિમાં પણ મહત્તા કે મૂળગત સ્વભાવને ઠંકાવી રાખીને પોતાની શક્તિ તથા ગૌરવને પરચો બતાવી રહેવા માટે વપરાતી આ કહેવત, આપણા આજે પણ ઠસી રહેલા અતિપ્રાચીન અને પુરાણ-પ્રસિદ્ધ નગર ભરૂચના ઉદાહરણમાં કથિત રીતે જ વ્યક્ત થઇ છે. એને મળતી બીજી કહેવતો: 'કોઠા તોપણ સાગના લાકડાં'; 'ઓરડાની લાકડી તો ય ઉતરડ ભેગ તો ખરી જ'; 'વાડો તોપણ ઘઉંનો રેઢાલો'; 'નાનો તોપણ રાયનો દાણો.' નીચેના દોઢદારામાં આવી ઘણી કહેવતો જૂથેલી છે:

નાનો પણ હણ રાયનો, પાંખો તો યે મૂછ,
ઘરડો તો ય ગરાસિયો, ભાંગ્યો તો ય ભરુપ.
ઘરડો તોપણ બળદિયો, તોયે ગાયનો પણ ગાય,
વકરેલો પણ વાણિયો, રઢેલી પણ ગાય.
મોળો તોપણ મહીપતિ, રાઠ પણ સત્તાધીશ,
સૂતેલો પણ કેસરી, ઊંઘેલો પણ ફણીશ.

અનેકાર્થી શબ્દ: કાચો=કુંકાળો, કાઠો; ખુંદલાળાનો હુકાળો; ઘોડાને ગોળ ચક્કરમાં ફેરવવો તે; છળ, પ્રપંચ.

ગણિત-ગમ્મત: એકથી માંડીને કોઈ પણ રકમ સુધીના અંકોનો સરવાળો લખવો હોય તો એને માટે એક ઘણી જ સહેલી રીત છે. જે રકમ સુધીનો સરવાળો કરવો હોય તેનો તથા તેની પછીની રકમનો ગુણાકાર કરી, આવેલા ગુણાકારની રકમને બે વડે ભાગતાં જે આવે તે સરવાળાનો જવાબ. દા.ત. એકથી દસ સુધીના અંકનો કુલ સરવાળો $\frac{10 \times 11}{2} = 55$

કંજુ—આપુજી, હું એક રૂપિયાનો જવાબ કરી આપું તો તમે મને આઠ આના આપો?
આપા—જરૂર.
કંજુ—તો લાવો આઠ આના. કેમકે તમે કહેલું કે હું ૮ માસિકમાં પાસ થઈશ તો તમે મને એક રૂપિયો આપશો. હું તેમાં નાપાસ થયો છું, એટલે તમારો એ રૂપિયો બન્યો ને?

બહુનની શોધ માટે યુરોપિયનો ગર્વ લે છે, પણ ખરું જોતાં તેમણે તે શોધ કરી તેની ૫૦૦ વર્ષ પહેલાં ચીનના લોકોએ તે શોધી કાઢ્યું હતું. ૧૩મી સદીમાં ચીનમાં રહેતા એક યુરોપિયન મિશનરીએ લખ્યું છે કે ઇ. ૧૩૦૬માં રાજેનગાહદેશ-કોનના રાજ્યારોહણનો સમારંભ બહુનો કડાકીને ઊજવ્યો હતો.

હવાલ્હિકા: દક્ષિણ હિંદના રૂપાના બદલતા-કાગવાળી આ ઢાંકણાવાળી દોઢસો વર્ષ જૂની ચાંદીની ચરીનો નમૂનો છે. એમાં ભરપૂર સુવાસ-વાળા વચલા પડદાના એકએક ગોખમાં વિષ્ણુના દશ અવતારની એકેક મૂર્તિ છે.

દિલ્હીની ગાદીએ થઈ ગએલા પઠાણ રાજ્યકર્તાઓમાં સૌથી સબળ સુલતાન શેરશાહ સૂરીએ ૧૫૪૦માં હુમાયૂને હાંકી કાઢીને જે પાંચ વર્ષ રાજ્ય કર્યું તે દરમ્યાન તેણે મહાન રાજ્યકર્તાનું સર્વ સ્વભાવાત્મક અને વહીવટી ઠીકરણ કાબ્યું હિંદી ચલણી નાણાંને પણ તેણે જ સ્થિર રૂપ આપ્યું, એને અકબરે સંપૂર્ણતાએ પહોંચાડ્યું. તેણે જ તાંબા અને રૂપાના સિક્કાઓને 'દામ' અને 'રૂપિયો' નામ આપીને તેનાં વજન, અનુક્રમે ૧૯૮ અને ૩૩૦ ગ્રેન નક્કી કર્યાં ને ચલણના અરધા, પોયા, આઠમા અને સોળમા ભાગ નક્કી કર્યા જે આજ પર્યંત ચાલુ છે. ઉપરનું ચિત્ર હિંદના એના પહેલા રૂપિયાનું છે તેમાં એકબાજુએ વચલા ચોરસમાં કલીમા કાતરેલ છે અને તેની પાછળ (જમણી તરફના ચિત્રમાં) ચોકઠામાં 'શેરશાહ સુલ-તાન અદલાહ અદલાહુ મુલ્હહ ૯૪૮' લખેલું છે તથા તેની નીચે નાગરી લિપિમાં 'શ્રી શેરશાહી' કોતરેલું છે.



તમે ગમે તેવા મોટા ચિત્રકાર હો પણ જો તમને કહેવામાં આવે કે એવાં જ સસલાં દોરો કે જેમની વચ્ચે ફક્ત જરા જ કાન વહેંચી આપવા છતાં દરેકને બબ્બે કાન હોય એમ દેખાય, તો તમે જરૂર ના પાડવાના. પણ કુશળતાપૂર્વક તેની ગોઠવણી કરવાથી તે શક્ય છે. જુઓ ઉપરનું ચિત્ર.

રશિયાની વાર્ષિક આવક ૧૬૫૦૦ કરોડ રૂપિયા છે, અમેરિકાની ૭૩૦૦૦ કરોડ છે, જ્યારે હિંદની માંડ ૫૦૦ કરોડ રૂપિયા છે!



હિન્દ સ્વતંત્ર થયું તેની નવી ટિકિટો તૈયાર થતાં વાર લાગશે; પણ તે દરમ્યાન, એ સ્વાતંત્ર્યદિનની તારીખ—૧૫મી ઑગસ્ટવાળી હિન્દની બધી પોસ્ટ ઑફિસોમાંથી વર્તમાન લાગુવા પર એ પ્રસંગના રબ્બર-ટપ્પા પ્રજાજોગ 'જય હિન્દ'ની પોસ્ટ માર્ક (ટપાલની છાપ) મારવાની રાજ્ય તરફથી.

ALL ROUND ART SERVICE

SADHANA ART-STUDIO

: કાર્યક્ષેત્ર :

૧. તસ્વીર-કળા (પોર્ટ્રેટ્સ): ઑઈલ પેઈન્ટિંગ, વૉટર કલર્સ, પેન્સિલ ને ક્રેયૉન પોર્ટ્રેટ્સ.

૨. ગૃહ-શણગાર (વૉલ પેઈન્ટિંગ્સ): દીવાલચિત્રો અને અન્ય સુશોભનો.

૩. પ્રચાર-ચિત્રો પોસ્ટર્સ, કૅલેન્ડર્સ તથા જાહેરાતનાં રેખાંકનો.

૪. પુસ્તક-પરિધાન: મુખ-કવર્સ, વાર્તા-ચિત્રો અને કાવ્ય-સુશોભનો.

સંચાલક
શાન્તિલાલ શાહ

સાધના કલા-કેન્દ્ર

ચાર રસ્તા,
અમદાવાદ

તમારા ઘરની ભીંતો તપાસો

એના ઉપર શું છે? ઍક્તિયાં કૅલેન્ડરો? કોઈ બ્રાન્ડી કે સીગારેટની અગર લોખંડના નળ, હરીકેન ફ્રાનસ ને એવાએવા પરદેશી માલની જાહેરાત કરતાં અસંસ્કારી કુરૂપ ચિત્રો? કોઈ જરા ગૌણીન ગણ્યાતા હશે એમને ત્યાં વળી પરદેશનાં સૃષ્ટિસૌન્દર્ય અને મહોલાતોનાં અથવા રાજાઓ ને રમણીઓનાં ચિત્રો હશે; કાં તો આપણી પુરાણકથાઓ અને દેવદેવીઓનાં ભદ્દાં ચિત્રો હશે. પણ શુદ્ધ વાતાવરણની, આપણા દેશજ સંસ્કારોને પોષતી ને રસવૃત્તિને વિકસાવતી ઊંચી અને સાત્વિક કલા કેટલાંનાં ઘરમાં છે...એવી ઉચ્ચ સંસ્કારવંતી, કાવ્યમય વાતાવરણ જગવતી, નયનાભિરામ ને સાત્વિક કલાની કૃતિઓ ગુજરાતનાં ઘરોની ભીંતો પર લાવવાનો નમ્ર પ્રયત્ન કુમાર કાર્યાલયે કર્યો છે. એ માટે ચિત્રો સસ્તાં જોઈએ; વિવિધતાવાળાં જોઈએ; અને કડાકૂટ વિના મઢી શકાય તેવી સગવડવાળાં જોઈએ. આ બધા હેતુ બ્યાલમાં રાખીને કુમાર કાર્યાલયે 'ગુજરાત કલાકલાપ' નામનો છ સુંદર ચુનંદાં રંગ-ચિત્રોનો એક પોર્ટફોલિયો (સંપુટ) બહાર પાડ્યો છે. રવિશંકર રાવળ, કનુ દેસાઈ, જગન્નાથ અધિવાસી, રસિકલાલ પરીખ, છગનલાલ જાદવ અને ત્રિગુણાતીત મંચોલીની ઉત્તમ કલાકૃતિઓ ચૂંટીને એમાં સંઘરેલી છે. પ્રત્યેક ચિત્ર ૨૩ાા×૧૯ ઈંચના બાપના જાડા આર્ટ કાર્ડ ઉપર, મઢી શકાય તેવી સફાઈબંધ રીતે, રંગીન છપાઈમાં છાપેલું છે. સાથે એ ચિત્રોનો અને એના આલેખક કલાકારોનો ટૂંક પરિચય પણ આપેલો છે. અને દીમત જુઓ તો સવા રૂપિયો;—ચિત્ર દીઠ પૂરી ચાર આના પણ ન થઈ. પોસ્ટેજ જુદું.

કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ

અપચો થયો હોય તો કંઈ સાબુથી દૂર નહિ થાય

અમારો 'ક્રાન્તિ' કામણગારો કે આંજીનાખે એવા લીસા કેરાકલાપનો સર્જક છે એવું અમે કહેતા નથી.

એમ તો પછી એ સાબુમાં અપચો દૂર કરવાનો ગિમિયો છે એમ કાં ન કહેવું?

- ક્રાન્તિ નહાવામાં છે અત્યવસ નંબરનો સાબુ.
- સફાઈતો એનીજ.
- ઉજાળમાં ઉજાળ ચામડીને પણ બળતરા કે ઇજા કરતો નથી.
- નાજુક ચિત્તહારી સુગંધવાળો એ સાબુ અજમાવી જોયો?

સ્વસ્તિકની બીજી ઉંચી બનાવટોમાં શીકાકાઈ, સુગંધીતેલ, હાથીના સાબુ, ધોવાના સાબુ, ગોવાલણ ઝાપ વનસ્પતિ વગેરે વગેરે છે.

ક્રાન્તિ નહાવાનો સાબુ

સ્વસ્તિક ઓઇલ મીલ્સ લીમિટેડ, મુંબઈ.

SKM. 17 Gujarati

DIRECTED

ડિસ્ટીબ્યુટર્સ: મેસર્સ વેસ્ટર્ન ઇન્ડિયા પ્રોડક્ટસ સિન્ડિકેટ લિમિટેડ પો. બૉક્સ નં. ૨૮ અમદાવાદ

વિદ્યાર્થીઓ, વેપારીઓ, વકીલો, વિદ્વાનો વગેરે મગજનું કામ કરનારાઓ માટે ખાસ

અંડુનું પૌષ્ટિક ચાટણ કેસરીજીવન

નાનાં-મોટાં, માંદાં-સાજાં, નબળાં-સબળાં, સ્ત્રી-પુરુષ, સૌ કોઇ એનું સેવન કરી શકે છે

મહા રસાયન

રસસિંદુર, અભ્રક, કેસર, કસ્તુરી અને બીજાં દીપન, પાચન ને પૌષ્ટિક ઔષધ મેળવી લીલાં રસદાર આંબળાંમાંથી બનાવેલું સુશોભિત સુવાસિત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચાટણ

કિંમત
૧/૪ રતલના બાટલા રૂ. ૧.૫૦
૧/૨ „ „ રૂ. ૨.૫૦
૧ „ „ રૂ. ૫

તેનું નિયમિત સેવન

લાંબું આયુષ્ય તથા સારી સ્મરણશક્તિ આપી શરીરમાં બળ, તેજ ને ચેતન પૂરે છે.

કારખાનું:
સમાનીરોડ
મુંબાઇ-૧૪

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કર્સ લિ.
અમદાવાદના એજન્ટ - ભોગીલાલ બ્રધર્સ - ગાંધીરોડ

દુકાન:
ભૂતી મહાજનવાડી
મુંબાઇ-૨

લગ્નોત્સવમાં
જન્મ-જયંતીએ
કે એવા અન્ય મંગલ પ્રસંગોએ

કંકુ

દેસાઇનાં ચિત્ર આપવા લાયક

←આ અને આવા બીજા અનેક ચિત્ર સંપુટો

કુમાર કાર્યાલય - અમદાવાદ

કુમારકાર્યાલય લિમિટેડ

સાહિત્ય, કલા અને વિજ્ઞાનના તથા સંસ્કારપોષક સમસ્ત જ્ઞાનસામાન્યના પ્રચાર, પોષણ અને વિકાસના ઉદ્દેશથી સ્થાપવામાં આવેલી સંસ્થા

જેને, મૂળ 'કુમાર કાર્યાલય' તરીકેની તેની જે દસકાની ઉજ્જ્વલ કારકિર્દી પછી તેના વહેણના વિકાસ અર્થે તેના સંસ્થાપક, વિખ્યાત કલાકાર શ્રી રવિશંકર રાવળ પાસેથી ઍસેન્શ્યલ રાઇટ્સ કંપનીએ ખરીદી કરેલું તે નામે સંચાલે છે.

ક

મુકરર કરેલી થાપણ રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ)
દરેક રૂા. ૨૦ના એક એવા ૫,૦૦૦ શેરમાં વહેંચાએલી.

બહાર કાઢેલી થાપણ રૂા. ૧,૦૦,૦૦૦
ભરાએલી થાપણ રૂા. ૩૬,૨૦૦

ક

ડાયરેક્ટરોનું બોર્ડ

શ્રી ચૈત્યપ્રસાદ મોતીલાલ દીવાનજી બી. એ. (ઑક્સન)
(મંત્રી, ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ)

શ્રી રવિશંકર મહાશંકર રાવળ
(કલાકાર, કુમાર કાર્યાલયના સંસ્થાપક અને 'કુમાર'ના આદ્ય તંત્રી)

શ્રી મહેન્દ્ર શાન્તિલાલ મંગળદાસ
(વેપારી, ઝવેરાતના વકીલ મૂળની મોસાળના સહ-સંસ્થાપક)

શ્રી બાબુરાવ દેશવલાલ મહેતા
બી. એ., એલએલ. બી., ઍડવોકેટ

શ્રી હરિનારાયણ ગિરધરલાલ આચાર્ય
(સંસ્કૃત અને તત્ત્વજ્ઞાનના ભૂતપૂર્વ અધ્યાપક-ગુજરાત મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ; મ્યુનિસિપલ અને 'મ્યુનિસ્પા તંત્રી; 'સાથી ગુજરાતી મ્યુનિસિપલ'; ઍડિશનલ ઍસિસ્ટન્ટ કમિશનર ઍન્ડ ટ્રેઝરી-ઑફિસર, અમદાવાદ.)

શ્રી બચુભાઈ રાવત (મૅનેજિંગ ડાયરેક્ટર)
(પત્રકાર અને પ્રકાશક; તંત્રી 'કુમાર')

શેર ભરવા ઇચ્છનારાઓએ 'કુમાર કાર્યાલય લિ. ૧૪૪૪ રાયપુર અમદાવાદ' એ સરનામેથી પત્રો લખવા.

(આ ભાગ જાહેરાત છે; પ્રૉસ્પેક્ટસ નહિ.)

નદીનું છે. સાવર ને કુંડલા બંને જાદાંજાદાં ગામો છે ને નાવલી એ બંને ગામોની વચ્ચેથી વહી જાય છે. આ નદીની વિશિષ્ટતાઓ અજાણ છે. એની વધુમાં વધુ ઊંડાઈ ચાર માઈલની છે; પહોળાઈ માંડ દસ હાથ; અને ઊંડાઈ? ઊંટે માથે ગાંઠોડું! એથી યે વધુ અજાયબીની વાત એ છે કે એ નદી જગતીનમાંથી નીકળે છે અને જગતીનમાં જ સમાઈ જાય છે! છતાં ખૂબીની વાત એ છે કે ગમે તેવા દુકાળમાં પણ એ સુકાતી નથી. એને વિષે એવી દંતકથા છે કે પહેલાં ગામને છેડે દેવીનું એક દહેરું હતું. એક ચારણ એ દેવીની ભક્તિ કરતો. એક-વાર ભારે દુકાળ પડ્યો ને લોકો પાણી વગર તરફડવા લાગ્યા. ચારણે દેવીને રીઝવવા તપ આદર્યું. દેવી પ્રસન્ન થતાં ચારણે માગ્યું કે 'કદી ન સુકાય એવી એક નદી આપો.' દેવીએ કહ્યું: 'ભલે; પાછળ જોવા વગર ચાલ્યો જજે. તારી પાછળપાછળ એક નદી ચાલી આવશે; પણ જોજે, પાછળ જોતો નહિ.' ચારણે પાછળ જોયા વિના ચાલવા માંડ્યું ને એક ભાગોળથી બીજી ભાગોળ સુધીનો રસ્તો કાપી નાંખ્યો. પણ ચારણના મનમાં અશ્રદ્ધા પ્રકટી કે દેવીની વાત સાચી તો હશે ને? ખાતરી કરવા એણે પાછું જોયું: પાછળ આવતી નદી ત્યાં જ અટકી ગઈ અને એનું પાણી જગતીનમાં સમાવા લાગ્યું. ત્યારથી નાવલી નદી એક ભાગોળથી નીકળી બીજી ભાગોળ સુધી સાવર અને કુંડલાની વચ્ચેથી નિરંતર એકધારા પ્રવાહે વહી જાય છે અને ઘેરે ફર જઈ ભૂમિમાં સમાઈ જાય છે.

(કૃતિ અને લેખ–**યોગેન્દ્ર ત્રિપાઠી**)

અમેરિકન ફિલેટિકસતાબ્દીનું 'ફર્સ્ટ ડે કવર': ફિલેટિકસતાના ક્ષેત્રમાં 'ફર્સ્ટ ડે કવર'(First day Cover–પહેલા દિવસના પાકીટ)નું પણ એક ખાસ સ્થ ગણાય છે. 'ફર્સ્ટ ડે કવર' એટલે કોઈ વિશિષ્ટ પ્રસંગના સ્મરણમાં ાગમાં આવેલી ટિકિટો બાપરીને પહેલે જ દિવસે પોસ્ટ કરવા માટે ખાસ ર કરવામાં આવેલું પાકીટ. અમેરિકામાં આવા 'ફર્સ્ટ ડે કવર' ખૂબ પ્રચ-ે છે. આ બાબતમાં આપેલું 'ફર્સ્ટ ડે કવર' એટલા માટે વિશિષ્ટ છે કે તે ખુદ રિકન સરકારી ટપાલખાતાએ કાઢેલું ઑફિસિયલ 'ફર્સ્ટ ડે કવર' છે ને રિકામાં ટપાલની ટિકિટ ચાલુ થયાને આ વર્ષે સો વરસ પૂરાં થયાં તેના ાલમાં એ શતવર્ષી ઊજવવાને તા. ૧૭થી ૨૬મી મે ૧૯૪૭ના દિવસોમાં ભરાએલા 'ઈન્ટરનેશનલ ફિલેટેલિક એક્ઝીબીશન' (આંતરરાષ્ટ્રીય ટિ-સંગ્રહ પ્રદર્શન)ના માંડવે તે ખાસ બહાર પાડવામાં આવ્યું છે. અમેરિકા-૧૮૪૭માં પહેલવહેલી જે બે ટિકિટો (એક પાંચ સેન્ટની–બેન્જામિન ક્લિનના ચિત્રવાળી ને બીજી દસ સેન્ટની–જ્યૉર્જ વૉશિંગ્ટનના ચિત્રવાળી) ાર પાડેલી તે બંને ટિકિટો ફરી એકીસાથે છાપેલું નાનું શીટ આ પ્રસંગે રિકન ટપાલખાતા એ બહાર પાડ્યું છે તે આ કવર પર ચોડેલું છે તેની ી બાજુએ ત્રાંણે અમેરિકન રાજ્યમુદ્રાના ગરુડની છાપ નીચે સતાબ્દી ીબ ને પહરાંનો ફલ્લેખ, વચ્ચે જ્યૉર્જ વૉશિંગ્ટનની છબિ તથા ટિકિટની ને નીચે 'ઑફિસિયલ ફર્સ્ટ ડે કવર' એટલા અક્ષરો છે. ટપાલની છાપમાં





સાદો સરવાળો

અને વળી

લાભકર્તા!

૨૧ રંગચિત્રો
૩૪ સાદાં ચિત્રો

૫૫ કુલ ચિત્રો
અને તે
માત્ર ૩૫ રૂપિયામાં

આજે જ્યારે સામાન્ય નવલ-કથાઓ પણ ચાર રૂપિયાથી ઓછે ભાગ્યે જ મળે છે ત્યારે વર્ણતમાં એક લબ્ધપ્રતિષ્ઠ કલાકાર-નાં ચુનંદાં પંચાવન ચિત્રોનું એકમુષ્ટ પ્રકાશન માત્ર સાડાત્રણ રૂપિયામાં મળે છે.

એ પુસ્તક તે કલાકાર
રસિકલાલ પરીખનો

ચિત્રસાધના

રંગમાં તથા પેન્સિલ
એક નમૂનો સામે આપ્યો છે

રંગ અને રેખામાં કુમાશભર્યું કવિત્વ વહાવનાર, જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખનાં ૨૧ પૂર્ણરંગી ને ૩૪ સાદાં ચિત્રોવાળો આ અમૂલ્ય ગ્રંથ ગુજરાતનાં અસ્તા કલાપ્રકાશનોમાં એક અગત્યનો ઉમેરો કરે છે. કલાકારે ઉત્તરોત્તર કરેલી કલાસાધનાનો પરિચય આપતી એમની જીવનરેખા ઉપરાંત આમાં રંગધારીઓનાં પંચાવન ચિત્રોમાં ઑઇલ અને વૉટર-કલર, પેન્સિલ અને પેન ઍન્ડ ઇંક સ્કેચ, સ્ટેપલ-ચર્ક, વૂડ-કટ, લૉકટ-પ્રૂફ-સ્કેચ આદિ ચિત્રકળાની વિભિન્ન પદ્ધતિઓમાં એમની કલમ તથા પીંછીનો કરાયેલ કથાવૈવિધ્યવાળા સર્વ પ્રકારના ચૂંટેલા નમૂનાઓ આપવામાં આવ્યા છે. ચિત્રકલાના વિદ્યાર્થીઓ તથા કલારસિકોનો માટે એ અમૂલ્ય ચીજ છે.

આવતી કાલનાં નાગરિકો
ઘડતું આજનાં ઘરોનું એકલું
માસિક ◘ વર્ષ ચોવીસમું ◘
અંક દસમો ◘ ઑક્ટોબર
ઓગણીસસો સુડતાલીસ ◘
સળંગ અંક બસો છ્યાશીમો

₹૨.૦૦

કુમાર

તંત્રી ઝવેરચંદ મેઘાણી

મંજુબાપદ્મ
વિદ્યાભવન
નારણપુરા

ચિત્રકાર : કૃષ્ણવદન ભટ્ટ

શ્રી અરવિંદ આશ્રમ-પોંડિચેરી-માંથી, આપણા સુખ્યાત કવિ સુન્દરમ્‌ના તંત્રીપદ નીચે, શ્રી અરવિંદના જીવનદર્શનનું અનુશીલન કરતા, નવા પ્રકટ થએલા ત્રૈમાસિક 'દક્ષિણા'નું મુખચિત્ર
(કલાકાર નવા 'દક્ષિણા'ના સૌજન્યથી)

કલાદર્શન

ગુજરાતના સાત નામી કલાકારોના
હસ્ત ચુનંદા રંગ-ચિત્રોનો
અભિનવ ચિત્રસંચય

ચાંદની (૨. મ. રાવળ) ચમનો ફૂલ (કુન્દનલાલ)
વિચારવશ (કનુ દેસાઈ) દાતાર ટેકરી (પટિત)
કૃષિકન્યા (૨. મ. રાવળ) સોંપો (ચન્દ્રવદન ભટ્ટ)
ઉખાનું તપ (સોમલાલાલ) ગોર (રતિલાલ)
અજંતાના કલાકારિદે અભિમન્યુ-ઉત્તરા (કનુ)

મહાવી શકાય તેવાં ૬૫ × ૨૦ના ઇંચનાં
રંગીન માઉન્ટ ઉપર ચોડેલાં તૈયાર
દસ ચિત્રોઃ માત્ર સવા રૂપિયામાં
કુમાર કાર્યાલય લિમિટેડ · અમદાવાદ

ગુજરાત પ્રકૃતિ મંડળના–અમદાવાદનું
ત્રૈમાસિક

પ્રકૃતિ



નવા અંક (વર્ષ ૬ · અંક ૧-૨)માંના લેખોની સૂચિ

એક કાંકરાની આત્મકથા
(ગેહેરુ દા. ન. વાદિયા)
કાઠિયાવાડનાં પક્ષીઓઃ ૧
(પદ્મકાન્ત કંચનરાય દેસાઈ)
કાઠિયાવાડના રસપ્રદેશ
(વિજયશંકર મુ. વાસુ)
બાગબગીચાનાં અદ્‌ભુત સર્જનઃ ૩
(પદ્મકાન્ત કંચનરાય દેસાઈ)
આગંતુકાઓની વિચિત્ર્યસંપત્તિ
(હરિનારાયણ ગોરધનરામ આચાર્ય)
કાઠિયાવાડના સિંહ અને દીપડા
(પદ્મકાન્ત કંચનરાય દેસાઈ)
કચ્છનાં રાની ગધેડાં (સાલિમ અલી)
ભારતીય ભૂતત્ત્વ નિરીક્ષણ વિભાગ-
[ઇન્ડીઅન્ જિયલ સર્વે ઑફ ઇન્ડિયા]
(હરિનારાયણ ગોરધનરામ આચાર્ય)
ભારતીય ભૂતત્ત્વ નિરીક્ષણ વિભાગની
પુનર્રચના અને વિકાસ (દા. ન. વાદિયા)

વ પિંક લવાજમઃ ૩. ત્રણ.

આ ઑફીની છૂટક કિંમત. ૩. ત્રણ.

મંત્રીઃ પ્રકૃતિ મંડળ · ૫૬ પ્રીતમનગર
એલિસબ્રિજ અમદાવાદ



ચિત્રો

ક્રિયારવશ (રિલીફ)શ્રીધર મહાદેવ જોશી	જગન્નાથ ગઢેવા	પૂર્ણ
તમસો મા જ્યોતિર્ગમય	કૃષ્ણલાલ ભટ્ટ	ત્રિરંગી મુખચિત્ર
ઓગણીસીમે	ફોટો · જગન્નાથ ગઢેવા	પાછલા પૂંઠામાં

કાવ્યો

સ્વાધીનતાના મહિનાઓ	સગાલાલ ક. પંડ્યા	૨૮૨
સાંપ્રતનું આયુ	કેવળ રા. મોદી	૨૮૨

ચરિત્ર

પ્રોફેસર અબ્દુલ બારી		૨૮૪

વાર્તા

ઓશોદાર (તારાશંકર બંદ્યોપાધ્યાય)	રમણિક મેઘાણી	૨૮૬

લેખો

પારિજાતક [આપણી વનસ્પતિ-૮૮]	જયંતીલાલ કે. ઓઝા	૨૮૭
પગરસ્તો (રવીન્દ્રનાથ ઠાકુર)	વિમોદ કોઠારી	૨૯૦
બીજાની અહિંસાદર્શાણ [સ્વાતંત્ર્યના શહીદો-૩]		૨૯૨
કલાદૃષ્ટિની કસોટી કરતા પ્રશ્નો—૧		૨૯૩
રંગ-આયોજન-શાસ્ત્ર		૨૯૪
કસોટી સામે ટક્કર ઝીલતી પ્રજા		૨૯૫
બાયસ્કોપ [વિજ્ઞાન વગમાં વિજ્ઞાન-૮]	ડૉ. ન. મુ. શાહ	૨૯૭
બાદશાહ અને પંથે (૨)	છગનરામ જોષી	૩૦૦
અનિષ્ટ	નરસિંહભાઈ પટેલ	૩૦૧
અભિનય [પ્રાચીન નાટ્યશાસ્ત્ર-૧૪]	યોગેન્દ્ર ત્રિપાઠી	૩૦૨

વિભાગો તથા પ્રકીર્ણ

છબી સમૃદ્ધિએ ગરીબી (ચિત્રબોધ)		૨૮૧
સ્વાતંત્ર્યની સફળતા		૨૮૩
ભેટકર્તા [ઋસારનાં શહેરો-૬૧]		૨૯૧
કમોડી		૨૯૬
તમે શોતે		૨૯૮
Our Friends Abroad–પત્રમિત્ર વિભાગ		૨૯૯
ઑગ રેગ ?		૩૦૩
બાધુકરી		૩૦૪
કાજિયાં (બારમાસનાં પંખી-૨૨)		૩૦૪
રપ્પેરગરની તવારીખ		૩૦૮
આ બાસ્ત ઈતિહાસમાં (વ્યક્તિવિશેષ-બહારની તેયબજી)		૩૦૮
છેલ્લું પાનું		૩૧૬
નવાં પુસ્તકો		૩૧૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પીતાંબરદાસ રાવત.
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૨ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ ૩૫.૩, પરદેશમાં ૩ ૬.૦૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.

ભાડેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિક કંપની,
મૉડર્ન ટૅલીઝ સામે, ગાંધીરોડ, અમદાવાદ.

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપીરાઇટથી રક્ષિત છે.

અપચો થયો હોય તો કંઈ સાબુથી દૂર નહિ થાય

અમારો 'કાન્તિ' ડામણગારો કે આંજણનાખે એવા લીસા કેરાકલાપનો સર્જક છે એવું અમે કહેતા નથી.

એમ તો પછી એ સાબુમાં અપચો દૂર કરવાનો ડિમિયો છે એમ કોન કહેવું?

- કાન્તિ નહાવામાં છે અત્યલ્પ નંબરનો સાબુ.
- સફાઇનો એનીજ.
- કેમળમાં કેમળ ચામડીને પણ બળતરા કે ખલ કરતો નથી.
- નાજુક ચિત્તહારી સુગંધવાળો એ સાબુ અજમાવી જોયો?

રેપલિકની બીજી ઉંચી બનાવટોમાં શીકાકાઈ, સુગંધીનેજ, દાઢીના સાબુ, ધોવાના સાબુ, ગોવાલક બાપ વનસ્પતિ વગેરે વગેરે છે.

કાન્તિ ન્હાવાનો સાબુ

રવદિતક ઓધલ બ્રીધર્સ લીમીટેડ, મુંબઈ.

SHILPI

SOM 17 Gujarati

ડિસ્ટ્રીબ્યૂટર્સ: મેસર્સ વેસ્ટર્ન ઇન્ડિયા પ્રોપ્રાઈટરી સિન્ડિકેટ લિમિટેડ પો. બૉક્સ નં. ૨૮ અમદા

JAEGER-LECOULTRE

FAVRE-LEUBA

ચોકસાઈ—પૂર્ણ ઘડિયાળો



સાદી મનોહરતા તથા ઝીણવટભરી ચોકસાઈ, એ ગુણોને કારણે જેગર-લ-કૌલ્ત્રે ઘડિયાળો ઘણાં વર્ષોથી પ્રખ્યાત છે;—એ કે અત્યારે આ સુંદર ઘડિયાળોનો પૂરવઠો ઓછો છે, પણ હાલમાં જ તેની આ બે જાત આવી પહોંચી છે.

ડાબી બાજુ — જેગર-લ-કૌલ્ત્રે નમૂનો નં. ૨૬૮૩, ૯ ઇંચની 'રેક્ટ આઇડ' લોખંડની કેસમાં તદ્દનચપટ. કિંમત રૂા. ૨૬૦.

જમણી બાજુ—જેગર-લ-કૌલ્ત્રે નમૂનો નં. ૨૭૧૩, ૧૦½ ઇંચની 'રેક્ટાઈટ' લોખંડની ચોરસ કેસમાં કિંમત રૂા. ૨૬૦.

FAVRE-LEUBA

ફાવ્રે - લ્યુબા ઍન્ડ કંપની લિમિટેડ · મુંબાઈ · કલકત્તા

રંગ અને રેખામાં કુમાશભર્યું કવિત્વ વહાવનાર, જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખનાં ૨૧ પૂર્ણરંગી ને ૩૪ ચાદાં ચિત્રોવાળો આ સમૃદ્ધ સંગ્રહ ગુજરાતનાં સસ્તાં કલાપ્રકાશનોમાં એક અગત્યનો ઉમેરો કરે છે. કલાકારે ઉત્તરોત્તર કરેલી કલાસાધનાનો પરિચય આપતી એમની જીવનરેખા ઉપરાંત આમાં સમાવાએલાં પંચાવન ચિત્રોમાં ઑઈલ અને વાટર-કલર, પેન્સિલ અને પેન-અન્ડ-ઈંક-સ્કેચ, સ્ટેપલ-વર્ક, વૂડ-કટ, સૉફ્ટ-ગ્રાઉન્ડ-સ્કેચ આદિ ચિત્રકળાની વિભિન્ન પદ્ધતિઓમાં એમની કલમ તથા પીંછીનો કસણ દક્ષતા સર્વ પ્રકારના ચૂંટેલા નમૂનાઓ આપવામાં આવ્યા છે. ચિત્રકલાનાં વિદ્યાર્થીઓ તથા કલાશાખીનો માટે તેમજ ભેટ આપવા માટે એ અમૂલ્ય ચીજ છે. કિં. રૂા. ૩૩; પોસ્ટેજ સાથે રૂા. ૪; કુમાર કાર્યાલય લિમિટેડ અમદાવાદ

કલાત્મકતા અને સસ્તાપણામાં અનન્ય એવા આ ચિત્રસંગ્રહ પાછળનો મુખ્ય હેતુ વિશુદ્ધ કલાને અત્યંત સસ્તા દરે ઘરઘર પહોંચતી કરવાનો છે. સર્વશ્રી રવિશંકર રાવળ, કનુ દેસાઈ, જગન્નાથ અહીવાસી, રસિકલાલ પરીખ, છગનલાલ જાદવ અને ત્રિગુણાનીત પંચોળી એ આપણા છ અગ્રણી ગુજરાતી કલાકારોનાં છ પૂર્ણરંગી ચુનંદાં ચિત્રોનો આ સંપુટ, ૧૨૫૧૮૬ ઈંચના માપનાં આર્ટકાર્ડ પર ફ્રેમ માટે તૈયાર રૂપમાં સુઘડ રંગીન છપાઈમાં આપવામાં આવ્યો છે. સવા રૂપિયા જેટલી નજીવી કિંમતમાં આવાં રંગીન ચિત્રો આટલાં સસ્તાં કોઇએ હજી આપ્યાં નથી. ચિત્ર દીઠ પૂરી બાર આના કિંમત પણ ન થઈ.

ગુજરાતનું પાટનગર અમદાવાદ : એ શહેરના સ્થાપક અહમદશાહના મકબરાથી માંડીને છેક સ્વામીનારાયણના મંદિર સુધીના આજથી એક જ સૈકા પરનાં સ્થાપત્યોમાં સંધરાએલી આપણી કળાલક્ષ્મીનો પરિચય. જેણે પશ્ચિમના નામચીન કલામીમાંસકોને મુગ્ધ કર્યા છે અને જેની પ્રશસ્તિ સાંભળી જગત-યાત્રીઓ અમદાવાદ આવે છે, એ શિલ્પ અને સ્થાપત્યનાં કાવ્યો સમાં અમદાવાદનાં બાવન નામચીન સ્થાનોના ફોટોઓફોનું આ આલબમ છે. દરેક ચિત્ર નીચે ઐતિહાસિક અને લાક્ષણિક માહિતી આપની નોંધ તથા શ્રી રત્નમણિરાવ ભીમરાવ જેવા વિદ્વાને લખેલા, અમદાવાદની ચાલીપડતી ને વિકાસ વર્ણવતા વિદ્વત્તાભર્યા નિબંધ સાથે. કિંમત માત્ર બે રૂપિયા, પોસ્ટેજ જુદું



"તમારી ત્વચાને
લક્સ ટૉયલેટ સાબુની
સૌમ્ય માવજત આપો"
રેહાના કહે છે

LTS. 169-111-40 GJ
LEVER BROTHERS (INDIA) LIMITED

છતી સમૃદ્ધિએ ગરીબી!

હિંદની ખેતીજન્ય તથા ખનિજની સમૃદ્ધિ બતાવતા આ નકશામાં આપણા દેશના ઘઉં, ચોખા, બાજરી વગેરે પોષક ધાન્ય તેમજ કપાસ, રબર, તમાકુ આદિ સમૃદ્ધ પાક ક્યા-ક્યા પ્રાંતમાં થાય છે તે તેમજ મોજૂદ સોનું મૅંગેનીઝ જેવાં ખનિજોથી આપણો દેશ ક્યાં-ક્યા સ્થાનોમાં સમૃદ્ધ છે તે દર્શાવ્યું છે.

હિંદ મુખ્યત્વે ખેતીપ્રધાન દેશ હોવા છતાં તેની સરાસ ધાન્યને પહોંચી રહે તેટલાં ધાન્ય તે પકવવા નથી એ હકીકત આશ્ચર્ય સાથે ખેદ ઉપજાવનારી છે. હિંદમાં દર વર્ષે ૬૧૦ લાખ ટન અનાજ પાકે છે એમાંથી ૧૨૫ ટકા બગાડ તથા બીજા જતા આપણી પાસે પડવા લાખ ટન રહે છે. પણ આપણી જરૂર છે ૬૧૧ લાખ ટનની; એટલે કે ૬૦૦ લાખ ટન અનાજની ખૂટ આપણને દર વર્ષે પડે છે

આ ખોટ પૂરી પાડવા આપણને પરદેશથી અનાજ આયાત કરવું પડે છે. ગયે વર્ષે ૨૫ લાખ ટન અનાજ આપણે પરદેશમાંથી આયાત કર્યું હતું. આ વરસે પહેલાં ૭ મહિનામાં અગી ૧૧૫ લાખ ટન અનાજ આપણે લાવ્યા છીએ. આની પાછળ આપણે આયાતસુધી ૭૭ કરોડ રૂપિયા ખરચ્યા ચૂક્યા છીએ, અને આગ ને દર વર્ષે આપણે અનાજ લાવવા પાછળ પૈસાનો ધુંવાડો કર્યા કરીએ તો જરૂર દહાડે દેશને દેવાળું કાઢવા સિવાય બીજો કોઈ રસ્તો ન રહે.

હિંદને અનાજની બાબતમાં સ્વયંપૂર્ણ-સ્વતંત્ર બનાવવા સિવાય આ વિનાશમાંથી ઊગરવા માટે બીજો કોઈ માર્ગ નથી. અને આટલો વિરાટ અખિલદેશ પરાવલંબી હિંદને એવો સ્વયં પૂર્ણ બનાવવો એ કંઈ બહુ મુશ્કેલ વાત પણ નથી. ઉપરના નકશાને ગયાથે ડાબે ખૂણે મૂકેલો આલેખ બતાવે છે તે મુજબ આપણી કુલ ૧ અબજ વીઘાં જમીનમાંથી ૩૬ કરોડ વીઘાં જમીન જ આજે ખેડાય છે. જ્યારે ૨૫ કરોડ વીઘા ખેતીલાયક તેવી જમીન એવી ને એવી પડી રહી છે તે પડી રહેલી જમીનનો ઉપયોગ કરવો જોઈએ. બીજો રસ્તો છે, જે જમીન ખેડાય છે તેમાં જ અનાજનું ઉત્પાદન બમણું-ત્રમણું કરવું. હિંદમાં દર એકરે ૯૦૦ રતલ જેટલા પાકે છે, જ્યારે જપાનમાં ૨૩૦૦ રતલ! હિંદમાં ઘઉં દર એકરે ૬૮૦ રતલ પાકે છે જ્યારે ઇંગ્લંડમાં ૨૦૦૦ રતલ! આ આંકડા જ બતાવી આપે છે કે હિંદમાં હજુ દર એકરે અનાજનું ઉત્પાદન બમણું કરવાને અવકાશ છે. તે માટે ખેડૂતોને માલદાર પાડી, ચોગ્ય ખાતર, ઉન્નત બી તથા ટૂંકદર, ઉપર હિંદ આધુનિક સાધનોનો બરાબર પુરવઠો મળતો જોઈએ. આ તો થયું તે હિંદનું ઉત્પાદન આસાનીથી ૧૩૦ ટકા જેટલું વધારી શકાય. પછી હિંદને પરદેશ પર અનાજ માટે આધાર રાખવો નહિ પડે. પણ એવો દિવસ લાવે તે માટે સરકારે કોઈ બનવા જોઈએ આંકડાને મુજબ કહેવી પડતા લોકોએ જાગવું જોઈએ

કુમાર
આવતી કાલનાં નાગરિકોનું માસિક ૬૭ વર્ષ ગૌરવમય · અંક ૬ઠ્ઠો
ઑક્ટોબર ૧૯૪૭

સ્વાધીનતાના મહિનાઓ

(સ્રગ્ધરા)

આનંદે છે ગયૂરો જનગણમનના હિંદની કુંજકુંજે,
ગાજે ગંભીર ભેરી, રસભર વસુધા પાકની આશ દે છે;
જેનો સ્વાધીન સર્વે રગણ હૃદયનો શ્રાવણે એમ જાણી,
હર્ષોદ્ગર્ભે હસે છે પ્રમુદિત પુરમાં સ્રગ્ધરા સુંદરીઓ. ૧

(ઉપજાતિ)

પાદે લચ્યાં ખેતર પાકવાને,
તાપો હજુ ભાદ્રપદે ભલેને;
પ્રતાપથી પૂર્ણ પ્રદેશ ખીલ્યો
ગ્રંથર્પા પાની ઉપજાનિઓનો ? ૨

(શિખરિણી)

શશીની શોભામાં પુલકિત નિશામાં જગતની
વિશાળી શેરીમાં રમત રમવી આશ્વિન તણી;
ભરીને ઉત્સાહે હૃદય દશમીએ ઉજવવી,
રમા, વિદ્યામાંથી પ્રકટિત દિવાળી શિખરિણી. ૩

(અનુષ્ટુભ)

ધાન્યથી પૂર્ણ કોઠારો, જળે પૂર્ણ જળાશયો,
કાર્તિકેયે કરી શ્વેતો તારકાસુર ડારવા. ૪

(માલિની)

દુઃખદ પવન સામે રક્ષવા સજ્જ સાઠું,
વસન અશન પામ્યાં જાણવું સ્વારસ્ય આજ;
સ્થિતસુત પતિ સાંજે સુંદરી તો સુણી છે,
સ્થિર રતિ ક્ષય પામે માલિની માર્ગશીર્ષે ? ૫

(શાર્દૂલવિક્રીડિત)

છે સારી વસુધા સદા ધનધને ઉત્સાહથી ઓતની;
પીધે પૂર્ણ ઉમંગથી શરીરને પ્રત્યંગમાં પાથરી,
તાજ્યે પ્રાણતણો પ્રસાર નિરખે સિદ્ધિ નિત્તાવા ભીની
એકેએક યુવાન હિંદભરમાં શાર્દૂલવિક્રીડિત. ૬

(માલિની)

ચંપા ઘાતે પૂજ્યતા તાપવાની
સામગ્રી ને દૂધ ઘી આપવાની
શરીરાને બાળકોને સવારે
માઘે શક્તિશાલિની હિંદ નારી. ૭

(દ્રુતવિલંબિત)

લલિત કોકણ પત્ર ખુલે લસે,
તરવરો અલિગુંજન આદરે;
મુદભર્યો નરનાર્ય ગૃહેગૃહે
દ્રુતવિલંબિત ઉત્સવ ફાલ્ગુને. ૮

(વસંતતિલકા)

સૌભાગ્યનો પરમ મંગલ સ્વાદ લેવા,
પીયૂષ શા અનુભવે જગ તૃપ્ત થાવા,
મોદી સુગંધ નંદ સંસ્કૃતિની વહાવે;
ચિત્રા વસંતતિલકા નવયૌવનથી. ૯

(હરિણી)

તરલ પગલે ફૂદી, વૈશાખતાપ નિવારવા,
સરસ વનના પ્રાંતે મધ્યાહ્ન શીતળ માણશે;
સજાણ મૃગના માત્રા નેતૃત્વમાં રહી સંઘમાં,
હરિણી જગતા પ્હોંચી ધર્યું સ્થળે સુખ પામશે. ૧૦

(વંશસ્થ)

પ્રકાશના પુંજ વડે છવાય છે
લાંબા દિનો, છે રમણીય રાત્રિઓ;
સુપાકપત્તે ખચતા કૃષીવલો
ન જેષ્ઠ વંશસ્ય સમુન્નતિ ત્યજે. ૧૧

(પૃથ્વી)

ધરી વિદ્યુણીસૂત્રને અખિલ મેઘ આયાદ્ધમાં,
અલંકૃત યુવાનને પરમ મંત્ર ઉચ્ચારવા;
સુગંધસ્ફુત સમૃદ્ધ આ સજાણ હિંદકેરી પ્રજા,
રમો થઈ ઋતોભરા સકળ પોષિણી પૃથ્વીમાં. ૧૨

સવાઈલાલ ઈ. પંડ્યા

પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં મહિનાઓ, ઋતુ અને વિધિઓનાં કાવ્યો લખવાની
પરંપરા તો જાણીતી છે. આ ક્રમે આ કાવ્યમાં વિવિધ ઋતુઓ ઋતુસંધિના મહિનાઓનો સૂચન સાથે સ્વાધીન
ભારતની મંગલ કામનાઓ તથા સંદેશ ગૂંથ્યાછે અને સ્થળેસ્થળે મહિનાઓ તથા ઋતુઓનાં નામોના શ્લેષો દ્વારા કાવ્ય-ચમત્કાર સાધેલો છે.

સાંપ્રતનું આયુ

મુકુળા

ભાવિનો કૂપ ઊંડાય ને કાંપથી ભૂત-ખેડાન સમૃદ્ધ બનતું,
ચિક્રમનો ઘા પડે તેટલી વારતો માંડ સાંપ્રત તણું આયુ હકતું!

રેવજી ર. ઓઢા

સ્વાતંત્ર્યની સફળતા માટે આપણે મોંઘવારીને આપણા નેતાઓ સામે નહિ પણ આપણી જાત સામે જ લેવાનું છે

મનન

૭૪મી આપણે છેલ્લાં બેંદરસો વર્ષથી ઝંખના કરતા હતા તે સ્વાતંત્ર્ય તો આવી ગયું. પણ આગળ શું? શું આપણને સ્વાતંત્ર્ય માત્ર તેના નાના ખાતર જ જોઇતું હતું? સ્વાતંત્ર્યત, નહિંજ. આપણને સ્વાતંત્ર્ય જોઇતું હતું પ્રગતિ માટે—આબાદી માટે. પ્રગતિ એટલે માત્ર રાજકીય પ્રગતિ નહિ. પણ પ્રજાનાં આરોગ્ય અને શિક્ષણ, વહીવટ ને ખેતીવાડી, સાહિત્ય ને વિજ્ઞાન ઇત્યાદિ સૈર્વ ક્ષેત્રમાં પ્રગતિ. આ પ્રગતિનો આધાર આપણા મુઠ્ઠી ભરનેતાઓ શું કરે છે તેના પર આંક માંડીને બેસી રહેવાથી નથી સધાવાની, પણ સમાજની દરેક વ્યક્તિ—પછી તે ઘરતો સાફ કરનાર ભાઇ-બહેનો-ઝાડુવાળો હોય કે બુદ્ધિમાન ડૉક્ટર હોય, મોટા પ્રધાનહોય કે ઑફિસનો મામૂલી પટાવાળો હોય, તે દરેક પોતપોતાની રીતે સંતત્વ થઈને સમાજપૂર્વક પોતાનું કર્તવ્યપાર પાડવા મંડી પડે તે ઘર આબાદ છે.

આ દૃષ્ટિથી આપણા દરેકનું શું કર્તવ્ય છે તથા દરેકે આજથી શું કરવા માંડવું જોઇએ સમજવાનો પ્રયત્ન કરીએ.

વિદ્યાર્થીઃ નક્કી કરેલા વિષયોની ગોખણપટ્ટી કરીને, ગોકળગાય ઓછી ગઢેમને પરીક્ષા પાસ કરવી એ ધરેઢિયું થયું હવે તમારે છોડી દેવું જોઇએ અને પ્રગતિમય સંસારના વિવિધ વિષયોનું જ્ઞાન મેળવવા બૌદ્ધિક શ્રમની પરીક્ષા કરવી જોઇએ. ઉપરાંત, બને તેટલો વધુ શારીરિક શ્રમ કરી તમારી જાતને ખડતલ ને મજબૂત બનાવો. દેશની ૭૦ ટકા પ્રજા ખેતીની સેવા માટે તત્પર, આત્મવિશ્વાસથી ભરી હોડીને ચાલતો તથા શિસ્તની મૂર્તિ સમો વિદ્યાર્થી આજે દેશને જોઇએ છે.

શિક્ષકઃ દેશના ભાવિ નાગરિકો તૈયાર કરવાની ગહાન જવાબદારી તો તમારે શિરે છે. દેશને ઉપયોગી થઇ પડે તેની દૃષ્ટિ, બુદ્ધિ તથા ધ્યેય-પ્રણાલિ વિદ્યાર્થીને આપો. વિદ્યાર્થીને શિસ્તથી વર્તવાની ટેવ પડે એ તમારે ખાસ જોવાનું છે. પૈસા ખાતર જ તમે નોકરી નથી કરતા, પણ તમારી હાગનાંરી દ્વારા દેશની ઝવની સમૃદ્ધિ ૩૫ આવતી કાલનાં નાગરિકો સંસ્કારની ગહાનતની સેવા બજાવી રહ્યા છો એની જવાબદારીભરી ભાવનાનું ગૌરવ હૈયે રાખીને કામ કરો.

એકૃતઃ આજે(અને હમેશા માટે) હિંદના પ્રાણ તો તમે છો. તમારી શક્તિઓની પરાકાષ્ટા કરીને પણ અનાજનું ઉત્પાદન વધારોને અને દુકાળના મુખમાંથી બચાવો અને હિંદને બચાવો. બની શકે ત્યાં નવાં યાંત્રિક સાધનો તથા ખાતરોનો ઉપયોગ કરીને તથા વિજ્ઞાને શોધેલાં સાધનો ને સગવડોનો સમઝપૂર્વક લાભ લઈને ગળવવા પાક કાઢોને. દેશની આજની કટોકટીની પળે જરૂર કરતાં વધારે અનાજ ઉપરની રાખતાંતે દેશને આપો. જેથી હજારો ભૂખે મરતાં ભાગ્યશો બચી જાય.

ઉદ્યોગપતિઃ મજૂરોને નીચાગોને હેવળ નફો કરવાની દૃષ્ટિ રાખી હડોહડો ચડાવવાની નીતિ હવે નહિંચાલે. ઉત્પાદનકાર્યમાં મજૂરોને પણ જવાબદાર ભાગીદાર સમજને ઇ-દોગનાનકામના તેના કલ્યાણનો પણ વિચારો રાખો. મજૂરોને યોગ્ય પગાર, મોંઘવારી તથા રહેવા-ખાવાની ઉત્તમ સગવડો આપો.

મજૂરઃ ખાસ અનિવાર્ય જરૂર સિવાય હડતાળનું તો સિવાય હડતાળનું શસ્ત્ર વાપરતા નહિ કોઇપણ ઔદ્યોગિક કજિયાનું નિરાકરણ સમાધાન-સમજાવટથી આવ કરવે હવાદ દ્વારા કરો. કારખાનાંનું કામ નહુકસે પોતાની હેતા હોય એવી વેહ કુતારીને કામ ન કરતાં માલનું ઉત્પાદન હેમ વધે તથા તમારી કાર્યપ્રવીણતા હેમ વધતી જાય તે તરફ વધુ ધ્યાન આપો. **યુવાનોઃ** દેશને સ્વાતંત્ર્ય-તેમાંમળ્યા તમે મોખરે રહ્યા હતા તેમ હવે સ્વાતંત્ર્ય-સંરક્ષણના કાર્યમાં પણ તમારે જ આગ લેવાનો છે. દેશને આંતરિક તેમજ બહારના શત્રુઓથી બચાવવા ઝેમ અને તેમ મોટી સંખ્યામાં ભરતી થાઓ. આપણી સરકારના ખેતીવાડી ખાતામાં, પોલીસમાં તેમજ લશ્કરમાં શક્તિસાળી માણસોની ખૂબ જરૂર છે. **સરકારોનોકરોઃ** તમારું નવું દૃષ્ટિબિંદુ હવે પકડાઈ જવું જોઇએ. તમે જનતાના 'સેવકો' છો, 'માલિક નહિ'. એ ભાવનાથી લોકો સાથે વર્તો. તમારી ખરી યોગ્યતા તમારી સેવાકૂનિ પર અવલંબે છે. આનંદુથી પરદેશી સરકારનાં ખાદાં બનવાને બદલે લોકોમાં તમારું નામ રોશન કરો. અમ અને તિરસ્કાર પેદા ગયાં છે તે તમારા વિવેક અને સૌજન્યભર્યા વર્તાવથી દૂર કરો. સાંપ્રદાયવાદી ઝેર હજી ટીકી તમારે કપાળે ચોંટી જ છે તે પ્રામાણિક વર્તનથી ધોઈ નાખો.

લેખકઃ એકેને હિંદ છોડીને 'તો ગયા, પણ તેમણે આપણી સંસ્કૃતિ,આચાર-વિચાર તથા ગમ ઉપર કે પ્રામાત્ય સંસ્કારો પાડ્યા છે તે ધોઇ નાખી કરી આપણા ભારતીયત્વને પ્રગટ કરવાનું કાર્ય લેખકોનું છે. જનતાને પોતું, નવાનું નવા વિજ્ઞાન તરફ પ્રેરે તેવું સાહિત્ય ન પીરસતાં તેને ઉન્નતિ તથા પુરુષાર્થ તરફ લઈ જાય તેવું તેજસ્વી સાહિત્ય નિર્માણ કરવાની આજે જરૂર છે.

ચિકિત્સકઃ તમારી શક્તિ ખૂબ જ મોટી છે. તમે તો સમાજના ગુરુસ્થાને છો. કેવળ વિષ્વેસક ટીકાઓનાં ખાબોચિયામાં પુરાઈ ન રહેતાં નવા યુગની જનતાને યોગ્ય રચનાત્મક તથા ગાર્ગદર્શન આપો. કોઇપણ એક પક્ષના કે આગ્રહવાળા જ અભિપ્રાયોની ન બનો તમારી પોતાને જે દૃઢ સત્ય લાગે તે નિર્ભયે રીતે કહો. આજે જનતાની ગાભનમૂળ ઊપડી છે તે વખતે તેને ગાત્ર સનસનાટીના મરીમસાલાવાળું અપવા ઉત્તેજક ઠેર તે ન પીરસતાં કે વિકારી સાહિત્ય ન પીરસતાં પ્રજાનો તેદુરસ્ત અને પ્રદૂસ્ત ગાનસરેઢ પરે તથા તેને પ્રગતિના રચનાત્મક કાર્યમાં પ્રેરે તેવું સત્ત્વશીલ વાગ્ય આપો.

કલાકારઃ તમારી પ્રતિભાને પ્રગારવેડાના કે અન્ય કોઇપણ પ્રકારના બંધનોમાં ન જકડાવા દેતાં મુક્ત હૃદયે ભારતના પ્રતિભાશાળી આત્માના આવિષ્કારમૂનું સર્જન કાર્ય ચાલુ રાખો. કોઇપણ એક તત્ત્વપ્રણાલિ કે પક્ષના બધ પૂજક ન બનતાં વિશાળ જનતા સાથે તાદાત્મ્ય અનુભવી કલાનિર્માણ કરો. જનતાને હવે સરકાર તમારી જ કોઇપણ નાની કે મોટી કરે બાબતમાં સલાહને દોષ ન દેતાં તેનાની ઝડપથી સમાજના પ્રયત્ન કરો. એકેને તો આપણને 'અજાપુર કુખ્યાપુરુષ' કરીને ગયા. તેને બનવીશ કરવાનું કાર્ય બધું મુશ્કેલ છે અને તે માટે હોડાંક વર્ષો તો તમારે કાળે ઠોડી, પરસેવો અને આંસુ' સિવાય બીજું કશું નહિ આવે. પણ એ બધું બહાદુરીથી ઝીરવવું પડશે.

'હિંદને સ્વાતંત્ર્ય તો મળ્યું પક્ષ તે પધાવવા માટે હિંદ બળ્યું નીલવું'

અથવા

'હિંદને સ્વાતંત્ર્ય મળ્યું અને તે ભરવીને વેળાસરાણી ગળ્યું'

આ બેમાંથી કઈ બીના કલિદાસમાં નોધાવવી તે સંપૂર્ણપણે આપણા સૌના પોતાના જ હાથમાં.

(ઑગસ્ટ૧૫ ૧૯૪૭) ૨૮૬

પ્રોફેસર અબ્દુલ બારી

પોલીસોના અનવરત લાઠી માર વડે પોતાના મજબૂત દેહનું બખ્તર બનાવીને રાજેન્દ્રબાબુના શરીરને રક્ષનાર અને 'રતનો ઘુલ્લડો વખતે એક માત્ર તલવાર લઇ ઓલ્યે હાથે પાંત્રીસ ગામડાંનું રક્ષણ કરનાર એક પોલાદી યુવાને માતાના આદેશને માથે ચઢાવીને ઊજળી આવકની પ્રેક્ટિસની છોડી લોકસેવાની કઠોરતા સ્વીકારી

અને બહારની મજૂર તથા ખેડૂત જનતામાં તે બાળકોના વત્સલ પિતા, યુવાનોના ઉદાર ભાઈ અને વૃદ્ધોના હમદર્દ સેવક બનીને જીવ્યા અને મર્યા



ફોટો : ઈંડિયા ફોટો સ્ટુડિયો : પટના

૧૯૩૦ની એ સાલ હતી. આખા હિંદમાં સત્યાગ્રહનાં મંડાણ થયાં હતાં ડેરેક સમા–સરઘસો કરી જનતા સરકારના કાયદાને ઠોકરે ઉડાની રહી હતી. સરકારે પણ લોકોના નુકસાને કચરી નાખવા પોતાની પાશવી લીલા શરૂ કરી દીધી હતી. લાઠીમાર ને ગોળાબાર તો રોજિંદા બની ગયા હતા.

અહીં મારે અટકવું જોઈતું હતું પણ પ્રયોગની અંતિમ તાન મેળવ્યા વિના અટકે એ વિજ્ઞાની નહિ. મેં હજી પણ દવા વધાર્યે જ રાખી. બીજે દવાની સો ગણી માત્રાની સીસી ઓળગતાં મારે પછી દવા પીવાની યે જરૂર ન રહી—એટલે કે બોટલી દવા પીતાં મારા શરીરમાં થએલી અસર સદાને માટે મારા શરીરમાં ટકી ગઈ.

એ સો ગણી માત્રાની સીસી ઓળગવાની ભૂલ થવા પછી મારી બીજી બીજી પણ ભૂલ થઈ. સામાન્યરીતે દવાનો મારા અંગ ઉપર પ્રયોગ કર્યા પછી હું બહાર નીકળતો ન હતો. પણ બે પછી એક દિવસ કામ પ્રસંગે મારે અગાઉથી જવું પડ્યું. ત્યાં એક અકસ્માત થયો, રેગિંગ બાઇને સ્ટેશન પર બીજી માત્રની બોટલ હું એકાએક ભેળાન થઈ નીચ પડ્યો!

કેમકે મારી પ્રત્યેક શક્તિ વધવા સાથે મારે ઉત્સિજન પણ વધ્યું હતું. પેલી બાબને બોતલ મારા હૈયામાં સો સો ગણી ઝડપે મોટા ઘણાં ઠબકારાનો ગોબ્યું!એકબમ્યો. પરિણામે હું બેભાન થઈ ગયો તો મારા મગજમાં એના જ વિચારો આવવા લાગ્યા; દુઃખના, દૈન્યના અને વિદેહનાના. આખા મગજમાં દુઃખોના ચૈત્યવાસો ભણેલાના હૃદયમાં પડવા લાગ્યા. માનવ હૃદયમાં આવા વિચારે સામાન્યરીતે જ દુઃખ કહ્યાને તેના કરતાં સો ગણું દુઃખ હું અનુભવવા લાગ્યો.

એ જ રીતે દુનિયાનાં સત્ અને અસત્ વસ્તુઓનું, પ્રયત્નમાં અને વિષયમાંથી વિચારોનું મારા મનમાં કેટલી યે વાર પ્રવાહ વર્ધણ થાય છે. વર્ધણ શૂન્યમાં પરિણમે છે. ત્યારે હું ઘણીબની ઘણીબ સુધી અચેતનાપાર વિના શાંત બનીને પડી રહું છું, અસાધ્ય રહી રહું છું; અને તે કારણ હોય તો વજ્રહૃદયી માણ્ક મૂલ્યન બની બદ્ધ છું. મારે મન અત્યારે દિવસ ને રાત સરખાં છે.

અસીમ ઝર્ઝિસતાને લીધે પરિણામતા મારા મનની સ્થિતિ કેટલીક વાર તેર રાબ્દાતીત બની રહે છે. હું માનવમાત્રને જોઉં અને એના વદન પર લખાએલાં મનોદુઃખ મારા મનોમંથન પર ઊંની નજર વિના અસર કરે છે માનવનાં સર્વ રોગ દુઃખને બંબ ભવા વાંછનાર મને, માનવ દુઃખણાં રોઢાં પણ ગમતાં નથી.

આજે મેં, મારા જ મકાનમાં, મારી ખાતે જ, મારી અતિ ઉંદ કરી છે. જગતનાં અસીમ દુઃખથી હું ઓકારેલ પરિપ્લિષ્ટ થયો છું કે હું મારા એ રસાયણમુશ્રવની ઉંગ્યુંચા પણ બહી જવા ઉં આવારે તો ફરી એ જ આયુર્વેદની ગહરણી આ રસાયણનો ઇલાજ હું રોબી રહ્યો છું; હું જ્યાં છું ત્યાં મને જેના કોઇ આવતો નહિ હું રોબી રહ્યો છું; હું જ્યાં છું ત્યાં મને જેના કોઇ આવતો નહિ હું આવશે તો ઉતાર નહિ કોબાથી હું તો મરીશ, પણ સારે પેલી ઉંગ્યુંચા મરતાં'સવેરાજ વિચાર૨' દવા પબ્યુ મરશે. કાલિદાસ્કાદાર

કલાદૃષ્ટિની કસોટી

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીની લેખનીમાંથી 'ચિત્રપરિચય'ને અનુસંધાને
કલકત્તા યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષાનો પ્રશ્નપત્ર : ૧૯૨૮ : બાલુમાં લખેલા આંકડા માર્કની સંખ્યા સૂચવે છે.

વિભાગ ૧ : ક્રિયાત્મક

(૧) સામેની બે આકૃતિઓ પૈકી જમે તે એક આકૃતિ તેના મૂળ માપ કરતાં બેવડા કદની દોરો. ૨૦
(૨) તમે જોઇ હોય અગર ચિતવ્યા હો એવી કોઈ ઝરણી કે આસન સ્મૃતિથી ચાતરો. ૨૦

અથવા

તમે જોએલું કોઇનું ખભ્ભે કે હાથનું કંકણ સ્મૃતિથી ચીતરો. ૨૦

વિભાગ ૨ : વિવેચનાત્મક

(૩) તમારો નબરમાં કયું ભજન સૌથી મેળ છે? તમારા જ શબ્દોમાં તેનું વર્ણન કરો. ૧૦

અથવા

બંગાળનાં 'આઠ-ચાલા'ને તમે સ્થાપત્યના નમૂના રૂપ ગણે કે નહિ? તમારા ઉત્તરને સમજાવતાં દાખલે આપો. ૧૦
(૪) સારા સ્થાપત્યનિર્માણનાં જરૂરી લક્ષણ કયા? ૧૦



(વિવેચના ૧૯૨૮) ૩૫૬

(૫) આવા ચિત્રનાં આવશ્યક લક્ષણો શાં? ૧૦

(૬) નીચે આપેલા ચિત્રને તમે સારું કહેશો કે નરસું? તમારો જવાબ કારણો સહિત આપો. ૧૦

અથવા

તમે જોએલું સૌથી ઐષ્ઠ દિઠી કલગનું ચિત્ર કર્યું? તમારાં પોતાના જ શબ્દોમાં તેનું વર્ણન આપો. ૧૦

અથવા

નીચે આપેલાં બે પૈકી કોઈ પણ એક ચિત્રનું તમારા પોતાના જ શબ્દોમાં વર્ણન કરો. તેમાં દોષ શા શા છે? ૧૦

સ્મરણ શક્તિ

સફળ જીવનનું અણમોલ સાધન

સારી સ્મરણશક્તિ ગુંથણનું શ્રેષ્ઠ ભૂષણ છે. તેને લીધે માણસનું વ્યક્તિત્વ રોળેલું ફાટેલું ઠીબું કહે છે.

સ્મરણશક્તિ બરોબર શું છે અને કેવી રીતે કાર્ય કરે છે તે હજુ કોઈ જાણી શક્યું નથી. કેટલાક કહે છે કે તે એક અતિસૂક્ષ્મ માનસિક ક્રિયા (Subtle Psychological Process) છે; જ્યારે બીજા કહે છે કે તે હૃદ્રિય અને મન વડે ચૈતન્યમાં થયેલા વિશિષ્ટ સંસ્કાર છે. આ સંસ્કારો ઓછા વધારે સંજોગોમાં પડ્યા હોય તેટલા પ્રમાણમાં તે લાંબા કે ટૂંકા કાળ લગી ટકે છે; તે એટલે સુધી કે બીજા જન્મ સુધી પણ તે ટકી શકે છે!

કેટલાક લોકોની સ્મરણશક્તિ ઘણી સારી હોય છે, જ્યારે કેટલાકની ખૂબ મંદ હોય છે. તેનું કારણ શું ? કેટલીક બાબતો આપણને બરાબર યાદ રહી જાય છે, જ્યારે કેટલીક આપણે સમૂળગી ભૂલી જઈએ છીએ. આનું પણ શું કારણ?

આપણે ચોક્કસ જાતના વિચારો, ઇચ્છાઓ, માન્યતાઓ અને પૂર્વગ્રહો ધરાવતા હોઇએ છીએ. આ સર્વનું વલણ આપણી સ્મરણશક્તિ પર અસરકારક હોય છે. જે બાબતો આપણા આ માનસિક વિચારોના વર્તુલમાં બંધબેસતી હોય છે તે આપણને સહેલાઇથી યાદ રહી જાય છે, અને જેનો મેળ મળતો નથી તે ભૂલી જવાય છે.

જે પ્રસંગો આપણને અપ્રિય હોય છે તે પણ આપણે ભૂલી જઈએ છીએ. તેથી ઉલટું સુખદાયક પ્રસંગો, વિજયો આપણને સહેલાઇથી યાદ રહી જાય છે. વળી આપણે એ પણ જોઇએ, છીએ કે ગણિતના સિદ્ધાંતો બિનકુશળ યાદ ન રાખી શકનાર વિદ્યાર્થી કેટલીય ક્રિકેટ મૅચોના સ્કોર સહેલાઇથી મોઢે રાખી શકે છે. જ્યારે મોટા મોટા સિદ્ધાંતો સહેલાઇથી યાદ રાખનાર પ્રોફેસર નાનીનાની ઘરગથ્થુ બાબતો ભૂલી જતો હોય છે. આનું કારણ એ છે કે આપણને રસ પડતી બાબતો આપણને સહેલાઇથી યાદ રહી જાય છે.

સ્મરણશક્તિની બાબતમાં આપણે ઘણી ખોટી માન્યતાઓ ધરાવીએ છીએ. કેટલાક એમ માને છે કે જેમ વધુ માહિતી પોતાના ગજજામાં ભરી હશે તેમ બીજી કોઈ બાબતો યાદ રાખવી અઘરી થઈ પડશે. પણ માનસશાસ્ત્રો એ બતાવી આપ્યું છે કે જેમ આપણે વધારે બાબતો જાણતા હોઇએ છીએ તેમ બીજું વધુ જ્ઞાન મેળવવું વધારે સહેલું બને છે. વળી બીજા કેટલાક લોકોની એવી માન્યતા છે કે અમુક એક હદ પછી વધારાની કોઈ વાત યાદ રાખીએ તો તેનાં બદલામાં બીજી કોઈ વાતભૂલી જઈએ. પરંતુ આ માન્યતા પણ તદ્દન નાપાયાદાર છે. વિજ્ઞાનની શોધ પ્રમાણે તો મનુષ્યની સ્મરણશક્તિને કોઈ હદ કે મર્યાદા જ નથી. મનુષ્ય કોઈ પણ નવો અનુભવ કે નવી માહિતી શીખે તો તે બાબત તેના અજ્ઞાત (unconscious) મગજ પર વિના વિલંબે કોતરાઇ જ જાય છે. માત્ર તેને ફરીથી યાદ કરવાની આપણી પદ્ધતિમાં દોષ હશે તો જ તે વાત આપણને યાદ નહિ આવે. એક ઠેઠ નિશાળીઆને માસ્તર ખૂબ ગહેનત લઈ સર્વ પાઠ શીખવતા. પણ તે વિદ્યાર્થી કંઇ યાદ જ રહેતું નહિ. પણ એક દિવસ તે વિદ્યાર્થી સખત માંદો પડ્યો અને બેભાન બની ગયો. તે બેભાન-અવસ્થામાં માસ્તરે શીખવેલા સર્વ પાઠ કડકડાટ બોલવા લાગ્યો! આ વસ્તુ જ બતાવે છે કે તે વિદ્યાર્થીના મગજમાં તે જે શીખ્યો હતો તેની છાપ તો હતી જ, બોલ તેને ફરીથી યાદ કરવાની તેની શક્તિમાં દોષ હતો.

સ્મરણશક્તિ સુધારી શકાય કે નહિ? એવો પ્રશ્ન સ્વાભાવિકરીતે ઘણાને થશે. તો તેનો જવાબ એ છે કે પ્રયત્નથી સ્મરણશક્તિ જરૂર સુધારી શકાય, પણ તેને માટે ધીરજ અને ખંતની જરૂર છે નીચે લખેલી બાબતો ધ્યાનમાં રાખવામાં આવે તો તમારી સ્મરણશક્તિ સુધરતાં વાર ન લાગે.

(૧) સ્મરણશક્તિને કેળવવામાં પ્રથમ સ્થાન એકાગ્રતાને આપવું પડશે. એકાગ્રતાપૂર્વક વાંચેલી કે સાંભળેલી વસ્તુ આપણને તરત યાદ રહી જાય છે. આંખ અને કાન બન્નેનો એકીસાથે ઉપયોગ કરતાં આપણે શીખવું જોઇએ. પુસ્તક વાંચતી વખતે જો આપણું મન જ બીજે ભટકતું હોય તો વાંચેલું આપણને કેવી રીતે યાદ રહી શકે?

(૨) જે વાંચો તે સમજપૂર્વક વાંચો. જે વસ્તુ યાદ રાખવાની હોય તેને વિષે સ્પષ્ટ કલ્પના તમારા મનમાં હોવી જોઇએ અસ્પષ્ટ વિચારો કે પ્રસંગો તમે કેવી રીતે યાદ રાખી શકો? રસ્કિને એક ઠેકાણે કહ્યું છે કે જ્ઞાન અને અજ્ઞાન એ બે વચ્ચે તફાવત ફક્ત સ્પષ્ટપણાનો છે. આ જ શક્તિ સારી અને નરસી સ્મરણશક્તિને પણ લાગુ પડે છે. સ્મરણશક્તિને સુધારવા ઇચ્છનારે દરેક બાબતમાં સ્પષ્ટતા તથા ચોકસાઈ કેળવવાં જોઇએ.

(૩) જે વસ્તુ આપણે સમજપૂર્વક વાંચી હોય તેને આપણા મનમાં બરાબર ગોઠવવી જોઇએ જેમ ગણિતમાં આંકડાઓ ૧,૨, ૩,૪,૫....એમ બરોબર ક્રમથી ગોઠવેલા હોય છે તેમ સમજેલી વસ્તુને બરોબર ગોઠવતાં આવડવી જોઇએ. આપણા મગજના જુદાંજુદાં ખાનાં કલ્પીને યોગ્ય ઠેકાણે જે આપણે મૂકતા જઈશું તો દરેક બાબત આપણને યાદ રહી જશે.

(૪) ઉપર આપણે જોયું કે જે બાબતોમાં આપણને ખૂબ રસ પડતો હોય છે તે આપણને સહેલાઇથી યાદ રહી જાય છે. આથી જ એક સટોડિયો હજારો રોકાનાં ભાવ મોઢે રાખી શકે છે. માટે આપણે વધારે વિષયોમાં વધારે રસ કેળવવો જોઇએ, જેથી ઘણી બાબતો આપણને સહેલાઇથી યાદ રહી જશે.

(૫) જેમનું પેટ સાફ રહેતું નથી તેમની સ્મરણશક્તિ ઘટ રહે છે. માટે કબજિયાત ન થવા દેવાની અને પેટ સાફ રાખવાની દરેક ખાસ દરકાર રાખવી જોઇએ.

(૬) સ્મરણશક્તિ એ એક સ્નાયુ જેવી છે. જેમ સ્નાયુઓ (શરીરને) કસરત આપવાથી તે વધે છે અને મજબૂત બને છે તેમ સ્મરણશક્તિ સુધારવા માટે પણ કસરતની આવશ્યકતા છે. એક તજ્ઞે સ્મરણશક્તિની ચાર કસરતો શોધી કાઢી છે, જે રોજ ૧૫થી ૩૦ મિનિટ અત્યંત ધ્યાનપૂર્વક કરવામાં આવે તો થોડા જ વખતમાં સ્મરણશક્તિમાં આશ્ચર્યકારક ફરક પડશે: (૭) ચોદીક મિનિટો સુધી તમારા વિચારોને કાને તેમ ભટકવા દો, પછી છેલ્લેથી તે

બધા વિચારોને યાદ કરવા પ્રયત્ન કરો. દા. ત. તમે આકાશમાં ઊડતા કોઈ પંખીને જોયું. તેને જોતાં જ તમને તમે કરેલી વિમાનની મુસાફરી યાદ આવી. આથી જ્યાંથી તમે વિમાનની મુસાફરી કરેલી તે મુંબઈ તમારી આંખ આગળ આવ્યું અને તરત જ ત્યાં રહેતા તમારા એક જિગરજાન દોસ્તને તમને યાદ આવી ગયા. આવતી કાલે બેસતું વર્ષ હોવાથી તેને એક અભિનંદન કાર્ડ મોકલવું જોઈએ એમ તમને લાગ્યું. તે પરથી એક કુકાને પહોંચ્યા સરસ અભિનંદન કાર્ડ તમારા જોવામાં આવ્યું હશે તે યાદ આવ્યું પણ સાંજ થઇ ગઈ હોવાથી તે દુકાન બંધ થઈ ગઈ હશે એ વિચારે તમે નિરાશ થયા. હવે કલકત્તા કરતાં આ બધી બાબતો યાદ કરીને દુકાનથી શરૂ કરી, અભિનંદન કાર્ડ, બેસતું વર્ષ, મિત્ર, મુંબઈ, વિમાનની મુસાફરી અને છેવટે પક્ષી સુધી બધી બાબતો યાદ કરવાનો પ્રયત્ન કરો. શરૂઆતમાં બીજા મુકરરી નહીંતો પણ તે વધુ ઝીણે રસ્તો નથી. (૪) તમે સારી રીતે પરિચિત હો એવા કોઈ ઓરડા કે ખંડ તમારા ધ્યાનચક્ષુ આગળ ખડો કરો. પછી તેની દરેક નાની મોટી વિગતો યાદ કરો. તેનાં બારીબારણાં, તેના સરસામાનની ગોઠવણી, દીવાલ પરનાં ચિત્રો ઈત્યાદિ દરેક વસ્તુ ક્યાં છે, કેવી રીતે ગોઠવેલી છે, તે બરાબર નજીકી કરો. પછી તમે ફરી તે ખંડમાં આવો, ત્યારે કઈ વિગત તમે ભૂલી ગયા તે સહજાની જશે. (૫) બધા જેટલા દુકાનોમાં તમે શું શું કર્યું, કયાં કયાં ગયા, ત્યાં શા વિચારો તમારા મનમાં આવ્યા વગેરે બાબતોને ઝીણવટભરીરીતે યાદ કરો. બહેજી ચોકસાઈથી તે કરશો તેટલું વધુ સારું. (૬) ટ્રેન બરાબર ક્યારે પાસે બેઠેલા કોણ માણસોને વારંવાર ધ્યાનપૂર્વક જોઈ પેલા ઘાટનિક આગળ તેનું વર્ણન કરો. બધાના દિવસ દરમ્યાન કેની સાથે તમે શી વાત કરી તે સંબંધી એક કાગળ પર લખો. વાંચેલી કોઈ વસ્તુઓ જોઈ તમારી સ્મરણશક્તિમાં ખૂબ મોટો ફેર પડશે અને નામ તથા ચહેરા યાદ કરવાની તમારી સહિત ખૂબ તીવ્ર થશે.

સારી સ્મરણશક્તિ કેળવ્યા બાદ પણ મનુષ્ય કુમળાઓ ક્યારે પડે પડીંગો રાખતો નથી. જીવનની સાર્થકતાનું એ એક મોટું સાધન તીવ્ર સ્મરણશક્તિ છે.



સ્મરણશક્તિની કસોટી

તમારી સ્મરણશક્તિ કેવી નીવડે છે તે ચકાસી જોવાની એક કસોટી આ સાથે આપી છે. તે તેનો ઉપયોગ કરીને જોવામાં આવે તો તમારી સ્મરણશક્તિનો ચોક્કસ ખ્યાલ તમે મેળવી શકશો.

ઉપર બતાવેલ વસ્તુઓનાં ચિત્રો આપ્યાં છે. એ મિનિટ સુધી એકાગ્રતાથી તે ચિત્રો જોઇને યાદ રાખવાનો તમારો પ્રયત્ન કરો. પછી 'કુમાર' બંધ કરી કંઈ યાદ આવે તેટલી વસ્તુઓનાં નામ એક કાગળ પર લખી કાઢો. હવે એ ૨૫ પેલી ૨૫ વસ્તુઓનાં નામ તમે સાચાં લખી શક્યા કે તેટલાકારી સ્મરણશક્તિ સારી ગણાય. જો ૨૦ વસ્તુઓનાં નામ લખી શકો તો તમારી સ્મરણશક્તિને ઠીક ગણવા મુકરેબ છે. (કસોટીનો આ ખ્યાલ તથા તેનું લખાણ મારી 'રિકેરિસર' બુકમાંથી)

કસોટીના જવાબો : (૧) ૧૮૦ પોઇન્ટ; પહેલે દિવસે ૨૪ માઇલ ચાલ્યો. (૨) ૧૩ વખત. (૩) ૧૦૮, આકાશી વિદ્યુત વહન કરનાર તાર; ૨૦૭, ગુજરાતકર્ણનો સિદ્ધોત; ૩૦૬, રસી મુકાવાની શોધ; ૪૦૫, વરાળથી ચાલતા એંજનની શોધ; ૫૦૬, વિદ્યુત પ્રવાહ કાપવાનું તાર; ૨૦૭, ગુજરાતકર્ણનો સિદ્ધોત; ૩૦૬, રસી મુકાવાની શોધ; ૪૦૫, વરાળથી ચાલતા એંજનની શોધ; ૫૦૬, વિદ્યુત પ્રવાહ કાપવાનું રીતુ; ૬૦૫, પડતા પદાર્થોની ગતિમાં થતા વધારાની શોધ; ૭૦૫, 'વીજકેસ્ક ઍક્શન'ની શોધ; ૮૦૫, ન્યૂનતમ ઝેરવાની શોધ; ૯૦૩, આતુંવેરાઇલાના નિયમોની શોધ. (૪) (૬) લગભગ ૫૦૦ વર્ષ (૫) કલાકના ૭ માઇલ (૭) ૫૭ (૮) વરસાદનું પાણી બહી જવા તે માટે. ન્યાં વરસાદ બહુ જોર પડે છે (૯.૩ સિમ્) ત્યાં છાપરાં સપાટ ન હોય છે. (૧૦) ૬ કલાક– દા. ત. સાંઝો વખત ૧૨ હોય તો વધુમાં વધુ આગળ થા પાછળ ૬ કલાક હોઈ શકે. (૬) ચોખ્ખા કાગળનાં પ્રમાણપત્રોની નાખતાં બાદ ખૂબ બને. (૧૨) બધાની. સ્મરણ બળવાન. (૪) ૫૦૦૦. (૬) દા.ત. કલાકે ૧૦ માઈલની ઝડપે દોડતી આગગાડીનું.

અભિનય

—શેખર • યોગેન્દ્ર પ્રિયદર્શી—

૩-વાચિકાભિનય

અભિનયોને ત્રીને પ્રકાર તે વાચિકાભિનય. આ અભિનય વાણીદ્વારા દર્શાવવામાં આવે છે. પણ વાણીની ઉત્પત્તિ નાદને લીધે થાય છે. શરીરમાં રહેલો વાયુ અનુક્રમે હૃદય, કંઠ ને શિર્ષમાં થઈને મુખદ્વાર પ્રત્યેનિથી પ્રકટ થાય છે, તેને નાદ કહે છે.

આ નાદના ત્રણ પ્રકાર છે: મંદ્ર, મધ્ય અને તાર. હૃદયમાંથી ઉત્પન્ન થતો નાદ તે મંદ્ર, કંઠમાંથી ઉત્પન્ન થતો મધ્ય, ને શિર્ષમાંથી નીકળતો તાર. દરેકનું ઉચ્ચારણ ઉત્તરોત્તર બળવા પ્રયત્નથી થાય છે. આ દરેક પ્રકારના વળી 'આયાસજ' ને 'ઉચ્ચ' એમ બે વિભાગો છે. નાદના આ પ્રકારોનો વિનિયોગ આ પ્રમાણે કરવાનો કહ્યો છે: મંદ્રઃ કરુણાર્થ. મધ્યઃ શૃંગાર તથા હાસ્યમાં. તારઃ રૌદ્ર, વીર, ભયાનક અને અદ્ભુતમાં.

વળી પાછો પ્રત્યેકના સાથે ઔદાત્યાદિ મંદ્ર, આઘાન્ત અંતરે પ્રત્યેકના સાથે ઔદાત્યાદિ મધ્ય અને દૂર પ્રત્યેકના સાથે ઔદાત્યાદિ તાર ધ્વનિની યોજના કરવી.

રસ અને ભાવને પ્રગટ કરનાર આ ધ્વનિના, બાલા નેતા ઉચ્ચારણભેદ આનુસાર હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ ભેદ છે. ઉચ્ચારણમાં એક માત્રા (એક સેકંડ) જેટલો સમય લેવામાં આવે તે હ્રસ્વ સ્વર; બે માત્રા જેટલો સમય લેવામાં આવે તે દીર્ઘ સ્વર અને ત્રણ માત્રા જેટલો સમય લેવામાં આવે તે પ્લુત સ્વર. જોગેવા (પ્રકર્ષ), ય વૌ અને અભિનય અનુસાર આ સ્વરોની યોજના કરવી. કાબ્યના તરીકે પાછો ઉચ્ચારણને અનુલક્ષીને હ્રસ્વ સ્વર યોજવો જોગો 'એય' સામાન્ય અંતરે ઉચ્ચારણને અનુલક્ષીને દીર્ઘ સ્વર યોજવો, જોગો 'એ...ય...' કૂર ઉચ્ચારણને અનુલક્ષીને પ્લુત સ્વર યોજવો, જોગો 'એ.....ય.....!' આ બોલીમાં હ્રસ્વ, વાંકેમાં પણ પ્લુત સ્વર યોજવો, જોગો 'એ.....એ.....એ.' આ પ્રમાણે પ્રવર્તિત ધ્વનિ-અનુસાર અનુસાર અભિનય યોજના કરવી.

વિશ્રામસ્થાનઃ અભિનય આખી પણ અર્થપદ સાથે છે; અને અર્થ અધાન રહે ત્યાં સારે વિશ્રામની જરૂર છે. આથી અર્થ સમાપ્ત થતાં, વાક્યમાં વિરામ કરવામાં આવે છે. જેમાં અર્ધ વિરામ, પૂર્ણવિરામ વગેરે. આટે વાચિને સંવાદમાં વિરામની અને ગાયક કલાકો અર્ધ વાક્યના અર્ધ દરમ્યાન વિરામ કરવા, જેથી શ્રોતાઓ સહજરીતે વાક્યનો અર્થ સમજી શકે.

સંક્ષેપન-પ્રકારઃ નાટકમાં પોતાની ઉત્તમ, સમાન અને હીન પાત્રોને મંદ્ર, મધ્ય અને તાર ધ્વનિથી, હ્રસ્વ, મધ્ય અને પ્લુત સ્વરોથી તથા ઉદાત્ત, ઘોષના ને હીન સ્વરો(સંક્ષેપન)થી ઓળખવા.

આકારાદિ વાણીઃ સાધારણ વાણી ઉપરાંત નાટકમાં આકારાદિ વિવિધ વાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે: જેમકે, આ દિ., અંતરમાંથી, જનાંતિક આકારિ

આકારિ ઃ આકારમાંથી અક્ષરની પેરવી કે પેરવી વાળી. (જેમકે રીતે પડતા ચાલવારી ચેષ્ટાવી.)

અનુભાષા: પોતાને અને બીજાને કહેવા કે ન કહેવા વચ્ચે ભેદભાવ રાખવો તેવા બોલવું તે.

અનાનિકા: આનુમો આકૃત્ય સાંભળે ન કરે એમ જે કહું આવવી-

ચેષ્ટ અવસ્થા-વાચના વાત કરવી તે

કૃંગાર, કરુણ, રૌદ્ર વગેરે રસ તેમજ વિવિધભાવ તથા અભિનયમાં તે ને રસ, ભાવ કે અભિનયને અનુકૂળ આવા યોગ્ય: જેમકે શૃંગાર રસમાં શૃંગારિક વાણીનુયુક્ત, લલિત મનોહારી વાણી યોગ્ય; કરુણમાં કરુણભાવ, દુઃખથી ઉદ્વિગ્ન અને દીન વાણી યોગ્ય; રૌદ્રમાં ક્રોધિત, ઉગ્ર અને કઠોર વાણી યોગ્ય.

કૃષ્ણપ્રકારઃ આવજાત ને રસમાં 'ઈ' 'એ' 'ઓ' 'ઓ' ને બદલે આ છે તેવા દીર્ઘ અક્ષરને કૃષ્ણ કહે છે. તે ઉદ્ધ, પ્લુત ને કોમળા યોગ્ય છે.

દ્વાદશ ગાર્ગ: નાટ્યોદ્ગટ નાટ્યમાં ચેષ્ટામાં અનુકરણના અભિનયમાં બાર અલંકારો આવવામાં આવેલા છે: (૧) આલાપ, (૨) પ્રલાપ, (૩) વિલાપ, (૪) અનુલાપ, (૫) સંલાપ, (૬) અપલાપ, (૭) સંદેશ, (૮) અતિદેશ, (૯) નિર્દેશ, (૧૦) પ્રતિદેશ, (૧૧) ઉપદેશ અને (૧૨) વ્યપદેશ.

આલાપઃ મિત્રમાં કે આપણ કરવું તે.

પ્રલાપઃ ગાર્ગ પ્રવચન ગોઠવેલાપ ન્યાં કરવું તે.

વિલાપઃ ભેગા થઈને દુઃખનું નિકટના દોષ તે.

અનુલાપઃ કોઈનું ખેલ કહ્યું વાત ગોવવા કરવું તે.

સંલાપઃ કે અયુક્ત અપયુક્ત કે વાતચીત કરવી તે.

અપલાપઃ પદેશા કરેલી વાતને અન્ય પ્રકારે ઢાંકી તે.

સંદેશઃ 'તું આ વચન કરેજે' એવા પ્રકારનું કહેવું તે.

અતિદેશઃ 'તે જે કર્યું તે જ મેં કર્યું' એવા પ્રકારનું કહેવું તે.

નિર્દેશઃ 'આકે પ્રસંગ છે' એની સંતલબ કહેવું તે

પ્રતિદેશઃ આવાર્ય કહેવા કે ગિરાબાનુ કહેવા કરવું તે.

ઉપદેશઃ આવાર્યપ્રેન કહેવા કે ગિરાબાનુ આપણી તે.

વ્યપદેશઃ કાર્ય વિષે કહીને કહેવું કે નિર્દેશ કરવી તે.

આ ઉપરાંત અનાંતરજાત, અદ્ભિન્નવર્ણ, અન્યપ્રકાશ, અકારનાદ્યના ત્રણ વર્ણને અનુક્રમે આદ્યાક્ષર-યોગો ને અંત, અનાદિ લક્ષણો, તેવીજ નાટ્યપ્રયોગો પણે વિભાગીકરણે અનુસાર ઔદ્ય અને અલંકારો આપ્યા છે. પરંતુ તેને અત્યંત કઠણ અતિદેવ આદે વધુ સંબંધ ટે.વાળી અહીં તેમાંના કેટલા ખાસ ખાસ અલંકારો જ કહે છું:

અપસ્કારપાતઃ ગાત્ર, વિકલ્પ અને વિવિધ અર્થના ઉચ્ચારોની પસંદ તે.

સ્વાંતઃપોતાનું કરેલું વધુ પ્રકારનીને ગાત્રાવસ્થા કરી હોવું આપવું તે.

પ્રાપ્તિઃ અદ્ભિન્ન પદ્ધ અનાવા આપવાની અને અનુકાન આપવું તે.

વિશેષણઃ બધા અર્થોની ઉચ્ચિથી વિશેષના બતાવ દે તે

અપરઃ કુશિત કે 'તે અનુભવું દેવવા ના' એમ કહીને પોતે બોલવા ને અનુભવ: કમેદયુક્ત વાકયથી અર્થને પ્રકાશ તે કાલ્યકારીને 'ભાવ

જેવા ઓળખે મૂળ ન અમારી ઓર' એમ કહેવું તે

માનાવ: કિંમતી ય ઓછી અર્થે કરીને કાલ્યકાર કરવા તે

અર્થાપત્તિઃ અર્થ અર્થને [illegible] કરવું તે

અર્થાપત્તિઃ કુશ્ય કહેને આકારને તે. [illegible] 'તારી' 'તે' વ

વિષે આકારે આવા ન આકાર' એમાં કહેવું કહેવા તે

અનુકીર્તનઃ અન્ય પુરુષનું કીર્તન કરવું તે. [illegible]

ઉપદેશઃ અન્ય પુરુષનું કીર્તન કરવું તે. [illegible]

(અનુ ૨ પૃ ૨૮ ઉપર ચાલુ)


અશોકના શીલાલેખો
[સમાંતરવાળા હિંદી સિક્કા]
ગાંધાર
રોમ (રોમા)
[રોમન સામ્રાજ્ય]
કાબુલ નદી
કાળો સમુદ્ર
[ઉપલી નાસ પર હિંદ માલનું ચિત્ર]
[પહેલી દેવી]
ભૂમધ્ય સમુદ્ર
સાર્ડીન
પુંગાસ
(ઈ.પૂ. ૨૦૦-૨૫૦)
સમુદ્ર
ઓનીઓમ
(સ્તંભનો)
તોપે ગ્રહવા
સિંધુદેશની
મૂર્તી
મોરિયા
સેલ્યુસિયા
(સ્તંભનો)
[આરામની સ્ત્રીમૂર્તિ]
સીસ્તાનની
(શાહ-સ્પાલા)
ઈરાનનો અખાત
અરબી સમુદ્ર
(રત્ના કર)
ઓફિર
[ગુલતકીની મુદ્રાઓમાં]
ઓબોનીસિનિયા
ટ્રોગ્લોડાઈટીસ
ઈથિયોપિયા
સરોવર
હિંદી મહ
પ્રાચીન જગત સાથે
હિંદનો સંસ્કૃતિસંબંધ
દર્શાવતી નકશો
ઓક્સફર્ડ ક્લાસિકલ એટલાસ ઓફ ઈન્ડિયાના સૌજન્યથી
દર્શાવેલ છે:-
બીજી સદીની મહત્ત્વની ભારતીય વસાહતો [હિંદી કાપડ]
ભારતીય સાહિત્યમાં મળી આવતા પશ્ચિમના નામોઃ [પુષ્પપુર]
પ્રાચીન આરંડ માર્ગો:
બીજા પ્રાચીન માર્ગો
અશોકના શીલાલેખોના ઉલ્લેખાયેલો સમય (ઈ.પૂ. ૨૫૦ આસપાસ)


ચીન
ઉત્તર ધ્રુવ
સિંગપુર
ઇન્દ્રપ્રસ્થ
હસ્તિનાપુર
દ્વારકા
ઉજ્જયિની
પાટલિપુત્ર
ચંપા
મથુરા
કાંચી
કાવેરીપટ્ટન
મદુરા
કોલંબો
અયોધ્યા
ઉરગપુર
ચોલ
પાંડ્ય
કેરલ
ચેર
પાંડ્ય
ચોલ
ચેર
કેરલ
પાંડ્ય
ચોલ
ચેર
કેરલ
પાંડ્ય
ચોલ
ચેર
કેરલ



સંસારનાં શહેરો

૧૩-શ્રીનગર

મળ્યા અને પોલીસ (પ્ર. ૪૪૫મી ચાલુ) તંત્ર પ્રજાને પણ પોલીસ પ્રત્યેની પોતાની દૃષ્ટિમાં પરિવર્તન કરવાનું છે.

કાનું પ્રકરણ પતવું એ કલીનની ચાવી બોલાવાનું કરી લેવાનું છે. પ્રજાને ઍળખવા માટે પોલીસને તેમની નજરાણ કરવિધાન પ્રજાની વિચારસરણીનું પ્રતિબિંબ પાડતા ભાષા-આમળિયા તેવાજ પ્રજાની ભાવનાનું દર્શન કરવાનાં પુસ્તકો વંચાવવાં જોઇએ. પોલીસ-ઑફિસો કે ટ્રેનિંગોના અભ્યાસીઓ બહારની પ્રજાના સમુદાયોમાંથી જ ભરતી કરવાની પ્રથા પડવી જોઈએ. બીજી બાજુ, પ્રજાને પણ પોલીસની પરી પિછાન થવી જોઇએ, પોતાના અધિકારોનું જ્ઞાન લેવા જતાં પ્રજાને કાયમનું પડવું. પોલીસ-ભાઇબહેનો પ્રત્યે સભ્યતા બધાને તેવા પ્રજાના અધિકારો આપ્યા, એ પાઠ ત્રિટિશ પ્રજા પાસેથી આપણે શીખવાનો છે.

આજે તો આખે હાઇબંધી કરવી છે, દરિયા મંદિર-પ્રવેશ કરાવવો છે, બાજા-ગ્રામો આકાશવાણી છે, પ્રાથમિક કેળવણી ફરજિયાત કરવી છે, સદંર સફાઇ કરવી છે, સેંકડે સુધારાઓ આપણે કરી નાખવા છે, — પણ તે સાથેસાથે, 'સ્વભિયાત' કરીને, દંડ-કેવળ કરજાતીને કરવા પડે છે. આમ, અત્યારે પ્રત્યેક સુધારાને દાનનું સ્વરૂપ આપવું પડે છે, અને પોલીસને કોઇથી પણ સત્તા મળે છે, એના બરાબર પડ્યા સ્વાર્થની ખોજ થવી છે. બરી રીતે તો એ બધું કાર્ય સાથે આને પોલીસના હાથથી નહિ પણ પ્રજાએ સ્વેચ્છાએ કરવાનું છે. પણ આપણે તો આજે વાદાનવ્યવહારના ઝાડા નિયમો પાળ પાળવા પ્રત્યે સાવધતા છીએ. આ પરિસ્થિતિમાં આપણે કઇ રીતે ઝગડા ઓછાં?

નહારા ઇવાદાઓનું પાલન પ્રજા આજ-સુધી પોલીસની બીકે કરતી આવી છે. સાચા પ્રગતિશીલ સુધારાઓનું પાલન પણ શું એવું ખાસ પોલીસની બીકે જ કરવાનું છે?

મહેન્દ્ર શીવાણી

પ્રાચીન નાટ્યશાસ્ત્ર (પૃ ૪૫૬થી ચાલુ)

દક્ષિણેનઃ ગર્દ અંગેજા સાધને લઇ બતાવવું તે.

વિભ્રમપ્રયુક્ત: ખરેખુંની પેઠે ઉપમા આદિ અર્થ-કારોથી ભાષાને સુશોભિત બનાવવી તે.

અતિશયાત્મીન વસ્તુમાં કંઇક ગુણોનું દર્શાવવા

ઉપમા વડે અતિશયોક્તિ વાપરવી તે.

કાર્ય: દોષ બતાવ્યા વગર વસ્તુનો ગુણ પ્રગટ કરવા આપવા દોષથી ગુણની અધિકતા બતાવવી તે.

અનુમાનઃ લક્ષણ પ્રયોજેલું હોય તેને. (ચાલુ)

પોતાની અદ્‌ભુત-રસળતીમ્ર દિશે પ્રયોગોના આથી દુનિયાભરમાં બધાય, પિંદનું જે અજમેશ્વર ઔદ્યોગિક કારખાનું આજે આ ગામડાંમાં ખૂલ્યાં યુવાનું રમૂજોદાન અની રહ્યું છે તેના આ પાયામાં (શ્રીનગરની) એક બંધનની પ્રશાન્ત રીતીએ આજે યુદ્ધોત્પાદ અને રેલ-દેશારક્ષાની તેમાંથી પ્રગતિની ઝડપી છે.

ઈંડાલીના રમણીય શહેર વેનીસ સાથે જેની પરંદરીઓ સરખામણી કરે છે તે આ શહેર દિવસું એક ઔરત જેવા જેવું શહેર છે. ત્યાં રસ્તાઓ કે સડકોને બદલે જલમાર્ગો છે એ ખેલમાત્ર તેની વિશેષતા નથી; પણ રૂપસુંદર કારમીરના જનતરમાં પંકાએલા અનપૂર્ણીય સુષ્ટિ-સૌંદર્યનો મોટો ભાગ આ જ શહેરની આસપાસ પથરાએલો છે એ પણ તેનું મોટું વૈશિષ્ટ્ય છે.

રાવધારે આ શહેરને વીંટળાઇને વહેની જેલમ નદીના હાકા પર ઉભેલું આ શહેર બલ્લે રવર્ગના અમરાવતીના બાસ કરાવે છે. જેલમ નદીમાંથી નહેરો ખોદીને તેને એક-બીજા સાથે સાંકળી લઈ તેવાય પરેલા જલ-માર્ગો પર ગળી બ્યારે મુસાફર હોડીઓ પસાર થાય છે ત્યારે તેને શીનગરના બરા જોઇવેની બ્યાદ આવે છે. બે તરફ ઝાડોનાં બાગબગીચા, વચ્ચે વચ્ચે પરેલા બજા-ગામોનાં ઘર ગળી બ્યારે મુસાફર હોડીમાં પસાર થાય છે ત્યારે તેને શીનગરના બરા જોઇવેની બ્યાદ આવે છે. બે તરફ ઝાડોનાં બાગબગીચા જોવા, ખરેખરી નહેરો ખોદીને તેમાં સુંદર બજારો કે સડકોનાં વૈશિષ્ટ્ય તેમાં તંદુરસ્ત બોજાં ઘરોનો, દિવાસ્વપ્નદર્શનીય પર્વતોને પડછે બે તરફની વ્રતિત વૃક્ષરાજિ તથા તેની પરના સાત પણી ઈંડાલિ પ્રવાસ વખતે જ પ્રવાસી પર ગનેરંગ્રી ચિત્રામલતાની છાપ પાડવા વિના નથી રહેતાં જેલમના શાંત નિર્મળ પાણી પર ડબપણી સરી જતી લાંબી-લાંબી સાંકડી 'ડુંગી' (હોડી)ઓ આ શહેર બાબતદારનું એક ખાસ આકર્ષણ છે. જલમાર્ગ બદલે અહીં એકલું નિર્માલ્ય છે, કે બદલાના બદલાનો કે સામેની દિશામાં જતાં હોડીને સ્થળો જ વખત લાગે છે. પણ આવી શાંત દેખાની જેલમ પણ, દિવાસાદ પર બ્યારે બરફ પીગળીને તેમાંથેક જળ ધસે છે ત્યારે ઝડ રવરૂપ ધારણ કરે છે. તે વખતે તેનું પાણી પળાં ઘરોમાં પણ ઘૂસી બ્રય છે અને કેટલાંક વાર તો પળે પણ બ્રય છે.

ગોમેરે દિમાલયના પહાડોની પછી, ૮૦ માઈલ લાંબો અને ૨૫ માઈલ પહોળો પક્ષીના બાગા જેવો કાશ્મીરનો ખીણો સપાટ પ્રદેશ આવેલો છે, તેમાં પાંચ બાઈ-ના વિસ્તારવાળું કાશ્મીરની રાજધાનું આ શહેર સમુદ્રથી ૬૦૦ માઈલ દૂર છે. શહેરનાલ્ય આસપાસ ૬૦૦૦ ગામો આ શહેર સાથેનું તે પહેલાં કે પરદેશીઓને દાબ દઈ મુખેકા પાકેલું તે ધ્યાનસ્થિત મુખે આવ્યું અને ૧૯૩૯ સેનામાં ફુલસિંહ અને મુસાબસિંહ નામના બેરાજપૂતરાજાઓએ આંખો આ કાશ્મીરનો પ્રદેશ રનકુલસિંહ તથા ત્રિટિશો પાસેથી બાગા ત્રિલ્લ તરીકે મેળવ્યો ત્યારથી આ શહેર મેળવા પંડતોને ત્યાંજે.

પણ શ્રીનગરનું આવું સૌંદર્ય જો તેની પાસે આવેલાં ડાલ અને વુલર નામનાં બે સરોવરને કારે આભારી છે. ડાલ સરોવર કાંઠે જ પેલા જનબબ્બુલ રાજધિમાન, નિશાત અને નક્ષીબ બાગ આવેલા છે. બાર ઔરસ્ત્રાસ શહેરમાં વિન્તરેલું એ નૈસર્ગિક સરોવર, તેનીબાજાની પર સદૈસાલીનો વાસ કરાવવી રમણી તરફી ઢાકડા બોટ તથા તરા-તા બગીચા અને ચારીઓને કારણે અપૂર્ણીય છે.

મુખ્ય શહેરનાકાંઠેથી ડાલના શોભા બાર તૈયાર કરાયેલા શાકિમાર આદિ બગી-ચાઓ તેમાં બદેલાં કુદરતી સ્રબ્બાંઓ, ખારેલાં ફરસબંધી, રંગબેરંગી બાબરાં કુદરતી પથારીઓ, વટ કેની ઘેઘૂર દરિયા વૃક્ષ-સરિત્રાળાં હાબાં મિનાર પડે તથા શીતળ ઉન્હાકારી પવન આદિને કારણે જનતાના એક બગીચાઓ બરોને પ્રેમ છે. તેબાં પેલા બળી નીકળવાનું બાબે જ મન થાય.

સમુદ્રની સપાટીથી ૫૨૫૦ ફૂટની ઊંચા-ઈએ આવેલા આ શહેરની આસપાસ પ્રકૃતિ ઉનીએ બાજ બનોહારી સૃષ્ટિ-સૌંદર્યે જ નહિ પણ ધનબાબના બેગરિ પણ મુક્ત હાથે મેરી રાખ્યા છે. આ પ્રદેશની જમીન કોઇકી સમૃદ્ધ છે કે બાદેશાજ તે વરિયાળી રસે છે અને દુનિયામાં ગતાં બધી જ જાત-નાં ફળ ત્યાં થઈ શકે છે. સફરજન, પેરુ, બીડ અબજેસ્ટ, બારબાં, દ્રાક્ષ, તરબૂબાદિ ફળો તો ત્યાં ઠેબાં ઠેબાં જળકાય થાય છે ત્યાંનો લોકો જોજનવાં બાગાકો કે ફાડામાં બદલે બાદી ફ્રાક્ષ કે ફાડામાં જ બાપરે છે.

શ્રીનગરની ઠંડ લાબની વસતિસંખ્યા (ડિસેમ્બર ૧૯૩૭) ૩૧૨



જૈત્રગના પ્રશાન્ત પ્રવાહમાં તરતી નાની ડુંગીઓવાળા શ્રીનગરના એક મુખ્ય જલમાર્ગનું ચિત્રમય દૃશ્ય

મુસ્લિમો અને બાકીના હિંદુઓ છે. લોકોની ભાષા સંસ્કૃત અને હઠેના ગિલગુવાળી કાશ્મીરી છે અને મોટા ભાગના લોકો માંસાહારી છે. જાચી પકડક હાવા, ગોક્ક ભરાવદાર બદન, શાંત ગોળી મુખમુદ્રા અને તંદુરસ્ત આકર્ષક બાંધો એ ત્યાંના લોકોની મુખ્ય ખાસિયત. ત્યાં પડની સારી એવી ઠંડીથી બચવા ત્યાંના લોકો હાથ કરતાં યે લાંબી બાંહવાળા, ગરમ પહુળાના લાંબા-લાંબા ડગલા હોય પહેરે છે. ઓપડી કે કોઈવસ્તુ પકડની હોય કે કંઈ બાવું હોય તો પણ બે બાંહની બહાર હાથ ન કાઢતાં બાંહ બની પકડીને જ કામ પતાવી દે છે. કેટલાક તો ભેનરની ટોપલીમાં નાનકડી સગડી રાખી તે ગળામાં લટકાવી દઈ તેના પર હાથ શેકે છે.

શ્રીનગરની કળા-કારીગીરી તો જાણે કાશ્મીરી જનતીની છે. બે કાશ્મીરી 'શાલો'ઓ એક વખત માત્ર હિંદને જ નહિ પણ આખા યુરોપને ગાડું બનાવેલું. આજે પણ તેના ગાલીચાતથા શાલ પરનું કલાકીશલ જગતમાં અદ્વિતીય ગણાય છે. કાશ્મીરના સૃષ્ટિ સૌંદર્યનો કલારસ ત્યાંના લોકોની નસેનસમાં ઓતપ્રોત થઈ ગયો છે કે એ શાલના કે બીજા કોઈ પણ વસ્ત્રકામના છેડા પર કે ઇ પણ જાતની ભાત કે લીટીનું કાચું ઉતાર્યું આંકયા વગર કિનારો અને થપ્પાનાં આકર્ષક ડિઝાઈનો સીધા જ પરખાવી તૈયાર કરી શકે છે વળી અખરોટના લાકડામાંથી જાદુગરી વસ્તુઓ બનાવી તેમાં હાથીદાતની વેલબુટ્ટીઓ જડવાની તેમની કળા તથા મિનાકારી પણ ઘણું લાક્ષાતાં છે. ખુદ શ્રીનગર શહેરમાં પણ લાકડા પરની કોતરણીકામના ઘણા ઉત્કૃષ્ટ નમૂનાઓ છે. કામળના માવાની ('પેપરમાશે'-ની) તેમજ ચામડાની કારીગરી ને ચાંદીકામ એ ત્યાંના બીજા ઉદ્યોગો છે.

શહેરની બાંધણી કરતી હોય તેમ તેની બે દિશાએ એ સુંદર ટેકરીઓ આવેલી છે. હરિ પર્વતને નામે ઓળખાતી ઉત્તર તરફની ટેકરી પર અકબરબાદશાહે બંધાવેલો કિલ્લો આજે પણ મુઘલ સામ્રાજ્યની યાદ આપે છે. બીજી, પૂર્વ તરફની ૧૦૦૦ ફૂટ ઊંચી શંકરાચાર્યની ટેકરી (જેને મુસ્લિમો તખ્ત-ઈ-સુલેમાન કહે છે)પર ૨૨૦૦ વર્ષનું ગાંધારદેવનું એક પ્રાચીન દેવળ ઊભું છે. ઓઢકરી પરથી શહેરનો દેખાવ ઘણો ચિત્તાકર્ષક લાગે છે.

જહાંગીરે કહ્યું હતું તે જ વાકય ત્યારથી આજ સુધી કે જે લોકો શ્રીનગર ગયા છે તે સર્વ કહે છે કે, પૃથ્વી પર જો કયાંય સ્વર્ગ હોય તો તે આ જ છે, આ જ છે, આ જ છે (અગર ફ્રિસ્ટોસ ના-રૂપે ઈમીન અસ્ત, હમીન અસ્ત, વ હમીન અસ્ત !).'

ઝબકારા

તાર-ટેલિફોનનાં દોરડાંમાંથી ઘણીવાર ઘુમ્...ઘુમ્...એવો ગવાજ શાથી થાય છે ?

બે થાંભલા વચ્ચે તાણીને બાંધવામાં આવેલા તાર-ટેલિફોનનાં દોરડાંમાંથી મધમાખીના ગણગણાટ જેવો અવાજ નીકળતો ઘણાએ સાંભળ્યો હશે. તે, ઘણા માને છે એમ, તેમાં વીજળીનો પ્રવાહ વહેવાથી નહિ, પણ પવન તે તાર સાથે ઘસવાને કારણે જ નીકળે છે. એ અવાજની તીવ્રતા, પવનની દિશા, બે થાંભલા વચ્ચેનું અંતર તથા તારોનું સ્પષ્ટપણું એ ત્રણ વસ્તુ પર આધાર રાખે છે.

આંખો બરોબર બંધ કરવા છતાં આપણને લાલ રંગ કેમ દેખાય છે ?

આંખનાં પોપચાં બહારથી આવતો બધો જ પ્રકાશ અટકાવી શકતાં નથી. તે ચોકાક પારદર્શી હોય છે. આથી જ્યારે આપણે તીવ્ર પ્રકાશમાં આંખો બંધ કરીએ છીએ ત્યારે પોપચાંની નસોમાં વહેતું લોહી આપણને દેખાય છે અને, તેને કારણે જ આપણને લાલ રંગ જણાય છે. સૂર્ય ઊગતાં જ મનુષ્યો, પક્ષીઓ અને પશુઓ જાગી જાય છે તેનું કારણ પણ આ જ છે.

Our Friends Abroad

[આ પત્ર મેળવનારા બાલુભાઇ ડી. બારડોલા, ખોજખાના પાસે, ગામનું, બારડોલ]

391 W. North St.
Decatur 34, Illinois (U.S.A.)

August 10, 1947

મારા પ્રિય નવા પત્રમિત્ર,

તમારા સુલક્ષિત અને રસિક પત્ર માટે આભાર. તે-પત્ર પૈર તારીખ ૨૬મી જુલાઈ છે અને અહીં તે ૨ જી ઑગસ્ટે આવ્યો.

તમારી નિરાળ (તમારા લખવા પરથી) મોટા કહની લાગે છે તમારું ઓદાદ કેવડું મોટું ગામ છે ? અમારું ડીકેટુર તો ૬૮,૦૦૦- ની વસતિનું ગામ છે અને અમારી શાળામાં ૨૦૦૦ વિદ્યાર્થીઓ- બહુ છે. ૧૨ થી ૧૫ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે અહીં ૪ જુનિયર હાઈસ્કૂલો, ૧૬ થી ૧૯ વર્ષનાં માટે સીનિયર હાઇસ્કૂલ છે અને ૬ થી ૧૨ વર્ષનાં બાળકો માટે પ્રાથમિક શાળાઓ છે અમારા ગામમાં એવી કુલ ૧૨ પ્રાથમિક શાળાઓ, ૨૫ દેવળો, બે ગ્રામારી કૉલેજો અને એક યુનિવર્સિટી છે. વળી અમારે ત્યાં એક એકરથી મોટી ૨૫ એકર જેટલા વિશાળ રમ સુંદર બગીચાઓ છે. એ દરેકમાં બોલ અને ટેનિસ રમવાનાં રમાનો, બાળકો માટે રમતગમતનાં સાધનો, હીંચકા, જંગલ-રમતનાં સાધનો, નાનાં તળાવો, ચકડોળ, અને મેદરાઓ માટે 'હૉર્સ-શૂપિંગ, ડૉકેટ વગેરેની રમત માટેના રમાનો હોય છે. વળી ઉનાળાની આવનારઓ માટે અગીયાઓમાં કેરકેર ટબલો પણ ગૂકેલાં હોય છે

તમે તમારી રાજકીય પરિસ્થિતિ વિષે લખ્યું છે તે મને ગમ્યું. એથી ઘણી બાબતની મને રપષ્ટતા થઇ ગઇ. હું લખી ચૂકયો કે તમે હાલ અંધાધૂંધીકાલ કાળમાંથી પસાર થઇ રહ્યા છે. અને મને દુઃખ પણ થાય છે કે ઘણી બાબતોમાં સદ્ધર કર્યા બાદ જ આપણી પ્રગતિ થાય છે. ગાગડા નાના પાત્રમાં છે, એમ તમે લખ્યું છે એનો અર્થ શો? શું ઘરો નાની મૂડવાળા બાબતો છે અગર તોડી પાડવામાં આવ્યાં છે? થયું છે શું? બહુ મરણ નહિ થયાં હોય, પણ ઘાયલ થયા હશે !

તમે અહીંની રાજકીય પરિસ્થિતિ જાણવાની ઇતેલ્લરી બતાવી છે. તમે જાણતા હશો કે અહીં મુખ્ય બે પક્ષો છે: એક 'રિપબ્લિકન' કે હાલ સત્તા પર છે; અને બીજો 'રીપબ્લિકન' કે સત્તા મેળવવા માટે આકાશ પાતાળ એક કરી રહ્યો છે. ગુંડાઓ રોકીને રહેલાં ગરીબ રાજકીય યંત્રો અહીં ચૂંટણીઓ સત્તા ધારણ કરવા માટે માણસોને ચૂંટી કાઢે છે. પોતાનું જ કહ્યું કરે એવાં માણસો ચુંટાઈ આવે તે માટે લાગવગવાળા ધનિક ઉદ્યોગપતિઓ એ રાજકીય યંત્રોને પૈસા આપે છે. અગાઉ જતાદારોએ તો. માત્ર ચૂંટણી-ખર્ચ બહ પેલી ગુનેગારોની ટુકડીઓએ જે માણસોને અગાઉ માટે પસંદ કર્યા હોય તેમનાં નામ સામે બોલ્લી જ કરી દેવાની હોય છે. અમારૂ રાજકીય વાતાવરણ એટલું બધું સડી ગયું છે કે શબ્દો પણ તેનું વર્ણન કરી શકે. અમારો રોઢ કે ઉપરી કહે તે પ્રમાણે જ અમારે મત આપવો પડે છે. નહિ તો નોકરી પરથી પાણીચું મળે. ધળીબની પેઢીઓ પોતાના નોકરિયાતો કોને મત આપવાના છે તે બાબતમાં માટે ખાસ લાયસો રાખે છે. છપરાંત કેટલીક સ્ત્રીઓને પણ રાખે છે, જેમનું કામ નોકરિયાતોના ઘરની સ્ત્રીઓને ટેલીફોન કરીકરીને 'આ વખતે ચૂંટણીમાં કોણ છતશે' એમ પૂછીને તેઓ કોને મત આપવાના છે તે મુદ્દાસિર બાબતો જાણી લેવાનું હોય છે. બીજીઓ વળી ઘર ઘર ફરીને પ્રશ્નો પૂછતી હોય છે. સારા બાબુસોએ એ રીતે આ પદ્ધતિમાં સુધારા કરવાના પ્રયત્ન કર્યા છે, પણ હોકો એટલા બહાની છે કે તેમની વાત સમજવા જેવી નથી અને તેથી કંઇ થઈ શકતું નથી. તેઓ માત્ર એટલું જ સમજે છે કે જે માણસ તેમને રોટી કે નોકરી આપે છે તે માણસ કહે તેને મત આપવો.

તમારા રાષ્ટ્રસ્વભાવના રંગો તને નથી ગમતા. માનસશાસ્ત્રની દૃષ્ટિએ તેમનો અર્થ સારો નથી, પીળો રંગ એટલે બાયજાપણું, ધોળો એટલે નિરુત્સાહ (Coldness) અને લીલા રંગનો અર્થ થાય ઈર્ષા. અમારા રાષ્ટ્રધ્વજના રંગો—લાલ ધોળો, અને વાદળ-પણ કંઈ બહુ સારા નથી. લાલ રંગનો અર્થ થાય છે આવેશ (Passion), ધાદળનો અર્થ બીજા પર હુકમ ચલાવવાની ઇચ્છા અને ધોળાનો અર્થ થાય કેવી રવચ્છતા (Coldpurity)

તમારી ૧૭ વર્ષની ઉમરને જોતાં તમે રાજકીય પરિસ્થિતિ વિષે ઘણું સારું જ્ઞાન ધરાવો છો. મને ડર રહે છે કે મારા દેશની પરિસ્થિતિને એટલી સારી રીતે હું સમજી ન શકવાની ક્રોડ. અત્યારે દુનિયા આર્થિક પતનને આરે ઊભી છે. અમે પણ ઠપકાને પાત્ર છીએ. પણ અમે તેર ખોટી વાતો કરીએ છીએ, અને પ્રત્યક્ષ કાર્ય નૈષ્ઠર્ય કરીએ છીએ. આ વર્ષે અમારો પાક અરધો ઊતરશે. આ વસંતઋતુમાં સેન્ટ્રલ અંગે વરસાદ પડવો કે આબજુ એકદોનની જગોમાં બી ફણ્યું જ નહિ; અને પછી આવ્યા પૂર, જે અગાઉ લાખો એકરનો વાવેલો પાક તાણી ગયા. આને માટે ખરું જોતાં એકનો જ ઠપકાપાત્ર છે; કારણ તેઓ કૉન્ટુર પદ્ધતિથી (Contour Plowing એટલે કે જમીન એની રીતે એકની કે એથી વરસાદ ઓછાનો ઠપકો કરવાળા વસે પોઈ ન નાખે) ખેતી કરતા નથી. વળી તેઓ ખંડર જમીનમાં ખાસ પણ ઉધાડતા નથી. એથી બચવાથી જમીનનો ઉપલો થર કઠણ જેવો જમીન વેરાન બની ન જાય. અમારી સરકાર એકને દર એકર દીઠ એટલી બધી પૂરતી રકમ આપે છે કે જેથી પણ એકર જમીન ખાલી પડી રહેવા દે છે અને તેમની પાસે વધારેપડતું અનાજ વેચવા માટે તૈયાર નથી થતું. આ અનાજના ભાવને ઝાલા રાખે છે. જેથી ખાલી જમીનમાં એકનો ઘાસ ઊગેવા દઈને તે પર ટોચ ઉછેરી કાઢે પરંતુ તેઓ એવા તો બેદરકાર અથવા ભવિષ્યને માટે વિચારશીલ છે કે એવું કશું જ કરતા નથી. વળી બેતીનું સર્વે કરવા સંબંધી ખર્ચાળ કોયનો એક ખોકુમ અને તેની સ્ત્રી ઘણી મોટી જમીન એકલાં બેઠી રાખે છે. તેથી તેમનો ઉછરવાંમાં બેતર છોડી ગયાં છે પણ ઢોરોને ઉછરવાનું કામ કંઇ યંત્રોથી થઈ શકતું નથી, તેથી તેઓ ઢોરો જ રાખતાં નથી આથી જમીન ઢાલ રહેતી નથી. વળી તેઓ જે નથી રાખતાં બાતર આથી જમીન ફલ વિનાની થતી જાય છે અને ફરીથી તેને કસેલાળી બનાવવી અશક્ય બની ગઈ છે. ઉપરાંત, બજારો બજારોમાં પ્રદેશોની જમીન બીજા નાની નકીમાં દાણા બોવાઈ ગોવાઈને મિસિસિપી નદીમાં આવે છે, આથી એ નદીનું પાત્ર પુરાઈ જવાને કારણે તેમાં વારંવાર પૂર આવે છે વર્ષો પહેલાં આવાં પૂર કદી નહોતાં આવતાં, એમ કહેવામાં છે મિસિસિપી નદી વર્ષે એના, રાત ને દિવસ, દર મિનિટે, ૪૦ ઘનફર જમીનમાંથી ૨ ઘન ફૂટ જમીન ઉપરનો કસવાળો થર ધોવાઇને મેક્સિકોના અખાતમાં મીનનો ઉપરનો કસવાળો થર ધોવાઇને મેક્સિકોના અખાતમાં ચાલ્યો જાય છે; અને આમ એ ચાલ્યા જ કરે તો અમારી પાસે અન્ન પણ જમીન ન રહે એવી સ્થિતિ આવવાં કેટલી વાર ? દુનિયાને એમ કેટલીક બાબત બનાવ જૂઓ પાડી શકીશું? (અનુ. બાકીની ગોર ૨૬૩) ૩૫

(ડિસેમ્બર ૧૯૪૭)

બહારવટાને પંથે [૪] ક્રાન્તિકારી દળ સાથેનાં જીવન-સંસ્મરણો આલેખતી આપકથા

લેખક

—જીવરામ જોષી

કોઈ પણ વિષયની લગન લાગે છે ત્યારે પ્રાણી તેને સાધ્ય કરવા ગમેતેવી કષ્ટો વેઠવા તે તત્પર થઈ જાય છે. પછી તે લગન ભલી હોય કે બૂરી.

અભ્યાસ પરથી મન ઊઠી ગયું. સોની દૃષ્ટિએ રખડુ બની ગયો. સાબરમતી કિનારે, ચંડોળા તળાવે કે કાંકરિયાને કાંઠે રખડતો થયો. એટલો ઉદાસ થઈ ગયો કે અભ્યાસ છોડી કાંઠિયાવાડ ચાલ્યો ગયો. ભાઈના મોટી ઝિંઝાણુમાંથી પત્રો આવ્યા ને વળી અળાઢાયક થયા.

આસ્ટોડિયા ચકલાથી માણેકચોક જવાનો એક વાચનાલય આવેછે. ત્યાં એક દિવસ વાંચવા બેઠો. કોઈ ખાસિસ હતુ. 'ધારો ને કરી શકો' એ એના ઓક લેખનું મથાળું હતું ઉર્ધ્વાગિતમ્ પુરુષસિંહમુપૈતિ લક્ષ્મી એ સૂત્ર ટાંકીને લેખકે 'પ્રયત્ન'ને મહિમા ગાયો હતો. નિરાશા સાપડે તો સગળે કે ત્યમે કાયર બની ગયા છો. ક્રમ કરવા ધારેલ તમા પાછળ મંડી પડો. પછી ભલે ગરી જઓ, આખી તાલાવેલી આ પ્રયત્ન હશે, તો તમે સફળ થશો જ'.

મન બોલ્યું: 'ખરું છે. તું કાયર બની બેઠો છે. જે કરવા ધારે છે તે માટે ઊપડી જા. કોઈ તને હઠારીને નહિ લઈ જાય. તારે જ ત્યાં પહોંચવું જોઇએ. ઠપ્પો, આપત્તિઓ બધું તારે જ વેઠવું જોઇએ.'

તૈયાર થઈ ગયો. સાંજનો તો હજુ જ કે ઝાંખીનાં ક્યાંક ક્રાંતિકારી દળનું ગપક છે. ત્યાં પહોંચું. બેટો થઈ જરી જ. પણ થાય કે ન થાય; જવું તો ખરું જ. ખમીસ-ધોતિયું કાઢીને ફક્કીની પહેરી. મારે મન 'બાંસે' બનીને કાશી જવા નીકળ્યો. એ બધુ વર્ણન 'મારી સફર'ની લેખમાળામાં 'કુમાર'ના અંકોમા ૧૦ વર્ષ પર આવી ગયું છે.

પણે ચાલીને કાશી જવાની 'કલ્પના' એટલી સહેલી હતી એટલી એ સફર પ્રાપ્તે સહેલી નહોતી. અનેક વિઘ્નોમાંથી ભાગવીને અગચાદથી ચાલતો કાશી પહોંચ્યો. એ લાંબો પ્રવાસ ગંગામૈયાના શાંત ઝેબીર પ્રવાહોને કિનારે અનુભવે પેરો થયો એમ લેવું ત્યારે મારા આનંદની અવધિ હતી. પાસે પૈસા નહોતા. ભૂખથી શરીર ખેવાઇ ગયું હતું, પણ કાશી પહોંચવાના આનંદમાં તૃપ્ત થઈ ગયો. એ બધો ક્રમ કાલે જ બની ગયું હોય તેવું તેનું દૃશ્ય અત્યારે યે તાજું દેખાય છે. જે જગ્યાએ પોહલું ઉતારીને મૂક્યું, હજુ ત્યાં જગ્યા, સાત સો વર્ષલ દૂર બેઠે અહીંથી આજે ગાટલાં વર્ષ યે તેજ રહ્યું છે. તેજીને ગંગા મૈયાને કિનારે નજી પ્રથમ તા અંજલિ કરીજરીને પૂણ ગંગા જળ પીધું સાતે પેઢી તરી કે નહિ તે તેા રામ જાણે, પણ હું તા તરી ગયો. વરસોના વરસવાદ બાદ ગુપ્તાવસ્થામાં ભટકતો જ્યારે કાશી પહોંચતો ત્યારે ગી ઝાકસ જગ્યાએ તેા જેવા વિના ન રહેતો ગાલ એ તીર્થ સ્ટેશ્યોટ સ્ટેશન પાસે,—પૂલની નજીક.

પરમેશ્વરની મૂર્તિને કોઈ ઠેકમ ગાને છે તે આ અનુભવથી સમજાવા છે. નાનો હતો ત્યારે બળેનને દિવસો ચિંતાજ ગને સાથે સહેમ રમેન્હીઓને રાખડી બંધાવવા જતા. પોતે ન બાંધતા; મારી પાસે બંધાવતા. એમાં એક સોની લખમાણની પેઢીએ અમે જતા સૌ તો હાથે રાખડી બંધાવતા, પણ એ વૃદ્ધસોની પોતાના હાથેદાને બંધાવતાં. હું બાદબોલો ખરો. 'દુબાડાને જ્ય છે તે એને રાખડી બંધાવો છે?'

વૃદ્ધ સોની કહે: 'દીકરા, એમાં અમારો જ્ય છે. એ આગારો દેવ છે' આનુભવીઓને આમાં સમ્પ્રદાઈ શોધવા યોગ્યતું નહિ પડે

દેશ અનુભવ્યો, નગર અનુભૂયું, લોકો અનુભવ્યા અને નાનકડો ગાનથી હું, એ તે બધાંની વચ્ચે. પાસે સાત પૈસા કે ત્રણ આના એટલી મૂડી હતી. બાદ જે કાશીના જમકણ! પૈસાનાં ચારઃ ઓક શેર એટલો. એ ઉપર જ બેત્રણ દિવસ કાઢી નાખ્યા. શો પ્રવૃત્તિને સંકેત. બહેજે કે મારે માટે બધું ગોઠવી જ મૂક્યું હોય.

'આજ ક્યા જવાતા હૈં?' એવી હિંદી-ગુજરાતી ખીચડી બનાવીને પૂછતો હું કાશીમાં ફરતો થયો. આખો દિવસ ફક્કે ને સાંજે ગમે ત્યાં પડી રહું. ન કોઇની સામે ખોલવું કે ન કોઇને કશું પૂછવું.

એમ ફરતો ફરતો 'કાશ્મામકલ પુરતકાલય' પાસે પહોંચ્યો. થયું કે કંઈક વાચું. બધાં હિંદી પત્રો. કંઈ ગમ્યા ન પડ્યા. બેઠો વારે બહાર નોકળી પગથી પર ખડો થયો. સામે આંખ ગઈ. નવાઇ લાગી. ગુજરાતી અક્ષરોમાં લખેલું પાટિયું દેખાયું. જાણે કોઇ સ્નેહી સામે ઊભેલો દેખાયા! હૈતનાં ઊમળકાથી. પાટિયું વાંચ્યું. 'ગુજરાતી લાયબ્રેરી' અંદું વાચતાં આનંદ થયો. પોતાનું આપ્તે દુરકાણ?

દાદર ચડી ઉપર ગયો. લાંબા ઓરડામાં લાંબા મેજ ગોઠવાઇને કેટલા આથવાની રાહ જોતાં પોતાની એકાકી દશાના રોગ્રા ઠળી ગયાં દેખાયાં. એક ડોસો ઓલવાતી હોકલીને ગતર કરવા ચલમમાં ફૂંક મારી રહ્યો હતો. ઓવાં ખાતો ઢાકણાં હશે. એ એકલાની સાથી હોકલી પણ ઝાંખી ગઇ હશે. વારણની રાખ કૂંક મારીને ટોસાએ કાઢી, એ જ વખતે હું બારણામાં પ્રવેશ્યો અને મારા મોં પર એનો આછો પાડકર ઠપ્પો. ડોસો અંખવાઇને બોલ્યો: 'બાબુજી આજ કરના, એ સસુરી બાર બાર દંડી દોડ નત લે!'

મને જોઈ બીચારાં મેજ બનેલે કે રાજી થયાં. છાપાં ગબરાતનાં. ભૂખ્યા બાબની ઉપેક્ષા શિકાર પરતૂટી પડ્યા બધાં ફેરવીફેરવીને વાંચ્યાં.

ખાદીની ટોપી, ખાદીનો જબ્બો ને ખાદીનું ધોતિયું, એવો એક યુવાન ત્યાં આવ્યો. મને જોયા ન જોયો ને એ વાંચવા લાગ્યો. પ્રશ્ન જ 'નવજીવન' લઈ વાંચવા લાગ્યો કળવામા કશી ચતુરાઇની આવશ્યકતા નહોતી કે એ દેશપ્રેમી જણ્યો. છે. વાંચી રહ્યા પછી ઓછે મારી સામે જોયું. મારા પોટલાને દીઠું. વળી મારા મોં સામે જોયું.

'ક્યાંથી આવ્યા છો?' તેણે પૂછ્યું

'ગુજરાતથી' મેં કહ્યું

'કંઈ કામબંધી હશે?'

'ના, ભણવા આવ્યો છું'

'બ્રાહ્મણ છા?'

'હા,' મેં ઉત્તર દીધો.

'ક્યાં યે ઊતર્યા છા?'

'ના, અનબ્યો છું; ક્યાં ઊતરું?'

ભણુવ, ગામ ઈત્યાદિ વિષે વાતો થઈ. મારા ભોળપા પરથી તેનાંમાં ખતા પ્રેરાઈ. 'હું ય વિદ્યાર્થી જ છું ઓફી મારી સાથે' કહી તેણે સહકાર આપ્યો. તેણે એક બંગાલ વિદ્યાર્થીને બતાવ્યા કરી. તે ગને 'સદ્ગુરુ આશ્રમની ધર્મશાળા'માં લઈ ગયો ત્યાં ઊતરાક ગુજરાતી વિદ્યાર્થીઓ હતા. માધુરી માગીને જમવાનું અને ત્યાં રહેવાનું ગોઠવાઈ ગયું.

પેલો જુવાન ફરી બે જ વાચનાલયમાં, ગયેા. વાતો કરતા

અમે સાથે ફરવા ગયા. આમ તેની સાથે પરિચય થયો.

સંસ્કૃત ભણતો વિદ્યાર્થી ગાંધીજી અને એમની પ્રવૃત્તિનો વિરોધી હોવો જોઈએ, કેમકે ગાંધીજી અસ્પૃશ્યતાની વાત લાવીને સેનાતન ધર્મનો નાશ કરવા બેઠા છે એમ એ વર્ગ માનતો. એને બદલે આ વિદ્યાર્થી એમનો ચાહક હતો. ઉપરટ અમારો સંબંધ એટલો વધ્યો કે તેણે મને પોતાની નાનકડી ઓરડીમાં સાથે રહેવા નોતર્યો. અમે સાથે રહેવા લાગ્યા.

એક રાતે કોઇ યુવાન તેને મળવા આવ્યો. એકાંતમાં જઈને બંનેએ વાતો કરી આગંતુક ગ્વાલિયો. મિત્રે આવીને કેટલાયી રૂમાલમાં બાંધેલી કંઈક લાડવું અને ગુપ્તરીતે તેને પેટીમાં મૂકી દીધું મને જિજ્ઞાસા થઈ. પૂછ્યું. મારો રાષ્ટ્રીય અનોખાને તે સમજ્યો હતો. બીમેથી તેણે વાત કાઢી.

'તમે માનો છો કે ગાંધીજીના સત્યાગ્રહથી દેશ સ્વાધીન બને?'

'મન ઊંગના સિદ્ધાંતો માટે માન છે, પણ મારું મન તેમાં બેસતું નથી.'

'તેા તમે દેશની સ્વાધીનતા માટે કંઈ કરવા ઇચ્છા ખરા?'

'હા, ક્રાંતિકારી પ્રવૃત્તિ મને ગમે છે. અમાં કંઈક કરું ખરેા.'

તે ચૂપ થઈ ગયેા. ગંભીર બની તે બોલ્યેા: 'ક્રાંતિકારી દળમાં બહું જ સંયમ પાળવેા પડે છે.'

મેં કહ્યું: 'એ તેા ખરું જ.'

'તમે તે પાળી શકેા?'

'હા.'

'તેા વચન આપેા; તેા એક વાત કહું.'

'વચન છે'

'ગોલ્ડે, સ્વજનમાં પણ કેાઇને એ વાત ન થાય.'

'નહિ થાય'

તે ઊઠ્યેા પેટીમાં સંતરેલી પેલી વસ્તુ લાવ્યેા. કંઈક ઉખેડ્યું હું તેા છક થઈ ગયેા. મૂર્તિની પૂજા કરતાં સાક્ષાત્ ભગવાન આવી ઊભા રહે અને ભક્ત જે ભાવ અનુભવે તેવું મેં અનુભવ્યું. ઓહો! હું ત્યા પહેાંચી ચૂક્યેા, જ્યા પહેાંચવા, હું જન્મમૃગિયો, સાતસેા ભોંકિદ્ર દ્વાર આવી ચૂક્યેા હું આ હતેા તગડેા. એ કંસુકુંકાશી—પ્રેમથી હાથમાં લઈ આમતેમ ફેરવ્યેા—ચારેબાજુ જોયેા ...

મિત્રે તેને જોઈયેા. ગેળીઓ ભરેલી તે બતાવી. હું તેા મસ્ત બની ગયેા. આનંદ આનંદ થઈ રહ્યેા.

આ મિત્રનું નામ હાલિદાસ ત્રિવેદી. સુરત જિલ્લાના એક ગામડાનેા વાસી મેાટ આહ્મણ માતપિતાનેા દેહાંત થયેલેા. ભાઈની છાયામાં ત્રણ ઊછરે. કાળ સુરતની પાઠશાળામાં ભણેલેા. વધારે અભ્યાસ માટે કાશી ગયેા. ૧૯૩૦ના મેાડા-સંત્યાગ્રહમાં કાશીમાં પ્રથમ સત્યાગ્રહની દુકાનમાં સૈનિક બન્યેા. અહીંથી અમારેા સહવાસ વિસ્તાર થયેા. ગાઢ મૈત્રી બેાતનું ભાર્યું બંધાયું. આઠ ત્રણ વેચતેા હું રખડતા લાગ્યેા. ઘણી આકાંક્ષા રહી છતા હાલિદાસ ફરી ન ભણી શકયેા. તે કાશી કેાલેજે પેટલાદ ગએેલેા અને ત્યાની પાઠશાળામાં રહેતેા. એક દિવસે કાશી જઈતેની ભાળ કાઢી. સમાચાર ગજબ કે પેટલાદમાં તેનું ગણ્યું થયું છે. હેયું દબાઈ ગયું હુ ઘરે સાંજને હે ને રોકનારી એક રેખા કાળજામાં ચારેા પાડી જાય છે એનેા સંબંધ ચેાથા પેરાનેા હતેા જે અંતરની એકતા સાધી ગયેા.

ક્રાંતિકારી જીવનના બે વિરોધતા છે. માતા-પિતા, કુટુંબ-સંસાર ત્યજ. વૈભવ બંધનેા પ્રેમ એ છેડે છે બીજેા પ્રેમ. વિદ્યાનની બાબતેાના સાથીઓમાં કેંદ્રિત થાય છે. ક્રાંતિકારીઓમાં પરસ્પર એવેા પ્રેમ હેાય છે કે ફ્રેન્ચેજેટ્રથી પણ વિશેષ. કેવળ કાંપત્યપ્રેમને જ જો પેાતાની હરોળમાં ઊભવા દે.

હાલિદાસને એ આનંદ હતેા કે મને ભાર્ય પેટે ચીંધેા. તેા હું એનાથી આગળ દૂર નીકળી ગયેા. મને એ શું આપી શકે એની જ એ ચિંતા રાખતેા. કેટલીયે વાર પેાતા પાસે હેાય તે બધા પૈસા મને તે આપી દેતેા. બહુયા ન દેતેા કે પેાતા પાસે કશું નથી રહ્યું.

તગેવી ગયા હાથમાં મૂકનારા હાલિદાર હોવા વિષે મને કંઈ શાને રહે? મેં આનંદના ઊભરા સાથે કહ્યું: 'હાલિદાર, હું ક્રાંતિકારી દળમા બળવા માટે જ પેરાપી અહીં આવ્યેા છું હું વિનતિ કરું છું કે મને એ કામમાં જોડેા. મારી એ જ એક માત્ર ઇચ્છા છે'

હાલિદાસ કહે: 'એ વાત મારા હાથમાં નથી હું પણ એ દિશામાં કોઇયે રાખેલેા નથી. એ ભાઈ અહીં આવ્યા બાદ તે દળમાં જોડાએલા છે તેમને હાથે હું કશી ગયેા. તેઓ મારી કસેાટી લેઇ રહ્યા છે. હું પારેા જણાઈશ ત્યારે મને દળમાં લેશે; અને તે પછી કોચ દળમાં. એમાં કસેાટી થઈ જાય તેા દળના આગેવાનને મળી શકાય. ત્યાંસુધી તેા મારે એ આવેલા ભાઇ સાથે જ સંપર્ક રહેશે. પણ હું તેમને તમારી વાત કહીશ.'

મેં કહ્યું: 'તેઓ હવે આવે તેા મને મેળવજો.'

હાલિદાસ કહે: 'એ હું કહી ન શકું. તે એવું રેનામધરે તેા જ બને.'

અમે મેડે સુધી વાતેા કરતા રહ્યા. હાલિદાસે ક્રાંતિકારી દળના વીરતાએાએ આપેલાં અવિદાનેાની ક્યાએા કહી.

'એવા કોઈ બંગાળી સાથે ઓળખાણ છે?' મેં પૂછ્યું.

'સાંભળ્યું છે કે કાશીમાં ઘણા છે. પણ હું કોઈને ઓળખતેા નથી.'

હવે હું પેાતા ભાઈ આવે અને પછી તેની રાહ જોવા લાગ્યેા. ગનની ઝંખના પૂરી થઇ લાગી. મારા આનંદનેા પાર ન રહ્યેા.

એક રાતે હાલિદાસ જરા મેાડેા આવ્યેા. આવીને કશું બેાલ્યા કે બેાલ્યા વિના પેટીમાંથી તમંચેા કાઢ્યેા.

મેં કહ્યું: 'પેલા આવ્યા છે?'

તેણે કહ્યું: 'હા, હું બધા વાત કરીશ.'

મેં કહ્યું: 'હું બધા આવું?'

તે કહે: 'ના; એમને ન ચાય વાત કહું, પછી.'

તગેવી લઈને હાલિદાસ ગયેા. બેએક કલાક વળી પાછેા આવ્યેા.

'કેમ?' લગભગી મેં પૂછ્યું

'એ હાથમાં બળશે નહિ; પણ તેમણે પ્રમાણ માગ્યું છે તે કરી બતાવવું પડશે.'

મેં પૂછ્યું: 'શું?'

હાલિદાસ કહે: 'એક પેલીસનેા બાતમીદાર છે. તેને ગારી નાખવાનેા છે તે તમે કરી શકેા તેા કરી બતાવેા'

મેં તરત કહ્યું: 'હા, કરું.'

તરત હાલિદાસ પાછેા ગયેા. છ કેાશી સાંજે પાછેા આવ્યેા.

તેણે કહ્યું: 'તમારે તૈયાર રહેવાનું છે. તમેરેા વખાની શકેા?'

મેં કહ્યું: 'ભાઈ, તમેરેા તેા પહેલવહેલેા અહીં દીકેા જ આપ.

ચલાવવાનું શીખ્યા વગર જ તેા!'

બીજે દિવસે હાલિદાસ અને ગંગાદિનાંરે લઇ ગયેા. હોડીમાં બેસીને અમે સામે પાર ગયા. જગાડખી, ગોરી, અણસ જેવાં ઝાડીની બગાયા જેવી વાડીઓમાં અમે ઘૂસ્યા. નિર્જનતા જોઈ હાલિદાસે તમંચેા કાઢ્યેા.

મને કહે: "તમે નિશાન પાડતાં શીખી જાઓ.'

મેં ગભરાટના ધીમા બેાલે કહ્યું: 'પણ તમંચાનેા ધડાકેા તેા દૂર દૂર સંભળાશે.'

સોનું અને રૂપું

દુનિયાના ૭ ટકા દેશોએ જ્યાંથી સોનું ને રૂપું નીકળે છે તેનાં સ્થાન દર્શાવેલાં નથી.

સોનું 'ધાતુઓના રાજા' કહેવાય છે. તેની પ્રક્રિયાશીલતા એટલી લઘુ છે કે રસાયનમાં તે 'ઉમદા ધાતુ' તરીકે ઓળખાય છે.

સોનું છેક પ્રાચીન કાળથી જાણીતી ધાતુ છે. પ્રાચીન ગ્રંથોમાં પણ તેના ઉલ્લેખ મળી આવે છે. મિસ્રની ધર્મશાસ્ત્ર બાબતમાંની 'અમ્મ ધાતુ' તરીકે વર્ણવવામાં આવ્યું છે. સંસારની મુખ્ય પંચ ધાતુઓમાં સોનાનો સમાવેશ થાય છે ઝવેરાતમાં સોના (હિરણ્ય)નાં ઘરેણાંનું વર્ણન કરેલું છે. આ ઘરેણામાં કાનનાં ઓરિંગ, ગળામાં પહેરવાના મોતી, બંગડીઓ, પગનાં ઝાંઝર ઇત્યાદિ આભૂષણોનો સમાવેશ કરેલો છે. હિંદી સંસ્કૃતિના પ્રાચીનતમ અવશેષો મોહેં-જો-દડોમાંથી પણ આવા ઘરેણાં મળી આવ્યાં છે. ઇતિહાસના રોમાંચકારી પાનાંમાંથી સોનાની શોધખોળ કરીએ તો, તેની પૂનમ કરી છે, તેની પાછળ ખુવારી સહન કરી છે, હદ્દથી ધાતુઓમાંથી સોનું પેદા કરવા અનેક કીમિયાગરોએ જિંદગી ફના કરી નાખી છે.

સોનું અત્યંત આકર્ષક ધાતુ છે તેનો ચમકતો પીળો રંગ વાતાવરણના વાયુઓની અસરથી મુક્ત રહે છે. એટલે જ સોનાને 'સુવર્ણ' કહેવામાં આવે છે. કીમિયાગરોએ સોનાના સંબંધ તેના રંગને લીધે સૂર્ય સાથે જોડતા. બીજી ધાતુઓના કરતાં એ ઘણા ઓછા પ્રમાણમાં મળી આવે છે, એટલે કિંમત આંકવાના બાંતરરાષ્ટ્રીય ધોરણ તરીકે તેને સ્વીકારવામાં આવેલું છે.

'ચળકે એટલું સોનું નહિ' એવી આપણાંમાં કહેવત છે આ કહેવતને તે બરાબર એમ ફેરવીએ કે 'જે ચળકે છે તે પણ બધું સાચું સુવર્ણ નથી.' તો એ કહેવત ખોટી નહિ ગણાય. કારણ કે સોનું પોતે તો ખૂબ મૃદુ ધાતુ છે. એટલે તેને બીજી ધાતુઓની સાથે મિશ્ર કરવામાં ન આવે ત્યાં સુધી તેને ઉપયોગમાં લઈ શકાય એટલું કઠણ તે થઈ નથી. આથી અલબત્તમાં શુદ્ધ સોનું જવલ્લે જ પ્રયોગમાં જે.

સોનાના વિશુદ્ધિ-પૃથ્થનમેય (ટચરના હિસાબે ગણવામાં આવે છે. હાલમાં તરીકે, ૮૦૦ 'ફાઇન' સોનું એટલે ૮ ભાગ સુવર્ણ અને ૨ ભાગ બીજી ધાતુઓ. સોનાની શુદ્ધિ દર્શાવવા એમ પણ કહેવાય છે કે સોનું અમુક 'કરટ્સ' છે. તદ્દન પરિશુદ્ધ સોનું ૨૪ 'કરટ્સ' ગણાય છે. 'કરટ્સ'ને મા-ટે અંગ્રેજી શબ્દ કૅરેટ (carat) છે. ઝવેરાત માટે પણ એ જ કૅરેટ શબ્દ પ્રયોગમાં છે; પણ ત્યાંએ કૅરેટ વજનનાં એકમ તરીકે ગણાય છે, એટલે



જમણેમાં-રેકોર્ડવાર સોના અને રૂપાની વાર્ષિક પેદાશ દર્શાવતો આકૃતિઓ

સોનાના અનેક ઉપયોગનો અંબડાયાં વપરાતો કરેર માપક અંકમાં નથી. સોનાની ખાણનમાં કેરેટ 'ધાતુની ગુણવત્તા' દર્શાવે છે, ઝવેરાતની બાબતમાં તેનું 'વજન' સૂચવે છે.

સોનાનો મુખ્ય સામુદાયિક વાપર ચલણી સિક્કાની બનાવટમાં થાય છે. આજે દુનિયાના બધા જ દેશોએ સોનાનો બચ્ચો અમેરિકા પાસે છે. સોનાના ચલણ માટે લગે એ મત છે. કેટલાક ઊંચા માને છે કે બધિષ્યના આંતરરાષ્ટ્રીય અરેકારમાં સોનાનું હજે પ્રધાન સ્થાન નહિ હોય.

સોનાનો બીજો મોટો ઉપયોગ ઘરેણાં બનાવટમાં, ઝવેરાતની ચીજોમાં અને શોખીનોનાં રમકડિયકોમાં થાય છે. આ કામ માટે સોનાને બીજી ધાતુ ના સાથે ચોકસાઈ પૂર્વક બનાવવામાં આવે છે. રૂપું મેળવવાથી સોનાનો પીળો રંગ ઓછો થાય છે ૧૨ ટકા પેલેડિયમ કે ૨૫ ટકા પ્લૅટિનમ કે ૨૫ ટકા નિકલ મેળવવાથી 'અકેદ સુવર્ણ' બને છે. સફેદ ઝવેરાતમાં વપરાતું 'સોનું' એ સોનું નથી કે'તું, પણ 'રંગ મેટલ' તરીકે ઓળખાતી ચાંદા અને જસતની મિશ્ર ધાતુ હોય છે.

સોનું એટલી નરમ અને છતાં ચિકાશવાળી ધાતુ છે કે તેને ટીપીટીપીને તેનો અત્યંત પાતળું વરખ બનાવવામાં આવે છે. જે વરખનાં પાનાં એક ઇંચના એક હજારમા ભાગ જેટલાં પાતળાં બનાવી શકાય છે. સોનાનો એ વરખ અપેક્ષારક્ષક હોય છે. તેને પ્રકાશમાં ધરી રાખવાથી તેમાંથી લીલો પ્રકાશ નીકળે છે.

એ જ રીતે એક ઔંસ (અંદી તોલા) સોનામાંથી ૫૦ માઇલ લાંબો રાય એટલો આરીને તાર જેવી શકાય એટલી તાનનતા (ductility) તે ધરાવે છે. આ ઉપરાંત હદ્દથી ધાતુઓને જોબાવવા માટે તેના ઉપર સોનાને મિશ્ર (રસાયુ-ડોલ) ચડાવવામાં આવે છે, તથા હાંતમાં ભરવામાં, ફોટોગ્રાફ પેનની ટાંકો બનાવવામાં, ફોટોગ્રાફીનાં અને બીજા અનેક ઔદ્યોગિક કપોયોગમાં સોનું આવે છે.

દુકરતમાંથી ગળી આવતું સોનું આખે જ શુદ્ધ હોય છે. તેમાં રૂપું અને અન્ય ધાતુઓ નજર આગળ પણ ગળેલી હોય છે. આવું સોનું 'દરણ સોનાં' તરીકે ઓળખાય છે, જ્યાં સોનું અને બજતના ખનીજોમાંથી પ-ણ, એ ધાતુઓ, કાઢી લીધા પછી રહેલા કચરાનાં, અલ્પ પ્રમાણમાં સોનું હોય છે. આ સોનું કાઢવા માટે ખાસરીતરી ક્રિયા-ઓ કરવામાં આવે

છે. છતાં, એ પ્રમાણે કાઢેલું સોનું મેળું પડતું નથી. જાણકાર વરેશનાં-ગીનું સોનું સારા પ્રમાણનું મળી આવે છે. થોડાં વર્ષો પૂર્વે તો દુનિયાની સોનાની માગણી આ બેરો પૂરી પાડતા.

અર્વાચીન યુગ કે સંપત્તિ રૂપે સોનું તો અમુક અંશથી જ નીચે ઉતરે છે ૧૯૬૬માં ઑસ્ટ્રેલિયામાંથી ૨૨૬૮ ઔંસ વજનનો એક ગઠ્ઠો-તગડી ગળી આવી હતી આજે સૌથી વિશેષ સોનાનું ઉત્પાદન દક્ષિણ આફ્રિકા કરે છે. ઈ. ૧૯૩૪-૧૯૩૬ના ગાળામાં દુનિયામાં સોનાનું વર્ષવાર વાર્ષિક ઉત્પાદન ૩૨૫ લાખ ઔંસ હતું

હિંદમાં ૨૬૬૫૨ રાજ્યમાં ફોલારની સોનાની ખાણો સુપ્રસિદ્ધ છે ત્યાં ચકમકની સાથે સોનું તેની બૂકી રૂપે બેઠેલું નીકળે છે. આ સુવર્ણમય ચકમક પૃથ્વીના પેટાળમાં છેક ૮ હજાર ફૂટ નીચેથી કાઢવામાં આવે છે. સોનાના આવા ખનીજમાં સોનું તેની સ્વતંત્ર સ્થિતિમાં ભિન્નેલ જ હોય છે, એટલે એ ખનીજમાંથી સોનું કાઢવાની રીત સહેલી છે. સોનું વજનમાં ભારે હોવાથી એ સુવર્ણમય ચકમકનો ખારેલો બધો ખાણીના પ્રવાહમાં ધોવામાં આવે છે, એ-બધે ચાકી દ્વારાદિ પ્રવાહના ચાહવાં બંધ છે અને સોનું નીચે પડી રહે છે આ ક્રિયા દરમિયાન તેમાં પારો નાખવામાં આવે છે એટલે સોનાનું પારા સાથે પારદર્શિકરણ થાય છે તેને એકું કરી દૂર કરવામાં આવે છે. ધોવાણમાં જરાં જરૂર સોનું પણ ભળી જવા દેવામાં આવતું નથી. સોનાવાળા કચરાના ઓ પાણીને પોટાસિ-યમ સાયેનાઇડ નામના રસાયન સાથે મેળવવામાં તેમાં રહેલા સોનાનો સાયેનાઇડ સાથે સંયુક્ત પદાર્થ બને છે, જેમાંથી પછી જસત વડે સોનું છૂટું પાડી લઈને શુદ્ધ કરવામાં આવે છે.

રૂપું

સોનું ધાતુઓનો 'રાજા' છે: તો રૂપું-ચાંદી ધાતુઓની 'રાણી' છે. ઈ. સ. પૂર્વે ચાર હજાર વર્ષ પહેલા બનાવેલાં રૂપાનાં બરેલું ઘરેણું જોવામાં આવી છે. ઘરેણું અને ઘાટ માટે રૂપું સોનાની બીજે નંબરે ઉપયોગમાં આવે છે. ઇટલાક દેશોમાં તો રૂપું સોના કરતાં પણ ઊંચી લેખાય છે.

રૂપું રંગે સફેદ હોય છે. રંગના આ એક અપવાદ સિવાય બીજી બધી રીતે રૂપું સોનાની સાથે બહુ સામે છે. બંને ધાતુઓના ગુણધર્મ લગભગ સરખા છે. રૂપાનો મોટો દુકાનદોષરહિત વાપરી છે. આ વાપરવાળા વાતાવરણમાં રૂપાની ચીકે ઝાંખી પડી જાય છે. પ્રોજિયાગરો સોનાને જેમ રસ્ટની સાથે એટલા તેમ રૂપાને ચંદ્રની સાથે એટલા કારણકે ચાંદની અને રૂપાનો રંગ સરખા ધરાવે છે.

કુદરતમાં રૂપું સ્વતંત્ર ધાતુ રૂપે તેમજ બીજી ધાતુઓની સાથે સંયુક્ત સ્થિતિમાં મળી આવે છે રૂપા અને સોનાની મિશ્ર ધાતુ—ઇલેક્ટ્રમમાંથી રૂપું કાઢવામાં આવે છે. દક્ષિણ આફ્રિકાની સોનાની ખાણોમાંથી નીકળતા સોનામાં આશરે ૧૦ ટકા રૂપું હોય છે.

૫૮ દુનિયાનું અરધા કરતાં રૂપું રૂપાની ખાણોમાંથી નહીં નીકળતાં પણ સીસા, જસત અને તાંબાના ખનીજોમાંથી એ ધાતુ-ઓ કાઢી લીધા પછી રહેલા કચરામાંથી તે શોધવામાં આવે છે. તેમાં રૂપું નજર રૂપાની ખાણો કરતાં ઓછું હોય છે, છતાં રૂપાની કિંમતને લીધે તે કાઢવું પરવડે છે. એવો અંદાજો કરવામાં આવ્યો છે કે આ રીતે કાઢેલું રૂપું ખાણમાંથી કાઢવામાં આવતા રૂપા કરતાં વધી જાય છે.

રૂપાની કિંમત બીજી ધાતુઓની પેઠેરા પર આધાર રાખે છે. એ રીતે, જસત અને તાંબાની માગણી ખૂબ રહે તો રૂપાનું ઉત્પાદન વધે અને અર્થશાસ્ત્રના નિયમ અનુસાર તેની કિંમત ઘટે. રૂપું મુખ્યત્વે સિક્કાની બનાવટમાં વપરાય છે. દુનિયામાં પેદા થતા રૂપાનો ત્રીજો ભાગ દાગીનાની બનાવટમાં વપરાય છે. રૂપાનો પણ ગીરવ (રસ્સો) કરી શકાય છે અને રૂપાનો વરખ તો સોનાના વરખ કરતાં પણ વધારે પાતળો બનાવી શકાય છે. સોનાની માફક રૂપામાંથી પણ ઘાટ-ઘરેણું બનાવાય છે. દુનિયામરમાં મેકસિકો સૌથી વધુ રૂપું પેદા કરે છે. તે પછી અમેરિકાનો નંબર આવે છે. હિંદસ્તાનમાં ક્યાંયે રૂપું નીકળતું નથી. બ્રહ્મદેશમાં તેની ખાણો છે.

પણ રૂપાનો ખરેખરો મહત્તાપૂર્ણ ઉપયોગ ફોટોગ્રાફીમાં થાય છે; અને સીનેમા-કઠોળની ખીલવણી પછી તો આ ઉપયોગમાં અત્યંત વૃદ્ધિ થઈ છે. સીનેમા અને ફોટોગ્રાફીનાં વપરાતી ફિલ્મો, પ્લેટ્સ અને છાપવાના કાગળોમાં સિલ્વર ક્લોરાઇડ અતિસંવેદી વપરાય જ છે, કેમકે રૂપાના આ ક્ષારો પર પ્રકાશની અસર બહુ થાય છે. અને આજે સીનેમા અને ફોટોગ્રાફીનો જે બહોળ ઉપયોગ થઈ રહ્યો છે એ જોતાં દુનિયામાં તેનો ઉપયોગ વધ્યો આગળ આવે. અમેરિકામાં તો સરકારી ટ્રેઝરી ખાતા પછી વધુમાં વધુ રૂપું વાપરનાર કોઠાકની ફિલ્મો ઉત્પન્ન કરનાર લેખેરેકરી છે.

રૂપાના વિધવિધ ક્ષારોને ઉપયોગ કરવાની તરીકે પણ વપરાય છે,—બાંસ કરીને રૂપાનો નાઇટ્રેટ એક કરોડ ભાગ પાણીમાં ભાગ એક ભાગ રૂપું હોય તો પણ પાણીમાં રહેલાં બધાં જંતુઓ મારી પામે છે એવો દાવો કરવામાં આવ્યો છે. સુખી હિંદુઓમાં રૂપાનાં વાસણ પર પાણી પીવાનો કે વિવાહ છે તેમાંથી પરનો મુરી રહેલો હોય એમ લાગે છે રેફ્રિજરેટર, વિગાનો વગેરેની આંધણીમાં રૂપાનું જ રેણુ વપરાય છે. કાંત બરવાળાં પણ રૂપું કામ લાગે છે. ક્ષારમાંથી રૂપેણ બનાવવા માટે એક બાલું રૂપાનો જ પટ્ટ બનાવામાં આવે છે. પીળો હાથ બનાવવા માટે રૂપાનો ઑક્સાલેટ વપરાય છે, અને રૂપું સરસ વિદ્યુતવાહક હોવાથી બીજાનાં સાધનોની બનાવટમાં પણ તેનો ખૂબ ઉપયોગ થાય છે.

બહારવટાને પંથે

[ગુનુસંધાન પૃ. ૩૬૬ કાપરથી]

ઝાલિદાસ કહે: 'આ તો હવાજ તમોણા છે. તેમાં ગોળીને બારણે આ કૂલ મૂકવાનું.'

